ફારૂક પ્રેસિડેન્ટ Mo.9924472848
સર્વેને ઈદ મુબારક
PRESIDENT
પ્રેસિડેન્ટ ક્રિએશન
હજ-ઉમરાહ માટે અહેરામનું કાપડ, કફનનું કાપડ મળશે
ઝભ્ભા - લેંઘાનું કાપડ મળશે
ઢાલગરવાડ, અહમદાબાદ
શાખા : પ્રેસિડેન્ટ જંકશન જુહાપુરા, અહમદાબાદ

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે
MUNAVVAR R.SHAIKH
M. : 98980 89276, M. : 84015 56272
IRFAN SHAIKH M. : 99988 73177
NEW BERA SAMOSA HOUSE
I.P. MISSION ROAD, BHADRA AHMEDABAD
: BRANCH : MASJIDE HAJRA, SARKHEJ MAKARBA ROAD,AHMEDABAD

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૫૩ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
સાકરવાલા
તંબુ ચોકી સામે, ચાર રસ્તા, દરિયાપુર, અમદાવાદ.
જંકશન
લેડિઝ વેર, જેન્ટસ વેર, ચિલ્ડ્રન વેરમાં તૈયાર તથા કાપડની ફેન્સી વેરાઈટીઝ
Mobile: 76000 74497

## ગુજરાત ટુડે ઈદ-ઉલ-ફિત્ર મુબારક

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ અને ગુજરાત ટુડે પરિવાર તરફથી એજન્ટ મિત્રો, વિજ્ઞાપનદાતાઓ અને વાચકમિત્રોને "ઈદ-ઉલ-ફિત્ર"ની દિલી મુબારકબાદ -વ્યવસ્થાપક

**અંક બંધ રહેશે** આજે ઈદ-ઉલ-ફિત્ર નિમિત્તે 'ગુજરાત ટુડે' કાર્યાલય રજા પાળશે જેથી આવતીકાલ તા.૧૨-૪-૨૦૨૪નો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.૧૩-૪-૨૦૨૪નો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે. -વ્યવસ્થાપક

ખુબ જ ટુંક સમયમાં આપણી કલંદર જનરલ ટ્રેડીંગ કંપનીને ખજુરના સપ્લાયર તરીકે સર્વોચ્ચ સ્થાને પહોચાડવા બદલ આપ તમામ માનવંતા સ્નેહી ગ્રાહકોનો આભાર વ્યક્ત કરીએ છીએ અને આપનો સહકાર આગામી દિવસોમાં પણ મળી રહેશે તેવી આશા સાથે આપ સૌને ઇદ ઉલ ફીત્રની મુબારકબાદ...
ઇદ મુબારક
કલંદર જનરલ ટ્રેડીંગ
QALANDAR® GENERAL TRADING
ખજુરની બ્રાન્ડેડ ક્વોલિટીમાં ખુબ જ ઝડપથી વિકાસ કરતી કંપની
M.: 9879055277, 9723954655

GSHZTOA Gujarat State Haj Ziyarat Tour Organisers Association
સર્વે મુસ્લિમ બિરાદરોને એસોસિએશનના તમામ મેમ્બરાન તરફથી ઈદ મુબારક
ગુજરાત સ્ટેટ હજ-ઝિયારત ટુર્સ ઓર્ગેનાઈઝર્સ એસોસિએશન
સરનામું : શીતલ વર્ષા કોમ્પલેક્ષ, બીજા માળે જમાલપુર ચાર રસ્તા પાસે, અમદાવાદ-૧

Eid Mubarak Kamaruddin 9824022902
Reception : 9824242902 Arkin 9824000902
Varakhwala Heritage Hotel
HOTELS* BANQUETS* PARTY LAWNS* CONFERENCES* LUXURY ROOMS* EVENTS* RESTAURANT
now open AC Rooms and Ac Banquets
3rd Floor, Vishala Junction, Opp APMC Market, Sarkhej Road, Ahmedabad-380055
E-mail : info@varakhwala.com
web : www.varakhwala.com

Sabir Dastan Mohd. Sharif Dastan
Salim Dastan Siddiq Dastan
Eid Mubarak
Dastan Group DpD Honestly is our Commitment
Dastan Dyeing & Printing Works
TEXTILE PROCESSORS
Opp. G.I.D.C. Suez Farm Road, Behrampura, Ahmedabad - 380 022. Phone : 079 - 2532 9596
E-mail : dastan.dyeing@gmail.com

EID Mubarak
Canada IMMIGRATION
CANADA PR WITHIN 12 TO 18 MONTHS
Through Licensed Immigration Consultant
CANADA PR UNDER PNP FOR MOST OCCUPATIONS
ELIGIBILITY REQUIREMENT:
Minimum 12 pass + 2 years experience + IELTS- General- 5 bands
URGENT REQUIREMENT FOR BEAUTICIANS, CAR & TRUCK DRIVERS, HOTEL & RESTAURANT OCCUPATIONS.
Atlas India SINCE - 2006
Ahmedabad Office: 704 Nakshatra Biz, Badshah Dairy Lane, Mahalaxami Five Rd., Paldi, Ahmedabad - 380 007.
Canada Office: Atlas Canada Migration Pathways, Edmonton.
M.: 99133 36392 98250 77868
Contact personally or send CV by email: atlasindia@gmail.com
CONTACT US FOR BUSINESS ASSOCIATE WITHIN GUJARAT

DASTAN GROUP
Eid Mubarak
Musabhai Dastan
Abdul Hamid Dastan
Yusufbhai Dastan
: PHONE :
(F) : 99258 19600
(O) : 99092 69600
Amik Printers INDIA Pvt. Ltd.
All Kind of Cloth Processors
Kamkoriwala Compound, Nr. Ram-Rahim Tekra, Behrampura, Ahmedabad - 380 022.
Email : amik.printers@gmail.com

ઈદ મુબારક
રફીક લાલભાઈ કુંદીવાલા
F.K.Textile
ચંડોળા તળાવ સામે, એહમદાબાદ.9825015870

UNIM PHARMA-LAB PVT. LTD.
UNIM
Idar highway Road - 383220,
Himatnagar (Gujarat)
Customer Care No.: +91-8238196800
Web : www.unimpharma.in
AN ISO 9001:2008 & GMP & GLP CERTIFIED COMPANY






## રામદેવ અને બાલકૃષ્ણ માત્ર કાગળ પર માફી માંગીને છટકી શકે નહીં : સર્વોચ્ચ અદાલત

# રામદેવ, પતંજલિની માફી સ્વીકારવા સુપ્રીમનો ઈન્કાર, જાહેરાતો સામે પગલાં ન લેવા બદલ ઉત્તરાખંડ સરકારને ઝાટકી

### સખત શબ્દોમાં અવલોકનોમાં કોર્ટે કહ્યું, 'કાગળ પર માફી' ફક્ત એટલા માટે જારી કરવામાં આવી હતી કારણ કે, તેમની 'પીઠ દીવાલ વિરુદ્ધ છે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સર્વોચ્ચ અદાલતે ઉત્તરાખંડ સરકારની ટીકા કરી અને નિષ્ક્રિયતા માટે ઉત્તરાખંડ રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટીની ઝાટકણી કાઢીને કહ્યું, 'તમે (એસએલએના સંયુક્ત નિયામક) ત્રણ વાર કહ્યું કે, લાયસન્સ રદ કરવામાં આવશે પરંતુ બે વર્ષ સુધી તમે કંઈ કર્યું નથી.' ભ્રામક તબીબી જાહેરાતો પ્રકાશિત કરીને સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ યોગ ગુરૂ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ માટે વધુ મુશ્કેલી ઊભી થઈ છે. ગુસ્સે ભરાયેલી સુપ્રીમ કોર્ટે બુધવારે તેમને ફટકાર લગાવી અને કહ્યું કે, તે તેમની માફી સ્વીકારીને તેમને છૂટા કરી શકે નહીં, કોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે, કોર્ટના આદેશોનું ઉલ્લંઘન ન કરવા માટે મોટા પ્રમાણમાં સમાજમાં સંદેશો જવો જોઈએ. સુપ્રીમ કોર્ટે બુધવારે પતંજલિ આયુર્વેદ અને તેના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ અને રામદેવ દ્વારા કોર્ટને આપવામાં આવેલી બાંયધરીનું ઉલ્લંઘન કરતી ભ્રામક તબીબી જાહેરાતોના પ્રકાશન પર તિરસ્કારના કેસમાં દાખલ કરવામાં આવેલી માફીના બીજા સોગંદનામાને બુધવારે ફગાવી દીધો હતો. જસ્ટિસ હિમા કોહલીની આગેવાની હેઠળ અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહનો સમાવેશ કરતી સર્વોચ્ચ અદાલતની બે ન્યાયાધીશોની બેંચે કહ્યું કે, માફી માંગવી પૂરતું નથી. કોર્ટે કહ્યું કે, 'કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા માટે તમારે પરિણામ ભોગવવું જોઈએ. અમે આ કેસમાં ઉદાર બનવા માંગતા નથી.' સુપ્રીમે કાયદાના ઉલ્લંઘન અંગે પતંજલિ આયુર્વેદ સામે પગલાં ન લેવા બદલ ઉત્તરાખંડ સરકારની પણ ટીકા કરી હતી. સુપ્રીમે કહ્યું, 'જ્યારે કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવી



રહ્યું હતું ત્યારે તમે તમારા અંગૂઠા ફેરવતા રહ્યા. વિદેશ પ્રવાસના ખોટા દાવા કરીને બંનેએ કથિતરૂપે કેવી રીતે કોર્ટમાં વ્યક્તિગત હાજરી ટાળવાનો પ્રયાસ કર્યો તે દર્શાવતા કોર્ટે કહ્યું કે, તેમને નોટિસ જારી કરવામાં આવ્યા પછી તેઓએ રૂબરૂ હાજર ન રહેવા માટે અરજી કરી હતી. તેમના દાવાને સમર્થન આપવા માટે તેઓએ અરજીમાં તેમની ફ્લાઈટ ટિકિટ ૩૦ માર્ચની નહીં પરંતુ ૩૧ માર્ચની છે. પતંજલિના એમડી બાલકૃષ્ણ અને રામદેવે મંગળવારે સુપ્રીમમાં એક નવું સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં કોર્ટને આપવામાં આવેલી બાંયધરીનું ઉલ્લંઘન કરતી ભ્રામક તબીબી જાહેરાત પ્રકાશિત કરવા બદલ 'બિનશરતી માફી' માંગી હતી. સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલી એફિડેવિટમાં રામદેવ અને બાલકૃષ્ણએ કહ્યું હતું કે, તેઓ સુપ્રીમના આદેશનું પત્ર અને ભાવનામાં પાલન કરશે અને કાયદાની ભવ્યતા અને ન્યાયની ભવ્યતાને પણ જાળવી રાખશે. પતંજલિ આયુર્વેદે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે, તે કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરશે નહીં ખાસ કરીને તેના દ્વારા ઉત્પાદિત અને માર્કેટિંગ ઉત્પાદનોની જાહેરાત અથવા બ્રાન્ડિંગ સંબંધિત બાબતોનું ધ્યાન રાખશે. કંપનીએ એવી ખાતરી પણ આપી હતી કે, 'ઔષધીય અસરકારકતાનો દાવો કરતા અથવા દવાની કોઈપણ પ્રણાલી વિરૂદ્ધ કોઈપણ પ્રકારના કેઝ્યુઅલ નિવેદનો કોઈપણ સ્વરૂપે મીડિયાને જાહેર કરવામાં આવશે નહીં.' તે બંનેએ સુપ્રીમને આપવામાં આવેલ બાંયધરીનો ભંગ થતો હોય તેવું કોઈ જાહેર નિવેદનો ન આપવાનું પણ વચન આપ્યું હતું. કોર્ટ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પતંજલિ આયુર્વેદની જાહેરાતો જેમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અસ્થમા સહિતના અમુક રોગોનો ઈલાજ કરવાનો દાવો કરવામાં આવ્યો હતો તે ખોટી માહિતી છે. IMAએ કહ્યું કે, 'આ પ્રકારની બીમારીઓ પર જાહેરાત કરવી અને આવા રોગોના ઈલાજ માટે તે સંપૂર્ણપણે ખોટું છે.' ૨૭ ફેબ્રુઆરીના રોજ થયેલી સુનાવણીમાં સર્વોચ્ચ અદાલતે પતંજલિ આયુર્વેદની દવાઓની જાહેરાતો પર અસ્થાયી પ્રતિબંધ લાદ્યો હતો અને તેના સ્થાપકો રામદેવ અને બાલકૃષ્ણને ભ્રામક દાવા કરવા બદલ તિરસ્કારની નોટિસ જારી કરી હતી. ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (વાંધાજનક જાહેરાતો) એક્ટ ૧૯૫૪ને ટાંકીને સુપ્રીમ કોર્ટે કંપનીને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અસ્થમા સહિત વિવિધ રોગોને લગતી જાહેરાતો આપવા પર રોક લગાવી હતી.

## 'ઈરાદાપૂર્વક અને જાણીજોઈને કરેલું ઉલ્લંઘન' : પતંજલિ ભ્રામક જાહેરાત કેસમાં સુપ્રીમ કોર્ટના મહત્ત્વપૂર્ણ અવલોકન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

યોગ ગુરૂ બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ દ્વારા જાહેરખબરોમાં કરાયેલા દાવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ નોટિસ ફટકારી હતી. આ અંગે જવાબ આપતા કેન્દ્રએ કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ આયુષ અથવા એલોપેથીની સારવાર લઈ શકે છે. સુપ્રીમ કોર્ટે આ મામલે પતંજલિ દ્વારા જાણીજોઈને અમારા આદેશોની અવગણના કરવામાં આવી હતી. બંને સિસ્ટમમાં જોડાયેલા લોકો માટે એકબીજાને દોષી ઠેરવવા અને નીચા દેખાડવા યોગ્ય નથી. આ દરમિયાન બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ આજે ફરી કોર્ટમાં હાજર થયા હતા. તેમણે ફરી એકવાર કોર્ટમાં માફી માંગી હતી, પરંતુ તેઓની મુશ્કેલી ઓછી થવાનું નામ નથી લઈ રહી. જસ્ટિસ અમાનુલ્લાહ અને જસ્ટિસ હીમા કોહલીની બેન્ચે આ મામલે સુનાવણી કરતાં કહ્યું કે, 'તમે ત્રણ ત્રણ વખત આદેશની અવગણના કરી છે. હવે તેના પરિણામ ભોગવવા પડશે. અમે આંધળા નથી.' આ સાથે જ કેન્દ્ર સરકારના જવાબ સામે પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો. આ કેસમાં સુપ્રીમ કોર્ટે નોટિસ ફટકાર્યા બાદ કેન્દ્ર સરકારે પણ જવાબ આપવો પડ્યો છે. આ અંગે જસ્ટિસ કોહલીએ કહ્યું છે કે, 'આયુષ મંત્રાલય અત્યાર સુધી કાર્યવાહી માટે રાહ કેમ જોઈ રહ્યું હતું. અત્યાર સુધી કોઈપણ કોર્ટ સમક્ષ તેની સામે અરજી કેમ ના કરી ?' બીજી તરફ, સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકારને પૂછ્યું કે, 'પતંજલિએ તમારી સમક્ષ આપેલા નિવેદનનું ઉલ્લંઘન કર્યું તો તમે શું કર્યું ? બેસી રહ્યા તમે, અમારા આદેશની રાહ જોતા રહ્યા ? તમે કોઈ કાર્યવાહી કેમ ન કરી. આવું ૬વખત થયું છે. વારંવાર લાયસન્સિંગ ઈન્સપેક્ટર મૌન રહ્યા. અધિકારીઓ તરફથી પણ કોઈ રિપીટ નથી. ત્યાર પછી નિમણૂક અધિકારીએ પણ આવું જ કર્યું. આ ત્રણેય અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે.' અગાઉ કોર્ટે કહ્યું હતું કે, 'પતંજલિની જાહેરખબરો નિયમો વિરૂદ્ધ છે.' આ ઉપરાંત કોર્ટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ પર પણ યોગ્ય એફિડેવિટ દાખલ ન કરવા બદલ પણ નિશાન સાધ્યું હતું. એટલું જ નહીં ગત મહિને કોર્ટે પતંજલિ દ્વારા માંગવામાં આવેલી માફી સ્વીકારવાનો પણ ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ કોર્ટે કહ્યું હતું કે, 'બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ ફરી એક નવી એફિડેવિટ સાથે હાજર થાય. આજે બંને ફરી કોર્ટમાં હાજર થયા છે.' આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ તીખા સવાલ પૂછ્યા હતા અને કહ્યું હતું કે, 'અમને આશ્ચર્ય થાય છે કે, તમે પણ આ મામલે પોતાની આંખો કેવી રીતે બંધ રાખી.' આ અંગે કેન્દ્ર સરકારે જવાબ આપ્યો હતો કે, 'જો કોઈ જાહેરખબરમાં જાદુઈ સારવારની વાત કરાય છે, તો રાજ્યો પાસે તેની વિરુદ્ધ કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. જો કે, અમે કાયદા પ્રામણે નિર્ણય લીધો હતો. પતંજલિએ કોરોનાનો સામનો કરવા કોરોનિલ દવા તૈયાર કરી હતી. તે અંગે જાહેરખબર આવતા જ પતંજલિને કહેવાયું હતું કે, જ્યાં સુધી આ મામલાનું પરીક્ષણ આયુષ મંત્રાલય કરી રહ્યું છે, ત્યાં સુધી આવી જાહેરખબરો ના આપો.' આ ઉપરાંત કેન્દ્રએ દાવો કર્યો હતો કે, 'અમે લાયસન્સિંગ ઓથોરિટીને જણાવ્યું હતું કે, કોરોનિલ દવા સંક્રમણનો સામનો કરવામાં એક સહાયક દવા તરીકે છે. અમે કોરોનાને ખતમ કરવાના ખોટા દાવા અંગે પણ ચેતવણી આપી હતી. આ સિવાય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કહેવાયું હતું કે, તમે આવી જાહેરખબરો પર રોક લગાવો. અમારી નીતિ એ છે કે,દેશમાં ચિકિત્સાની આયુષ અને એલોપેથીની પદ્ધતિ એક સાથે કામ કરે.'

## રામદેવ અને તેમની કાનૂની મુશ્કેલીઓ : એવા ૫ કિસ્સાઓ જેમાં પતંજલિને કોર્ટ દ્વારા ફટકાર લગાવવામાં આવી

### સુપ્રીમ કોર્ટે પતંજલિના સ્થાપકો રામદેવ અને બાલકૃષ્ણ દ્વારા કંપનીની ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે સબમિટ કરેલી માફીના બીજા રાઉન્ડને નકારી કાઢ્યું હતું, અને જણાવ્યું હતું કે "અમે આંધળા નથી" અને આ કેસમાં કોર્ટે ઉદારતા દાખવવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે પતંજલિ સામે લાંબા સમય સુધી નિષ્ક્રિયતા માટે ઉત્તરાખંડ લાયસન્સિંગ ઓથોરિટીની ટીકા કરી હતી અને આ મામલે કેન્દ્રના પ્રતિભાવથી પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો

(એજન્સી) તા.૧૦

સુપ્રીમ કોર્ટે બુધવારે પતંજલિના સ્થાપક રામદેવ અને બાલકૃષ્ણ દ્વારા દાખલ કરવામાં આવેલી માફીની વિનંતી ફગાવી દીધી હતી. રામદેવની પતંજલિ ફરી એકવાર કાયદાકીય વાવાઝોડામાં આવી ગઈ છે કારણ કે સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરાત સંબંધિત એક કેસમાં તેની માફી નકારી કાઢી હતી. સર્વોચ્ચ અદાલતે, સખત સ્વરમાં, ટિપ્પણી કરી અને તે કંપની દ્વારા ઓફર કરવામાં આવેલી માફી સાથે અસંતોષ વ્યક્ત કરતા કહ્યું કે તે આ બાબતે ઉદાર બનવા માંગતી નથી. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનુલ્લાહની બેન્ચે જણાવ્યું હતું કે, આ ક્ષમાયાચના કાગળ પર છે. અમે આ સ્વીકારવાનો ઈન્કાર કરીએ છીએ, અમે તેને બાંયધરીનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન માનીએ છીએ. કેન્દ્ર અને તેના આયુષ મંત્રાલયે પણ એલોપેથિક દવાઓની અસરકારકતાને નબળી પાડવા બદલ પતંજલિની ટીકા કરી હતી. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન, પતંજલિને આયુષ મંત્રાલય દ્વારા તેની યોગ્ય તપાસ ન થાય ત્યાં સુધી વાયરસના ઈલાજ તરીકે કોરોનિલને જાહેર કરવા સામે ચેતવણી આપવામાં આવી હતી. કંપનીને મંત્રાલય દ્વારા ફરજિયાત ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવા માટે નિર્દિષ્ટ જરૂરિયાતોની યાદ અપાવવામાં આવી હતી. આ ઘટના રામદેવની પતંજલિ માટે વધુ એક કાનૂની ગૂંચવણ ઊભી કરે છે. કંપનીએ કોર્ટની આકરી ટિપ્પણીનો સામનો કર્યો હોય તેવા અહીં પાંચ ઉદાહરણો છે:

**૧. ભ્રામક જાહેરાતો કેસ :** ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ પતંજલિ પર ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (વાંધાજનક જાહેરાતો) એક્ટ, ૧૯૫૪ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનો અને એલોપેથી વિશે ટીકાત્મક નિવેદનો આપવાનો આરોપ મૂક્યો. સુપ્રીમ કોર્ટે પતંજલિની માફી નકારી કાઢી હતી અને તેમને નવો જવાબ દાખલ કરવાની છેલ્લી તક આપી હતી.

**૨. SCએ માફીનો અસ્વીકાર કર્યો :** સુપ્રીમ કોર્ટે ફરી એકવાર પતંજલિની માફીનું ખંડન કરતાં તેમના વર્તન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી. કોર્ટે કાયદાના ઉલ્લંઘનને લઈને સમાજને સંદેશ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પતંજલિના પગલાંની ટીકા કરી હતી.

**૩. દિલ્હી HC રેપ્સ રામદેવ :** ઓગસ્ટ ૨૦૨૨માં, દિલ્હી હાઈકોર્ટે બાબા રામદેવને એલોપેથી વિશે લોકોને ગેરમાર્ગે દોરવા બદલ ચેતવણી આપી હતી અને પતંજલિની પ્રોડક્ટ કોરોનિલ, ખાસ કરીને કોવિડ-૧૯ના સંદર્ભમાં સત્તાવાર નિવેદનો અને દાવા કરવા સામે ચેતવણી આપી હતી. આ મામલાની સુનાવણી કરતા જસ્ટિસ અનુપજયરામ ભંભાણીએ કહ્યું કે, શરૂઆતથી જ મારી ચિંતા એક જ છે. તમારા અનુયાયીઓ માટે તમારું સ્વાગત છે. તમારા શિષ્યો હોવા માટે તમારું સ્વાગત છે. તમારું સ્વાગત છે કે એવા લોકો છે કે જેઓ તમે જે પણ કહો તે માનશે. પરંતુ, મહેરબાની કરીને, કોરોનિલના સંદર્ભમાં લોકોને ગેરમાર્ગે દોરશો નહીં.

**૪. મદ્રાસ હાઈકોર્ટે દંડ લાદ્યો હતો :** ઓગસ્ટ ૨૦૨૦માં, મદ્રાસ હાઈકોર્ટે પતંજલિને કોવિડ-૧૯ ઈલાજ તરીકે પ્રમોટ કરાયેલી દવા માટે "કોરોનિલ" ટ્રેડમાર્ક કરવા પર પ્રતિબંધ મૂક્યો અને જાહેર ભય અને ગભરાટ ઊભો કરવા બદલ ૧૦ લાખ રૂપિયાનો દંડ લાદ્યો હતો.

**૫. ઉત્તરાખંડ કોર્ટે ભ્રામક જાહેરાતો માટે પતંજલિને દંડ કર્યો :** ૨૦૧૬માં, પતંજલિને પ્રયોગશાળામાં નિષ્ફળ ગુણવત્તા પરીક્ષણોને પગલે, તેના ઉત્પાદનોની ખોટી બ્રાન્ડિંગ અને ભ્રામક જાહેરાતો માટે રૂા.૧૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## પતંજલિના ખતરનાક અને અવૈજ્ઞાનિક દાવાઓનો સંક્ષિપ્ત ઈતિહાસ

### કોવિડના ઈલાજના દાવાથી લઈને સુપ્રીમ કોર્ટને અવગણવા સુધી, યોગગુરૂ રામદેવ દ્વારા સ્થાપિત આ આયુર્વેદિક કંપનીએ ઘણી વખત કાયદાનો ભંગ કર્યો છે

(એજન્સી) તા.૧૦

૨૦૨૦ની શરૂઆતમાં ભારત કોવિડ-૧૯ રોગચાળાની પ્રથમ તરંગ સામે લડી રહ્યું હતું અને અનેક તબીબી સંસ્થા વાઈરલ રોગની સારવાર કેવી રીતે કરવી તે અંગે દ્વિધામાં હતી, ત્યારે પતંજલિ આયુર્વેદે એક મોટો દાવો કર્યો હતો. ભારતમાં કોવિડ ચેપનો પ્રથમ કેસ નોંધાયાના ત્રણ મહિના પછી, આયુર્વેદિક કંપનીએ કોરોનિલ ટેબ્લેટ લોન્ચ કરી. તેના સ્થાપક અને યોગ ગુરુ રામદેવે દાવો કર્યો હતો કે તે કોવિડ-૧૯ માટે 'પ્રથમ પુરાવા-આધારિત સંશોધન ઉપચાર' છે.

મુંબઈમાં ચિકિત્સક જયેશલીલે અસ્વસ્થ થઈ ગયા હતા. આ દાવાએ પહેલાથી જ ગભરાયેલા નાગરિકોને અવૈજ્ઞાનિક પગલાં તરફ ધકેલવાની તક આપી હતી એટલું જ નહીં, તેને રાજ્યનું સ્પષ્ટ સમર્થન પણ હતું. મોદી સરકારના બે પ્રધાનો-આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધન અને પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ કોરોનિલના લોન્ચિંગમાં હાજરી આપી હતી, જ્યાં રામદેવે રક્ષણાત્મક માસ્ક પહેર્યું ન હતું. લેલેએ આયુષ મંત્રાલયમાં માહિતીના અધિકારની અરજી દાખલ કરી હતી જે આરોગ્ય સંભાળની પરંપરાગત પ્રણાલીનું નિયમન કરે છે. લેલેએ કહ્યું કે, મેં પૂછ્યું કે શું મંત્રાલયે પતંજલિ સાથે કોરોનિલ પર સહયોગ કર્યો છે અથવા જો, પતંજલિએ દાવો કર્યો છે તેમ, પ્રમાણપત્ર વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નિર્ધારિત આવશ્યકતાઓનું પાલન કરે છે, તો મંત્રાલયે કહ્યું કે આવી કોઈ મંજૂરી આપવામાં આવી નથી. આયુષ મંત્રાલય દ્વારા માત્ર "પ્રતિરક્ષા બુસ્ટર" તરીકે મંજૂર કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ મંત્રીઓની હાજરી આ ઉત્પાદન માટે મંજૂરીની મહોર સમાન હતી. તેના લોન્ચિંગના માત્ર ચાર મહિનામાં, પતંજલિએ રૂા.૨૫૦ કરોડની કિંમતની કોરોનિલ કિટ્સનું વેચાણ કર્યું હતું. આ યાદી લાંબી હતી. ડોક્ટરે કહ્યું કે, તેઓ રાષ્ટ્રીય દૈનિકોમાં જાહેરાત કરે છે અને દાવો કરે છે કે તેમની દવાઓ ડાયાબિટીસ, થાઈરોઈડ અને ફેટી લીવર રોગને મટાડી શકે છે, પછી અમે પુરાવા એકત્રિત કરવાનું શરૂ કર્યું. જૂન ૨૦૨૧માં, તેણે ભારતીય મેડિકલ એસોસિએશન વતી પતંજલિની ભ્રામક જાહેરાતો સામે અને તેમના દાવાઓને સમર્થન આપવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી.

૧ એપ્રિલના રોજ, કેરળના ડ્રગ્સ કંટ્રોલ વિભાગે પતંજલિની દિવ્ય ફાર્મસી દ્વારા ભ્રામક જાહેરાતો સામે કોઝિકોડ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. એક દિવસ પછી, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અરજીની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે કંપનીને તેના ઉત્પાદનો વિશે ગેરમાર્ગે દોરતી જાહેરાતો પ્રકાશિત કરીને તેના આદેશોનો અવગણના માટે ફટકાર લગાવી હતી. કોર્ટે રામદેવ અને પતંજલિના મેનેજિંગ ડિરેક્ટર બાલકૃષ્ણની માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને પૂછ્યું હતું કે શા માટે તેમની સામે તિરસ્કારની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. આગામી સુનાવણી ૧૦ એપ્રિલે છે.

**ભૂતકાળની સૂચનાઓ, ચેતવણીઓ**

નવેમ્બરમાં, પતંજલિએ સર્વોચ્ચ અદાલતને બાંયધરી આપી હતી કે તે તેના દ્વારા ઉત્પાદિત અને માર્કેટિંગ કરવામાં આવતી જાહેરાતો અથવા બ્રાન્ડિંગ ઉત્પાદનોને લગતા કાયદાનું ઉલ્લંઘન કરશે નહીં અને વધુમાં, ઔષધીય અસરકારકતાનો દાવો કરતા અથવા દવાની કોઈપણ પ્રણાલીની વિરૂદ્ધ કોઈ નિવેદનો બહાર પાડવામાં આવશે નહીં. પતંજલિ આ બાંયધરી ભૂલી ગઈ હતી. એક મહિના પછી, તેણે ચેન્નાઈમાં ફ્રન્ટ પેજની એક અખબાર જાહેરાત પ્રકાશિત કરી જેમાં બ્લડ પ્રેશર, સંધિવા, ડાયાબિટીસ, અસ્થમા, લીવર ફેલ્યોર, કિડની ફેલ્યોર અને કેન્સર અને હૃદયની સમસ્યાઓનો ઈલાજ કરવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ જાહેરાતમાં આવી બિમારીઓ માટે પતંજલિના મેન્યુફેક્ચરિંગ યુનિટ દિવ્યા ફાર્મસી દ્વારા ઉત્પાદનોની શ્રેણીનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

આવી જાહેરાતો શા માટે સમસ્યારૂપ છે ? તબીબી દાવા કરતી દરેક જાહેરાત કાયદાનું ઉલ્લંઘન કરતી નથી. પરંતુ ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (ઓબ્જેક્શનેબલ એડવર્ટાઈઝમેન્ટ્સ) એક્ટ, ૧૯૫૪, ૫૪ રોગોની જાહેરાતો પર પ્રતિબંધ મૂકે છે. આમાં કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને હૃદયના રોગો જેવા કોઈ ઈલાજ ન થી શકે તેવા રોગોનો સમાવેશ થાય છે-એવી બિમારીઓ માટે પતંજલિ દાવો કરે છે કે તેની દવાઓ મટાડી શકે છે. આવી જાહેરાતોને દંડ સાથે છ મહિના સુધીની સજા થઈ શકે છે. હજુ સુધી પતંજલિ સામે આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ દરમિયાન, કંપનીનો બિઝનેસ ફૂલીફાલી રહ્યો છે. પતંજલિની વેબસાઈટ મુજબ, ૨૦૦૬માં તેની શરૂઆત થઈ ત્યારથી, તેણે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, રશિયા, યુનાઈટેડ આરબ અમીરાત અને કેટલાક યુરોપિયન દેશોમાં બજારો સ્થાપિત કર્યા છે. ભારતમાં તેની પાસે ૧૮ રાજ્યોમાં ૪૭,૦૦૦ રિટેલ કાઉન્ટર્સ અને વેરહાઉસ છે. તે વધુ છ રાજ્યોમાં ફેક્ટરીઓ શરૂ કરવાની યોજના ધરાવે છે.

કોરોનિલના લોન્ચિંગ સમયે બે મંત્રીઓની હાજરી ભાગ્યે જ અસામાન્ય હતી. કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં રામદેવ પાસે એક શક્તિશાળી રાજકીય સાથી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૭માં હરિદ્વારમાં પતંજલિ સંશોધન સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું હતું અને યોગ અને આયુર્વેદને સમર્થન આપ્યું હતું. માં, ભાજપ સત્તામાં આવ્યા પછી, સરકારે રામદેવને ઢ-કેટેગરીની સુરક્ષા આપી હતી.

કેરળ સ્થિત નેત્ર ચિકિત્સક ડૉ. કે.વી. બાબુએ માહિતીના અધિકારના બહુવિધ પ્રશ્નો માટે દાવા દાખલ કર્યા હતા. બાબુના બે દર્દીઓ, જેમને ગ્લુકોમા હતો, તેઓએ આયુર્વેદિક ઉત્પાદનો અજમાવવા માટે ૨૦૧૯ માં સારવાર છોડી દીધી હતી, અને વધુ ખરાબ સ્થિતિમાં પાછા ફર્યા હતા. બાબુએ કહ્યું, અત્યાર સુધી કંપની પર ઉત્તરાખંડ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી નથી. ભારતના ડ્રગ કાયદા હેઠળ, ઉત્તરાખંડ પાસે પતંજલિ વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા છે કારણ કે કંપનીના ઉત્પાદન એકમો ત્યાં સ્થિત છે.

૨૦૨૨ માં, પતંજલિએ જાહેરાત કરવાનું શરૂ કર્યું કે ટાઈપ I ડાયાબિટીસ ધરાવતા બાળકો ઈન્સ્યુલિનમાંથી તેમની દવાઓ પર સ્વિચ કરી શકે છે અને સાજા થઈ શકે છે. બાબુએ ઉત્તરાખંડ સરકાર અને કેન્દ્ર સરકારને આ દાવાઓ તરફ તેમનું ધ્યાન દોરવા પત્ર લખ્યો હતો. એપ્રિલ ૨૦૨૨માં, તેમની ફરિયાદના આધારે, ઉત્તરાખંડ સરકાર દ્વારા પતંજલિને સંધિવા, બ્લડ પ્રેશર, હૃદયની સમસ્યાઓ અને ડાયાબિટીસના ઉપચાર માટે તેની જાહેરાતો પર નોટિસ આપવામાં આવી હતી. મે ૨૦૨૨માં, પતંજલિએ આ જાહેરાતો બંધ કરી દીધી હતી, અને જુલાઈ ૨૦૨૨માં તેમને ફરી શરૂ કરી અને આ જાહેરાતો જાન્યુઆરી ૨૦૨૩ સુધી ચાલુ રહી હતી.

માર્ચ ૨૦૨૩માં, સરકારે રાજ્યસભાને જાણ કરી હતી કે ઓગસ્ટ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ વચ્ચે વિવિધ દવાઓની ૫૩ ગેરમાર્ગે દોરતી જાહેરાતોની ફરિયાદ રાજ્ય લાઈસન્સિંગ ઓથોરિટીને કરવામાં આવી હતી. આ તમામ પતંજલિ ઉત્પાદનો સાથે સંબંધિત છે. મોટાભાગની ફરિયાદો જે બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવાનું વચન આપે છે અને હૃદયરોગ માટે છે.

બાબુએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ આખરે એ કામ કરશે જે સરકાર કરવામાં નિષ્ફળ રહી છે અને પતંજલિને લોકોને ગેરમાર્ગે દોરવાથી રોકશે. લોકોને સારવાર બંધ કરવા અને વૈજ્ઞાનિક પુરાવા વિના તેમની દવાઓ અજમાવવા માટે સમજાવવા એ તેમના જીવન સાથે રમત કરવા સમાન છે.

## અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા | CJI ચંદ્રચૂડ : તેઓ અતિ જરૂરી કેસ પર 'તાત્કાલિક ધ્યાન આપશે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, તેઓ દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધી મની લોન્ડ્રિંગ કેસમાં તેમની ધરપકડને રદ કરવાની માંગ કરતી તેમની અરજીની તાત્કાલિક સુનાવણી માટે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલના વકીલો દ્વારા મોકલવામાં આવેલા ઈ-મેઈલને 'તત્કાલ જોશે.' દિલ્હી હાઈકોર્ટે દારૂ નીતિ કેસમાં તેમની ધરપકડને રદ કરવાનો ઈન્કાર કર્યાના એક દિવસ પછી કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.વરિષ્ઠ વકીલ એ.એમ. સિંઘવી અને શાદાન ફરાસતે કેજરીવાલ વતી હાજર રહીને CJI સમક્ષ મૌખિક રજૂઆત કરી હતી. સિંઘવીએ કહ્યું કે, કેજરીવાલની ધરપકડ 'અવિશ્વસનીય દસ્તાવેજો'ના આધારે કરવામાં આવી હતી. સિંઘવીએ જણાવ્યું હતું કે, તેમની પાસેથી દસ્તાવેજો દબાવી દેવામાં આવ્યા હતા, 'મેં તાત્કાલિક સૂચિ માટે એક ઈ-મેઈલ મોકલ્યો છે. આ એક મુખ્યપ્રધાનની ધરપકડ છે,' જેના જવાબમાં મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે જવાબ આપ્યો હતો કે, 'હું તરત જ તેને જોઈશ. હું સુનિશ્ચિત કરીશ કે તમામ ઈ-મેઈલ્સ જોવામાં આવે.' કોર્ટ અઠવાડિયાના આગામી બે દિવસ માટે બંધ રહેશે અને ૧૫ એપ્રિલથી રાબેતા મુજબ કામ કરશે.

**દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલને ન્યાયિક પ્રક્રિયા પર આક્ષેપો કરવા બદલ ફટકાર લગાવી :-** દિલ્હી હાઈકોર્ટને ધરપકડ સાથે કંઈપણ ગેરકાયદેસર જણાયું નથી. જસ્ટિસ સ્વર્ણકાન્તાની સિંગલ જજ બેન્ચે પ્રથમ દૃષ્ટિએ તેના આદેશને આધારે નક્કી કર્યું હતું કે, મંજૂરી આપનારાઓના નિવેદનો, વચેટિયાઓની સંડોવણી અને ગોવાની ચૂંટણીમાં ખર્ચ માટે રોકડ સોંપવામાં આવી હોવાના સંદર્ભો સહિત પૂરતી સામગ્રી છે.

**દિલ્હી હાઈકોર્ટમાં કેજરીવાલની દલીલ :-** તેમની અપીલમાં કેજરીવાલે દલીલ કરી હતી કે, સામાન્ય ચૂંટણીના માત્ર દિવસો પહેલા ૨૧ માર્ચે તેમની ધરપકડ કરવાનો નિર્ણય, ભાજપની તરફેણમાં રમતનું અસમાન ક્ષેત્ર બનાવવા માટે હેતુપૂર્વક ગણતરી સાથેનું પગલું હતું. તેમણે દલીલ કરી હતી કે, તેમની ધરપકડ અને આબકારી નીતિ સામેનો કેસ એ આ કેસમાં કેન્દ્રીય એજન્સી, ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (ED) દ્વારા વિપક્ષને કચડી નાખવા માટે એક શસ્ત્ર તરીકે દુરૂપયોગ કરવામાં આવ્યો હોવાનો દાખલો છે. કેજરીવાલે નોંધ્યું હતું કે, હાઈકોર્ટે એ હકીકતને ધ્યાનમાં ન લેવાની ભૂલ કરી હતી કે, ઈડી દ્વારા દાખલ કરાયેલી પાંચ પૂરક ફરિયાદોમાં પણ પ્રોસિક્યુશન ફરિયાદોમાં તેમનું નામ શકમંદ તરીકે દર્શાવવામાં આવ્યું નથી. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે, અગાઉના પ્રસંગોએ ઈડી દ્વારા જારી કરાયેલ સમન્સ પ્રકૃતિમાં અસ્પષ્ટ હતા. તેમની અસ્પષ્ટતાએ રાજકીય અસંમતિને મૂંઝવવા પર ફરતી તપાસનો ઈરાદો દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે, તેમને સતત જેલમાં ગોંધી રાખવાની કાર્યવાહી ફેડરલ ગવર્નન્સ સિસ્ટમ પર મરણતોલ ફટકા સમાન છે.

EDએ હાઈકોર્ટમાં વળતી દલીલ કરી હતી કે, કેજરીવાલની ધરપકડ અને ત્યારપછીના રિમાન્ડ એ પુરાવા એકઠા કરવા માટે કરાયેલાપરિશ્રમનું કુદરતી પરિણામ હતું

## TMC વિરુદ્ધ NIA : BJP નેતા પરબીડિયા સાથે મળ્યા બાદ એજન્સીના કોલકાતા SPને દિલ્હી બોલાવવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA), કોલકાતા એસપી ડી.આર. સિંહ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા જિતેન્દ્ર તિવારી વચ્ચેની કથિત મીટિંગના વિવાદ વચ્ચે એસપીને દિલ્હી બોલાવવામાં આવ્યા છે ન્યૂઝ૧૮ના અહેવાલમાં જણાવ્યું છે. NIAના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ એક નિયમિત મુલાકાત હતી અને વાપસી આદેશ નથી. જો કે, એજન્સીએ હજુ સુધી સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. અધિકારીએ વહેલી સવારે કોલકાતાથી દિલ્હીની ફ્લાઈટ લીધી અને રાજધાનીમાં ઉતર્યા. ઘટનાક્રમથી વાકેફ સૂત્રોના જણાવ્યા અનુસાર, NIA હેડક્વાર્ટરના મધ્યરાત્રિના આદેશે આવી કાર્યવાહી કરવા માટે સંકેત આપ્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સી એ તપાસની દેખરેખ માટે ડીઆઈજી રેન્કના અધિકારીને કોલકાતા મોકલ્યા છે. ડીઆઈજી સાંજે પટનાથી કોલકાતા માટે ઉડાન ભરી હતી. તે આ કેસના સુપરવાઈઝિંગ ઓફિસર છે. ડિસેમ્બરમાં પૂર્વ મિદનાપુર જિલ્લામાં થયેલા વિસ્ફોટના સંબંધમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બે નેતાઓની ધરપકડ બાદ, પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી સહિત ટીએમસીના વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે, એસપી તિવારીને ૨૬ માર્ચે તેમના નિવાસસ્થાને મળ્યા હતા. ટીએમસીએ હાઉસિંગ કોમ્પ્લેક્સના એન્ટ્રી-એક્ઝિટ રજિસ્ટરનું પેજ સાર્વજનિક કર્યું હતું, જ્યાં એસપી રહે છે. પેજ બતાવે છે કે, તિવારી હાઉસિંગ સોસાયટીમાં પ્રવેશ્યા હતા અને બહાર નીકળ્યા હતા અને તે સિંઘ દ્વારા ભાડે આપેલા ફ્લેટમાં ગયા હતા. બેનરજીએ પાર્ટીના ઉમેદવાર અને અભિનેતા દેવ માટે એક ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, જો કોઈ પગલાં લેવામાં નહીં આવે તો તેઓ સીસીટીવી ફૂટેજ પણ સાર્વજનિક કરશે. વરિષ્ઠ સાંસદ ડેરેક ઓ'બ્રાયન, રાજ્યસભાના સાંસદ સાગરિકા ઘોષ, સાકેત ગોખલે અને અન્યો સહિત ૧૦ સભ્યોના TMC પ્રતિનિધિમંડળે ભારતના ચૂંટણી પંચ (ECI) સમક્ષ અરજી કરી હતી જેમાં તમામ તપાસ એજન્સીઓના વડાઓની બદલી કરવાની અને આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ સિંઘ સામે કાર્યવાહીની માગણી કરી હતી અને બાદમાં કમિશન સામે ધરણા પર બેસી ગયા હતા.

## UPSC CMS 2024 નોંધણી upsc.gov.in પર ૮૨૭ પદો માટે શરૂ, અરજી કેવી રીતે કરવી

(એજસી) તા.૧૦

સંઘ લોક સેવા પંચ આજે ૧૦ એપ્રિલથી શરૂ થયેલી સંયુક્ત આરોગ્ય સેવા પરીક્ષા માટે અરજી વિન્ડો ખોલવાની જાહેરાત કરતા એક વટહુકમ જારી કર્યો છે. ઈચ્છુક ઉમેદવાર હવે પંચની સત્તાવાર વેબસાઈટ પરથી સંયુક્ત આરોગ્ય સેવા પરીક્ષા ૨૦૨૪ માટે અરજી પત્ર ભરી શકે છે. આ ભરતી અભિયાન સંગઠનની અંદર ૮૨૭ પદોને ભરશે. ઈચ્છુક ઉમેદવાર જે ૨૦૨૪માં યુપીએસસી સીએમએસ પરીક્ષામાં બેસવા ઈચ્છે છે. તેમને આગ્રહ છે કે તે યુપીએસસીની વેબસાઈટ પર જાય અને અરજી પ્રક્રિયા સમય પર પૂરી કરે. સીએમએસ અરજી પત્ર ૨૦૨૪ જમા કરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ છે. અરજી પ્રક્રિયા શરૂ કરવા માટે ઉમેદવારોએ યુપીએસસી સીએમએસ ૨૦૨૪ માટે વન-ટાઈમ રજિસ્ટ્રેશન પોર્ટલ પર નોંધણી કરવી પડશે. આ સુનિશ્ચિત કરવા કે આ જરૂરી પગલાના માધ્યમથી ઉમેદવારોનું યુપીએસસી સિસ્ટમમાં નામાંકન થાય, એક વધુ નિર્બાધ અરજી પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે.

યુપીએસસી સીએમએસ ૨૦૨૪ અરજી સુધારા તબક્કો ૧ મેથી શરૂ થશે અને ૭મેએ સમાપ્ત થશે.

**યુપીએસસી સીએમએસ ૨૦૨૪ : ખાલી પદોનું વિવરણ :-**

- જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસરમાં ગ્રેડમાં મેડિકલ ઓફિસર ગ્રેડ, કેન્દ્રીય આરોગ્ય સેવાના ઉપ કેડર : ૧૬૩ પદ
- રેલવેમાં સહાયક આરોગ્ય અધિકારી : ૪૫૦ પદ
- નવી દિલ્હી નગર પાલિકા પરિષદમાં જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર : ૧૪ પદ
- દિલ્હી નગર નિગમમાં જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર ગ્રેડ ૨ : ૨૦૦ પદ

**યુપીએસસી સીએમએસ ૨૦૨૪ના પાત્રતા માપદંડ :**

પરીક્ષણો માટે પાત્ર હોવા માટે ઉમેદવારોને અંતિમ એમબીબીએસ પરીક્ષા લેખિત અને વ્યવહારિક બંને ભાગોમાં પાસ થવું જોઈએ. આ પરીક્ષા માટે પાત્ર હોવા માટે ઉમેદવારે ૧ ઓગસ્ટ ૨૦૨૪એ ૩૨ વર્ષના હોવા જોઈએ.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# UPSC પરીક્ષામાં ઘણી વખત નાપાસ થયેલ IAS અધિકારી જેણે અંતિમ પ્રયત્નમાં પરીક્ષા પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક...



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વિશ્વની સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એક UPSCમાં સફળતા હાંસલ કરવા માટે દઢતા અને નિશ્ચયની જરૂર હોય છે. જો તમે પરીક્ષામાં ચાર કરતાં વધુ વખત નાપાસ થાઓ અને તે જ પરિણામ માટે સતત પ્રયત્નશીલ રહેશો, તો તમે આશા અને પ્રેરણા ગુમાવી શકો છો. જો કે, પ્રિયંકા ગોયલે અન્ય લોકો માટે અનુસરવા માટે એક ઉદાહરણ સેટ કર્યું છે, જો તમે કંઈક કરવા માટે પ્રતિબદ્ધ છો, તો તમે સફળ થશો. પ્રિયંકા ગોયલનો જન્મ અને ઉછેર દિલ્હીમાં થયો હતો. તેણે કેશવ મહાવિદ્યાલય, દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.કોમ. અને પછી UPSC સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરવાનું શરૂ કર્યું. તેના છઠ્ઠા અને અંતિમ પ્રયત્નમાં, તેણે પરીક્ષા પાસ કરી અખિલ ભારતીય ક્રમાંક ૩૬૯ મેળવ્યો અને ૨૦૨૩માં IAS અધિકારી બની. અવરોધો હોવા છતાં, પ્રિયંકાએ ક્યારેય તેનું સ્વપ્ન છોડ્યું નહીં અને તેના સમર્પણ દ્વારા સિવિલ સર્વન્ટ બની અને નિશ્ચય તેની છ વર્ષની મુસાફરી દરમિયાન, તેણે આત્મ-શંકા અને આંચકોનો અનુભવ કર્યો, પરંતુ તેની દઢતા અને સખત મહેનતનું ફળ મળ્યું. પ્રિયંકાએ જાહેર વહીવટના તેના વૈકલ્પિક વિષયમાં ૨૯૨ના સ્કોર સાથે સૌથી વધુ માર્ક્સ મેળવ્યા હતા અને અંતિમ યાદીમાં તેણે કુલ ૯૬૫ માર્ક્સ મેળવ્યા હતા, જેમાં ઈન્ટરવ્યૂમાં ૧૯૩નો સ્કોર હતો. તેની સક્રિય સોશિયલ મીડિયા હાજરીને કારણે, પ્રિયંકા ગોયલે ઈન્સ્ટાગ્રામ પર ૧.૮૪ લાખના મોટા પ્રમાણમાં ફોલોવર્સ એકત્રિત કર્યા છે. જો કે તેને પરીક્ષાની તૈયારી કરવા માટે અસલમાં સંઘર્ષ કરવો પડ્યો કારણ કે તેને અભ્યાસક્રમ સંપૂર્ણ રીતે સમજાતો ન હતો, તેણે સતત પ્રયત્ન કર્યો અને તેના બીજા પ્રયાસમાં પાસિંગ માર્ક મેળવવામાં સફળ રહી. પ્રિયંકા અવારનવાર તેના અંગત અને વ્યાવસાયિક જીવનની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે.

# UPSC પરીક્ષા આપવા ઉચ્ચ પગારવાળી નોકરી છોડી દેનાર IFS અધિકારીની સંઘર્ષની વાર્તા જેમણે ૩ વર્ષનો અંતરાલ લીધો, હવે તે નિયુક્ત છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી પૂજ્ય પ્રિયદર્શિનીને UPSC પરીક્ષામાં સફળતા મેળવવા માટે અસંખ્ય અસફળતાઓનો સામનો કરવો પડ્યો હતો. ત્રણ વખત નિષ્ફળ જવા છતાં અને છોડવાનું વિચારી રહ્યા હોવા છતાં તેણીના પરિવારના અતૂટ સમર્થને તેણીને ફરી પ્રયાસ કરવા પ્રોત્સાહિત કર્યા. તેણીની યાત્રા એ કહેવતને મૂર્ત બનાવે છે કે દરેક સફળતાની વાર્તા પણ મોટી પ્રતિકૂળતાની વાર્તા હોય છે. શરૂઆતમાં અસફળતાઓનો સામનો કરવાને કારણે પ્રિયદર્શિનીને IAS અધિકારી બનવાનું સપનું અસંભવ લાગતું હતું. દિલ્હીમાં બીકોમ પૂર્ણ કર્યા પછી તેણે ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાંથી પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. આ સમય દરમિયાન તેણે પ્રતિબદ્ધતાઓ સાથે અભ્યાસ શરૂ કર્યો અને UPSC પરીક્ષા માટે પણ ખંતપૂર્વક તૈયારી કરી. ૨૦૧૩માં તેણીનો પ્રથમ પ્રયાસ નિરાશામાં સમાપ્ત થયો, ત્યારબાદ ૨૦૧૬માં ઈન્ટરવ્યુના તબક્કે પહોંચવા છતાં બીજો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. આ અસફળતાઓથી નિરાશ થયા વિના તે દઢ સંકલ્પ રહી. જો કે ૨૦૧૭નું વર્ષ એ વધુ નિરાશા લાવ્યું જ્યારે તેણી પ્રારંભિક પરીક્ષામાં સફળતા મેળવવામાં થોડા જ માર્કસથી ચૂકી ગઈ જેના કારણે તેણીએ UPSC આકાંક્ષાઓને સંપૂર્ણપણે છોડી દેવાનું વિચાર્યું. તેમ છતાં તે તેના પરિવાર તરફથી અવિશ્વસનીય સમર્થન અને પ્રોત્સાહન હતું જેણે તેણીના નિર્ણયને ફરીથી જીવંત બનાવ્યો. તેણીની ક્ષમતાઓ પરના વિશ્વાસથી પ્રેરિત, પ્રિયદર્શિનીએ એક છેલ્લો પ્રયાસ કરવાની હિંમત એકઠી કરી. તેણીએ ૨૦૧૮ની UPSC પરીક્ષામાં પ્રભાવશાળી ઓલ ઈન્ડિયા રેન્ક ૧૧ મેળવ્યો ત્યારે તેણીને મહેનતનું ફળ મળ્યું, આખરે તેણીનું IAS અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર થયું. તેણીની મુસાફરી પર પ્રતિબિંબિત કરતા, પ્રિયદર્શિની સાથી ઉમેદવારોને મૂલ્યવાન સલાહ આપે છે. તેણી નિષ્ફળતા સામે સખત મહેનત, ધીરજ અને સ્થિતિસ્થાપકતાના મહત્ત્વ પર ભાર મૂકે છે. તેણીનો સંદેશ સ્પષ્ટ છે કે અડચણો એ અવરોધો નથી પરંતુ વિકાસની તકો છે. સમર્પણ અને દઢતા સાથે પ્રયાસ કરવા ઈચ્છુક દરેક વ્યક્તિ માટે UPSC પરીક્ષામાં સફળ થવું શક્ય છે.

# IAS અબ્દુલ નાસરની સફળતાની વાર્તા : એક ન્યૂઝ પેપર ડિલિવરી બોય UPSC ક્રેક કર્યા વિના કેવી રીતે બન્યા IAS ઑફિસર ?



(એજન્સી) તા.૧૦

સિવિલ સર્વિસ પરીક્ષાને ભારતની સૌથી પડકારજનક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી એક માનવામાં આવે છે. સખત મહેનત, દઢ નિશ્ચય અને વર્ષોની તૈયારી પછી લાખો ઉમેદવારોમાંથી કેટલાક ઉમેદવારો IAS અને IPS પદ મેળવી શકે છે. આ પરીક્ષામાં સફળ થવા માટે ઘણા વિદ્યાર્થીઓ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના વિકલ્પને પસંદ કરે છે અને મોટી ફી પણ ચૂકવે છે, પરંતુ IAS અથવા IPS બનવાનું સપનું માત્ર થોડા જ ઉમેદવારોનું પૂરૂં થઈ શકે છે. જો કે, આર્થિક રીતે નબળા બેકગ્રાઉન્ડવાળા ઉમેદવારો માટે સિવિલ સર્વિસ પરીક્ષા માટે કોચિંગ મેળવવું પડકારજનક હોય છે અને આજે અમે તમને એક એવા જ IAS ઓફિસર બી અબ્દુલ નાસર વિશે જણાવીશું. તમને જાણીને નવાઈ લાગશે કે બી અબ્દુલ નાસરે UPSC પરીક્ષા પાસ નથી કરી, છતાં પણ તેઓ IAS ઓફિસરના પદ સુધી પહોંચવામાં સફળ રહ્યા. જી હાં, તે સાચું છે ! હવે તમારા મનમાં સવાલ ચાલી રહ્યો હશે કે 'કેવી રીતે' ? તો ચાલો જાણીએ આ રસપ્રદ અને પ્રેરણાદાયી સફર વિશે. કેરળના કન્નુર જિલ્લાના થાલાસેરીના રહેવાસી બી અબ્દુલ નાસર માત્ર ૫ વર્ષના હતા, જ્યારે તેમણે તેમના પિતાને ગુમાવી દીધા હતા. તેઓ અને તેમના ભાઈ-બહેન એક અનાથાશ્રમમાં રહેતા હતા. તેમની માતા જેમ-તેમ કરીને પરિવારનું ભરણપોષણ કરતા હતા. ઘણા પડકારો આવ્યા, પરંતુ અબ્દુલ નાસરે ૧૩ વર્ષ અનાથાશ્રમમાં વિતાવ્યા અને સ્કૂલનું શિક્ષણ પૂર્ણ કર્યું. આ પછી તેઓ ક્લીનર અને હોટલ સપ્લાયર તરીકે કામ કરવા લાગ્યા. જેથી પરિવારની થોડી મદદ થઈ શકે. આ પછી તેમણે થાલાસેરીની જ સરકારી કોલેજમાંથી ગ્રેજ્યુએશનનો અભ્યાસ કર્યો. તેમણે અખબારો વેચ્યા અને સાથે જ ટ્યુશન પણ કરાવ્યા. આ પછી તેઓ કેરળના આરોગ્ય વિભાગમાં સરકારી નોકરી લાગ્યા. સખત મહેનત કરવા છતાં પણ પ્રમોશ તેમને ધીમે-ધીમે મળ્યું. આ પછી વર્ષ ૨૦૦૬માં તેઓ રાજ્ય સિવિલ સર્વિસમાં ડેપ્યુટી કલેકશનની ભૂમિકા સુધી પહોંચ્યા. વર્ષ ૨૦૧૫માં તેઓ કેરળના ટોપ ડેપ્યુટી કલેક્ટર બન્યા હતા. આ પછી તેમને વર્ષ ૨૦૧૭માં IAS પદ પર પ્રમોશન મળ્યું. આ રીતે તેઓ સિવિલ સર્વિસની પરીક્ષા આપ્યા વિના IAS અધિકારી બની ગયા. જો કે, આ સફર ઘણી મુશ્કેલીઓથી ભરેલી રહી છે. પરંતુ IAS નાસારને લોકો પ્રેરણા માને છે.


Eid Mubarak — M.M.Engineers
Mfg.of Industrial Valves
A 50/54, Ajit Mill Estate,Opp.Maninar Trailors, Rakhial, Ahmedabad
M.90990 99708 / 709
Email :- info@mmevalves.com
Website :- www.mmevalves.com

Eid Mubarak — VASILA Marketing Agencies
Manufacturer of All Type of Slotted Angle Rack, Heavy Duty Pallet Rack, Super Market Display Rack, Mezzanine Floor, Office Furniture
1,Milan Estate, Opp. Chandola Lake, Nr Sulamani Masjid, Narol-Chandola Road, Ahmedabad- 380028.
M: 98255 76109 Website: www.vasilastorage.com

Eid Mubarak — Ajmeri Associates
Nazir Ajmeri (Advocate)
Gujarat Highcourt
Criminal Cases Specialist
• Civil Cases • Family Cases
Tanvir N Ajmeri | Thakarshi rathod
Arif Shaikh | Ayaz malek | Roohan saiyed
Kinjal soyantar | Usha rathod.
211-214,Divya Vasundhra Complex, Opp. Mirzapur District Court, Mirzapur, Ahmedabad-380001.
9898077651 9722220468

ઈદ મુબારક
IndianOil ઝઝવાલા પેટ્રોલિયમ
ડીલર : ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન
રેલવે સ્ટેશન રોડ, પ્રાંતિજ-૩૮૩૨૦૫
જિ.સાબરકાંઠા, ફોન : ૦૨૭૭૦- ૨૩૧૧૦૦

PIAGGIO Authorized Dealer of PIAGGIO Vehichles Pvt. Ltd.
MANIAR Maniar Engineers Private Limited
Maniar House, Ahmedabad 380002, INDIA.
+91 79 22113344 +91 79 22143344
ImtiazAhmed Maniar, Nizamuddin Maniar, Sameer Maniar
www.maniarengineers.com

≡ ૩૦ રોઝે મુબારક ≡
હાજી મુનવ્વરખાન બહાદરખાન (ખાનસાહબ ટાયરવાલે), હઝીયાણી ખાતુનબીબી મુનવ્વરખાન કે પર પોતે
મો. અસલમખાન હૈદરખાન
ને શીર્ફ ૯ સાલ કી ઉમ્ર મેં ૩૦ રોઝે મુકમ્મલ કિયે હૈ. ટાયરવાલા ફેમિલી કી તરફ સે તહે દિલ સે મુબારક બાદી...
દુઆગીર : વાલીદ : હાજી હૈદરખાન જહાંગીરખાન
વાલીદા : નિલોફરખાનમ હૈદરખાન
બહેન : શબાહતફાતેમા

Eid Mubarak — J K Enterprise
233/1/2, Palshing Villa, Christian Colony, Opp. Khanpur Gate, Near Union Bank, Khanpur, Ahmedabad
Mob: 9327097778 / 9924246569 Email: jkenterprise@hotmail.com
Web: www.jkenterpriseshop.in

Eid Mubarak — SDF ADVOCATES & ASSOCIATES
DIPTI R. PATEL (ADVOCATE) | SIRAJ G. SHAIKH (ADVOCATE)
Ayaankhan S. Pathan (ADVOCATE) | Amaan F. Sodha
Mayur N. Chavda (ADVOCATE) | Sabina M. Shaikh
Mo. Jilani M. Saiyed (ADVOCATE) | Ansar I. Shaikh
Shivani V. Sharma (ADVOCATE) | Arsh M. Sodha
We focus on the Solution not the Problem
Firoz B. Sodha Advocate M. 9824466381

Eid — SHARIA EXPORTS
Mfg Export: World Class Greentech Water Well Drilling Rigs, Tools, Pumps & Pipes
601, Maharana Pratap Complex, Nr. V.S. Hospital, Opp. Ellisbridge P.O., Ashram Road, Ahmedabad - 380 006.
Call: +91-98250 52850
Email: eximkeys@gmail.com
Web: www.waterwellrig.in

EID Mubarak — Rajhuns Since 1933
Rajhans Tea Depot
Bellow Kalupur Octroi Building, O/s.Kalupur Gate,Kalupur, Ahmedabad
C-5,Al-Kuba Estate,B/h.Cozy Hotel, Narol Road, Ahmedabad
M: 9327026193
Email: rajhunst4u@yahoo.in
Website: www.rajhunst4u.com

બિરાદરાને ઈસ્લામકો ઈદ મુબારક
મિશન કા મકસદ કૌમ કી ખિદમત
મોહસિને આઝમ મિશન-પ્રાંતિજ
લોકસેવાના કાર્યો :- અશરફી ટીફિન સર્વિસ (ધર્મના ભેદભાવ વિના રોજ ઘરે ટીફિન)
★ જરૂરતમંદોને રમઝાનમાં રાશનકીટ વિતરણ ★ દીની તાલીમ માટે મદ્રેસા-એ-મોહસિને-આઝમ ★ અસ્કરી મેડિકલ સર્વિસ ★ સ્વાતંત્ર્ય દિને નગરમાં વૃક્ષારોપણ ★ ઓનલાઈન હજફોર્મ ભરવાની પ્રક્રિયા ★ મોહર્રમ પ્રસંગે હોસ્પિટલ-વૃદ્ધાશ્રમમાં ફ્રૂટ વિતરણ ★ બાળકોના દીની પ્રોગ્રામ, ખત્ના કેમ્પ તથા તકરીરના કાર્યક્રમોનું આયોજન
અમ્નો મુહબ્બત કી છાવ મેં ખિદમત સુબ્હો શામ કરે, આઓ હમ સબ મિલજુલ કર પૈગામે નબીકો આમ કરે
મિશન ઓફિસ : કાપડ બજારના નાકે, વ્હોરવાડ, પ્રાંતિજ મો.૯૯૨૪૫૧૮૭૮૭

Advocate A.S.Saiyed, Advocate Asim Saiyed, Advocate Aaqil Saiyed
Eid Mubarak — A.S. Associates
B/204,B-Wing, 2nd Floor, Sakar-7, Nehru Bridge Corner, Ashram Road, Ahmedabad - 380009
Phone: 079-26580255, 26580266
Email: abrar_saiyed2006@yahoo.co.in
Website: www.assaiyed.com

ઈદ મુબારક.... ઈદ મુબારક.... ઈદ મુબારક........
સંજીવની હાર્ટ એન્ડ મેડીકેર
ડો. એમ. એમ. સુરતી
એમ.ડી. (મેડીસીન) કન્સલ્ટન્ટ ફિઝીશ્યન
હૃદયરોગ, ડાયાબિટીશ તેમજ પોઈઝનિંગના કેસોના નિષ્ણાંત
આકાશગંગા કોમ્પલેક્ષ, બસસ્ટેન્ડ પાસે, હિંમતનગર, જિ.સાબરકાંઠા,
ફોન : (૦૨૭૭૨) ૨૪૫૯૧૬-૧૭, મો.૯૮૨૫૪૬૯૭૮૪
ઉપલબ્ધ સુવિધાઓ
★ આઈ.સી.સી.યુ. વોર્ડ ★ ડાયાલીસીસની સુવિધા ★કૃત્રિમ શ્વાસોશ્વાસ માટે વેન્ટીલેટર મશીન ★અદ્યતન કાર્ડિયાક મોનીટર્સ ★ ECG, 2 D Echo, TMTની સગવડ ★કોમ્પ્યુટરાઈઝ નર્સિંગ મોનીટરીંગ સિસ્ટમ પોઈઝનીંગ સર્પદંશની ઘનિષ્ટ સારવાર ★બોડી ચેકઅપની સગવડ★ડીલક્સ સ્પેશ્યલ રૂમ (એસી./નોન એસી.) તેમજ જનરલ વોર્ડ ★ લિફ્ટની સુવિધા ★ દરેક રૂમમાં ઈન્ટરકોમ તથા ગરમ પાણીની સુવિધા.

G.A.KADRI ASSOCIATES — Eid Mubarak
G.A. Kadri - Advocate
Samina G.Kadri - Advocate & Notary
A.K.Saiyed - - Advocate
Imran Ghanchi - Advocate
Taukir Mandli - Advocate
B-Block, 1101, Sun West Bank, Opp. City Gold, Nr.Vallabh Sadan, Ashram Road, Ahmedabad-380009
M.9825007865 / 98257 77861
Email :- gakadri@gmail.com

સર્વને હાર્દિક ઈદ મુબારક
ભુરાવાલા મોટર્સ
ઓનર : ઝહીરૂદ્દીન એન. ભુરાવાલા
સાબરકાંઠા - અરવલ્લીના ઓથોરાઈઝ ડીલર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા
પીપલોદી, હિંમતનગર, (સાબરકાંઠા) ફોન : ૯૯૨૫૦૩૬૭૦૧
ભુરાવાલા હુન્ડાઈ
ઓનર : મો.વાઝીદઅલી એન. ભુરાવાલા
સાબરકાંઠા અને અરવલ્લીના ઓથોરાઈઝ ડીલર હુન્ડાઈ કાર
નેશનલ હાઈવે નં.૮, હિંમતનગર (સાબરકાંઠા) ફોન : ૨૨૯૨૮૨-૮૪, મો.૯૮૨૫૫૯૦૪૧૭






S.N.FRAGRANCES®
11, Mahavir Chambers, Salapose Road, Near Relief Cinema, Ahmedabad - 380 001 (Gujarat) India
Mobile: +91 9725024313
Email: info@snfragrances.com

# નડિયાદમાં મહિલા ક્લાર્કના પર્સમાંથી વિદ્યાર્થીઓના ફીના નાણાંની રિક્ષામાંથી ચોરી

## મહિલા ક્લાર્ક ફીના ૪૪,૭૫૦ શાળાની મુખ્ય બ્રાંચમાં જમા કરાવવા જતાં હતાં ત્યારે રિક્ષામાં બેસેલ લોકોએ ચાલાકીથી રૂપિયા કાઢી લીધા

નડિયાદ, તા.૧૦

નડિયાદમાં શાળાની મહિલા ક્લાર્ક વિદ્યાર્થીઓના ફીના રૂપિયા શાળાની મુખ્ય બ્રાન્ચમાં જમા કરાવવા રિક્ષામાં બેસીને જતા હતા તે વખતે રીક્ષામાં બેઠેલા લોકોએ ચાલાકીથી રૂપિયા ૪૪,૭૫૦ની ચોરી કરી લીધા હોવાના બનાવની નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાય છે. મળતી માહિતી મુજબ નડિયાદ શહેરમાં જુના ડુમરાલ રોડ ઉપર અનેરી હાઈટ્સમાં રહેતા ૪૮ વર્ષીય પ્રીતિબેન કેતનભાઇ પટેલ પોતે શહેરમાં આવેલ સ્કૂલ સીબીએસસી બ્રાન્ચ કોલેજ રોડ ખાતે ક્લાર્ક તરીકેની નોકરી કરે છે. ગત ૮મી એપ્રિલના રોજ તેઓ બપોરના અઢી વાગ્યાની આસપાસ તેમની સ્કૂલમાંથી વિદ્યાર્થીઓના ફીના કુલ રૂપિયા ૪૪ ,૭૫૦ રોકડ લઈને તેમની મુખ્ય બ્રાન્ચ રેલ્વે સ્ટેશન પાસે આવેલ હોય ત્યાં જમા કરાવવા જતા હતા. પ્રીતિબેન પોતે કોલેજની શાળા પાસેથી એક રિક્ષામાં બેઠા હતા. તેઓ મોટી શાકમાર્કેટ જવાનુ કહી આ રીક્ષામાં બેઠા હતા અને રીક્ષા ચાલકે આ મહિલાનું પર્સ અને ટીફીન તેમના પગે મૂકી આપ્યું હતું. જો કે રીક્ષા ચાલકે પ્રીતિબેનને નજીક આવેલ વાણીયાવડ સર્કલે ઉતારી દીધા હતા. પ્રીતિબેનએ કહ્યું કે મારે શાક માર્કેટ જવાનું કહી હું તમારી રિક્ષામાં બેઠી હતી. ત્યારે રિક્ષા ચાલકે કહ્યું કે અમારે ઈમર્જન્સીમાં કિડની તરફ જવાનું છે તેમ કહી વાણીયાવાડ સર્કલે ઉતારી દીધા હતા. બાદમાં પ્રીતિબેન અન્ય રીક્ષા મારફતે મોટી શાકમાર્કેટ ખાતે પહોંચ્યા હતા. જ્યાં રીક્ષાનું ભાડું આપતા તેમને જાણ થઈ હતી કે તેમની પાસે પર્સમાં મુકેલા રોકડ રૂપિયા મળી આવ્યા ન હતા. જેથી તેમને આ રીક્ષામાં બેઠેલા મુસાફરો સામે શંકા દર્શાવી છે અને આ મામલે તેઓએ નડિયાદ ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચોરીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૮ કલાક પોઈન્ટ પર ઊભા રાખવા લેખિત ઓર્ડર પ્રકરણમાં

# પોલીસ કોન્સ્ટેબલને સવારે ૭થી બપોરે ૩ સુધી ફરજ બજાવવા પો.કમિ.નો આદેશ

## વ્યક્તિગત કામ નહીં કરવા બદલ એક કોન્સ્ટેબલને એક ઉચ્ચ અધિકારીએ લેખિત ઓર્ડર કરી ૧૦થી ૬ વાગ્યા સુધી પોઈન્ટ પર ઊભા રહેવાનો આદેશ કર્યો હતો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સુરતના ટ્રાફિક વિભાગમાં એક ઉચ્ચ અધિકારીએ વ્યક્તિગત એક કોસ્ટેબલને આઠ કલાક માટે પોઈન્ટ પર ઊભા રાખવાના લેખિત ઓર્ડર પ્રકરણમાં આખરે પોલીસ કમિશનરે પોલીસ કોન્સ્ટેબલને ૧૦થી ૬ની જગ્યા પર હવે સવારે સાતથી ત્રણ વચ્ચે ઊભા આદેશ આપતા ટ્રાફિક વિભાગમાં અસંતોષ ફેલાયો હતો. સુરત શહેરમાં સર્કલ આઠમાં ફરજ બજાવતા એક કોસ્ટેબલને ઉચ્ચ અધિકારીનું વ્યક્તિગત કામ નહીં કરતા હોવાના લઈને તેને તાત્કાલિક લેખિત ઓર્ડર કરીને વ્યક્તિગત ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી પોઈન્ટ પર ઊભા રહેવાનો આદેશ લેખીતમાં આપવામાં આવ્યો હતો જેને લઈને સુરત ટ્રાફિક પોલીસમાં ભારે વિરોધ જોવા મળ્યો હતો. આ બાબતે ખુદ પોલીસ કમિશનર વાબાંગ જામીર અને જોઈન્ટ કમિશનર એચ આર ચૌધરી સમગ્ર ઘટના બાબતે પૂછવામાં આવ્યું હતું. આખરે એક ઉચ્ચ અધિકારી દ્વારા વ્યક્તિગત ઓર્ડર કરવામાં આવ્યું હતું. તે સત્તાનો દુરૂપયોગ કર્યો હોવાનું જાણવા મળતા તેમને ઉચ્ચ અધિકારીને તાત્કાલિક ઓર્ડર બદલવાનો નિર્દેશ આપ્યો હતો જેના કારણે એ પોલીસ કોન્સ્ટેબલને જે પોઈન્ટ પર ૧૦થી ૬ની નોકરી આપવામાં આવી હતી તેને હવે સવારે સાતથી ત્રણ વચ્ચે નોકરી આપવામાં આવી છે જેને લઈને પોલીસના ટ્રાફિક વિભાગમાં અસંતોષની સાથે પોલીસ કમિશનર દ્વારા જોઈન્ટ ટ્રાફિક કમિશનરને કોન્સ્ટેબલને ન્યાય આપવા બાબતે ટ્રાફિક વિભાગમાં ખુશી જોવા મળી હતી અને જ્યારે ઉચ્ચ અધિકારીને પોલીસ કમિશનર તેમજ જોઈન્ટ કમિશનરે આડા હાથે લીધા હતા.

# મહુવાના એલઆઈસી એજન્ટને જુગાર રમવા બોલાવી છરીની અણીએ ૨.૭૦ લાખ લૂંટી લીધા

## ગળથર ગામ નજીક સ્કોર્પિયો કારમાં આવેલ બે શખ્સોએ એજન્ટની બાઈકને આંતરી લૂંટ ચલાવી : ૩ સામે ફરિયાદ

ભાવનગર, તા.૧૦

મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં રહેતા એલ.આઈ.સી. એજન્ટને રાજાવદર ગામે જુગાર રમવા માટે બોલાવી જુગારમાં મોટી રકમ જીત્યા બાદ ઘરે પરત જઈ રહેલા એલ.આઈ.સી.એજન્ટને ગળથર ગામ નજીક આંતરી કારમાં આવેલા બે શખ્સોએ રૂા.૨.૭૦ લાખ રોકડાની લૂંટ કરી મોબાઈલ ફોન, પાકીટ અને બાઇકની ચાવી ઝૂંટવી લઈને રસ્તામાં ફેંકી દઈ ફરાર થઈ જતા બગદાણા પોલીસે ત્રણ શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં આવેલ સૈતાનગર પ્લોટ નં.૦૯માં રહેતા એલ.આઈ.સી. એજન્ટ ભરતકુમાર લક્ષ્મીશંકર જાની છેલ્લા બે વર્ષથી રાજાવદર ગામના વાઘાભાઈ પાંચાભાઈ લાફકા ( ભરવાડ )ને ઓળખતા હોવાથી અગાઉ તેમના ઘરે જુગાર રમવા માટે જતા હતા. છેલ્લા બે દિવસથી વાઘાભાઈ તેમને અવારનવાર ફોન કરી જુગાર રમવા માટે બોલાવતા હોવાથી ગઈ કાલે ભરતભાઈ રૂા.૧,૪૦,૦૦૦/- રોકડા લઈને વાઘાભાઈના ઘરે જુગાર રમવા માટે રાજાવદર ગયા હતા. વાઘાભાઈના ઘરે બંને જુગાર રમતા ભરતભાઈ રૂા.૧,૩૦,૦૦૦/- જીત્યા હતા. જુગાર રમ્યા બાદ ભરતભાઈ ઘરે જવા માટે નીકળતા હતા ત્યારે કાળા કલરની સ્કોર્પિયો કારમાં બે વ્યક્તિ આવ્યા હતા. વાઘાભાઈએ બંન્નેની ઓળખાણ કરાવી બંન્ને તેમના મિત્રો લાલાભાઈ હકાભાઈ મેર રહે.કાળાતળાવ,ભાવનગર અને પકો સિંધી રહે.ભાવનગર હોવાનું જણાવ્યું હતું. ભરતભાઈ તેમનું મોટરસાઇકલ લઈને નીકળ્યા બાદ પાછળથી સ્કોર્પિયો કારમાં આવેલા લાલા મેર અને પકો સિંધીએ ગળથર ગામ નજીક કાર આગળ કરી ભરતભાઈને આંતરી છરી બતાવી હાથની આંગળીના ભાગે છરી વડે ઘસરકો કરી રૂા.૨,૭૦,૦૦૦/- રોકડાની લૂંટ કરી હતી અને ભરતભાઈનો મોબાઈલ ફોન, પાકીટ અને બાઇકની ચાવી ઝૂંટવી કારમાં ફરાર થઈ ગયા હતા. આ ઘટના બાદ ત્યાંથી પસાર થતા બાઈક ચાલકની મદદથી તેઓ રાજાવદર વાઘાભાઈના ઘરે પહોંચ્યા હતા અને તેમને વાત કરી હતી. વાઘાભાઈ તેમને ફરિયાદ નોંધાવવા પ્રથમ ખૂટવડા અને ત્યાર બાદ બગદાણા લઈ ગયા હતા ત્યારે રસ્તામાં જી.ઇ.બી.ના કર્મચારીએ તેમને મળેલ મોબાઈલ ફોન અને પાકીટ પરત આપ્યા હતા. બગદાણા પોલીસ સ્ટેશન ખાતે વાઘાભાઈ ભરવાડે લૂંટનું કાવતરું તેમણે રચ્યું હોવાનું જણાવતા ભરતભાઈ જાનીએ વાઘાભાઈ પાંચાભાઈ લાફકા (રહે.રાજાવદર,તા.મહુવા) લાલા હકાભાઈ મેર (રહે.કાળાતળાવ,તા.ભાવનગર ) અને પકો સિંધી (રહે.ભાવનગર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા બગદાણા પોલીસે આઈ.પી.સી.કલમ ૩૯૪ અને ૧૨૦ (બી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રમઝાન ઈદના તહેવારને અનુલક્ષી

# છાપી પોલીસ મથકમાં PSIના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક મળી



(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

છાપી, તા.૧૦

વડગામ તાલુકાના છાપી પોલીસ મથકના પીએસઆઈ હાર્દીક દેસાઈના અધ્યક્ષસ્થાને રમજાન ઈદના તહેવારને અનુલક્ષી શાંતિ સમિતિની બેઠક મળી હતી. શાંતિ સમિતિની બેઠકમાં છાપી વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ, શાંતિલાલ મહેશ્વરી, મહંમદભાઈ બગા, અશોકભાઈ ચૌધરી સમસુદીનભાઈ, ફજલુરહેમાન ટાઇગર સહિત છાપી તેમજ હાઈવે સ્થિત વેપારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી અને રમજાન ઈદનો તહેવાર શાંતિ અને કોમી એખલાસના વાતાવરણમાં ઉજવાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા પીએસઆઈ દેસાઈએ અપીલ કરી હતી.

# વંથલી નજીક બાઈકને અડફેટે લેતા યુવાનનું મોત : ત્રણને ઈજા

જૂનાગઢ, તા.૧૦

વંથલી નજીક બાઈકને છકડો રિક્ષાએ અડફેટે લેતા જૂનાગઢના આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજયું હતું. આ અકસ્માતમાં મૃતકના મિત્ર, રિક્ષા ચાલકને પણ ઈજા થતા સારવારમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં ભારત મિલના ઢોરા પાસે રહેતો રિયાઝ વલીમહમદ સુમરા (ઉ.વ.૨૨) અને તેનો પાડોશમાં રહેતો મિત્ર મહેશ કાંતિભાઈ ચૌહાણ મંગળવારે સવારે મહેશના જીજે-૧૧-સીકે-૭૪૨૮ નંબરની બાઈક ઉપર બેસીને કામ સબ વંથલી જવા નીકળ્યા હતા. દરમ્યાન રસ્તામાં વંથલી નજીકના શાપુર ચીપીયા પાસે હાઈવે ઉપર જીજે-૧૧-ઝેડ-૭૯૮૮ નંબરની છકડો રિક્ષાના વંથલીના ચાલક યાસીન દુદાભાઈ સિપાઈએ બાઈકને અડફેટે લેતા બંને મિત્રો બાઈક પરથી ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં બંને મિત્રો તેમજ રિક્ષા ચાલકને ઈજા થતા ત્રણેયને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને રિયાઝની સારવાર કારગત નિવડે તે પહેલા મૃત્યુ નિપજયું હતું. આ અકસ્માત અંગે મૃતક યુવકના પિતા વલીમહમદ સુમરાની ફરિયાદ લઈ વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ડભોઈના પીપરિયા અને નવા માંડવા ગામે રૂપાલાના પૂતળાનું દહન કરાયું




ડભોઈ, તા.૧૦

ડભોઇ તાલુકાના ગામડાઓમાં ક્ષત્રિય સમાજમાં વિરોધ વધી રહ્યા છે વધુ બેગામ નવા માંડવા અને પીપરિયા વિરોધમાં જોડાયા છે. રૂપાલાના વિરોધમાં ડભોઇ તાલુકાના પાંચ ગામો હાલ જોડાઈ રહ્યા છે કેટલીક જગ્યાએ પૂતળાનું દહન થઈ રહ્યું છે તો કેટલીક જગ્યાએ બેનરો લાગી રહ્યા છે ભાજપના કાર્યકર્તાઓને પ્રવેશબંધીના પણ બેનરો લાગી રહ્યા છે જ્યાં સુધીને રૂપાલાની ટિકિટ પાછી નહીં ખેંચાય ત્યાં સુધી ક્ષત્રિય સમાજ હવે પીછેહટ નહીં કરે પણ સરકારના પેટનું પાણી હાલતું નથી એક તરફ સરકાર મક્કમ છે જો બીજી તરફ ક્ષત્રિય સમાજ પણ હવે લડી લેવાના મૂડમાં દેખાઈ રહ્યો છે પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિરૂદ્ધ કરેલી ટિપ્પણી મામલો ગુજરાત ભરનો ક્ષત્રિય સમાજ રોષે ભરાઈ કરી રહ્યો છે. ડભોઇ તાલુકાના પીપળીયા તેમજ નવા માંડવા ગામમાં ક્ષત્રિયોએ રૂપાલા વિરૂદ્ધ દેખાવો કર્યા. ડભોઇ તાલુકાના યાત્રાધામ ચાંદોદ પાસેના નવા માંડવા ગામે ગતરાત્રિના ક્ષત્રિય સમાજે પુરષોત્તમ રૂપાલા સામે નોંધાવ્યો વિરોધ બેનર સાથે વિસ્તારમાં રેલી યોજવામાં આવી પુરષોત્તમ રૂપાલા હાય હાના સૂત્રોચ્ચાર સાથે પૂતળાનું દહન કરાયું નવા માંડવાના રજપુત ફળિયા વિસ્તારમાં ભાજપાના પ્રવેશબંધીના બેનર લાગ્યા છે.

# ડીસા-પાટણ હાઈવે ઉપર ગાડીની ટક્કરે બાઈકચાલકનું મોત

ડીસા, તા.૧૦

ડીસા તાલુકાના જુનાડીસા ગામે રહેતા ૬૫ વર્ષીય ઉસ્માનખાન કુરેશી આજે બપોરના સમયે પોતાનું બાઈક લઈને પાટણથી ડીસા તરફ આવી રહ્યા હતા અને રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલ આઈસર ગાડીના ચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ગાડી ચાલક ત્યાંથી નાસી ગયો હતો. જ્યારે જોરદાર ટક્કર વાગતા બાઈક પરથી રોડ પર પટકાતા વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહીલુહાણ થઈ ગયા હતા. બનાવને પગલે આજુબાજુના લોકોએ દોડી આવી રાહત કામગીરી શરૂ કરી હતી. જયારે ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ પણ તરત જ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની હાલત વધુ નાજુક હોવાથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ત્યાં મુત્યુ થયું હતું ડીસા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# શિનોરના મીઢોળ ગામે સ્વાઈન ફ્લૂના બે દર્દીનાં સારવાર દરમ્યાન મોત

## સ્વાઈન ફ્લૂથી મોત નિપજતાં ગામમાં સોપો પડી ગયો

ડભોઈ, તા.૧૦

શિનોર તાલુકાના મીઢોળ ગામમાં H1N1, સ્વાઈન ફ્લૂના બે દર્દીઓ વડોદરા સરકારી દવાખાને સારવાર હેઠળ હતા, તે બંને દર્દીઓના મૃત્યુ થતાં મીઢોળ ગામમાં સોંપો પડી ગયેલ છે. મીઢોળ ગામના રંજનબેન જશવંતસિંહ રાઠોડ ઉંમર ૫૪ વર્ષ છેલ્લા ઘણા સમયથી શ્વાસની બીમારીથી રિબાતા હતા અને વડોદરા નરહરી હોસ્પિટલમાં સારવાર ચાલુ હતી. જે દરમ્યાન સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેઓને ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ગતરોજ તારીખ ૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું અને તેમની અંતિમ વિધિ આજરોજ મીઢોળ મુકામે કરવામાં આવી હતી. તેવી જ રીતના માત્ર એક વર્ષની બાળા ત્રિશા અતુલભાઈ વસાવા છેલ્લા છ સાત દિવસથી શરદી ખાંસી તાવ હોવાથી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી હતી, ત્યાં સુધારો ના થતાં ગોત્રી હોસ્પિટલ વડોદરા દાખલ કરવામાં આવી હતી અને ત્યાંથી આ બાળાને સયાજી હોસ્પિટલમાં રીફર કરાતાં દાખલ કરવામાં આવી હતી, જયાં તેનો સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને સારવાર દરમિયાન દવાખાનામાં તેનુ મૃત્યુ થતાં તેની અંતિમ વિધિ મીઠોળ મુકામે કરવામાં આવી હતી, આમ શિનોર તાલુકાના મીઢોળ ગામમાં બે દર્દીઓ જે સ્વાઈન ફ્લૂની સારવાર હેઠળ હતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં, મીઠોળ ગામમાં ચિંતાનું વાતાવરણ ઊભું થયેલ છે. સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કુકસ સબ સેન્ટરના તાબામાં આવેલ આ મીઢોળ ગામમાં સ્વાઈન ફ્લૂ પોઝિટિવના ખબર મળતા આરોગ્ય વિભાગ દ્વારા બે વાર સર્વે કરવામાં આવ્યા હતા, પરંતુ સર્વે દરમિયાન અન્ય કોઈ દર્દી મળ્યા આવ્યા નહોતા. અને હાલમાં આ બંને દર્દીના મૃત્યુ થતાં સ્વાઈન ફ્લૂની ગંભીરતા ગામમાં પ્રસરી ગઈ છે અને ગ્રામજનોમાં સોંપો પડી ગયો છે.

# 'કોંગ્રેસ ટિકિટ આપે તો લડવાનો, ના આપે તો અપક્ષમાંથી લડવાનો' : પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ

## શક્તિસિંહ ગોહિલ સાથે મધુ શ્રીવાસ્તવે મુલાકાત કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની પેટાચૂંટણીને લઈને ગુજરાતમાં રાજકીય પક્ષો દોડધામ કરી રહ્યા છે. ત્યારે વડોદરા લોકસભા બેઠક પર છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ જોવા મળી રહ્યો છે. ભાજપ દ્વારા ઉમેદવાર બદલવામાં આવ્યા છે. ત્યારે વડોદરાની વાઘોડિયા બેઠક પર પેટાચૂંટણી થવાની છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મધુ શ્રીવાસ્તવની ટિકિટ કાપીને અશ્વિન પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. જે ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાની જીત થઈ હતી. જોકે હવે ધર્મેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાતા પેટાચૂંટણી જાહેર કરવી પડી છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે મધુ શ્રીવાસ્તવ ફરી ચર્ચામાં આવ્યા છે.

ભાજપે વાઘોડીયા બેઠક પરથી વિધાનસભાના ઉમેદવાર તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નામની જાહેરાત કરી છે. બીજી તરફ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આજે વડોદરામાં આયોજિત કોંગ્રેસ કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. જયાં શક્તિસિંહ ગોહિલ સાથે પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ અનેક તર્કવિતર્ક સર્જાયા હતા. ત્યારે હવે સવાલ એ છે કે, મધુ શ્રીવાસ્તવ ચૂંટણી લડશે કે નહીં ? અને જો વાઘોડીયા બેઠક પરથી તેઓ ચૂંટણી લડશે તો કયા પક્ષમાંથી લડશે ? જે સવાલોના જવાબ ખુદ મધુ શ્રીવાસ્તવે મીડિયા સમક્ષ આપ્યા છે. શક્તિસિંહ ગોહિલ સાથે બેઠક અંગે મધુ શ્રીવાસ્તવે કહ્યું હતું કે, 'આ કોઈ રાજકીય ચર્ચા નહોતી, ભાજપે તો છેડો ફાડી દીધો છે, એ વાતને એક વર્ષ થઇ ગયું. આજે ચર્ચા હતી કે કોંગ્રેસ ટિકિટ આપે તો લડવાનો છે, ના આપે તો પણ લડવાનો(અપક્ષ) છું. મેં ક્યારની માગણી કરેલી છે. ખુલ્લુ મેદાન તો છોડું નહીં. હું લડવાનો... લડવાનો અને લડવાનો... એ નક્કી છે. એમાં કોઈ નવાઈ નથી. મધુ શ્રીવાસ્તવે કોંગ્રેસનો ખેસ પહેરવા અંગે શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે, 'અગાઉ પણ અમિત ચાવડાની હાજરીમાં તેમણે અમારો ખેસ પહેર્યો હતો અને અમારા સ્ટેજ પર પણ આવ્યા હતા. દરેકને વાત કરવાનો અધિકાર છે. ભાજપની જેમ કોંગ્રેસમાં અહંકાર નથી. રૂપાલા અંગે શક્તિસિંહે કહ્યું હતું કે, 'રાજકોટમાં ભાજપના ઉમેદવારના નિવેદનથી મોટો વિવાદ થયો છે. જાહેર જીવનમાં હોવાથી અમારે બોલતાં પહેલાં સો વખત વિચાર કરવો પડે છે. અહંકાર તો સોનાની નગરી હતી, એનો પણ નથી ટક્યો. અંગ્રેજો સાથે કોઈએ પણ રોટી-બેટીનો વ્યવહાર નહોતો કર્યો.'

# જૂનાગઢમાં ભેળસેળવાળું આયુર્વેદિક સીરપ વેચવાના બનાવમાં બે શખ્સોની ધરપકડ

## સીરપમાં આલ્કોહોલ તેમજ કેમિકલ ભેળવી વેચવાનું કૌભાંડ પકડાયું હતું

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ શહેરમાં આયુર્વેદિક સીરપની બોટલોમાં આલ્કોહોલ તેમજ કેમિકલ ભેળવી અને આ ભેળસેળવાળું સીરપ પીવાથી માણસનું મૃત્યુ થવાની પૂરેપૂરી સંભાવના હોવાનું જાણવા છતાં આયુર્વેદિક સીરપમાં આલ્કોહોલ સહિતનું દ્રવ્ય મેળવી અને ભેળસેળ કરી ભેળસેળ યુક્ત સીરપને વેચાણ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરૂં કરવા અંગે ત્રણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તપાસ દરમ્યાન બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનસાર જૂનાગઢમાં ૧૦ મહિલા અગાઉ પોલીસે ૫ લાખનું ૫૮૧ બોટલ આયુર્વેદિક સીરપ કબજે કર્યું હતું. સીરપમાં ઈથાઈલ, આઈશો પ્રોપાઈલ આલ્કોહોલ ભેળસેળનો રિપોર્ટ આવતા અંતે વિશ્વાસઘાતનો ગુનો નોંધી બે શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢના જોષીપરાના આંબાવાડી વિસ્તારમાં આશિયાના સોસાયટી પાસે આવેલ ઓમ શિવ પાન એન્ડ કોલ્ડ્રીક્સ નામની દુકાન ધરાવતો મુકેશ ઘનશ્યામભાઈ બજાજની દુકાનમાં ૯ જૂન ૨૦૨૩ના રોજ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી દુકાન તેમજ આ દુકાનદારના રહેણાંક મકાનની પણ ઝડતી લેતા કુલ રૂપિયા ૫,૦૯,૨૩૪નો જુદી જુદી કંપનીના આયુર્વેદિક સીરપની ૩૪૧૬ બોટલ કબજે લઈ મુકેશ બજાજની પૂછપરછ હાથ ધરતા આયુર્વેદિક સીરપનો જથ્થો જૂનાગઢના રહેઠાણ ફળિયામાં રહેતા આદિલ દાઉદભાઈ મુલ્લા પાસેથી ખરીદ્યો હોવાનું અને આદિલે ભાવનગરના લખધીરસિંહ જાડેજા પાસેથી આયુર્વેદિક સીરપ મંગાવી મુકેશ ઘનશ્યામને વેચાણ માટે આપ્યું હોવાનું ખૂલ્યું હતું. આયુર્વેદિક સીરપના સેમ્પલ પૃથક્કરણ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા. એફએલએલના અભિપ્રાય મજબ આયુર્વેદિક સીરપમાં ઈથાઈલ આલ્કોહોલ અને આઈસો પ્રોપાઈલ આલ્કોહોલની હાજરી હોવાનું જણાવ્યું હતું. આ આયુર્વેદિક સીરપ ૧૦૦ ટકા હર્બલ ન હોવા છતાં લોકો સાથે વિશ્વાસઘાત કરી અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાના ઈરાદે કે જે અખાદ્ય હોય જેનો ઉપયોગ કેમિકલ પ્રોડક્ટ તરીકે અને હેન્ડ સેનેટાઈઝરમાં થતો હોય તે વધુ પડતું પીવાથી માણસનું મૃત્યુ થવાની સંભાવના હોવાનું જાણવા છતાં આયુર્વેદિક બોટલમાં ઉમેરી ગુનો આચરવામાં આવ્યો હોય જેથી સોમવારની રાત્રે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલના માર્દર્શનમાં પીએસઆઈ ડી.કે. ઝાલાએ ત્રણેય શખસો વિરૂદ્ધ જુદી જુદી કલમ હેઠળ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી મુકેશ બજાજ અને આદિલ મુલ્લાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# તલોદ અને પ્રાંતિજ ખાતે "ચુનાવ પાઠશાળા" મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(તસવીર: એફ.કે.મનસુરી હિંમતનગર)

હિંમતનગર, તા.૧૦

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તથા સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના આયોજન મુજબ તલોદ અને પ્રાંતિજ તાલુકામાં "ચુનાવ પાઠશાળા" મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

૩૩ પ્રાંતિજ વિધાનસભા મતવિભાગમા સમાવિષ્ઠ પ્રાંતિજ તાલુકામાં ગત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં જે મતદાન મથકોમાં પુરૂષોના મતદાન કરતા મહિલાઓનું મતદાન ૧૦ % થી ઓછું છે તેવા તમામ મતદાન મથકો ખાતે બીએલઓ સુપરવાઈઝરી અને બીએલઓ દ્વારા "ચુનાવ પાઠશાળા"નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ મીટીંગમા ગત વિધાનસભાની ચૂંટણીમાં થયેલ મતદાનની ટકાવરીની ચર્ચા સાથે મહિલાઓના ઓછા મતદાન અંગેનાં કારણોની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ગામના વડીલો, મહિલાઓ અને યુવા મતદારોને ચૂંટણીમાં ઉત્સાહભેર મતદાન કરવા માટે તેમજ પોતાના પરિવાર સાથે ૧૦૦ % મતદાન કરી લોકશાહીના આ પર્વને ઉજવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. સૌ મતદારોએ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા માટે શપથ લીધા હતા.

### વડોદરાના તાંદલજા સ્થિત

# મુઆવિન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ઈદ કિટનું વિતરણ કરાયું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના તાંદલજા સ્થિત મુઆવિન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વડોદરા સહિત આજુબાજુના વિવિધ ગામોના ૬૦૦ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પવિત્ર રમઝાન માસના અંતે ઈદ-ઉલ-ફિત્ર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના પ્રમુખ સાદિક પટેલે જણાવ્યું હતું કે પવિત્ર રમઝાન માસમાં રોઝા તેમજ ઈદબાત કર્યા બાદ ગરીબ પરિવારો ઈદ પણ સારી રીતે ઉજવી શકે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આજે ઈદ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા તિલકવાડા તાલુકાના વનમાલા ગામના ૩૦, કરજણ તાલુકાના ચોરંદા ગામના ૨૪, મીયા ગામના ૧૦, બોડેલીના ૫૦, પાદરા તાલુકાના વિવિધ ગામોના ૫૭ તેમજ વડોદરા શહેરના અકોટાના ૫૦ તાંદલજાના ૭૮, હાથીખાનાના ૩૦, સોમતલાવના ૩૫, તરસાલીના ૩૫, બાજવાના ૩૫, ભાંડવાડાના ૩૧, ગોરવાના ૨૦, નવા યાર્ડના ૧૫ તેમજ શહેરના અન્ય વિસ્તારના ૧૦૦ મળી કુલ ૬૦૦ ગરીબ પરિવારોને ઈદ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કિટમાં તેલ ૨ લીટર, મેંદો બે કિલો, ચોખા ૧ કિલો, ખાંડ ૨ કિલો, કોપરૂ ૫૦૦ ગ્રામ, સૂકો મેવો ૨૫૦ ગ્રામ, સેવ ૨૦૦ ગ્રામ તેમજ દૂધ લાવવા માટે રોકડા રૂા.૨૦૦ મૂડી કિટ તૈયાર કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા રોજગારલક્ષીઘ શિક્ષણલક્ષી, સહાય આપવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા તાંદલજા વિસ્તારના પત્રકાર ચાર રસ્તા પાસે મુઆવિન જનરલ હોસ્પિટલ ચલાવવામાં આવે છે. જેમાં નિષ્ણાત તબીબો દ્વારા નાત-જાત અને ધર્મના ભેદભાવ વિના રાહત દરે તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

### તા.૯ એપ્રિલે પ્રથમ પત્ર અને તા.૧૦ના પત્રમાં વિરોધાભાસ, સહી-લેટરપેડ અલગ-અલગ

# રૂપાલા વિવાદ પ્રકરણ કદાચ થઈ જશે શાંત, જામસાહેબે રૂપાલાને માફ કરવા લખ્યો પત્ર

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૦

રાજકોટ બેઠક પર રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે ગુજરાતભરના ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે જામનગરના જામસાહેબની પ્રતિક્રિયા સામે આવી હતી. જેમાં તેમણે રાજપૂતોને લોકશાહીમાં લોકશાહી રીતે ચૂંટણીમાં જવાબ



પ્રમાણે માફી માંગે તો **'ક્ષમા વિરસ્ય ભુષણમ્'**ના આપણા ધર્મને યાદ કરી માફી આપવી જોઈએ. આ ચૂંટણી નરેન્દ્ર મોદીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવાની ચૂંટણી છે. તેમની કામગીરી વગેરેને ધ્યાને લઈ આપણે આગળ વધવું જોઈએ. આ બારામાં હજુ સુધી કંઈ વધુ પડતું નથી બન્યું એ મારા હિસાબે સારી વાત છે, કારણ કે, કોઈ આપણું ખરાબ બોલી

એક જમાનામાં રાજપૂતો રાજ કરતા હતા, એનું કારણ માત્ર હિંમત નહોતી પણ સાથે-સાથે એકતાનું પણ હતું. એ જમાનામાં રાજપૂતો એકબીજા માટે મરી જવા તૈયાર હતા. જ્યારે આજના જમાનામાં ઘણીવાર જોવામાં આવે છે કે, રાજપૂતો નહીં જેવી બાબતોમાં એકબીજાને મારવા તૈયાર થઈ બેસે છે. તો એ સમય આવી ગયો છે કે, આજના લોકશાહીના

## જામનગરના જામસાહેબના બંને પત્રોને લઈ શંકા : રૂપાલા જ ચૂંટણી લડે તેવી અટકળો

આપવા અપીલ કરી હતી. જો કે, આજે ફરીથી તેમણે પત્ર લખીને રૂપાલાને માફ કરવાની અને નરેન્દ્ર મોદીને ત્રીજીવાર વડાપ્રધાન બનાવવાની વાત કરી છે. આ પત્ર વાયરલ થતાં રાજકીય માહોલ ફરી ગરમાયો છે અને તેના પરથી જણાય છે કે, કદાચ હવે આ આંદોલન શાંત પડે અને રૂપાલા જ ભાજપના ઉમેદવાર રહેશે.

જામનગરના જામસાહેબે પત્ર જારી કરી જણાવ્યું છે કે, ગઈકાલે મારા પત્રો સાર્વજનિક થયા પછી સમાજના ઘણા આગેવાનો ઘણા ધર્મગુરૂઓ અને અન્ય આગેવાનો સાથે વાત થઈ. મારા ધ્યાન પર આવ્યું કે રૂપાલાએ પહેલા બે વાર માફી માંગી લીધી છે, પરંતુ આટલું પૂરતું નથી. નિવેદનની જગ્યાએ સમાજના પ્રમુખ આગેવાનો અને ધર્મગુરૂઓની સામે માફી માંગવી જોઈએ. ફરી એકવાર રૂપાલા આ

અપમાન કરે તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય, પરંતુ અયોગ્ય વાત બોલવાનો જે ગુનો કરે તેને સજા થવી જોઈએ. જે બહેનોએ આ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ છે, પરંતુ જે કાર્યનો સંકલ્પ કર્યો હતો એની હું ટીકા કરૂં છું, કારણ કે, 'જૌહર'નો પ્રશ્ન આ કિસ્સામાં બિલકુલ ઉપસ્થિત થતો જ નથી. હાલમાં ભારતમાં લોકશાહી લાગુ છે.

સમયમાં ગેરવાજબી રીતે નહીં પણ લોકશાહીની રીતે એકતા બતાવી વિરોધ કરવામાં આવે. રાજપૂતોએ માત્ર હિંમત જ નહીં પણ એકતા રાખી બતાવી દેવાનું છે કે, રાજપૂતો હજી ભારતમાં જ છે, તેથી સહુ રાજપૂતો ભેગા મળી જે કોઈ આવું કૃત્ય કરે છે, જે આપણને ન પોસાય ત્યારે તેને ભેગા મળી ચૂંટણીમાં હરાવો. આને જ કહેવાય લોકશક્તિએ ભેગા મળીને આપેલી લોકશાહીને અનુરૂપ સજા.

### ગોઝારો બુધવાર : બે જુદા-જુદા માર્ગ અકસ્માતમાં ૭ લોકોનાં મોત : ચાર શખ્સોને ગંભીર ઈજા

## ધોરાજી નજીક કાર પુલની રેલિંગ તોડી નદીમાં ખાબકતાં ૪નાં મોત

રાજકોટ, તા.૧૦

રાજકોટમાં કાર પુલ પરથી નદીમાં ખાબકતા ચારનાં મોત થયા હતા જયારે તાપીમાં સર્જાયેલ અકસ્માતમાં ૩નાં મોત થયાની ઘટના સામે આવી છે. આ અકસ્માત એક વૃદ્ધાને બચાવવા જતા થયો હોવાનું સામે આવ્યું છે. જ્યાં કાર ઝાડ હીરાવાડી ગામ પાસે એક વૃદ્ધા પગપાળા જઈ રહ્યા હતા. જેમને બચાવવા જતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત થયું હતું. તો અકસ્માતમાં અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને અને તેમાં સવાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, તમામના મૃતદેહ બહાર આવ્યા હતા. અકસ્માતમાં બે મહિલા, એક યુવતી અને એક પુરૂષ સહિત ચાર વ્યક્તિનાં મોત નીપજ્યાં હોવાનું સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા ધોરાજી સરકારી હોસ્પિટલમાં મૃતકનાં પરિવારજનો તથા સ્થાનિક ભાજપના અગ્રણીઓ તથા ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો હોસ્પિટલે દોડી ગયા હતા. તેમજ ધોરાજી સરકારી હોસ્પિટલમાં લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. આ ગોઝારા અકસ્માતને લઈ શોકનો માહોલ

## તાપી નજીક વૃદ્ધાને બચાવવા જતાં કાર ઝાડ સાથે અથડાતાં ૩નાં મોત

સાથે અથડાતા વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત થયુ હતું. જ્યારે અન્ય ચાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા છે. જ્યારે રાજકોટના ધોરાજી ખાતે ભાદર નદીના પુલ પાસે કારનું ટાયર ફાટતા કાર પુલની રેલિંગ તોડી ૬૦ ફૂટ નીચે નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિઓનાં કમકમાટી ભર્યા મોત નીપજ્યાં હતા.

તાપી જિલ્લામાં સર્જાયેલ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા હતા. સોનગઢના સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે સોનગઢ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવની વિગત અનુસાર રાજકોટ જિલ્લાના ધોરાજી પાસે આવેલા ભાદર નદીના પુલ પરથી I-20 કાર પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક કારનું ટાયર ફાટતા આ કાર ભાદર નદીમાં ખાબકી હતી. ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં એકઠાં થઈ ગયાં હતાં. આ અંગેની જાણ કરવામાં આવતા પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગની મદદથી કાર અનુસાર મૃતકનાં નામ ૫૫ વર્ષીય સંગીતાબેન કોયાણી, ૫૨ વર્ષીય લીલાવંતીબેન ઠુમ્મર, ૫૫ વર્ષીય દિનેશભાઈ ઠુમ્મર અને ૨૨ વર્ષીય હાર્દિકાબેન ઠુમ્મર હોવાનું સામે આવ્યું છે. આ કાર માંડાસણથી ધોરાજી તરફ જઈ રહી હતી. ત્યારે જ કોઈ કારણોસર કાર ભાદર ડેમમાં પડી જતા અકસ્માત સર્જાયો હતો. મૃતકો ધોરાજીના જેતપુર રોડ નજીકના રહેવાસી હોવાનું તેમજ પ્રાથમિક તબક્કે કારનું ટાયર ફાટ્યું હોવાને કારણે અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતને લઈને છવાયો છે. હાલ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

કોંગ્રેસના નેતા લલિત વસોયાએ જણાવ્યું હતું કે, આજે ધોરાજી નજીક દુઃખદ ઘટના સામે આવી છે. ધોરાજી પાણી પૂરવઠા વિભાગના કર્મચારી દિનેશભાઈ ઠુમ્મર તેમના પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમમાંથી આવતા હતા. કોઈ કારણોસર કાર પુલની દીવાલ તોડી પાણીમાં ખાબકી હતી. જેમાં તેમના પરિવારના ત્રણ અને એક સંબંધી સહિત ૪ વ્યક્તિનાં મોત થયા છે.

### પેપર ચકાસણીની કામગીરી આજે પૂર્ણ થશે

## ધોરણ ૧૦-૧૨નું પરિણામ લોકસભાની ચૂંટણીને કારણે એપ્રિલના અંત સુધીમાં જાહેર કરાશે

અમદાવાદ, તા.૧૦

રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે એક આનંદના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા થઈ ગઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી આજે પૂર્ણ થશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્ત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલાં જાહેર કરવામાં આવશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ વહેલું જાહેર કરવામાં આવશે. શિક્ષકોને પરિણામની કામગીરીમાંથી મુક્ત થયા બાદ ચૂંટણીની કામગીરી સોંપવામાં આવશે. પરિણામ જાહેર થતાં ૧૫ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે.

૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા અને શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. ત્યારે આજના દિવસમાં સમગ્ર રાજયભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂર્ણ થશે. ત્યાર બાદ બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે.

મહત્ત્વનું છે કે અત્યારસુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહિનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યાં હતાં, પરંતુ આ વર્ષે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો વહેલાં જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થશે. પરિણામ વહેલાં જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે. આ અંગે બોર્ડના અધિકારીના જણાવ્યા અનુસાર આ વર્ષે ચૂંટણી હોવાથી પરિણામ વહેલાં જાહેર કરવામાં આવશે. આજે પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં બોર્ડની કચેરી દ્વારા આગળની પ્રક્રિયા કરવામાં આવશે. ઝડપથી પરિણામ તૈયાર કરી એપ્રિલ અંત સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે.

### રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે : રાજપૂત સમાજ

# રાજકોટમાં ક્ષત્રિય સમાજનું રવિવારે યોજાશે મહાસંમેલન : લાખો લોકો આવશે તેવો દાવો

## જામ સાહેબના પત્ર બાબતે તેમની મુલાકાત લેવાશે અને સમિતિમાં ચર્ચા પણ થશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૦

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં રોષ છે. ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ અને કાર્યક્રમોને લઈ રાજપૂત સમાજની સંકલન સમિતિ બનાવવામાં આવી છે. રાજપૂત સંકલન સમિતિના સભ્યો દ્વારા આજે પત્રકાર પરિષદ કરવામાં આવી હતી. જેમાં સંકલન સમિતિના આગેવાન રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ૧૪ એપ્રિલના રોજ સાંજે ૫થી ૭ વાગ્યા સુધી ગુજરાત ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં ક્ષત્રિયો હાજર રહેશે. જામ સાહેબને પણ મળી આમંત્રણ આપીશું. રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ-મોરબી રોડ પર આવેલા રતનપર ગામ નજીક રામમંદિર સામે આવેલી જગ્યામાં મહાસંમેલન યોજાશે. રૂપાલાની ઉમેદવારી રદ થાય એવી માગ છે, સમાજમાં શુદ્ધિકરણ જરૂરી છે. દેશના વિકાસ માટે આ જરૂરી છે. આજે પાટણ, મુંદ્રા અને ધાંગધ્રામાં મોટું સંમેલન છે. આ પહેલાં ધંધૂકામાં સંમેલન થયું, જિલ્લે જિલ્લે સંમેલનો થયાં. પણ આ મુદ્દાને જાહેર જીવનમાં નૈતિકતાનું ધોવાણ થયું છે તેને અટકાવવાનો પ્રયાસ થાય તેવો દાખલો બેસાડવા માગીએ છીએ. જામનગર સ્ટેટના જામ સાહેબના પત્રને લઈને જાડેજાએ જણાવ્યું હતું કે, જામ સાહેબના નિવેદનને લઈ અમે સંકલન સમિતિમાં ચર્ચા કરીશું. અમે તેમને મળવાનો પ્રયત્ન કરીશું. કોઈપણ આંદોલન સામાજિક છે. આ કોઈ રાજકીય નથી, સંકલન સમિતિનો હેતુ સ્પષ્ટ છે. જામ સાહેબને યોગ્ય સમયે મળીશું એવું કહ્યું હતું. રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે. ગુજરાતનો રાજપૂત સમાજ નક્કી કરશે. ટિકિટ રદ થવાની માગ સમાજની છે, રાજકીય અને વ્યક્તિગત હેતુ માટે કોઈ નથી. આખા સમાજની લાગણી ઘવાઈ છે.

### રેલવેની વધુ એક બેદરકારી

## રાજધાની ટ્રેનના યાત્રીના જમવામાંથી માખી નીકળતા મચાવ્યો હોબાળો

અમદાવાદ, તા.૧૦

દિલ્હીથી અમદાવાદ આવતી રાજધાની ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરના ખોરાકમાં માખી હતી.

આ મામલો પ્રકાશમાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. હકીકતમાં, અમદાવાદનો એક મુસાફર દિલ્હીથી ટ્રેનમાં આવી રહ્યો હતો. જ્યારે મુસાફરે ભોજનમાં માખી હોવાની ફરિયાદ રેલવે પ્રશાસનને કરી તો તેની ફરિયાદને અવગણવામાં આવી. આ પછી મુસાફરે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો.

મળતી માહિતી મુજબ, અમદાવાદના રહેવાસી પ્રદીપ કુમાર ઝા રાજધાની એક્સપ્રેસના B-10 કોચની સીટ નંબર ૪૮ પર મુસાફરી કરી રહ્યો હતો. પ્રદીપ કુમાર ૯ એપ્રિલે દિલ્હીથી અમદાવાદ ટ્રેનમાં ચડ્યો હતો. રાત્રે ૯ વાગ્યે ટ્રેનમાં ભોજન પીરસવામાં આવ્યું હતું. તેને ભોજન માટે દાળ, ભાત, શાકભાજી અને રોટલી આપવામાં આવી હતી. આ દરમિયાન ચોખામાં માખી જોઈને તે પરેશાન થઈ ગયો.

ત્યારપછી આ મામલાની ફરિયાદ ટ્રેનમાં હાજર ઓપરેટરને કરવામાં આવી હતી. ત્યાંથી જવાબ મળ્યો કે તમે ફરિયાદ ચોપડે લખો. ગુસ્સે ભરાયેલા મુસાફરે તેના ખોરાકમાં માખી મળી હોવાનો વીડિયો બનાવ્યો અને વીડિયો IRCTCના સોશિયલ મીડિયા પર મોકલીને ફરિયાદ કરી.

આ ઘટના બાદ કોચમાં હાજર અન્ય ઘણા લોકોએ પણ ભોજન લીધું ન હતું. આ બાબતે લોકોનું કહેવું છે કે IRCTC દ્વારા ખાદ્યપદાર્થોના મોટા બિલ વસૂલ્યા બાદ પણ આવી બેદરકારી દાખવવામાં આવી રહી છે.

## સુરતથી અમદાવાદ રિક્ષામાં થતી ગાંજાની હેરાફેરીનો થયો પર્દાફાશ

### ૩૦ કિલોથી વધુ ગાંજા સાથે ત્રણની ધરપકડ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં રિક્ષામાં ગાંજાની હેરાફેરી કરતા ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી છે. શહેરના નારોલ તરફથી આવતી રીક્ષામાં ગાંજો હોવાની માહિતીના આધારે વેજલપુર પોલીસની ટીમ રીક્ષામાં ગાંજો લઈ આવનાર ત્રણ લોકોની ધરપકડ કરી ૩ લાખથી વધુની કિંમતનો ૩૦ કિલો થી વધુનો ગાંજો પકડી પાડ્યો છે.

પોલીસે ઓટોરિક્ષા સાથે મન્સૂરી ફૈઝલ ગુલાબભાઈ, ઈરફાન શેખ અને સૈયદ જુનેદ યુસુફભાઈ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. આરોપીઓની પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે અગાઉ થોડા દિવસ પહેલા ત્રણેય આરોપીઓ સુરત થી અમદાવાદ ગાંજાનો જથ્થો લઈ આવ્યા હતા. જ્યારે ગઈકાલે બીજી વખત ગાંજો લઈને આવતા હતા ત્યારે પોલીસે પકડી પાડયા હતા.

અમદાવાદના એક વ્યક્તિએ તેની ઓટોરીક્ષા આરોપીઓને આપી હતી જેના દ્વારા આ ત્રણેય આરોપીઓને સુરત ખાતે ગાંજો લેવા મોકલ્યા હતા. જોકે રસ્તામાં કોઈને શંકા જાય નહીં તે માટે એક આરોપી રીક્ષા ચલાવતો હતો જ્યારે અન્ય બે આરોપીઓ પાછળ પેસેન્જરના ગ્રુપમાં બેસતા હતા.

હાલ તો વેજલપુર પોલીસે ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, ત્યારે આરોપીઓ અગાઉ પણ એક વખત આ જ પ્રમાણે સુરતથી ગાંજો લઈ આવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસ હવે વધુ તપાસ કરી રહી છે કે ખરેખર આરોપીઓ દ્વારા અન્ય કોઈ જગ્યાએથી ગાંજો લઈ આવવામાં આવ્યો છે કે કેમ, અને અમદાવાદથી ગાંજો મંગાવનાર તેમજ સુરતથી ગાંજો આપનાર સહિતના મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

### જો જો ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા નહીં

# સુરતમાં ઠગ ભૂવાએ પરિણીતા પર બે વર્ષ સુધી દુષ્કર્મ આચરી ૧૪ લાખ પડાવી લીધા

## ભૂવાએ પોતાની પત્નીની મદદથી આચર્યું સમગ્ર કૌભાંડ

અમદાવાદ, તા.૧૦

૨૧મી સદીમાં પણ ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા લોકો જોવા મળી રહ્યાં છે. લાલચમાં ફસાઈને પોતાનું સર્વસ્વ ગુમાવી બેસતાં અનેક દાખલાં જોવા મળે છે. ત્યારે તાંત્રિક વિદ્યાના રવાડે ચઢેલી સુરતના સરથાણાની પરિણીતાએ રૂપિયાની સાથે આબરૂ પણ ગુમાવી છે. મહા ઠગ ભૂવાએ પોતાની પત્ની સાથે મળી પરિણીતાના રૂપિયા ૧૪ લાખ લૂંટી લીધા છે. એટલું જ નહીં છેલ્લા બે વર્ષ દરમિયાન અવારનવાર પરિણીતા સાથે દુષ્કર્મ પણ આચર્યુ છે. ભૂવાએ રૂપિયા અને આબરૂ બંને લૂંટી હોવાનું ભાન થતાં આખરે પરિણીતાએ ભૂવા વિરૂદ્ધ પોલીસને ફરિયાદ કરી છે. ઘટનાની વિગતો જોઈએ તો સરથાણામાં રહેતી પરિણીતાના પરિવારની આર્થિક સ્થિતિ દારૂણ હતી. તેથી તે પ્રમુખ પાર્ક સોસાયટીમાં મકાન નંબર ૨૮૩માં રહેતા અને તાંત્રિક વિદ્યા જાણતા કનુ ઉર્ફે કલ્પેશ કોરાટ પાસે ઉપાય માટે ગઈ હતી. અહીં કલ્પેશ બાપુ તરીકે તાંત્રિક વિધિ કરતો જ્યારે તેની પત્ની હેતલ બા મંદિરમાં માતાજી તરીકે બિરાજતા હતા. પરિણીતાએ પરિવારની સ્થિતિ વિશે જણાવતા ઠગ ભૂવાએ દર મંગળવારે દર્શન કરવા આવવા કહ્યું હતું. તેથી પરિણીતા દર મંગળવારે દર્શન માટે જતી હતી.

એકવાર ઠગ ભૂવાએ પરિણીતાને કહ્યું કે, 'તમારા વતનમાં આવેલા જૂના મકાનમાં માયા છે. જે કાઢવા વિધિ કરવી પડશે. લાંબા ટૂંકા પૈસાની જરૂર પડશે'. તેમ કહીને મંદિરના માતાજી હેતલ બા તથા ભૂવાએ પરણીતાને ફસાવી હતી. પરિવારની સ્થિતિ નબળી હોવા છતાં પરિણીતા રૂપિયા આપવા તૈયાર થઈ હતી. બે વર્ષમાં ભૂવા અને તેની પત્નીએ ટુકડે-ટુકડે રૂપિયા ૧૪ લાખ જેટલી રકમ પરિણીતા પાસે પડાવી હતી. ઠગ ભૂવો વિધિ કરવાના બહાને પરિણીતાને પોતાના ઘરે મંદિરના મઢમાં બોલાવતો હતો. પરિણીતા અંદર આવે ત્યાર બાદ મઢનો દરવાજો અંદરથી બંધ કરી દેતો હતો. પરિણીતાને ધ્યાનમાં બેસાડતો. લીંબુ-મરચાં તેના ઉપરથી ઉતારતો, ત્યારે આંખો બંધ રાખવા કહેતો હતો. ત્યાર બાદ ભૂવો હું કહું તેમ કરવાનું છે. નહીં, તો માયાની પ્રાપ્તિ નહીં થાય. તેવું કહી પરિણીતાના કપડા ઉતારતો હતો. પરિણીતા ના પાડે તો આંખો કેમ ખોલી તેમ કહી જમીન પર સૂવડાવી દઈ પરિણીતાને માર મારતો હતો. ત્યાર બાદ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતો હતો.

ઠગ ભૂવાએ તાંત્રિક વિધિ કર્યા બાદ પરિણીતાને એક તાંબાના કળશ ઉપર કપડું બાંધી આપ્યું હતું. આ કળશ ઘરમાં રાખવા સૂચના આપી હતી. થોડા સમય બાદ તેમાંથી હીરા મોતી નીકળશે એવું કહ્યું હતું. ખરેખર તો ઠગ ભૂવાએ કળશની અંદર પથ્થર ભરીને પરિણીતાને આપી દીધા હતા. બાદમાં પરિણીતાએ ઘરે કપડું ખોલતા તેની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ મામલે સરથાણા પોલીસે ગુનો નોંધી ભૂવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આબરૂ અને ધન બંને લૂંટાઈ જતાં ભાન થતાં પરિણીતાએ કરી પોલીસ ફરિયાદ

## અમદાવાદ જેવા ભાજપના ગઢમાં પણ લાગ્યા વિરોધી બેનર




રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન અને બેનરો લગાવવામાં આવી રહ્યા છે. ત્યારે અમદાવાદના વટવા ગામમાં પણ બેનરો લગાવવામાં આવ્યા છે. રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી ભાજપના કોઈપણ કાર્યકર કે નેતાઓ વટવા ગામમાં પ્રવેશ કરવો નહીં તેવા બેનર લગાવવામાં આવ્યાં છે. રાજ્યના વિવિધ ગામડાઓમાં પણ ભાજપના કોઈ કાર્યકર-નેતાને ટિકિટ રદ ન થાય ત્યાં સુધી પ્રવેશ ન આપવાના બેનરો લગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ત્યારે અમદાવાદ ભાજપના ગઢ જેવા વિસ્તારમાં આ પ્રકારના બેનર લાગતા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

### કપડવંજમાં ભાજપને લાગ્યો વધુ એક ઝટકો !

## ચૂંટણી ટાણે જ ભાજપના ૧૦૦ જેટલા કાર્યકરો પક્ષ છોડી કોંગ્રેસમાં જોડાયા

### પંચાયત સદસ્ય, કિશાન મોરચાના અધ્યક્ષ તેમજ ખેડૂત આગેવાનો સહિત ૧૦૦ જેટલા લોકો કોંગ્રેસમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૦

લોકસભા ચૂંટણી પહેલા પક્ષ પલટાનો પવન જોર શોરથી ફૂંકાઈ રહ્યો છે. જેમાં કેટલાક રાજકીય અગ્રણીઓ ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે તો કેટલાક જિલ્લાઓમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ભળી રહ્યાં છે. આ રાજકીય ચહલ પહલ વચ્ચે કપડવંડના ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે. તૂટતી કોંગ્રેસ વચ્ચે કપડવંડમાં ભાજપના કાર્યકરોએ કોંગ્રેસનો પંજો પકડ્યો છે.

ચૂંટણી નજીક આવતા કાર્યકરોનું એક પક્ષ છોડી બીજા પક્ષમાં જવું જાણે સામાન્ય વાત બની ગઈ છે. અમદાવાદમાં ભાજપના કાર્યકરોએ પક્ષપલટો કર્યો છે.કપડવંજમાં ભાજપને વધુ એક ઝટકો લાગ્યો છે. છીપડી ગામના ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે. પંચાયત સદસ્ય, કિશાન મોરચાના અધ્યક્ષ તેમજ ખેડૂત આગેવાનો સહિત ૧૦૦ જેટલા લોકો કોંગ્રેસમાં જોડાયા છે. તેમનું કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સ્વાગત કરી ખેસ પહેરાવ્યો હતો.ક્ષત્રિય સમાજનું અપમાન થતાં ભાજપ છોડ્યાનો ખુલાસો જગદીશસિંહ ઝાલાએ કર્યો હતો. આ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે મીડિયા સેન્ટર અને વોરરૂમને ખુલ્લો મૂક્યો હતો.

મુકુલ વાસનિકે લોકસભાની ૪ બેઠકો પર ઉમેદવારોની જાહેરાતને લઈને નિવેદન આપ્યું હતું. લોકસભાના બાકી ચાર ઉમેદવારોના નામ કોંગ્રેસ ટૂંક સમયમાં જાહેર થશે. તેમજ રૂપાલા વિશે મુકુલ વાસનિકે જણાવ્યું કે બેજવાબદારીભર્યા નિવેદન કરવા ભાજપ નેતાઓના સ્વભાવમાં છે.

### બેઠકમાં કોંગ્રેસના નેતા પણ જોડાતા રાજકીય માહોલ ગરમ

# BAPના છોટુ વસાવા અને શંકરસિંહ વાઘેલાની મુલાકાત બેઠકથી ચર્ચા શરૂ

## ભરૂચની બેઠક સહિતના મુદ્દે થઈ ચર્ચા : બેઠકને લઈ તર્ક-વિતર્ક

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૦

લોકસભાની ચૂંટણી નજીક આવતા રાજ્યમાં ફરી જૂના નેતાઓ એક્ટિવ મોડમાં આવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને છોટુ વસાવા વચ્ચે મુલાકાત થતાં અનેક રાજકીય તર્ક વિતર્ક શરૂ થયા છે. જેમની આ મુલાકાત બેઠકમાં ભારત આદિવાસી પાર્ટીના ભરૂચ લોકસભા બેઠકના ઉમેદવાર દિલીપ વસાવા ઉપસ્થિત રહ્યાં હતાં.

કોંગ્રેસ નેતા સંદીપ માંગરોલા પણ શંકરસિંહ સાથેની મુલાકાતમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, BAP પાર્ટીના આગેવાનો બેઠકમાં જોડાતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ બેઠક ગાંધીનગર સ્થિત શંકરસિંહના નિવાસસ્થાને મળી હતી. શંકરસિંહ અને BAPની બેઠકને લઈ ભરૂચ બેઠકને લઈ ચર્ચા થઈ હોવાનું અનુમાન છેઆ વખતે ભરૂચ લોકસભા બેઠક પર ત્રિ-પાંખીયો જંગ જામશે. કારણ કે, ભાજપે મનસુખ વસાવાને ટિકિટ આપી છે જ્યારે ઈન્ડિયા ગઠબંધને ચૈતર વસાવાને મેદાને ઉતાર્યા છે. તો વળી મ્છ તરફથી દિલીપ વસાવાને મેદાને ઉતાર્યા છે. ભરૂચ લોકસભા બેઠક ૧૯૮૯માં એહમદ પટેલના ચંદુભાઈ દેશમુખ સામે પરાજય બાદથી ભાજપના હાથમાં રહી છે. ભરૂચ લોકસભા બેઠક પર છેલ્લા ૬ ટર્મથી ભાજપે મનસુખ વસાવા પર વિશ્વાસ મૂકી ચુંટણી જંગમાં ઉતાર્યા હતા. જો કે આ વખતે સ્થિતિ અલગ છે. વર્ષ ૨૦૨૪ની ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી ઘણી રસપ્રદ રહેશે તેવું મતદારોથી લઈ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ૨૬ બેઠક પર કોંગ્રેસ-આપના ગઠબંધનમાં ભાવનગર બાદ ભરૂચ બેઠક આપના ફાળે ગઈ છે. આમ તો ગઠબંધન પહેલાથી જ આપ પાર્ટીએ ચૂંટણી જંગમાં ચૈતર વસાવા પર દાવ રમવાનો નિર્ણય કરી લીધો હતો. જોકે હવે ગઠબંધનની સત્તાવાર જાહેરાત વચ્ચે ભરૂચ બેઠક પર ચૈતર વસાવા ઈન્ડિયા ગઠબંધનના સંયુક્ત ઉમેદવાર બન્યા છે. ગત લોકસભાની ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના મનસુખ વસાવાને ૫૫.૪૭ ટકા મતો સાથે ૬.૩૭ લાખ મતો મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર શેરખાન પઠાણને માત્ર ૨૬.૪૦ ટકા સાથે ૩.૦૩ લાખ મતો પડ્યા હતા. જે વર્ષ ૨૦૧૪ની ચૂંટણી કરતા કોંગ્રેસને ૧૦.૯૨ ટકા મતો ઓછા મળ્યા હતા. જ્યારે ત્રીજા ઉમેદવાર બીસીપીના છોટુભાઈ વસાવાને ૧૨.૫૩% મત એટલેકે ૧.૪૪ લાખ મતો મળ્યા હતા.

# તસવીર ટુડે | ‘ગાઝામાં ઈદ’





## ઇધર આ સિતમગર હુનર આઝમાએં, તુ તીર આઝમા હમ જિગર આઝમાએં

સમગ્ર અરબ દેશોમાં બુધવારે ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરવામાં આવી હતી ત્યારે દુનિયાના સૌથી ભયાનક હત્યાકાંડનો સામનો કરનાર પેલેસ્ટીનમાં પણ ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. યહૂદી દેશ ઈઝરાયેલ દ્વારા સતત બોમ્બમારા અને ગોળીબાર વચ્ચે સૌથી ખોફનાક ભૂખમરાનો સામનો કરતા ગાઝા તથા પેલેસ્ટીનના લોકોના જુસ્સાને સલામ કરવાનું મન થાય તે રીતે બુધવારે આટ-આટલી મુશ્કેલીઓનો સામનો કરવા છતાં ઈદના દિવસે પેલેસ્ટીનના લોકોએ એકજૂટ થઈને ઈદનો તહેવાર મનાવ્યો હતો. યહૂદી દેશ ઈઝરાયેલ દ્વારા સતત હુમલાઓ વચ્ચે કોઈએ પોતાના બાળકો તો બાળકોએ પોતાના માતા-પિતા ગુમાવ્યા છે ત્યારે આટલી હિંમત અને મજબૂત મનોબળ રાખનારા લોકો એવું જ વિચારતા હશે કે ‘ઇધર આ સિતમગર હુનર આઝમાએં, તું તીર આઝમા હમ જિગર આઝમાએં’. બુધવારે ઈદના દિવસે બરબાદ થયેલા ગાઝાની ગલીઓઓમાં ખુલ્લા આકાશે લોકોએ ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરી હતી ત્યારે બીજી તસવીર મસ્જિદ અલ-અકસાની છે ત્યાં હજારો પેલેસ્ટીનીઓએ ઈદના દિવસે પોતાની જવાબદારી અદા કરી હતી.


તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
- Fancy Dress Materials
- Kurtis - S.M.L. XL TO 5XL
- Pant-Palazzo & Leggings
- Children Wear
- All Type of trending varieties available

નવચેતના
SCAN to Reach US Since : 1968
Dhalgarwad, Cloth Market, A'bad-1
Mo : 70467 50647


## ‘૪૦ તો મૃત્યુ પામ્યા...’, અમેરિકાએ બંધકોને છોડવાની ઓફર કરી, પછી હમાસે કહ્યું

(એજન્સી) ગાઝા, તા.૧૦

યુનાઈટેડ સ્ટેટ્સ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) દ્વારા ગાઝામાં બંધક બનાવાયેલ ૪૦ બંધકોને મુક્ત કરવાની ખાતરી કરવા માટે ઈઝરાયેલ અને પેલેસ્ટીની પ્રતિકાર જૂથ હમાસ વચ્ચે સોદો કરવાની દરખાસ્ત કર્યાના લગભગ બે દિવસ પછી હમાસે કહ્યું છે કે, તેની પાસે ૪૦ બંધકો જીવતા નથી. મીડિયા અહેવાલ અનુસાર, હમાસે મધ્યસ્થીઓને એમ પણ કહ્યું છે કે, તેમના અનુસાર બચી ગયેલા લોકોની સંખ્યા ઘણી ઓછી છે. હમાસ દ્વારા હજુ સુધી આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. આતંકવાદી સંગઠને કહ્યું કે, જે લોકો બચી શક્યા નથી તેમાં મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને બીમારોનો સમાવેશ થાય છે. યુએસએ છ સપ્તાહના યુદ્ધવિરામના બદલામાં બંધકોની સુરક્ષિત મુક્તિ માટે કરારનો પ્રસ્તાવ મૂક્યો હતો. CIAના ડાયરેક્ટર બિલ બર્ન્સે મંત્રણામાં મડાગાંઠને તોડવાના પ્રયત્નમાં ઈઝરાયેલના મોસાદના વડા, કતારના વડાપ્રધાન અને ઈજિપ્તના જાસૂસ વડા સાથે રવિવારના રોજ કૈરોમાં મુલાકાત કર્યા પછી આ વાત કહી.

# ૬૦,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓએ અલ-અક્સા મસ્જિદમાં ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરી



(એજન્સી) તા.૧૦

૬૦ હજારથી વધુ પેલેસ્ટીનીઓએ બુધવારે કબજાવાળા પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદમાં ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરી પરંતુ કોઈ ઉજવણીનું વાતાવરણ ન હતું. ઉપરાંત છ મહિનાથી વધુ સમયથી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલમાં ચાલી રહેલા યુદ્ધના પીડિતો માટે શોક મનાવવામાં આવ્યો. ઈઝરાયેલી પોલીસ અધિકારીઓની મોટી ટુકડીઓ શહેરના પ્રવેશદ્વારો અને ગલિયોમાં તૈનાત કરવામાં આવી હતી. જેરૂસલેમમાં ઈસ્લામિક બંદોબસ્ત વિભાગે એક નિવેદનમાં જણાવ્યું કે, ૬૦ હજારથી વધુ નમાઝીઓએ રમઝાન મહિનાના અંત પછી મુખ્ય મુસ્લિમ તહેવાર ઈદ-ઉલ-ફિત્રના દિવસે અલ-અક્સા મસ્જિદમાં નમાઝ અદા કરી. વરસાદ છતાં મુસ્લિમ નમાઝીઓ ફજરની નમાઝ પહેલા જ મસ્જિદમાં પહોંચવા લાગ્યા. જો કે, પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, જૂના શહેરના બાબ અલ-અસબત અને બાબ અલ-સિલસિલા વિસ્તારોમાં મસ્જિદમાં પ્રવેશ કરવા અને બહાર નીકળવા પર ઈઝરાયેલી પોલીસે કેટલાક લોકો પર હુમલો કર્યો. ઈઝરાયેલી પોલીસે તેમાંથી કેટલાકને અલ-અક્સામાં પ્રવેશ કરવાથી રોકી દીધા માટે તેમણે મસ્જિદની બહાર નમાઝ અદા કરી. પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા ૭ ઓકટોબરે સીમા પારથી કરવામાં આવેલા હુમલા પછી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી સેનાના ચાલી રહેલા હુમલાના કારણે કબજાવાળા વેસ્ટ બેંકમાં વધતા તણાવની વચ્ચે ઈઝરાયેલે અલ-અક્સા મસ્જિદ સુધી પેલેસ્ટીની મુસ્લિમોની પહોંચને પ્રતિબંધિત કરી દીધી છે. અલ-અક્સા મસ્જિદ મુસ્લિમો માટે વિશ્વનું ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે. યહૂદી આ ક્ષેત્રને ટેમ્પલ માઉન્ટ કહે છે તેમનો દાવો છે કે, પ્રાચીન કાળમાં આ બે યહૂદી મંદિરોનું સ્થળ હતું.

# ઈદ અલ-ફિત્રના પ્રથમ દિવસે પણ ઈઝરાયેલના ગાઝા પર હવાઈ હુમલા જારી

(એજન્સી) ગાઝા, તા.૧૦

બુધવારે મુસ્લિમોના મુખ્ય તહેવાર ઈદ અલ-ફિત્રના પ્રથમ દિવસે ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેની સેનાએ ગાઝા પટ્ટીના વિવિધ ભાગો પર ડઝનેક હવાઈ હુમલા કર્યા જેની સાથે તે છ મહિનાથી વધુ સમયથી યુદ્ધ કરી રહ્યું છે એનાદોલુ એજન્સીના અહેવાલમાં જણાવ્યું છે. સેના દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં યુદ્ધ વિમાનો અને ડ્રોને ગાઝા પટ્ટીના વિવિધ વિસ્તારોમાં ડઝનબંધ મથકોને નિશાન બનાવ્યા છે. નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે સેનાના હુમલામાં લશ્કરી સ્થળો, રોકેટ લોન્ચ પ્લેટફોર્મ અને ટનલ ઓપનિંગ્સને નિશાન બનાવવામાં આવ્યા હતા.તેણે મધ્ય ગાઝામાં પેલેસ્ટીની લડવૈયાઓ સાથે સામ-સામે અથડામણનો પણઉલ્લેખ કર્યો. ગાઝામાં ઈઝરાયેલી સૈન્યની હાજરી હવે વિસ્થાપિત પેલેસ્ટીનીઓને ઉત્તર તરફ પાછા ફરતા અટકાવવાના ઉદ્દેશ્ય સાથે, એક્લેવના ઉત્તર અને દક્ષિણને અલગ પાડતા નેત્ઝારીમ ધરી સાથે સ્થિત નાહલ બ્રિગેડ સુધી મર્યાદિત છે. પેલેસ્ટીની મુવમેન્ટ હમાસે હજુ સુધી ઈઝરાયેલી સેનાના નિવેદન પર કોઈ ટિપ્પણી કરી નથી. પેલેસ્ટીની પ્રતિકાર જૂથ, હમાસ દ્વારા ૭ ઓક્ટોબરના ક્રોસ બોર્ડર હુમલા બાદથી ઈઝરાયેલે ગાઝા પટ્ટી સામે ઘાતક લશ્કરી આક્રમણ કર્યું છે. જો કે, ત્યારથી, હારેટ્ઝ દ્વારા તે જાહેર કરવામાં આવ્યું છે કે ઈઝરાયેલી લશ્કરી હેલિકોપ્ટર અને ટેક્રોએ, હકીકતમાં પેલેસ્ટીનની પ્રતિકાર દ્વારા માર્યા ગયા હોવાનો ઈઝરાયલ દ્વારા દાવો કરાયેલા ૧,૧૩૯ સૈનિકો અને નાગરિકોમાંથી ઘણાને માર્યા ગયાસામૂહિક વિનાશ અને જરૂરિયાતોની અછત વચ્ચે ૩૩,૩૦૦થી વધુ



પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને લગભગ ૭૬,૦૦૦ ઘાયલ થયા છે. ઈઝરાયેલી યુદ્ધ, હવે ૧૮૬માં દિવસેગાઝાની ૮૫ ટકા વસ્તીને ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓની તીવ્ર અછત વચ્ચે આંતરિક વિસ્થાપન તરફ ધકેલી રહ્યું છેજ્યારે યુએનના જણાવ્યા અનુસાર એક્લેવના ૬૦ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું છે અથવા નાશ પામ્યો છે. ઈઝરાયેલ પર ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં નરસંહારનો આરોપ છે, જેણે જાન્યુઆરીમાં વચગાળાનો ચુકાદો જારી કરીને નરસંહારના કૃત્યોને રોકવા માટે પગલાં લેવા અને ગાઝા માં નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવામાં આવે છે તેની ખાતરી આપવાનો આદેશ આપ્યો હતો.

# ઈઝરાયેલ ઈરાદાપૂર્વક ગાઝાના બાળકોને ભૂખથી મારી રહ્યું છે : HRWએ ચેતવણી આપી



(એજન્સી) ગાઝા, તા.૧૦

હ્યુમન રાઈટ્સ વોચ (HRW)એ આજે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સરકારે ભૂખમરાનો યુદ્ધના શસ્ત્ર, યુદ્ધ અપરાધ તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું ત્યારથી ગાઝામાં બાળકો ભૂખમરો સંબંધિત જટીલતાઓથી મરી રહ્યા છે. ગાઝામાં ડોક્ટરો અને પરિવારોએ બાળકો તેમજ સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ, ગંભીર કુપોષણ અને ડિહાઈડ્રેશનથી પીડિત અને હોસ્પિટલોમાં તેમની સારવાર માટે અપર્યાપ્ત સુવિધા હોવાનું વર્ણન કર્યું હતું, એમ અધિકાર જૂથે જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ઈઝરાયેલની જવાબદારીઓ અનુસાર, ગાઝામાં માનવતાવાદી સહાય અને મૂળભૂત સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવા ઈઝરાયેલી સરકાર પર દબાણ કરવા માટે સંબંધિત સરકારોએ લક્ષ્યાંકિત પ્રતિબંધો લાદવા અને શસ્ત્રોના પરિવહનને સ્થગિત કરવા જોઈએ તેમ ઉમેર્યું. એચઆરડબ્લ્યુના ઈઝરાયેલ અને પેલેસ્ટીન ડિરેક્ટર ઓમર શાકિરે જણાવ્યું હતું કે ઈઝરાયેલી સરકાર દ્વારા ગાઝામાં યુદ્ધના શસ્ત્ર તરીકે ભૂખમરોનો ઉપયોગ બાળકો માટે ઘાતક સાબિત થયો છે. ઈઝરાયેલને આ યુદ્ધ અપરાધનો અંત લાવવાની જરૂર છે, આ વેદનાને રોકવાની અને માનવતાવાદી સહાયને આખા ગાઝા સુધી કોઈ અવરોધ વિના પહોંચવા દેવાની જરૂર છે. ગાઝામાં ભૂખમરાના સંકટની તપાસ કરતી ૧૫ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને યુએન એજન્સીઓની સંયુક્ત રાષ્ટ્ર-સંકલિત ભાગીદારીએ ૧૮ માર્ચે અહેવાલ આપ્યો હતો કે, તમામ પુરાવા મૃત્યુ અને કુપોષણના મોટા પ્રવેગ તરફ નિર્દેશ કરે છે. ભાગીદારીએ જણાવ્યું હતું કે ઉત્તરી ગાઝામાં જ્યાં ૭૦ ટકા વસ્તી વિનાશક ભૂખમરો અનુભવી રહી હોવાનો અંદાજ છે, મધ્ય માર્ચ અને મે વચ્ચે ગમે ત્યારે દુકાળ આવી શકે છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે ૧ એપ્રિલના રોજ અહેવાલ આપ્યો હતો કે ઉત્તરી ગાઝાની હોસ્પિટલોમાં ૨૮ બાળકો સહિત ૩૨ લોકો કુપોષણ અને ડિહાઈડ્રેશનને કારણે મૃત્યુ પામ્યા હતા. એક દિવસ પછી સેવ ધ ચિલ્ડ્રને ૨૭ બાળકોના ભૂખમરા અને રોગથી મૃત્યુની પુષ્ટિ કરી. ડૉ.કમલ અડવાન હોસ્પિટલના પીડિયાટ્રિક્સ યુનિટના વડા હુસમ અબુ સફિયાએ ૪ એપ્રિલના રોજ HRWને જણાવ્યું હતું કે તેમની હોસ્પિટલમાં જ ભૂખમરા સંબંધિત જટિલતાઓ અનુભવ્યા બાદ ૨૬ બાળકોના મોત થયા હતા. ડૉ. સફિયાએ જણાવ્યું હતું કે શિશુઓમાંથી એક ગંભીર રીતે ડિહાઈડ્રેટેડ જન્મ્યા પછી માત્ર બે દિવસની ઉંમરે મૃત્યુ પામ્યો હતો, જે દેખીતી રીતે તેની માતાની ખરાબ તબિયતને કારણે વધી ગયો હતો. તેણીને બાળકને આપવા માટે દૂધ નહોતું. ઈઝરાયેલી સરકારે ઈરાદાપૂર્વક ગાઝામાં સહાય, ખોરાક અને ઈંધણની ડિલિવરી અવરોધિત કરી રહી છે, HRWએ જણાવ્યું હતું કે, માનવતાવાદી સહાયમાં અવરોધ ઉભો કરીને અને નાગરિકોને જીવિત રહેવાના માધ્યમથી વંચિત કરી રહી છે તેમાં ઉમેર્યું હતું કે આ સામૂહિક સજાનું એક સ્વરૂપ છે જે યુદ્ધ અપરાધ છે.


ઈદ મુબારક



ઈદુલ ફિત્ર પર આપકે વ આપકે પરિવાર કી ખુશહાલી વ તરક્કી કી દુઆ કરતે હૈ, અલ્લાહ કી રહમત ભારત દેશ પર બરસતી રહે, ઔર દેશમે અમન શાંતિ કાયમ રહે, યહી હર વકત દુઆ કરતે હૈ, આપ સભી કો ઈદ કી મુબારકબાદી પેશ કરતે

લિ. મોહમદ ઝાહિદ અબ્દુલરહેમાન પટણી
સામાજિક કાર્યકર
આણંદ
(મો.9979995777)


# ગાઝામાં યુદ્ધવિરામ ન થાય ત્યાં સુધી તુર્કીએ ઈઝરાયેલ પર નિકાસ પ્રતિબંધો લાદ્યા

(એજન્સી) તા.૧૦

તુર્કીના વેપાર મંત્રાલયે ૯ માર્ચ મંગળવારના દિવસે જાહેરાત કરી હતી, ગાઝામાં યુદ્ધવિરામની જાહેરાત ન થાય ત્યાં સુધી તુર્કીએ ઈઝરાયેલ પર નિકાસ પ્રતિબંધો લાદીને નોંધપાત્ર રાજદ્વારી વલણ અપનાવ્યું છે. જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, પ્રતિબંધો ઈંટ, સિમેન્ટ, એલ્યુમિનિયમ, આયર્ન,માર્બલ, સ્ટીલ, ખાતર, મકાન પુરવઠો અને સાધનો, ઉડ્ડયન બળતણ અને વધુ સહિત ૫૪ અલગ-અલગ શ્રેણીઓની નિકાસ પર લાગુ થશે. ખાસ કરીને ગાઝા પર ઈઝરાયલના યુદ્ધને કારણે આ ક્ષેત્રમાં વધી રહેલા તણાવ વચ્ચે આ પગલું આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, મર્યાદાઓ મંગળવારે અમલમાં આવશે, અંકારાની ઘોષણા સાથે કે ઈઝરાયેલે માનવતાવાદી એરડ્રોપમાં ભાગ લેવાની તેની વિનંતીને નકારી કાઢ્યા પછી તે પગલાં લેશે, તેની સાથે સુસંગત છે. મંત્રીએ જાહેર કર્યું, આ નિર્ણય ત્યાં સુધી રહેશે જ્યાં સુધી ઈઝરાયેલ, આંતરરાષ્ટ્રીય કાયદામાંથી બહાર આવતી તેની જવાબદારીઓ હેઠળ, ગાઝામાં તાકીદે યુદ્ધવિરામની ઘોષણા કરે અને ગાઝા પટ્ટીમાં પર્યાપ્ત માનવતાવાદી સહાયના અવરોધ વિનાના પ્રવાહને મંજૂરી આપે. ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ ફાટી નીકળ્યા પછી તરત જ ઈઝરાયેલ અને તુર્કીએ તેમના રાજદૂતો પાછા ખેંચી લીધા હતા. મંગળવારની કાર્યવાહી યુદ્ધ શરૂ થયા પછી ઈઝરાયેલ સામે અંકારાની પ્રથમ મોટી કટોકટીને ચિહ્નિત કરે છે. રાષ્ટ્રપતિ તૈયપ એર્દોગન ઈઝરાયેલ સાથેના આર્થિક સંબંધોને કારણે ચર્ચામાં આવ્યા છે. શનિવારે ઈસ્તંબુલમાં પોલીસે ઈઝરાયેલ સાથેના વેપારને સમાપ્ત કરવાની હાકલ કરતા અનેક પ્રદર્શનકારીઓની ધરપકડ કરી હતી. ૩૧ માર્ચે મ્યુનિસિપલ ચૂંટણીઓમાં વિપક્ષની નિર્ણાયક જીત બાદ વહીવટીતંત્ર જનતાનો વિશ્વાસ પાછો મેળવવાનો પ્રયત્ન કરી રહ્યું હોવાથી આ ઘટનામાં રોકાયેલા બે પોલીસ અધિકારીઓને સત્તાવાળાઓ દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા.


Ph.079-25356584 ઈદ મુબારક 9376132254
ONLY WHOLESALE
KADRIYAH STORES
Wholesalers of : Rubber Balloons &Toys, Birthday Decoration items, Fancy Candles, Party & Foil Balloons, & All Types of Decoration Products
1150, Peer Mohammed Shah Road, Pankornaka, Ahmedabad-1

સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
(Office) 02772-229437
(Mill) 222332, 222632
Kadarbhai : 98981 90481
Imranbhai : 94265 97785
Hanifbhai : 94275 94564
Mohsinbhai : 98987 20586
ડબલ સોર્ટેક્ષ સમ્રાટ અડદ દાળ
RAJA Pulse Mill
MANUFACTURERS OF QUALITY PULSES
Idar-Ambaji Road, Dhandha, Himmatnagar -383001. S.K. (Guj.)
E-mail : rajapulsemill@yahoo.co.in rajapulsemill@gmail.com

સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
ESTD - 2009
SAFE FOOD SCIENCE & TECHNOLOGY INSTITUTE
ISO 9001 - 2015 CERTIFIED
ફૂડ ઈન્ડસ્ટ્રીઝ, બીઝનેસ માટે અમારી સેવાઓ
૧. ફુડ પ્રોસેસિંગ પ્લાન્ટ નવા ઈન્સ્ટોલ કરવા તથા એક્ષપાન્સન કરવા.
૨. ફુડ પ્રોડક્ટ બીઝનેસ માટે જુદા જુદા શોર્ટ ટર્મ સર્ટીફીકેટ કોર્ષ.
૩. ફૂડ સેઈફ્ટી, HACCP, GMP, GHP, GAP ટ્રેનીંગ.
૪. HACCP, ISO, USFDA, ORGANIC, AGMARK, GLOBAL GAP સર્ટીફીકેશન.
૫. ફુડ લાયસન્સ, સેન્ટ્રલ & સ્ટેટ ત્થા ફુડ પ્રોડક્ટ પ્રોબ્લેમ સોલ્યુશન.
૬. બારકોડ રજીસ્ટ્રેશન, PCR રજીસ્ટ્રેશન & FSSAI લીગલ સર્વીસ.
૭. વૉટર, ફુડ એન્ડ કોસ્મેટીક પ્રોડક્ટ ટેસ્ટીંગ સર્વીસ.
૮. FSSAI થર્ડ પાર્ટી ઓડીટ અને હાયજીન રેટીંગ ઓડીટ
૯. NABL એન્ડ FSSAI લેબ ઈન્સટોલેશન એન્ડ એક્રીડીટેશન સર્વીસ.
૧૦. FSSAI વાર્ષિક રિટર્ન ફાઈલ એન્ડ લેબલ વેરીફીકેશન.
નોધ. ટ્રેનીંગ નો સમય: ૧૦ થી ૫, લંચ, સર્ટીફીકેટ મળશે. કોર્ષ થીયરીટીકલ છે.
Reg. Office Surat. 395001 Mob:+91 98252 36110,
Branch : Valsad & Bharuch Mo. 9574574599
E-mail : safefoodscience@gmail.com Web: www.safefoodtechnology.com

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# નેતાઓ દરેક બાબતમાં અદાલતના દ્વારે ન જાય

દેશમાં આગામી લોકસભાની ચૂંટણીનું વાતાવરણ જામી રહ્યું છે. સત્તામાં આવવા, સત્તા બચાવવા અને સત્તા છીનવી લેવાની તીવ્ર સ્પર્ધા વચ્ચે, દિલ્હી હાઈકોર્ટની આ ટિપ્પણી આવકારદાયક છે કે લોકશાહીને તેનું કામ કરવા દેવું જોઈએ. દિલ્હી હાઈકોર્ટે ભ્રષ્ટાચારના આરોપમાં ગયા મહિને ધરપકડ કર્યા બાદ અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની માંગ કરતી ત્રીજી અરજીને ફગાવી દેતી વખતે આવું કહ્યું છે.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનમોહનની આગેવાની હેઠળની બેન્ચે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને કોઈ સલાહ આપવાનો પણ ઈન્કાર કરી દીધો છે. કેજરીવાલ વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલી આ અરજીઓની દલીલ એવી છે કે કોર્ટે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને નિર્દેશ આપવો જોઈએ અને મુખ્યમંત્રીનું રાજીનામું લઈ લેવામાં આવે.

વાસ્તવમાં, પદ છોડવું કે પદ પરથી દૂર કરવું એ રાજનીતિનો વિષય છે. અદાલતનો વિષય નથી. કોઈપણ નેતાને કોઈપણ પદ પરથી હટાવવાની તેની પોતાની સ્થાપિત પરંપરાઓ હોય છે, તે પરંપરાઓમાં કોર્ટનો હસ્તક્ષેપ ન્યાયતંત્ર અને વિધાનસભા વચ્ચે વિવાદની સ્થિતિ પેદા કરી શકે છે. તેથી, કોર્ટના વલણની પ્રશંસા કરવી જોઈએ અને જેઓ કેજરીવાલને હટાવવાની તરફેણમાં છે તેમણે જવાબદાર રાજકીય પદાધિકારીઓ પર દબાણ કરવું જોઈએ.

નૈતિકતાનો પ્રશ્ન નેતાઓને જુદી જુદી રીતે પરેશાન કરે છે અને નેતાઓ આ પ્રશ્નનો અલગ અલગ રીતે જવાબ આપે છે. નૈતિકતાનો પ્રશ્ન માત્ર નેતાઓને જ નહીં પરંતુ રાજકીય પક્ષોને પણ પરેશાન કરે છે. વર્તમાન વલણ મુજબ રાજકીય પક્ષો તેમના મતદારોની માનસિકતા સમજીને જ નિર્ણય લે છે. આમ આદમી પાર્ટીમાં પણ જો તમામ ચૂંટાયેલા ધારાસભ્યો અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી બનાવવાની તરફેણમાં હોય તો તેમને તેમ કરવાનો અધિકાર છે. તેમણે ચોક્કસપણે આ મોટા નિર્ણયના ગુણદોષને ધ્યાનમાં લીધા હશે.

આવી સ્થિતિમાં હાઈકોર્ટે યોગ્ય નિર્દેશ આપ્યો છે કે 'લેફ્ટનન્ટ ગવર્નરને અમારા માર્ગદર્શનની જરૂર નથી. અમે તેમને સલાહ આપતા નથી. કાયદા પ્રમાણે જે કરવું હશે તે તેઓ કરશે. દેશમાં ચાર કરોડથી વધુ કેસ કોર્ટમાં પડતર છે ત્યાં રાજકારણે દરેક વિવાદના સમાધાન માટે કોર્ટના દરવાજા ખટખટાવવા જોઈએ નહીં. કોર્ટ કે ન્યાયતંત્રની પોતાની મર્યાદાઓ હોય છે અને રાજકારણને લગતી નૈતિકતાને ટાંકીને કોર્ટનો સંપર્ક કરવાની પ્રથા આપણી સમગ્ર વ્યવસ્થા સાથે સુસંગત નથી.

એક સુખદ પાસું એ છે કે આ દેશમાં નૈતિકતાના મુદ્દે અગાઉ અનેક રાજ્ય સરકારોને બરતરફ કરવામાં આવી છે, પરંતુ અહીં કેન્દ્ર સરકારમાં સરકારોને બરખાસ્ત કરવા પ્રત્યે સંવેદનશીલતા વધી છે, તો આ પણ લોકશાહીની પરિપક્વતાનો પુરાવો છે. સરકારો પોતાની મરજીથી નહીં પણ બંધારણથી પ્રેરિત હોવી જોઈએ.

અરવિંદ કેજરીવાલની કથિત દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ કોર્ટ અને જનતા વચ્ચે તેમની લડાઈ લડી રહ્યા છે. તેમના સમર્થનમાં એવા નેતાઓની સંખ્યા મોટી છે કે જેઓ મુખ્યમંત્રીની ધરપકડને ખોટી માને છે. કોર્ટે અગાઉ એવો પણ સંકેત આપ્યો છે કે કાર્યવાહી ચાલી રહી છે અને આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવી શકે છે. આ મામલો ઉકેલવામાં સમય લાગી શકે છે, તેમ છતાં જો કેટલાક લોકો આ મોરચે ઉતાવળ કરવા માંગતા હોય, તો તેઓએ કોઈને પદ પરથી દૂર કરવા માટે ગળે ઉતરે તેવી દલીલો આપવી જોઈએ.

# શા માટે ભાજપ કોંગ્રેસના મેનિફેસ્ટો ૨૦૨૪ને "મુસ્લિમ લીગની છાપ" કહી રહ્યો છે ?

**લેખક દલીલ કરે છે કે પીએમ મોદીની આ ગભરાટભરી પ્રતિક્રિયા દર્શાવે છે કે તેઓ અને તેમની પાર્ટી લોકો તરફથી વધતી ટીકા અને વિમુખતાથી અને ખાસ કરીને ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી દ્વારા તેના ઢંઢેરામાં આપવામાં આવેલા સામાજિક ન્યાય અને પારદર્શિતાના નોંધપાત્ર વચનોથી અસ્વસ્થ છે**

(ભાગ-૧)

પ્રશ્નાર્થ

- મોહમ્મદ સજ્જાદ

બે દિવસ પહેલા, ૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, આપણા વડાપ્રધાન, વિશાળ જનાદેશ સાથે ત્રીજી ટર્મ જીતવાનો સર્વોચ્ચ વિશ્વાસ ધરાવનારા, નોંધપાત્ર રીતે હચમચી ગયેલા દેખાયા. તેમને જેણે હચમચાવી દીધા તે ૫ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવેલ કોંગ્રેસનો ઢંઢેરો હોવાનું જણાય છે, જ્યારે સહારનપુર (ઉત્તર પ્રદેશ)માં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે કોંગ્રેસનો ઢંઢેરો "સંપૂર્ણપણે મુસ્લિમ લીગની છાપ ધરાવે છે" અને ઉમેર્યું હતું કે બાકીનો મેનિફેસ્ટો ડાબેરીઓથી પ્રભાવિત હતો. પશ્ચિમ ઉત્તર પ્રદેશના સહરનોર અને રાજસ્થાનમાં પુષ્કરમાં યોજાયેલી બે પાછલી રેલીઓમાં, મોદીનો સ્વર ઉન્માદભર્યો દેખાયો કારણ કે તેમણે મતદારોને તેમને અને પક્ષ, ભારતીય જનતા પાર્ટી બંનેને ફરીથી ચૂંટવા માટે અપીલ કરી હતી.

ભાગ્યે જ મતદારો પક્ષના ઢંઢેરામાં આપેલા વચનો પર વિશ્વાસ કરે છે, અને તેનાથી પણ વધુ અસંભવિત છે કે ચૂંટણી ઢંઢેરામાં દર્શાવેલ વિગતવાર વચનો પક્ષની જીત સુનિશ્ચિત કરે છે. આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સામે મુકાબલો ન થવાનો હોય તેવા લેવલ પ્લેઈંગ ફિલ્ડની ગેરહાજરી છતાં ભાજપના ટોચના નેતાઓમાં ખળભળાટ મચી ગયો હતો, જેના કારણે તેમના સ્ટાર પ્રચારક કોંગ્રેસના ઢંઢેરા પર આટલી તીવ્ર ટિપ્પણી કરે છે. ભાજપ શા માટે તેની અવગણના કરી શક્યું નથી ? શું ભાજપને કોઈપણ રીતે હારનો ડર છે ?

કોંગ્રેસનો ઢંઢેરો એક બોલ્ડ અને બહાદુર દસ્તાવેજ છે, એક ગણતરી સિવાય, ધાર્મિક લઘુમતીઓના વ્યક્તિગત કાયદા. વ્યક્તિગત કાયદામાં નોંધપાત્ર સુધારાની જરૂર છે અને તેમના હાલના બિન-સુધારા સ્વરૂપમાં લિંગ ન્યાય સામે લડત આપે છે. ખાસ કરીને કારણ કે બહુમતી મુસ્લિમ દેશોએ હકીકતમાં આમાંના કેટલાક સુધારા (પાકિસ્તાન, બાંગ્લાદેશ, આરબ અને આફ્રિકન દેશોમાં) નોંધપાત્ર રીતે અમલમાં મૂક્યા છે. આમ, અંગત કાયદાઓમાં સુધારા માટે પ્રતિબદ્ધ ન થવાથી, કોંગ્રેસનો ઢંઢેરો ૨૦૨૪ પાછો ફરતો દેખાય છે, ૧૯૮૦માં પણ પાછો જાય છે. કોંગ્રેસે એ ન ભૂલવું જોઈએ કે આ જ ક્ષણે હિન્દુત્વના પુનરુત્થાન માટે ઘણો ચારો પૂરો પાડ્યો હતો. (કોંગ્રેસના મેનિફેસ્ટોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ "કોંગ્રેસ વ્યક્તિગત કાયદાઓમાં સુધારાને પ્રોત્સાહિત કરશે. આવા સુધારા સંબંધિત સમુદાયોની ભાગીદારી અને સંમતિથી હાથ ધરવા જોઈએ."-સંપાદકો) તે પણ સામાન્ય જ્ઞાન છે કે કોંગ્રેસ તેની અત્યાર સુધીની સૌથી નબળી સ્થિતિમાં છે, ખાસ કરીને દેશના મોટાભાગના ભાગોમાં નબળા સંગઠનનો સામનો કરવો પડી રહ્યો છે. તે ભંડોળ અને કાર્યકરોની દ્રષ્ટિએ પણ અત્યંત સંસાધન-ઉણપવાળા છે. આ ઉપરાંત, તાજેતરના સમયમાં ઘણા આશાસ્પદ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. સાંપ્રદાયિક ધ્રુવીકરણની ડિગ્રી, ખાસ કરીને હિન્દી પટ્ટામાં, અને આ ધ્રુવીકરણને કારણે ઊંડો મુસ્લિમ વિરોધી દ્વેષ પેદા થયો છે તે જોતાં, એક પક્ષ તેના બહુલવાદી અને બિનસાંપ્રદાયિક પાત્રને પુનરાવર્તિત કરે છે અને વ્યવસ્થાના ક્રોની મૂડીવાદને ખુલ્લેઆમ પડકારે છે, એક હિંમતવાન, પ્રેરણાદાયક વલણનો સંકેત આપે છે. કોંગ્રેસ વાસ્તવમાં પોતાની મૂળ ઐતિહાસિક વિચારધારાને નિષ્ઠાપૂર્વક અને હિંમતપૂર્વક જણાવે છે. અમુક રાજકીય વૈજ્ઞાનિકો (સુહાસ પાલશીકર આમાંથી એક છે) વારંવાર કહે છે કે ગહન કટોકટીનો રાજકીય પક્ષ પોતાની જાતને પુનર્જીવિત કરવા માટે તેની મૂળ વિચારધારા તરફ પાછો ફરે છે. બની શકે કે, કોંગ્રેસે આ પાઠ શીખ્યો હોય અને તેના નરમ બહુમતીવાદને નોંધપાત્ર હદ સુધી નષ્ટ કરી દીધો હોય. કોંગ્રેસે (તેના ઢંઢેરામાં) તેની પ્રાથમિકતાઓ એકદમ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરી છે. મેનિફેસ્ટોમાં સમાનતા અને સામાજિક ન્યાય તેના એજન્ડામાં ટોચ પર છે. યુવા બેરોજગારી, GSTને કારણે વેપારીઓની તકલીફ, ખેડૂતોની તકલીફ, અચાનક અને સંપૂર્ણ નોટબંધીથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ની બરબાદી, મહિલાઓ સામેના ગુનાઓ, વંચિતતા, અત્યાચાર અને SC, ST, લઘુમતીઓનું હાંસિયામાં ધકેલાવું, સત્તાધારીઓ દ્વારા સંસ્થાઓનું હાઈજેકીંગ એ મેનિફેસ્ટોની શરૂઆતમાં જ ભાર મૂકવામાં આવેલા કેટલાક હાઈલાઈટ્સ છે. "ભય, ધાકધમકી અને ધિક્કારનું વાતાવરણ" એક ચિંતા છે જે ખચકાટ વિના પ્રકાશિત થાય છે. લોકશાહી અથવા સરમુખત્યારશાહી, સ્વતંત્રતા અથવા ભય, બધા માટે સમૃદ્ધિ અથવા થોડા લોકો માટે સંપત્તિ, ન્યાય અથવા અન્યાય, મતદારો સમક્ષ રજૂ કરાયેલા ગંભીર મુદ્દાઓ છે. **(ક્રમશઃ)** **(સૌ. : સબરંગ ઈન્ડિયા.ઈન)**

# ભારતની આઝાદીમાં ભવ્ય યોગદાન આપનારા એવા મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બહાદુર મહિલાઓ, જેમના ઈતિહાસને આજે ભૂંસી નાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

દેશની આઝાદીના મુસ્લિમ વીરો

- મોહમ્મદ થાહા એ

**"મેરા દેશ આઝાદ હૈ."**

ભારતે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બ્રિટિશ શાસનથી આઝાદી મેળવી હતી, અને તેને હવે ૭૫ વર્ષ થઈ ગયા છે. આ એક મહત્વપૂર્ણ દિવસ હતો. અને આ આઝાદી સંખ્યાબંધ ચળવળો અને સંઘર્ષોનું પરિણામ હતું. આ આંદોલનો ૧૮૫૭ના પ્રખ્યાત બળવાથી શરૂ થયા હા અને બ્રિટિશ વહીવટીતંત્રના સમગ્ર સમયગાળા દરમિયાન અનેક ચળવળ કરવામાં આવી હતી. ગાંધીજી, જવાહરલાલ નહેરુ, વલ્લભાઈ પટેલ, અબ્દુલ ગફાર ખાન, મૌલાના આઝાદ અને અન્ય અગ્રણી વ્યક્તિઓ હતા. પ્રીતિલતા વાડેદાર, કસ્તુરબા ગાંધી, વિજયા લક્ષ્મી પંડિત અને સરોજિની નાયડુ એ મહિલા નાયિકા હતી જેમણે ભારતીય મહિલાઓને સ્વતંત્ર બનવા અને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આઝાદીની આ ચળવળમાં મુસ્લિમોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પ્રથમ ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું આયોજન અને નેતૃત્વ મૌલવી અહમદુલ્લાહ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. બ્રિટિશ રાજ વિરુદ્ધ કાવતરું ઘડવા બદલ ૨૭ વર્ષની ઉંમરે ફાંસી પર લટકનાર પ્રથમ વ્યક્તિ અશફાકુલ્લા ખાન હતા. શાહ નવાઝ ખાને ઈન્ડિયન નેશનલ આર્મી (INA)માં રાજકારણી ઉપરાંત મુખ્ય અધિકારી અને કમાન્ડર તરીકે સેવા આપી હતી. હાલમાં ભારતીય મુસ્લિમો દેશમાં અનેક ભેદભાવનો સામનો કરી રહ્યા છે અને તેમની દેશભક્તિ પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. કોમવાદી પક્ષો મુસ્લિમોને બાકાત કરીને દેશના ઈતિહાસને ફરીથી લખવાનો પ્રયાસ કરે છે. સોશિયલ મીડિયા દ્વારા ભારતીય મુસ્લિમો વિશે ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં આવે છે અને મુસ્લિમ વિરોધી પ્રચાર કરવામાં આવે છે. ભારતીય સ્વતંત્રતા માટે તે દરમિયાન મુસ્લિમોએ આપેલા બલિદાનને ખરેખર ભૂલી જવામાં આવ્યા છે. જો કે, ઈતિહાસ જોઈએ તો તે બતાવશે કે ભારતીય મુસલમાનોએ માત્ર મુક્તિ સંગ્રામમાં જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું ન હતું, પરંતુ સંસ્થાનવાદ વિરોધી રાષ્ટ્રીય લડાઈની સેવામાં પોતાના જીવનનું બલિદાન પણ આપ્યું હતું. દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પર ઉલ્લેખિત ૯૫૩૦૦ સ્વાતંત્ર્ય સેનાનીઓના નામોમાંથી ૬૧૯૪૫ મુસ્લિમ નામો છે, જે દર્શાવે છે કે તમામ મુક્તિ લડવૈયાઓમાંથી ૬૫% લોકો મુસ્લિમ હતા. મિલ્લી ક્રોનિકલના એક લેખના અહેવાલમાં પ્રસિદ્ધ લેખક કુશવંતસિંહે કહ્યું છે કેઃ ભારતીય સ્વતંત્રતા મુસ્લિમોના લોહી પર લખાયેલ છે, સ્વતંત્રતા સંગ્રામમાં તેમની ભાગીદારી તેમની વસ્તીની નાની ટકાવારીના પ્રમાણમાં ઘણી વધારે હતી. આ લેખનો હેતુ અમુક મુસ્લિમ સ્વતંત્રતા નાયકો પર નજર કરવાનો છે જેઓ આજના ઈતિહાસમાં વિલીન થઈ ગયા છે અને તેઓને દેશના બલિદાન માટે ક્યારેય યાદ કરવામાં આવતા નથી.

**અસગરી બેગમ, હબીબા અને સુરૈયા તૈયબજી**

બળવા સમયે અસગરી બેગમની ઉંમર લગભગ ૪૫ વર્ષની હતી અને તેનો જન્મ ૧૮૧૧માં થયો હતો. તે આજના પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં બ્રિટિશરો સામેના યુદ્ધમાં મુખ્ય સેનાની હોવાનું કહેવાય છે. ૧૮૫૮માં, અંગ્રેજોએ કથિત રીતે તેનું અપહરણ કર્યું અને તેણીને જીવતી સળગાવી દીધી હતી.

૧૮૫૭ના વિદ્રોહમાં હબીબાએ બ્રિટિશ શાસનનો વિરોધ કર્યો હતો. તેણીએ મુઝફ્ફરનગરમાં અંગ્રેજો સામે અનેક લડાઈઓ લડી હતી અને તે મુસ્લિમ ગુર્જર હતી. જો કે, ૨૫ વર્ષની ઉંમરે, તેણી અને ૧૧ અન્ય મહિલા સૈનિકોનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેઓને ફાંસી આપવામાં આવી હતી.

સર અકબર હૈદરીની ભત્રીજી, સુરૈયાનો જન્મ ૧૯૧૯માં થયો હતો. તે એક પ્રખ્યાત કલાકાર હતી અને તેમની વિચારસરણી માટે જાણીતા હતા. તેણી અને તેમના પતિ, બદરુદ્દીન તૈયબજી નામના ભારતીય નાગરિક સેવક, બંધારણીય સંસદમાં સમિતિઓમાં સેવા આપતા હતા. હકીકતમાં તેઓએ ભારતનો ધ્વજ બનાવ્યો હતો.

**નિષ્કર્ષ**

આવા મહાન મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના કારણે જ આજે આપણે આઝાદ દેશમાં રહીએ છીએ. આપણે તેમના બલિદાનને યાદ રાખવું જોઈએ અને શાંતિ અને સુમેળ સાથે રહીને સામાજિક ન્યાયીપણું જાળવી રાખવા માટે કામ કરવું જોઈએ. સ્વાતંત્ર્ય સેનાનીઓની આ દંતકથાઓ આજના બાળકોને પ્રેરણા આપતી રહે છે. તેમની મુશ્કેલીઓ સાથે જે મૂલ્યો માટે લડ્યા તેનું મહત્વ સમજવું જોઈએ. રાષ્ટ્રમાં શાંતિ જાળવીને, આપણે ભારતીય નાગરિક તરીકે તેમના બલિદાનને સ્વીકારવું જોઈએ અને તેનું સન્માન કરવું જોઈએ. આજે આવા મહાન સ્વતંત્રતા સેનાનીઓનો ઉલ્લેખ કરવામાં આવતો નથી અને માત્ર ખોટી દેશભક્તિની વાતો કરવામાં આવે છે અને તે એક રાજકારણ છે. આવા હજારો મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓના કારણે આપણો દેશ આઝાદ થયો છે. સ્વતંત્રતા સંગ્રામમાં ભારતીય મુસલમાનોની ભાગીદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી, તેમના યોગદાનને લીધે જ આજે સ્વતંત્રતા ભોગવી રહયાચિએ. દર વર્ષે ૧૫મી ઓગસ્ટે આપણે આપણી આઝાદીની ઉજવણી કરીએ છીએ. દરેક સ્વતંત્રતા દિવસ આ દેશની આઝાદી માટે લડત આપનાર અને પોતાના જીવનનું બલિદાન આપનાર આવા લોકોની યાદ અપાવે છે. અમે એવા સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરવા માંગીએ છીએ જેમણે ભારત માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. તેઓએ આપણા દેશ માટે જે આપ્યું તે આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ. આ નાયકોના જીવનચરિત્રો દેશભક્તિને પ્રોત્સાહિત કરે છે. **(સૌ. : ઈસ્લામ ઓન લેબ.કોમ)**

# હું ઇદ મનાવું શી રીતે ?



**હું દિલને મનાવું શી રીતે**
**ગાઝાને ભૂલાવું શી રીતે**
**ભૂખ્યાં છે ફલસ્તીની બાળક**
**હું ઇદ મનાવું શી રીતે ?**

**રૂંધાઇ રહ્યા છે કંઈ શ્વાસો**
**સંભળાય છે આહો નિશ્વાસો**
**નિત બોંબ ધડાકાઓ વચ્ચે**
**કંઇ લોહી નીંગળતી છે લાશો**

**આ અંધ બનેલી દુનિયાને**
**જખ્મો હું બતાવું શી રીતે ?**
**હું ઇદ મનાવું શી રીતે ?**

**આ જુલ્મોસિતમની હદ થઇ છે**
**માનવતા સાવ મરી ગઇ છે**
**ના પ્રેમ, કરુણા, હમદર્દી**
**સૌ લાગણી બુઠ્ઠી થઇ ગઇ છે**

**આ મૂંગી બહેરી દુનિયાને**
**દુઃખ દર્દ સુણાવું શી રીતે ?**
**હું ઇદ મનાવું શી રીતે ?**

**કલ્પાંત કરે છે, કકળે છે**
**મા-બાપ વિહોણાં તડપે છે**
**ભૂખ્યાં છે ફલસ્તીની બાળક**
**એક રોટી માટે રઝળે છે**

**આ ખીર, પૂરી, મરઘા, લાડુ**
**ટેબલ હું સજાવું શી રીતે ?**
**ભૂખ્યાં છે ફલસ્તીની બાળક**
**હું ઇદ મનાવું શી રીતે?**

**- 'મહેક' ટંકારવી, બોલ્ટન, યુ.કે.**

# MSUની પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીની પરીક્ષામાં પહેલા જ દિવસે છબરડો

## બીજા સેમેસ્ટરની જગ્યાએ પહેલા સેમેસ્ટરના પ્રશ્નો પૂછાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

એમ.એસ.યુ. યુનિવર્સિટીની કેટલીક ફેકલ્ટીઓમાં એપ્રિલ અને મે મહિનાની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. આ પૈકી પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીમાં પરીક્ષાના પહેલા જ દિવસે છબરડો સર્જાતા ફેકલ્ટીમાં દોડધામ મચી ગઈ હતી. મળતી વિગતો પ્રમાણે ફેકલ્ટીના ડ્રામા વિભાગમાં એફવાયના વિદ્યાર્થીઓની બીજા સેમેસ્ટરની પરીક્ષા આજથી શરૂ થઈ હતી. પરીક્ષા આપવા બેઠેલા વિદ્યાર્થીઓને જે પેપર અપાયું હતુ તેના પર તારીખ, સમય અને સેકેન્ડ સેમેસ્ટરની પરીક્ષા જેવી જાણકારી તો બરાબર હતી પણ પેપરમાં પૂછાયેલા પ્રશ્નો પહેલા સેમેસ્ટરના કોર્સના હતા. લગભગ તમામ પ્રશ્નો આ પ્રકારના હોવાથી વિદ્યાર્થીઓને પણ આશ્ચર્ય થયું હતું. સૂત્રોનુ કહેવુ છે કે, વિદ્યાર્થીઓએ આ બાબતે સુપરવાઈઝરનુ ધ્યાન દોર્યુ હતું. વિદ્યાર્થીઓનું કહેવુ હતું કે, બીજા સેમેસ્ટર માટેના કોર્સની તૈયારી અમે કરીને આવ્યા છે અને બીજા સેમેસ્ટરમાંથી એક પણ સવાલ પૂછવામાં જ નથી આવ્યો. સુપરવાઈઝરે સત્તાધીશોનુ ધ્યાન દોર્યુ હતુ અને પેપરના પ્રશ્નોને જોતા વિદ્યાર્થીઓની ફરિયાદ સાચી હતી.જેના પગલે સત્તાધીશોએ આ પેપરની જગ્યાએ તરત જ ફેકલ્ટીમાં બીજુ પેપર તૈયાર કર્યુ હતું અને તેની ફોટોકોપી કાઢીને તરત જ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી અને પરીક્ષા લેવામાં આવી હતી. આ કવાયતમાં પરીક્ષા પણ અડધો કલાક વિલંબમાં પડી હતી અને વિદ્યાર્થીઓને પાછળથી વધારાનો સમય આપવામાં આવ્યો હતો. આમ પહેલા જ દિવસે પરીક્ષામાં સર્જાયેલો છબરડો ફેકલ્ટીની વિદ્યાર્થી આલમમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો.

# વાદ વિવાદમાંથી બહાર આવવા વડોદરા ભાજપના નેતાઓને સી.આર. પાટીલની ટકોર

## જેમની માનસિકતા ઠીક નહી એ લોકો કંઈક બોલ્યા હશે પરંતુ તમારી માનસિકતા ઠીક રાખો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

ભારતીય જનતા પાર્ટીના બુથ પ્રમુખોની બેઠકને સંબોધવા આવેલા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે કાર્યકરોને વાદ વિવાદ કોરાણે મૂકી ૧૦ લાખથી વધારે લીડથી વડોદરા બેઠક જીતાડવા આહ્વાન કર્યું હતું. પોલો ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નિર્ધારિત સમય કરતાં મોડા પહોંચેલા પાટીલે જણાવ્યું હતું મોદીને ફરી વડાપ્રધાન બનાવવા તમામ કાર્યકરે વાદ વિવાદ બાજુ પર મૂકી કામે લાગી જવાની જરૂર છે. કોઈની માનસિકતા ઠીક નહિ હોય તો કઈક બોલ્યા હશે, પરંતુ તમારી માનસિકતા ઠીક રાખીને કામે લાગી જાવ. વડોદરાના તમામ બુથ પ્રમુખ અને પેજ પ્રમુખ આયોજનપૂર્વક કામ કરે તો વડોદરા બેઠક આસાનીથી ૧૦ લાખથી વધારે મતની લીડથી જીતી શકાય તેમ છે.

# ભાવનગરના ગ્રામ્ય પંથકમાં મધરાત્રે ૩.૨ની તીવ્રતા ધરાવતા ભૂંકપનો આંચકો

## ભાવનગર સોમનાથ ને.હા.પર કોબડી ટોલનાકાથી ભડી ભંડારિયા જતા વાડી વિસ્તારમાં કેન્દ્ર બિંદુ

ભાવનગર, તા.૧૦

ભાવનગર શહેર નજીક મોડી રાત્રે ભૂંકપનો આંચકો નોધાયો હતો. ૩.૨ની તીવ્રતાના ભૂકંપે ભાવનગર અને ઘોઘા તાલુકાના બોર્ડર પરના કેટલાક ગામની ધરા ધ્રુજાવી હતી. ભૂકંપ આવ્યો હોવાની વિગતો સોશિયલ મીડિયા પર લોકોએ એકબીજા સાથે શેર કરી હતી. દરમિયાનમાં ભાવનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ભાવનગર સોમનાથ હાઈવે પર આવેલા કોબડી ટોલનાકાથી ભડી વચ્ચે અંદર વાડી વિસ્તારમાં આ ભૂંકપનું કેન્દ્રબિંદુ નોંધાયું છે.

ભાવનગરમાં ગ્રામ્ય પંથકમાં ભુંકપ આવ્યો હોવાના સમાચાર પ્રસરતા જ પૂછતાછ ચાલુ થઇ હતી, ભાવનગર ડિઝાસ્ટર વિભાગમાં સતત કોલ ચાલુ થયા હતા,ત્યારે આ અંગે તપાસ કરાતા ભૂંકપની ઘટના નોધાઈ હોવાનું બહાર આવ્યું હતું, ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર કોબડી ટોલનાકાથી ભડી ભંડારિયા જતા વચ્ચેના ભાગે વાડી વિસ્તારમાં કેન્દ્ર બિંદુ હોવાનું સુત્રોએ જણાવ્યુ હતુ. ઉખરલાથી ત્રાંબક વચ્ચે કેન્દ્રબિંદુ નોંધાયું હતું. જેની ઉંડાઈ ૧૧.૭ કિ.મી.નોધાઇ છે, તેમજ આ ભૂંકપની અસર ૯.૫૨ કલાકે નોંધાઇ હતી. આ ભૂંકપની અસર આસપાસના ડઝન જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં અનુભવાઇ હતી. ભુંકપના પગલે નુકસાની અંગેના કોઇ અહેવાલ નહિ હોવાનું ડિઝાસ્ટર ડિપાર્ટમેન્ટના સૂત્રોએ જણાવ્યુ હતુ.

# કાંકરેજના રાણકપુરની કેનાલમાં માતાએ બે સંતાનો સાથે ઝંપલાવ્યું

## એક બાળકનો બચાવ, માતા અને અન્ય બાળકની શોધખોળ શરૂ

ડીસા, તા.૧૦

કાંકરેજના રાણકપુર પાસેથી પસાર થતી કેનાલમાં બે સંતાનો સાથે એક માતાએ ઝંપલાવ્યું હતું. સ્થાનિક મહિલાઓએ સાડી નાખી એક બાળકને બચાવી લીધું હતું. જ્યારે માતા અને અન્ય બાળક લાપતા થતા તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જે મહિલાએ કેનાલમાં ઝંપલાવ્યું છે તે, વાવ તાલુકાના બિયોક ગામની રહેવાસી હોવાનું અને કચ્છથી પરત આવતી સમયે કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું બહાર આવ્યું છે. કાંકરેજ તાલુકાના રાણકપુર પાસે પસાર થતી નર્મદા કેનાલ પર એક મહિલાએ બે સંતાનો સાથે ઝંપલાવ્યું હતું. મળતી માહિતી મુજબ કચ્છથી બસમાં આવી રહેલી મહિલાએ પોતાના બે સંતાનો સાથે કાંકરેજના રણકપુર ખાતે ઉતરી બે સંતાનો સાથે કેનાલમાં ઝંપલાવ્યું હતું. ઘટનાસ્થળ પર હાજર સ્થાનિક મહિલાઓ દ્વારા સાડીઓ બાંધી પાણીમાં નાખી એક દસ વર્ષના બાળકને તો બચાવી લીધું પરંતુ પાણીનું વહેણ વધારે હોવાના કારણે એક બાળક અને મહિલા આગળ નીકળી ગયા હતા. ગઈકાલ સાંજની ઘટના બાદ હજુ સુધી વહીવટી તંત્ર અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા એક બાળક અને મહિલાની શોધખોળ ચાલુ છે. આ મહિલા વાવ તાલુકાના બિયોક ગામની હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે લોકોના ટોળેટોળા કેનાલ ઉપર ઉમટી પડ્યા હતા.

# ડુપ્લીકેટ નાયબ કલેક્ટર સામે વધુ એક ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સારોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ.એસ.આઈ કલાભાઈ જાતરીયાભાઈએ ગતરોજ ગાંધીનગર નાયબ કલેક્ટર તરીકે ખોટી ઓળખ આપનાર હેતલ સંજય શંકર ચૌધરી (રહે, રાજભવન સરકીય હાઉસની બાજુમાં ગાંધીનગર તેમજ પ્રમુખસ્વામી સોસાયટી મુસા રોડ ચૌધરી સમાજની વાડી સામે વ્યારા) સામે રાજ્યસેવકની ખોટી ઓળખ આપવા મામલે ફરિયાદ નોધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે આરોપી હેતલ ચૌધરીએ ગત ૩૦ માર્ચના રોજ સવારે સાડા દસથી દોઢ વાગ્યાના આરસામાં પોલીસ સ્ટેશનમાં પોતાનો મોબાઈલ સ્નેચીંગ અંગે ફરિયાદ આપવા માટે આવી હતી. તે વખતે ફરિયાદમાં પોતે ગાંધીનગર ખાતે નાયબ કલેક્ટર તરીકે નોકરી કરી છે. તેમ જણાવી પોતે રાજ્ય સેવક તરીકે હોદ્દો ધરાવતી નથી તે જાણવા છતાંયે પોતાની ખોટી ઓળખ રાજ્ય સેવક તરીકે ગાંધીનગર નાયબ કલેકટર તરીકે આપી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે હેતલ ચૌધરીએ રિંગ રોડ માન દરવાજા મમતા હોસ્પિટલની સામે ચામુંડા જવેલર્સના માલીકને પણ ગાંધીનગરમાં નાયબ કલેક્ટર તરીકે ઓળખ આપી રૂપિયા ૧૨.૩૮ લાખના દાગીના ખરીદી ચુનો લગાવ્યો હતો. જે ગુનામાં સલાબતપુરા પોલીસે તેની ધરપકડ કરી હતી.

ભારતના મુખ્ય રાજકીય પક્ષો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની કાળજીપૂર્વક તપાસ કરવાથી અમને આ પક્ષોના ચૂંટણી એજન્ડાની સમજ મળે છે. સ્વતંત્ર ભારતની સૌથી નિર્ણાયક ચૂંટણી તરીકે માનવામાં આવતી આ રાજકીય હરીફાઈ ચાલી રહી છે. ભાજપનું પ્રવચન રામ મંદિર, મુસ્લિમ તુષ્ટિકરણ, અને તેઓ જેને ભ્રષ્ટ તરીકે વર્ણવે છે તે પાર્ટીના વિશે ઉપહાસ અને નિંદા, વિશ્વમાં ભારતની વધતી પ્રતિષ્ઠા વિશે ખોટ નિવેદનો, ખેડૂતોને દર વર્ષે રૂા.૬૦૦૦, શૌચાલય, ગેસ કનેક્શન જેવા મુદ્દાઓ પર છે. કોંગ્રેસની ઝુંબેશ નવી ન્યાય વ્યવસ્થા પર આધારિત છે - કિસાનન્યાય, મઝદૂરન્યાય, નારીન્યાય, યુવા ન્યાય અને હિસેદારી (પ્રતિનિધિત્વ). તે ચૂંટણી બોન્ડ્સ, કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ, ભાજપનું વોશિંગ મશીન, બેરોજગારી, ઊંચા ભાવ, ચીની ઘૂસણખોરી, કૃષિ સંકટ, મહિલા સશક્તિકરણ, અગ્નિવીર યોજના, કામદારોનું કલ્યાણ, સંઘવાદ અને ક્રોની મૂડીવાદ માટેના જોખમની વાત કરે છે. ભાજપના પ્રચારમાં પ્રબળ થીમ નિઃશંકપણે રામ મંદિર, તુષ્ટિકરણ અને વિપક્ષનું કલંકિત જોડાણ છે, કોંગ્રેસનું વર્ણન તેના ૨૫-પોઈન્ટ પ્રોગ્રામ પર આધારિત છે કે તેઓ દલીલ કરે છે કે ખેડૂતો, મહિલાઓ, કામદારો અને યુવાનોના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવશે. તે સામાજિક ન્યાય વિશેની મહત્વપૂર્ણ ચિંતાઓને સંબોધશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને તેમના સર્વોચ્ચ નેતા રાહુલ ગાંધીના ભાષણો સાથે સરખામણી કરવામાં આવે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાનાં ભાષણો અલગ છે. સંદર્ભની ફ્રેમ અલગ છે, તેથી ચૂંટણી પ્રચાર માટેનો અભિગમ પણ અલગ છે. તેમના સૂત્રો પણ આંતરિક રીતે વિરોધાભાસી અભિગમને દર્શાવે છે. આદર્શ આચારસંહિતા ગમે તેટલી હોય, ધર્મનું આહ્વાન વડાપ્રધાન દરેક સ્થાને પ્રદર્શિત કરે છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઘણી રેલીઓમાં, વડાપ્રધાને કહ્યું, "રામનવમી મેં પ્રભુ રામ તંબુ મેં નહીં, ભવ્ય મંદિર મેં રહેંગે



(રામ નવમી દરમિયાન, ભગવાન રામ મંદિરમાં હશે, તંબુમાં નહીં). તેમણે અયોધ્યામાં રામ મંદિરના અભિષેક સમારોહમાં હાજરી આપવા માટેના આમંત્રણને નકારી કાઢનાર "ઘમંડી" પક્ષોને સજા કરવા માટે મતદારોને વારંવાર કહ્યું છે એટલું જ નહીં, કોંગ્રેસે આ પ્રસંગે હાજર રહેવા માટે પાર્ટીના એક નેતાને હાંકી કાઢ્યા હોવાનો આક્ષેપ કરીને તથ્યોને ખોટી રીતે રજૂ કર્યા હતા. તેઓ સંભવતઃ ઉત્તરપ્રદેશના એક કોંગ્રેસી નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના કારણે હાંકી કાઢવામાં આવ્યા હતા. કૃષ્ણમ મહિનાઓથી ટોચના નેતૃત્વ પર પ્રહારો કરી રહ્યા હતા અને કોંગ્રેસ પર હિંદુ વિરોધી હોવાના આરોપો લગાવ્યા હતા. કોંગ્રેસે વડાપ્રધાનને રામ વિરોધી તરીકે ખોટી રીતે દર્શાવવા બદલ તેમની સામે પગલાં લેવા ચૂંટણી પંચને અરજી પણ કરી હતી. સમકાલીન મુદ્દાઓને અવગણીને ધાર્મિક આધાર પર ભાગલા માટે કોણ જવાબદાર હતું? કાશ્મીર સમસ્યા કોણે ઊભી કરી? તુષ્ટિકરણ માટે આતંકવાદીઓને કોણે રક્ષણ આપ્યું? તેઓ મોંઘવારી જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરે છે અને કહે છે કે, કોંગ્રેસ મોંઘવારીનો અર્થ પણ સમજી શકતી નથી. હું એક ગરીબ પરિવારમાંથી આવ્યો છું, મને પાકું ઘર ન હોવાની, દવા ખરીદવાના પૈસા ન હોવાની પીડા ખબર છે. તેથી મેં ગરીબોના પ્રશ્નોના નિરાકરણનો સંકલ્પ લીધો. તેમણે દાવો કર્યો હતો કે તેમના શાસનમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, જે આંકડા પ્રાયોગિક પુરાવા પર આધારિત નથી અને સ્વતંત્ર એજન્સીઓ દ્વારા સમર્થિત નથી. પરંતુ વડાપ્રધાન તેમના ઉચ્ચ વક્તૃત્વ દ્વારા "મહંગાઈ" પરના જટિલ પ્રશ્નોને દબાવે છે; ગગડતો રૂપિયો, એલપીજીના ભાવ રૂા.૧૧૦૦ને પાર કરવા અને પેટ્રોલ-ડીઝલ રૂા.૧૦૦ પ્રતિ લીટરને સ્પર્શવા જેવા મુદ્દાઓ અંગે વાત કરતાં નથી. બધું મોંઘું થઈ ગયું છે; ટ્રેનની મુસાફરીથી દવા, કઠોળથી શાકભાજી, દૂધથી ખાદ્ય તેલ પણ ભાજપ તેને સ્વીકારતું નથી. ભ્રષ્ટાચાર પર પણ, તેઓ સ્પષ્ટ વાત કરતા નથી. જો આજે પ્રશ્નો ઈલેક્ટોરલ બોન્ડ્સ અને પેગાસસ, આરટીઆઈ અને લોકપાલની નિરર્થકતા વિશે છે, તો જવાબ છે દિલ્હીમાં દારૂનું કૌભાંડ અને ઝારખંડમાં જમીન હડપ. કર્ણાટક અને મધ્યપ્રદેશમાં ભ્રષ્ટાચારના અસંખ્ય આરોપોનો ઉલ્લેખ ન તો ભાજપ કે ન તો મીડિયાએ કર્યો છે. બીજેપીના પ્રવચનમાં જે અન્ય મુદ્દાઓ છે - કલમ ૩૭૦, કાચથીવુ, સંદેશખાલી, કેટલાક દિગ્ગજોને ભારત રત્નનો ઈન્કાર અને રાહુલ ગાંધીની કલ્પના અથવા વાસ્તવિક અપરિપક્વતા. કૉંગ્રેસના નિવેદનનું માળખું સાવ અલગ છે. તેના મુખ્ય મુદ્દાઓ દરેક સ્નાતક અને ડિપ્લોમા ધારકોને એપ્રેન્ટિસશીપ સાથે એક વર્ષ માટે રૂા.એક લાખ, ગરીબ મહિલાઓને દર વર્ષે રૂા.૧ લાખ, દરરોજનું લઘુત્તમ વેતન રૂા.૪૦૦, કામદારો માટે આરોગ્યનો અધિકાર, ખેડૂતો માટે એમએસપી કાયદો, સલામતી છે. પક્ષ પરંપરાગત સાંપ્રદાયિક-સાંપ્રદાયિક રેટરિકથી આગળ વધી ગયો છે પરંતુ ન્યાય અને બંધારણીય અધિકારોના સંદર્ભમાં બિનસાંપ્રદાયિકતાનો ત્યાગ કર્યો નથી. તે ૧૬ લાખ કરોડનું કોર્પોરેટ દેવું માફ કરવા, મિત્રોને રાષ્ટ્રીય સંપત્તિ સોંપવા, વિરોધીઓને હેરાન કરવા અને પક્ષોને તોડવા માટે કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરવા અને ચીનની ઘૂસણખોરી નકરવા માટે ભાજપ પર હુમલો કરે છે. આ લોકો-કેન્દ્રિત, મુદ્દા આધારિત પ્રવચન છે. કોંગ્રેસની સફળતા તેના રચનાત્મક એજન્ડામાંથી ભાજપને છટકી જવાને રોકવાની તેની ક્ષમતા પર આધારિત છે. ૨૦૧૯માં, જ્યારે કોંગ્રેસનું વર્ણન વર્તમાન જેટલું વ્યાપક ન હતું, ત્યારે ભાજપે પુલવામા પછીના તબક્કામાં સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા મતો મેળવ્યા હતા. જો આવા શક્તિશાળી મુદ્દાઓ ફરી ન આવે તો, કોંગ્રેસનાં મહત્વપૂર્ણ મુદ્દાઓ ચૂંટણીને પ્રભાવિત કરશે, અને ભાજપને અનિશ્ચિત સ્થિતિમાં મૂકશે.

# 'અમે કોઈ બહારના નથી' : રાજ્યની બહાર આશ્રય લઈ રહેલા મણિપુરીઓની લોકસભા ચૂંટણીમાં મતદાન કરવાની ઈચ્છા છે

### રાજ્યમાં રાહત શિબિરોમાં રહેતા વિસ્થાપિત લોકો ચૂંટણીમાં મતદાન કરી શકશે, પરંતુ જે લોકો રાજ્યની બહાર વિસ્થાપિત થઈને રહે છે અને ડરના કારણે ઘરે પરત ફરી શકતા નથી, તેમના માટે મતદાનની કોઈ વ્યવસ્થા નથી, અધિકારીઓ કહે છે કે, તેમના માટે મત આપવાનું શક્ય નથી

(એજન્સી) ઈમ્ફાલ/નવી દિલ્હી, તા.૧૦

ગયા વર્ષે અથડામણો ફાટી નીકળ્યા પછી જેમને તેમનું રાજ્ય છોડવાની ફરજ પડી અને અન્ય તરફ ભાગી ગયા હતા, તે મણિપુરીવાસીઓની ઉદાસીન વિનંતી છે કે, 'અમારી સાથે બહારના લોકો જેવું વર્તન ન કરો.' દેશના કેટલાક ભાગો હિંસાથી બચીને જતા રહેલા વિસ્થાપિતોને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવું છે પરંતુ તે માટેની કોઈ જો જોગવાઈ ન હોવાને કારણે તે મતદાન કરી શકતા નથી. મણિપુરમાં ૨૦૧૯ની ચૂંટણીમાં ૮૨% ઉપર મતદાન નોંધાયું હતું. આ વખતે વંશીય હિંસાએ કેટલાક નાગરિક સમાજ જૂથો અને વિસ્થાપિત લોકો સાથે પડછાયો પાડ્યો છે જે વર્તમાન સંજોગોમાં ચૂંટણી યોજવાની સુસંગતતા પર પ્રશ્ન ઉઠાવે છે. કુકી-ઝો અને મેઈતેઈ બંને જૂથોના નેતાઓએ ચૂંટણી પંચ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હોવાથી રાજ્યની બહાર આશ્રય લેનારાઓ કહે છે કે, જો અન્ય કોઈ વ્યવસ્થા ન થઈ શકે તો તેમને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની મંજૂરી આપવી જોઈએ. દિલ્હીમાં રહેતા બિરેન ચંદમ નામના એક મણિપુરી કહે છે કે, 'હું દિલ્હી આવ્યો અને અહીં નોકરી મળી જ્યારે મારો પરિવાર પડોશી મિઝોરમમાં રહેવા ગયો છે. અમે અમારા ઘરે પાછા જવાની ઈચ્છા રાખીએ છીએ પણ તે ક્યારે પૂર્ણ થશે તે અત્યારે ખબર નથી પણ અમે અમારા રાજ્યને મત આપી શકતા નથી કેમ? ચૂંટણીઓ કાં તો મુલતવી રાખવી જોઈએ અથવા તો આપણે જ્યાં પણ હોઈએ ત્યાંથી મત આપી શકીએ તેવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ. અમને અમારા જ ગૃહ રાજ્યમાં બહારના લોકો હોવા જેવો અહેસાસ કરાવવામાં આવી રહ્યો છે. અમને બહારના લોકો જેવો અનુભવ ન કરાવો.' મણિપુરના એક આદિવાસી કુમથાઈ જે હવે મિઝોરમમાં રાહત શિબિરમાં રહે છે, તેમણે કહ્યું, 'અમે એક અલગ રાજ્યમાં આશરો લીધો હતો કારણ કે, અમારૂં રાજ્ય સળગી રહ્યું હતું. અગિયાર મહિના પછી પણ પરિસ્થિતિ હજી પણ પાછા ફરવા માટે અનુકૂળ નથી. જ્યાં સુધી આપણે આપણા માટે યોગ્ય પગલાં લેવા વાળી, યોગ્ય વ્યક્તિને મત નહીં આપીએ ત્યાં સુધી આપણે આ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર આવી શકીએ?' આ મહિનાની શરૂઆતમાં કુકી-ઝો સમુદાયના દસ મણિપુર ધારાસભ્યોએ ચૂંટણી પંચને રાજ્યની બહાર પથરાયેલા સમુદાયના વિસ્થાપિત સભ્યોને દેશભરમાં જ્યાં પણ આશ્રય લીધો હોય ત્યાંથી મતદાન કરવા દેવા જણાવ્યું હતું. ધારાસભ્યોએ જણાવ્યું હતું કે, 'જો દેશના વિવિધ ભાગોમાં આશ્રય લઈ રહેલા અમારા વિસ્થાપિત લોકો માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે તો અમારા ઘણા સાચા મતદારો બંધારણ હેઠળ પ્રદાન કરવામાં આવેલ તેમના મતાધિકારનો ઉપયોગ કરવાના તેમના બંધારણીય અધિકારોથી વંચિત રહેશે.' એક મેઈતેઈ નાગરિક સમાજ જૂથે પણ મતદાન પેનલને પત્ર લખીને પૂછ્યું છે કે, પોસ્ટલ બેલેટની સુવિધા રાજ્યની બહાર રહેતા મણિપુરના મતદારો સુધી પણ લંબાવવામાં આવે. મેઈતેઈ હેરિટેજ સોસાયટીએ તાજેતરમાં જણાવ્યું હતું કે, રાજ્યની બહાર રહેતા મતદારો માટે મોંઘી ફ્લાઈટ્સ લેવી અશક્ય છે અને માર્ગ મુસાફરી સંપૂર્ણપણે અસુરક્ષિત છે. સોસાયટીએ તીવ્ર વંશીય વિભાજનનો ઉલ્લેખ કરતા લખ્યું, 'અન્ય ઘણા લોકો પણ સુરક્ષાની ચિંતાઓને કારણે મત



આપવા માટે મણિપુરની મુસાફરી કરી શકતા નથી, જેના કારણે મેઈટીસ કુકી-ઝો-પ્રભુત્વ ધરાવતા પહાડી વિસ્તારોમાંથી રસ્તા દ્વારા પસાર થઈ શકતા નથી, જ્યારે સભ્યો એરપોર્ટ ઈમ્ફાલ ખીણમાં હોવાથી કુકી-ઝો આદિવાસીઓએ ફ્લાઈટ્સની સેવા લેવાનું બંધ કરી દીધું છે. રાજ્ય સરકારના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યની બહારના લોકો માટે મત સુવિધાનો વિસ્તાર કરવો શક્ય નથી. એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, 'રાજ્ય છોડનારા લોકોની કોઈ સત્તાવાર સંખ્યા નથી. કેટલાક ઈમ્ફાલથી નીકળી ગયા, કેટલાક મિઝોરમમાંથી ગયા. અમારી પાસે ગણતરી નથી. લોજિસ્ટિકલ કારણોસર તેમના માટે મતદાનની વ્યવસ્થા કરવી શક્ય જણાતી નથી.' મિઝોરમ ગૃહ વિભાગનો અંદાજ છે કે, પડોશી મણિપુરમાંથી ઓછામાં ઓછા ૯૧૯૬ પુખ્ત વયના લોકો અને બાળકોએ રાજ્યના વિવિધ ભાગોમાં આશ્રય લીધો છે. મણિપુરના મુખ્ય ચૂંટણી અધિકારી પ્રદીપકુમાર ઝાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં રાહત શિબિરોમાં રહેતા ૨૪,૦૦૦થી વધુ વિસ્થાપિત વ્યક્તિઓ આગામી ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક જણાયા છે. તેમણે કહ્યું કે, જે લોકો હિંસા બાદ રાજ્ય છોડી ગયા છે તેમના માટે મતદાનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. તેમણે અલગ-અલગ ક્વાર્ટરમાંથી આ સુવિધા માટેની માગણીઓ અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી. સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે, તે મણિપુરમાં વંશીય ઝઘડાને કારણે આંતરિક રીતે વિસ્થાપિત થયેલા લગભગ ૧૮,૦૦૦ લોકો માટે મતદાનની સુવિધા માંગતી અરજી પર સુનાવણી કરશે. 'હું તમને વહેલી તારીખ આપીશ,' ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે વકીલને કહ્યું હતું. પહાડી રાજ્યમાં ગયા વર્ષે ૩ મેથી બહુમતી મેઈતેઈ સમુદાય અને કુકીઓ વચ્ચે છૂટાછવાયા, ક્યારેક તીવ્ર, વંશીય અથડામણો જોવા મળી છે, જેના પરિણામે ૨૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. જ્યારે મેઈટીસ ઈમ્ફાલ શહેરમાં કેન્દ્રિત છે, ત્યારે કુકીઓ પહાડીઓ પર સ્થળાંતરિત થયા છે. મણિપુરમાં બે લોકસભા બેઠકો આંતરિક મણિપુર અને બાહ્ય મણિપુર (આદિવાસીઓ માટે આરક્ષિત) છે. ૧૯ એપ્રિલે મતદાનના પ્રથમ તબક્કામાં આંતરિક મણિપુર સંસદીય મતવિસ્તારમાં મતદાન યોજાશે અને બાહ્ય મણિપુરમાં ૧૯ એપ્રિલ અને ૨૬ એપ્રિલ એમ બે તબક્કામાં મતદાન થશે. (સૌ. :- ધ હિન્દુ.કોમ)

# સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ દારૂ કૌભાંડમાં પૂર્વ IAS અધિકારી વિરૂદ્ધ PMLA કેસ રદ કર્યો

(એજન્સી) રાંચી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે સોમવારે છત્તીસગઢમાં રૂા.૨,૦૦૦ કરોડના કથિત દારૂના કૌભાંડમાંથી ઉદ્ભવતા મની લોન્ડરિંગ કેસને રદ કર્યો હતો જેમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તપાસ કરવામાં આવેલા લોકોમાં પૂર્વ IAS અધિકારી અનિલ તુટેજા અને તેમના પુત્ર યશ તુટેજા સામેલ હતા. કોર્ટે જણાવ્યું હતું કે તેમના પર જે ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે તે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ના શેડ્યૂલમાં આવતા નથી અને તેથી અધિનિયમ દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ કોઈપણ ગુનાની કાર્યવાહી થઈ શકતી નથી. કોઈ સુનિશ્ચિત ગુનો ન હોવાથી PMLAની કલમ ૨ની કલમ (u)ના અર્થ મુજબ ગુનાની કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. જો ગુનાની કોઈ કાર્યવાહી ન હોય, તો દેખીતી રીતે પીએમએલએની કલમ ૩ હેઠળ ગુનો બનતો નથી. જસ્ટિસ એએસ ઓકા અને ઉજ્જવલ ભુયાનની બેન્ચે જણાવ્યું હતું. તેમાં કોઈ વિવાદ



નથી કે IPCની કલમ 120B સિવાયનો કોઈ ગુનો સુનિશ્ચિત ગુનો નથી. ખંડપીઠે કહ્યું કે કલમ 120B (ગુનાહિત કાવતરૂં)ને અનુસૂચિત અપરાધ ગણવા માટે કાવતરૂં પીએમએલએ શિડ્યુલમાં આવતા અપરાધને અંજામ આપતું હોવું જોઈએ. આ કેસમાં અનુસૂચિમાં સમાવિષ્ટ ગુનાનો બદલો લેવા અપરાધનું ષડયંત્ર રચવાનો આરોપ મુકવામાં આવ્યો છે. ઉપરોક્ત ફરિયાદના ECIR (એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ)ની વિષય વસ્તુ એ જ ગુના પર આધારિત છે કોર્ટે કહ્યું, ઉમેર્યું કે ત્યાં કોઈ સુનિશ્ચિત ગુનો નથી. ED વતી હાજર એડિશનલ સોલિસિટર જનરલ એસ વી રાજુએ બેન્ચને જણાવ્યું હતું કે અન્ય એફઆઈઆરના આધારે જેમાં સુનિશ્ચિત ગુનાનો સમાવેશ થાય છે. પીએમએલ એ હેઠળ ફોજદારી કાર્યવાહી શરૂ થવાની સંભાવના છે. જો કે કોર્ટે કહ્યું, અમારે જે કાર્યવાહી શરૂ થવાની સંભાવના છે તેની કાયદેસરતા અને માન્યતાના મુદ્દામાં જવું જરૂરી નથી અને તેથી તે વતી તમામ દલીલો ખુલ્લા રાખવામાં આવે છે. એએસજીએ કહ્યું કે કેસની સુનાવણી કરી રહેલી વિશેષ અદાલતે અત્યાર સુધી ફરિયાદની નોંધ લીધી નથી. તેમણે કહ્યું કે સ્પેશિયલ કોર્ટ સંજ્ઞાન લેવું કે નહીં તે નક્કી કરે તે પહેલાં આરોપી SCનો સંપર્ક કરી શકે નહીં. સુપ્રીમ કોર્ટે જવાબ આપ્યો : આ કિસ્સામાં પ્રથમ દૃષ્ટિએ, સુનિશ્ચિત ગુનો અસ્તિત્વમાં નથી. તેથી ગુનાની કાર્યવાહી કરી શકાતી નથી. આના પરથી તે અનુસરે છે કે PMLAની કલમ ૩ હેઠળ કોઈ ગુનો કરી શકાતો નથી. તેથી સ્પેશિયલ કોર્ટને તેનું મન લાગુ કરવા નિર્દેશ આપીને આ હેતુ પૂરો કરવામાં આવે છે.

### મોરબીમાં પાટીદાર સમાજના યોજાયેલ મહાસંમેલનમાં

# કટ્ટરવાદી કાજલ હિન્દુસ્તાનીને 'કાફર પાકિસ્તાની'નું ઉપનામ અપાયું : કાજલ ભૂલ સ્વીકારી માફી માંગે

## મોરબી પાટીદાર સમાજની દીકરીઓ પર કરેલ ટિપ્પણીનો વિવાદ વધુ વકર્યો, હિન્દુની દીકરી થઈને હિન્દુ દીકરીઓ ઉપર જે વાણીવિલાસ કર્યો છે જે હિન્દુ સંસ્કૃતિના લક્ષણ નથી : પાટીદાર અગ્રણી ટી.ડી. પટેલ

મોરબી, તા.૧૦

કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ પર કરેલી ટિપ્પણીનો વિવાદ વધુ વકરી રહ્યો છે. અગાઉ પોલીસ મથકમાં અરજી કરવા ઉપરાંત પાટીદાર સમાજે રેલી કાઢી આવેદન પાઠવી માફીની માંગ કરી હતી. છતાં કાજલ હિંદુસ્તાનીએ માફી નહીં માંગતા આજે પાટીદાર સમાજે મહાસંમેલન યોજ્યું હતું, જેમાં કાજલ હિંદુસ્તાની માફી ના માંગે ત્યાં સુધી પાટીદાર સમાજના સ્ટેજ પર સ્થાન નહીં આપવા તેમજ કોર્ટમાં ૧૫ અલગ-અલગ ફરિયાદ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. જ્યારે પાટીદાર સમાજના અગ્રણીએ કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાનીનું ઉપનામ આપ્યું હતું.

મોરબીના બાપા સીતારામ ચોકમાં પાટીદાર સમાજનું મહાસંમેલન યોજાયું હતું, જેમાં પાટીદાર સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણીઓ, સંસ્થાના અગ્રણીઓ અને સિરામિક એસો.ના હોદ્દેદારો સહિતના આગેવાનો મહાસંમેલનમાં જોડાયા હતા. જે સંમેલનમાં કાજલ હિંદુસ્તાનીએ કરેલી અભદ્ર ટિપ્પણી અંગે રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો. પાટીદાર સમાજે એકસૂરે માફીની માંગ કરી હતી. જે મહાસંમેલન અંગે પાટીદાર અગ્રણી ટી.ડી. પટેલે જણાવ્યું હતું કે, કાજલ હિંદુસ્તાનીએ હિન્દુની દીકરી થઈને હિંદુ દીકરીઓ પર જે વાણીવિલાસ કર્યો છે જે હિંદુ સંસ્કૃતિના લક્ષણ નથી. આજથી અમે કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાની કહીશું. તેમજ જ્યાં સુધી માફી નહીં માંગે ત્યાં સુધી પાટીદાર સમાજના એકપણ કાર્યક્રમમાં સ્ટેજ પર સ્થાન ના આપવું તેવી પાટીદાર સમાજને અપીલ કરી હતી.

ઉમા મહિલા સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ, સરોજબેન મારડિયાએ જણાવ્યું હતું કે, સુરતની સભામાં કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ અને કોલેજની વિદ્યાર્થિનીઓ પર જે ગંભીર આક્ષેપો કર્યા તે નિંદનીય છે. આવી ઘટના મોરબીમાં બની જ નથી. કાજલબેન ભૂલ થઈ છે તે સ્વીકારી લો, મોટા અગ્રણીઓ પોતાના નિવેદન પરત લેતા હોય છે તો તેઓ કેમ માફી માંગતા નથી. ભૂલ સ્વીકારી માફી માંગે તેવી પાટીદાર સમાજની માંગ છે. ભૂલ નહીં સ્વીકારે તો આવનાર દિવસોમાં વડીલો અને આયોજકો જે કાર્યક્રમો યોજશે તેમાં સમાજ સાથે રહેશે.

સિરામિક એસો. પ્રમુખ મુકેશ કુંડારિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર દીકરીઓ પર ટિપ્પણી અંગે પાટીદાર સમાજે રેલી યોજી માફીની માંગ કરી હતી છતાં માફી નહીં માંગતા આજે મહાસંમેલન યોજાયું હતું. માફી ના માંગે તો કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવશે. આવનાર દિવસોમાં ૧૫ જેટલા પાટીદાર યુવાનો કેસ દાખલ કરશે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવ્યું હતું.

### અંકલેશ્વર બસ ડેપોમાં

# મુસાફરનું રૂપિયાનું ભરેલ પર્સ પરત કરી પોલીસ જવાને પ્રામાણિકતા બતાવી



અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બસ ડેપોમાં મુસાફરનું રૂપિયા સહિતની વસ્તુ ભરેલ પર્સ પરત કરી પોલીસ જવાને પ્રમાણિકતા બતાવી હતી. અંકલેશ્વરની ગાર્ડન સિટીમાં રહેતા શુશીલ ભાસ્કર સોનીના માતા વિમલાબેન સોની આજરોજ સવારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.બસ ડેપોમાંથી બસમાં બેસી ધુલિયા ખાતે જવા નીકળ્યા હતા. તે દરમિયાન વૃદ્ધાનું રૂપિયા અને અન્ય વસ્તુ ભરેલ પર્સ પડી ગયું હતું જે અંગે બસના કંડક્ટરે મહિલાની પરિવારજનોને જાણ કરી હતી જે બાદ આ પર્સ અંકલેશ્વર વાલિયા ચોકડી પાસે ફરજ બજાવતા પોલીસ જવાન નવનીત વસાવાને રૂપિયા અને અન્ય વસ્તુ ભરેલ પર્સ મળ્યું હતું. પોલીસ જવાને ભારે જહેમત ઉઠાવી શુશીલ સોનીનો સંપર્ક કરી તેઓને વાલિયા ચોકડી પાસે બોલાવી ખરાઈ કર્યા બાદ પર્સ સુપ્રત કર્યું હતું. પોલીસ જવાનની પ્રમાણિક્તા જોઈ વૃદ્ધાના દીકરાએ પોલીસ જવાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પાવીજેતપુરમાં ૪ વર્ષથી રખડતા અસ્થિર મગજના વૃદ્ધને નાગરિકની સજાગતાથી વડોદરા આશ્રમમાં મોકલાયા





પહેલા



પછી

(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુર, તા.૧૦

પાવીજેતપુરમાં છેલ્લા ચાર-પાંચ વર્ષથી એક મહારાષ્ટ્રિયન વૃદ્ધ ગાંડો ફરતો હોય જેને જોઈને ગામના યુવાને સુરતની સામાજિક સંસ્થાને ફોન કરી બોલાવી, નવડાવી નવા કપડાં પેહરાવી વડોદરા આશ્રમમાં હાલ મૂકવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ પાવીજેતપુર નગરમાં છેલ્લા ચાર પાંચ વર્ષથી એક વૃદ્ધ ગાંડો ખૂબ જ ગંદી પરિસ્થિતિમાં તૂટેલા, ફાટેલા કપડાં પહેરેલી હાલતમાં ફરતો હોય જેને નિહાળી પાવીજેતપુરના જ જાગ્રત યુવાન વસીમભાઈ ગુલામભાઈ ખત્રી (લક)નું હૃદય દ્રવી ગયું હતું દોઢ વર્ષ પૂર્વે તેઓએ સોશ્યલ મીડિયા ઉપર કેટલીક સંસ્થાઓનો સંપર્ક કર્યો હતો પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું ન હતું. જ્યારે આ અઠવાડિયામાં જ સુરતની સામાજિક સંસ્થા એવી એચ.આર.કે. હેલ્પ ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કરતા ૯ એપ્રિલના રોજ રાજકારિયા ભાઈ અને પંકજ સુતરીયાની ટીમ પાવીજેતપુરમાં આવી પહોંચી સૌપ્રથમ વસીમભાઈનો સંપર્ક કરી નગરની અંદર આ વૃદ્ધ ગાંડો ક્યાં છે ? તેની શોધખોળ આરંભી હતી જે છોટાઉદેપુર હાઈવે ઉપર મળી આવ્યો હતો ત્યાં પહોંચી તેની સાથે હિન્દી, ગુજરાતીમાં થોડી વાત કરી હતી. ત્યારે આ ગાંડો મરાઠી ભાષા બોલતા વસીમભાઈની દુકાનની આગળ ફ્રુટની લારી કરતાં મહારાષ્ટ્રીયન ભાઈને બોલાવવામાં આવ્યા હતા. તેઓએ સૌપ્રથમ વૃદ્ધનું નામ પૂછ્યું હતું. તેઓએ પોતાનું નામ વનાભાઈ જણાવ્યું હતું. તેઓ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના ચોપડા ગામના રહીશ છે. સુરતથી આવેલી ટીમે વનાભાઈનું વાતચીતથી દિલ જીત્યું હતું ત્યાર પછી વાળ કપાવવા અને નાહવા માટે તૈયાર કર્યા હતા. પંકજભાઈ સુતરીયાએ વનાભાઈના મશીનથી માથાના અને દાઢીના વાળ કાઢ્યા હતા તેમજ સ્નાન કરાવી વ્યવસ્થિત તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યાંથી તેઓને પોલીસ સ્ટેશનમાં લઈ જઈ વેરિફિકેશન કરી વડોદરા અપના ઘર આશ્રમમાં મોકલવામાં આવ્યા છે. એચ.આર.કે. હેલ્પ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ એવા રાજકારિયાને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે વનાભાઈ આશ્રમમાં રહેશે ત્યાં તેઓને રહેવા જમવાનું ફ્રી સેવા ઉપલબ્ધ મળશે, સાથે-સાથે દવા ચાલુ રહેશે જેનાથી તેઓની સ્થિતિ સ્ટેબલ થશે અને સોશિયલ મીડિયા ઉપર આ વિડીયો વાયરલ થશે અને એમના પરિવાર દ્વારા જોવામાં આવશે અને કનેક્શન થશે તો તેઓને તેઓના પરિવાર સાથે મિલન કરાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# બાજવાના ગોડાઉનમાં આગ લાગી ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કર્યો

## લાખોનું નુકસાન, સદનસીબે જાનહાનિ ટળી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરમાં મધરાત બાદ બાજવાના જી.જે. પટેલ એસ્ટેટના પેટ સોલ્યુશન નામના ગોડાઉનમાં આગ લાગી હતી. આ આગ લાગતા અન્ય ગોડાઉન પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. બેથી વધુ ફાયર ફાયટર સાથે લાશ્કરો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. સદનસીબે મોટી જાનહાની થતા ટળી હતી.

આગની ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા પાસે બાજવા ખાતે એક ગોડાઉનમાં આગ લાગ્યા બાદ નજીકનું બીજું ગોડાઉન પણ આગમાં લપેટાતા ફાયર બ્રિગેડ દ્વારા મેજર કોલ જાહેર કરી આઠ કલાક ઉપરાંતની કામગીરી કરવામાં આવી હતી. જે બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. જોકે આગ લાગવાનું કારણ અકબંધ રહેવા પામ્યું છે.

### રૂપાલાની ટિકિટ રદ નહીં કરાય તો ભાજપને ભોગવવું પડશે

# સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયાણી મહિલાઓએ ભાજપનો ખેસ સળગાવી વિરોધ કર્યો



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર, તા.૧૦

સમગ્ર ગુજરાત રાજ્યમાં પુરષોત્તમ રૂપાલાનો વિરોધ સતત વધતો જઈ રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર શક્તિ માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો અને ક્ષત્રિય સમાજની બહેનો એકઠા થઈ જો પુરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ નહીં કરવામાં આવે તો ભાજપને ભોગવવું પડશે તેવું આહ્વાન કર્યું હતું. ખાસ કરીને બહેનો દ્વારા જણાવવામાં આવ્યું છે કે પુરષોત્તમ રૂપાલાની ટિકિટ તાત્કાલિક રદ કરવામાં આવે નહીંતર આગામી દિવસોમાં જે સમાજના આગેવાનો નિર્ણય કરશે તે પ્રમાણેના કાર્યક્રમમાં રહેશે આ ટિકિટ રદ થવી જોઈએ તેવી ક્ષત્રિય સમાજની મહિલાઓની ઉગ્ર માંગ છે. સુરેન્દ્રનગર શક્તિ માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજના યુવકો અને મહિલાઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા છે અને આ જ મામલે શપથ લેવામાં આવ્યા છે અને ભાજપના ખેસ ઉતારી નાખી તેને સળગાવવામાં આવ્યા હતા. વર્ષોથી ભાજપમાં જોડાયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોએ પણ ખેસ ઉતારી નાખ્યા છે અને શપથ લીધા છે કે આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારને મતદાન નહીં કરે.

### ૧૩-જૂનાગઢ સંસદીય મતવિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે

# મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી તેમજ પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીનની નિમણૂક

જૂનાગઢ, તા.૧૦

ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા જનરલ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વરના નિમણૂક કરાઈ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૮ની બેચના આઈ.એ.એસ. મોહમ્મદ ઝુબેર અલી હાશ્મીની ૧૩-જૂનાગઢ સંસદીય વિસ્તારના નિરીક્ષક તરીકે નિમણૂક કરાઈ છે. જ્યારે લો એન્ડ ઓર્ડરની કામગીરીની દેખરેખ માટે પોલીસ ઓબ્ઝર્વર તરીકે ૨૦૦૭ની બેચના આઈ.પી.એસ.નાઝનીન ભસીનની નિમણૂક કરવામાં આવી છે. આમ આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શી તેમજ નિયમાનુસાર પૂર્ણ થાય તે હેતુ જનરલ ઓબ્ઝરર્વર મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી તેમજ પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીનની ૧૩-જૂનાગઢ સંસદીય વિસ્તારની કામગીરી ઉપર દેખરેખ રાખશે.

### પગાર સહિતના મુદ્દે પ્રદર્શન શરૂ

# પાનોલીની પ્રફુલ ઓવરસીસ કંપનીમાં કામદારોએ પુનઃ હોબાળો મચાવ્યો

## પોલીસની દરમિયાનગીરી છતાં યોગ્ય નિર્ણય ન આવતા કામદારોની ધીરજ ખૂટી

અંકલેશ્વર, તા.૧૦

પાનોલીની પ્રફુલ ઓવરસીસ કંપનીમાં પુનઃ કામદારોએ હલ્લાબોલ કર્યો છે. ૭ દિવસ પૂર્વે પગાર સહિત લાભો માટે કંપની સામે દેખાવો કર્યો હતો. કામદારો આગળ કંપની સંચાલકે નાદારી નોંધાવી કંપની બંધ કરી રહ્યા હોવાનો સુર આલાપ્યો હતો. ૨૦૦ જેટલા કામદારોને પગાર તેમજ ફાઈનલ સેટલમેન્ટના મુદ્દે કંપની આગળ વિરોધ પ્રદર્શન જારી રાખ્યું છે. પોલીસની દરમિયાનગીરી છતાં નિર્ણય ના આવતા કામદારો હવે ધીરજ ખૂટી રહી છે.

અંકલેશ્વરની પાનોલી જી.આઈ.ડી.સી.માં આવેલ પ્રફુલ્લ ઓવરસીસ કંપનીમાં ૨૦૦થી વધુ કામદારોને પગાર સહિતના લાભ નહીં આપવામાં આવતા છેલ્લા ૭ દિવસથી કંપની સામે જંગે ચડ્યા છે. પ્રફુલ્લ ઓવરસીસ કંપનીમાં સમગ્ર પ્લાન્ટમાં ૨૦૦થી કામદારો કામ કરે છે. જેઓને કંપની સત્તાધીશોએ અચાનક ૪થી એપ્રિલના રોજ છૂટા કરી દેતા તેઓએ હોબાળો મચાવ્યો હતો. ૬ થી ૧૦ વર્ષ સુધી કંપનીમાં કામ કરતા કામદારોને ૩ મહિનાનો પગાર અને અન્ય ભથ્થા નહીં ચૂકવાતા કામદારોએ ધરણા પ્રદર્શન યોજી વિરોધ નોંધાવ્યો હતો જે બાદ પોલીસ અને સત્તાધીશો વચ્ચે બેઠકમાં કંપનીના સત્તાધીશોએ બાંહેધરી આપી કામદારોને પગાર આપવાનું નક્કી થયું હતું પરંતુ ૨૦૦માંથી ફક્ત ૧૦ જ કામદારોને ચેક થકી પગાર ચૂકવ્યો હોવાના આક્ષેપ સાથે ફરી સાત દિવસ બાદ કામદારોએ કંપની ખાતે હોબાળો મચાવ્યો હતો અને પગાર સહિત અત્યાર સુધીનું વળતર ચુકવવાની માંગ કરી હતી. કામદારો દ્વારા જણાવ્યું હતું કે કંપની સંચાલક કંપની બંધ કરી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે. પગાર તેમજ ફાઈનલ સેટલમેન્ટ માટે તેઓ માટે થઈ જશે કહી રહ્યા છે. પણ આપી નથી રહ્યા. યોગ્ય જવાબ ના આપતા આજે પુનઃ તેઓ એ દેખાવો યોજયા હોવાનું જણાવ્યું હતું.

# વીરપુર પોલીસ સ્ટેશન ખાતે ડી.જે. સંચાલકો સાથે બેઠક યોજાઈ



વીરપુર, તા.૧૦

વીરપુર પોલીસ સ્ટેશન ખાતે વિરપુર તાલુકાના ડી.જે. સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી આ બેઠકમાં વિરપુર પોલીસ સ્ટેશનના PSI ડી.જે.સંચાલકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું વધુમાં જણાવ્યું હતું કે સરકારના નિયમો મુજબ રાતે ૧૦ વાગ્યા પછી ડી.જે. વગાડવું નહીં અને સાથે રાત્રીના સમયે ડીજે સાઉન્ડનાં વોલ્યુમ સરકારના નિયમો મુજબ રાખવા તેમજ ડીજેની પરમિશન સરકારના નિયમો મુજબ સક્ષમ અધિકારીની કાયદેસરની પરમિશન લેવી સહિતની ડીજે સંચાલકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ બેઠકમાં વીરપુર પીએસઆઈ સહિત પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કાર ઓછા ભાવમાં અપાવવાની લાલચે

# એલેમ્બિકના કર્મી સાથે રૂા. ૨.૮૮ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

એલેમ્બિકમાં નોકરી કરતા કર્મચારીને બજાર ભાવ કરતા બે લાખ ઓછા કિંમતમાં કાર અપાવાનું કહીને સુરતના ઠગે રૂા.૨.૮૮ લાખ પડાવી લીધા હતા. કાર માટે કોઈ ડોક્યુમેન્ટસની માગણી નહી કરતા તેમને શંકા ગઇ હતી. શહેરના ન્યુ અલકાપુરી વિસ્તારમાં સમન્વય વેસ્ટ બ્રિજ સેવા રેસિડેન્સીમાં રહેતા મીત અશ્વીનભાઈ બગડાઈ એલેમ્બિક કંપનીમાં નોકરી કરે છે. તેમને એકટીવા ખરીદવા તેમના મિત્ર મીલનભાઈ જસાણી દ્વારા નીકુંજ કીરણભાઈ ભડીયાદ્રા (રહે. સુરત)ને વાત કરી હતી. ત્યારે તેણે અમીદીપ હોન્ડા શોરૂમ નાના વરાછા સુરતમાંથી એકટીવા બજાર ભાવ કરતા ૧૭ હજાર ઓછા ભાવમાં અપાવી હતી. જેથી તેમને નિકુંજ ભડીયાદ્રા પર વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ તેમને કાર ખરીદવાની હોય નિકુંજને વાત કરતા બજાર ભાવ કરતા બે લાખનો ફાયદો કરાવી આપવાનું કહીને તેમને લલચાવ્યા હતા. જેથી તેમના પર ભરોષો આવી ગયો હોય વર્ષ ૨૦૨૩માં તેઓ પાસે કાર બુક કરાવી હતી અને તેઓના કહ્યા મુજબ તેમના ખાતામાં રૂા.૨.૮૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. નિકુંજે કહ્યું હતું કે મારા ઓળખીતામાં ત્રણેક શોરૂમવાળા છે. તેમ કહી જાન્યુઆરી ૨૦૨૪માં ડીલીવરી આપી દેવાની વાત કરી હતી. પરંતુ ઠગે તેમની પાસે કોઈ પણ પ્રકારના ડોક્યુમેન્ટની માગણી કરી ન હતી. જેથી તેમને શંકા જતા તેના ફોન પર સંપર્ક કરતા સ્વીચ ઓફ આવતો હતો. ૧૦ દિવસ રાહ જોયા બાદ સુરત તેઓના ઘરે ગયા હતા અને તપાસ કરતા તેના માતા પિતા મળ્યા હતા. તેઓએ અમારો દીકરા ક્યાં છે તેની અમને ખબર નથી તેમ કહ્યું હતું. બાદમાં તેઓએ જાણવા મળ્યું હતું કે મિત્ર મીલનકુમાર શામજીભાઈ જસાણી (રહે.અટલાદરા વડોદરા)ને પણ નીકુંજ ભદીયાદ્રાએ બાઈકમાં ૩૦ હજારનો ફાયદો કરાવવાનં કહીને રૂા.૭૪ હજાર પડાવી લઈને ઠગાઈ કરી હતી. જેથી સુરતના ભેજાબાજ વિરૂદ્ધ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### માણાવદરના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે

# શેઢા ઉપર પડેલ માટી પ્રશ્ને ત્રણ શખ્સોનો પ્રૌઢ પર કુહાડીથી હુમલો

જૂનાગઢ, તા.૧૦

માણાવદર તાલુકાના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે આવેલ ખેતરમાં માટી ફોરવા બાબતે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. માણાવદર પોલીસે આપેલી વિગત અનુસાર, કરશનભાઈ માલદેવભાઈ મારડિયા (આહિર) (ઉ.વ.૪૫), રહે. કોયલાણા ગામની ઈલાસરી ધારવાળાએ વિરમભાઈ હાજાભાઈ સોલંકી, બાવનભાઈ વિરમભાઈ સોલંકી, દેવાણંદભાઈ દુદાભાઈ સોલંકી રહે. કોયલાણાવાળા વિરૂદ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી પોતાના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે આવેલ ખેતરમાં લેવલનું કામ કરતા હતા દરમ્યાન આરોપીઓ કુહાડીઓ લઈ આવી શેઢા ઉપર પડેલ માટી નહીં ફોરવા કહી જેમ ફાવે તેમ ગાળો બોલી ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૨એ કુહાડીથી એક ઘા ફરિયાદીને માથામાં મારી તથા આરોપી નં.૧ તથા ૩ નાએ પણ કુહાડીથી વાંસાના ભાગે માર મારી ઈજા કરી જતા જતા આજે તો તું બચી ગયો ફરીવાર અમારી સાથે ઝઘડો કરીશ તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદાર પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં ચેક રિટર્ન કેસમાં શખ્સને છ માસની કેદની સજા

## મૂળ રકમની દોઢી રકમ ચૂકવવા આદેશ

ભાવનગર, તા.૧૦

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા શખ્સને અદાલતે ચેક રિટર્નના કેસમાં છ માસની કેદની સજા અને મૂળ રકમની દોઢી રકમ ચૂકવવા આદેશ કર્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના સુભાષનગર, ભોળાનાથ સોસાયટીમાં રહેતા અશોકભાઈ ગોરધનભાઈ ગોહિલ પાસેથી કુંભારવાડામાં રહેતા સંજયભાઈ વિનોદભાઈ મકવાણા એ ગત તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજ રૂા.૩ લાખ ઉછીના લીધા હતા અને આ રકમ પેટે તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કુંભારવાડા શાખાનો ચેક આપ્યો હતો. આ ચેક અપૂરતા ભંડોળના કારણોસર પરત તથા અશોકભાઈ ગોહિલે તેમના વકીલ મારફતે ભાવનગરના જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં ધી નેગોસીએબલ એક્ટની કલમ ૧૩૮ અન્વયે કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં અદાલતે ફરિયાદ પક્ષના વકીલની દલીલો ધ્યાને લઈ આરોપી સંજય વિનોદભાઈ મકવાણાને કસુરવાર ગણી છ માસની કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમ રૂા.૪,૫૦,૦૦૦/-નો દંડ ફટકાર્યો છે.

# વડોદરા : પેરોલ રજા પર ગયા બાદ બારોબાર ફરાર થયેલ હત્યાના કેદીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પેરોલ રજા ગયા બાદ બારોબાર ફરાર થઇ ગયેલા કેદીને ક્રાઇમ બ્રાન્ચે પાણીગેટ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જેથી છેલ્લા વર્ષ ૨૦૦૮થી જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપી રહ્યો હતો. વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પેરોલ, ફર્લો તથા વચગાળાના રજા પરથી મુક્ત થયા બાદ પર જેલમાં હાજર નહી થઈને બારોબાર ફરાર થઇ ગયેલા કેદીઓને શોધી કાઢવાની ઉચ્ચ અધિકારી દ્વારા સુચના અપાઇ હતી. જેથી ક્રાઇમ બ્રાન્ચની ટીમ દ્વારા આ ફરાર થઇ ગયેલા કેદીઓને શોધખોળ કરી રહી હતી. આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૮માં નોંધાયેલા હત્યાના ગુનામાં આરોપી સલીમ ઉર્ફે વકીલ અબ્દુલગની વોરા (રહે. ભાલેજ આણંદ)ને વડોદરા સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. દરમિયાન ૧૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ૧૦ દિવસની પેરોલ રજા પર મુક્ત કરાયો હતો અને ૩૧ ડિસેમ્બરે ૨૦૨૩ના રોજ પરત જેલમાં હાજર થવાનું હતું. પરંત કેદી પરત હાજર નહી થઈ ફરાર થઇ ગયો હતો. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ફરાર કેદી પાણીગેટ વિસ્તારમાં આશ્રય લઇ રહ્યો છે. જેથી પોલીસની ટીમે પાણીગેટ શાકમાર્કેટ ખાતે વોચ ગોઠવી કેદી સલીમ વોરાને ઝડપી પાડ્યો હતો અને તેને સજા ભોગવવા માટે પરત વડોદરા સેન્ટ્રલ જેલમાં સોંપવામાં આવ્યો હતો.

# ગોડાદરામાં પાલિકાના કર્મચારીને માર મારનાર સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

શહેરના ગોડાદરા ત્રણ રસ્તા પાસે આવેલ ખોડીયાર નગર સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય ધનરાજ સુરેશભાઈ સોનવણે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવે છે. ગતરોજ ધનરાજભાઈ પોતાની ટીમ સાથે ગોડાદરા ત્રણ રસ્તા પાસે આવેલ મહર્ષિ આસ્તિક સ્કૂલના ગેટ પાસે સાફ-સફાઈ કરતા હતા. તે દરમિયાન ખોડીયાર નગર સોસાયટીમાં જ વસવાટ કરતો વિનોદભાઈ શ્રીવાસ્તવ અચાનક જ તેની પાસે આવ્યો હતો અને ધનરાજ ભાઈને એલ ફેલ ગાળો આપી બોલાચાલી કરી તેની સાથે ઝપાઝપી કરી ઢિકા મુક્કીનો ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં પરંતુ ધનરાજ ભાઈને ગળાના ભાગે તથા છાતી પર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી આખરે ભોગ બનનાર ધનરાજભાઈએ આ મામલે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સરકારી ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈદ મુબારક
લઘુમતીઓના અધિકાર માટે સતત કાર્યરત માયનોરીટી કો ઓર્ડિનેશન કમિટી (MCC) ગુજરાત
MCC MINORITY CO-ORDINATION COMMITTEE GUJARAT
9724766060, 7698901009, 9328416230
અબ્દુલ વહાબ અન્સારી, હુરાબેન દાની, મુજાહિદ નફીસ

રૂપાલાનો વિરોધ શાંત કરવા સૌપ્રથમ તા.૨૨મીએ રાજકોટમાં પ્રથમ સભા કરશે

# ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન મોદી હવે ચારથી વધુ સભાઓ ગજવશે

## રાજ્યના ચારેય ઝોનમાં તબક્કાવાર સભાની સાથે રોડ-શો પણ કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

દેશભરમાં ચૂંટણીનો માહોલ ગૂંજી રહ્યો છે. 'અબ કી બાર ૪૦૦ પાર'નો સિંહનાદ સાથે ભાજપ પ્રચારમાં લાગી ગયું છે. દેશભરમાં પીએમ મોદીની સભાઓ થઈ રહી છે. ગુજરાતમાં તેમની સભાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ત્યારે આ આતુરતાનો અંત હવે ટૂંક સમયમાં આવી જશે ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે. પીએમ હવે ગુજરાતના ચૂંટણીમાં જલ્દી જ પ્રચાર કરવા આવશે. ગુજરાતની ચૂંટણીમાં હાલ એક જ મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. એ છે રૂપાલા. રૂપાલાને કારણે ભાજપ વિરોધી જવાળા ભડકી છે. ત્યારે આ વિરોધમાં હવે પીએમ મોદીની એન્ટ્રી થશે. રાજકોટ વિવાદ વચ્ચે ૨૨ તારીખે સભા સંબોધી વડાપ્રધાન પ્રચારનો પ્રારંભ કરાવશે. ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે પીએમની ૧૦થી વધુ સભાઓ થશે. એક દિવસમાં ૨ સભાનો સાથે સાંજે રોડ શો યોજવામાં આવશે. ગુજરાતના ચાર ઝોન એટલે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

પીએમ મોદીના ગુજરાતમાં પ્રચારની એન્ટ્રીથી રૂપાલા વિવાદ શાંત થાય તેવું લાગી રહ્યું છે. ભાજપ હંમેશા એવુ કહે છે કે, મોદીના નામે વોટ મળે છે. ત્યારે હાલ ગુજરાતમાં રૂપાલા વિવાદની આગ પીએમ મોદીના આગમન બાદ આપોઆપ શાંત થઈ શકે છે. બાકી રાજ્યોમાં જેમ પીએમનો પ્રચાર ચાલી રહ્યો છે એજ રીતે ગુજરાતમાં પણ પ્રચાર કરાશે. પ્રથમ ચરણના મતદાન બાદ પીએમ સાથે ભાજપના તમામ સ્ટાર પ્રચારકો ગુજરાત આવશે. તમામ કેન્દ્રિયો મંત્રીની સાથે ભાજપના તમામ મુખ્યમંત્રી ગુજરાતમાં પ્રચાર કરશે. ભાજપ ના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં પણ જંગી જનસભા, રોડ શો, નુક્કડ સભા, ડોર ટુ ડોર પ્રચાર કરતાં દેખાશે. હાલ ગુજરાતના નેતાઓ પર દરેક બેઠક પર ૫ લાખ લીડથી જીતવાનું ટાર્ગેટ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સતત તમામ સંબોધનમાં આ ટકોર કરી રહ્યાં છે. તેમણે આજે પણ સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની વિધાસભા ચૂંટણીમાં કાર્યકર્તાઓની થોડીક આળસના કારણે ૧૮૨ બેઠકો વિધાનસભામાં ના જીતી શક્યા એનું દુઃખ છે. લોકસભા ચૂંટણીમાં સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરશે તેવી આશા છે.

ગુજરાત આવેલ કોંગ્રેસના પ્રભારીએ વોર રૂમનું ઉદ્‌ઘાટન કરતાં ભાજપ પર કર્યા પ્રહારો

# ભાજપ સરકાર ફરી સત્તામાં આવશે તો આ અંતિમ લોકસભા ચૂંટણી હશે : મુકુલ વાસનિક

## ભાજપ સરકારના ૧૦ વર્ષની કહાની ઈતિહાસમાં લખાશે અંધકારમય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

દેશભરમાં રાજકીય પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે વોર રૂમનું ઉદઘાટન કર્યું છે. ગુજરાતના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક અને શક્તિસિંહ ગોહિલે અમદાવાદ કોંગ્રેસ કાર્યાલયમાં વોર રૂમનું ઉદઘાટન કર્યું છે. વોર રૂમમાં મીડિયા રૂમ, સ્ટ્રેટેજી રૂમ સહિતના રૂમો તૈયાર કરાયા છે. કોંગ્રેસના પાંચ ન્યાયના મુદ્દાઓને લોકો સુધી લઈ જવામાં આવશે. વોર રૂમથી સોશિયલ મીડિયા પોસ્ટ, મતદાતાઓને ફોન થશે. મોટા નેતાઓના સોશિયલ મીડિયા અને પોસ્ટ વોર રૂમથી થશે. આ તકે ગુજરાત આવેલા મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે જો દુર્ભાગ્યથી નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટી ફરી સત્તામાં આવશે તો એ સ્વીકારવું પડશે કે આ અંતિમ લોકસભા ચૂંટણી



હશે તેમજ સરકારનાં ૧૦ વર્ષના કાર્યકાળની પણ વાત કરી હતી.

મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે દેશભરમાં પરિવર્તનનો માહોલ છે. જે દિવસથી ચૂંટણીપંચે ઔપચારિક તારીખોની જાહેરાત કરી ત્યારથી દેશના ખૂણે ખૂણે પરિવર્તનનો માહોલ જોવા મળી રહ્યો છે. ૧૦ વર્ષ પહેલાં અહીંના એક નેતાએ દેશની રાજનીતિમાં મહત્ત્વની જવાબદારી સંભાળી હતી. જ્યારે તેઓ અહીંથી જવાબદારી નિભાવવા નીકળ્યા ત્યારે તેમણે સમાજના તમામ વર્ગોને અલગ-અલગ રીતે વાયદાઓ આપ્યા હતા. તેમના કાર્યકાળનાં ૧૦ વર્ષ પર નજર કરીએ તો... જોવા મળશે કે દરેક વાયદા ક્યાંય પણ અમલની દિશામાં મૂકવા માટે સરકાર તરફથી કોઈ પ્રામાણિક પ્રયાસો કરવામાં આવ્યા નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે યુવાનો સાથે દગો, મહિલાઓને સુરક્ષાનું વચન આપવામાં આવ્યું હતું. તેમની સાથે દગો, ઉદ્યોગપતિઓ સાથે દગો કરવામાં આવ્યો, દેશમાં જીએસટી લાવવામાં આવ્યો, એનાથી વેપાર વધારવાને બદલે અવરોધો ઊભા થયા છે. આપણે બધાએ જોયું કે ખેડૂતો સાથે દગો થયો, કૃષિ કાયદો ખેડૂતોના પક્ષમાં નહોતો, એ ખેડૂતો વિરુદ્ધ હતો, આખરે સરકાર પર એટલું દબાણ હતું કે સરકારને આ કાયદો પાછો ખેંચવો પડ્યો હતો. ૨૦૨૨ના આંકડાઓ પર નજર કરીએ તો જાણવા મળ્યું છે કે આ એક વર્ષમાં ૧૧,૨૯૦ ખેડૂતે આત્મહત્યા કરી છે. ૨૦૧૪થી ૨૦૨૨ સુધીના ડેટા પર નજર કરીએ તો જાણવા મળે છે કે લગભગ એક લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ખેડૂતોને કહેવામાં આવ્યું હતું કે પાકને મોટો નફો આપવામાં આવશે તેમજ સમાજના દરેક વર્ગ, યુવાનો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ, મહિલાઓ, સમાજના વંચિત વર્ગ, પીડિત વર્ગ, જેમને મજબૂત ટેકાની જરૂર હતી તેમને તરછોડી દેવાયા, આ પ્રકારનો વિશ્વાસઘાત કર્યો. આ ૧૦ વર્ષની કહાની ઈતિહાસમાં લખાશે ત્યારે આ ૧૦ વર્ષ ખૂબ જ અંધકારમય હતાં, આ ૧૦ વર્ષ અન્યાયથી ભરેલાં હતાં, ૧૦ વર્ષ અરાજકતાથી ભરેલાં હતાં, ૧૦ વર્ષ નફરત ફેલાવવામાં, વિતાવવામાં પસાર કર્યાં હતાં. આ પ્રકારે ૧૦ વર્ષની કહાની લખવામાં આવશે. છેલ્લે તેમણે ઉમેર્યું જણાવ્યું હતું કે ભારતની લોકશાહી એક જબરદસ્ત પડકારનો સામનો કરી રહી છે. જો દુર્ભાગ્યથી નરેન્દ્ર મોદી અને ભાજપ ફરી સત્તામાં આવશે તો એ સ્વીકારવું પડશે કે આ અંતિમ લોકસભા ચૂંટણી હશે. ભાજપ આ દેશના બંધારણને ખતમ કરવાનું કામ કરશે. તેણે અગાઉનાં વર્ષોમાં પણ આવું જ કામ કર્યું છે, અમે સમજીએ છીએ કે લોકશાહી બચાવવા, માટે ભારતના બંધારણને બચાવવા માટે, જે આપણા તમામ સામાજિક વર્ગો માટે સમાનતા, ક્ષમતા, સામાજિક ન્યાય, રાજકીય ન્યાય અને આર્થિક ન્યાયનો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ બનાવ્યા છે. આજે તેની સામે પડકાર એ છે કે તેને બચાવવા માટે લોકસભાની ચૂંટણી ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

મોરબીમાં પાટીદાર સમાજના યોજાયેલ મહાસંમેલનમાં

# કટ્ટરવાદી કાજલ હિન્દુસ્તાનીને 'કાફર પાકિસ્તાની'નું ઉપનામ અપાયું : કાજલ ભૂલ સ્વીકારી માફી માંગે

## મોરબી પાટીદાર સમાજની દીકરીઓ પર કરેલ ટિપ્પણીનો વિવાદ વધુ વકર્યો, હિન્દુની દીકરી થઈને હિન્દુ દીકરીઓ ઉપર જે વાણીવિલાસ કર્યો છે જે હિન્દુ સંસ્કૃતિના લક્ષણ નથી : પાટીદાર અગ્રણી ટી.ડી. પટેલ

મોરબી, તા.૧૦

કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ પર કરેલી ટિપ્પણીનો વિવાદ વધુ વકરી રહ્યો છે. અગાઉ પોલીસ મથકમાં અરજી કરવા ઉપરાંત પાટીદાર સમાજે રેલી કાઢી આવેદન પાઠવી માફીની માંગ કરી હતી. છતાં કાજલ હિંદુસ્તાનીએ માફી નહીં માંગતા આજે પાટીદાર સમાજે મહાસંમેલન યોજ્યું હતું, જેમાં કાજલ હિંદુસ્તાની માફી ના માંગે ત્યાં સુધી પાટીદાર સમાજના સ્ટેજ પર સ્થાન નહીં આપવા તેમજ કોર્ટમાં ૧૫ અલગ-અલગ ફરિયાદ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. જ્યારે પાટીદાર સમાજના અગ્રણીએ કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાનીનું ઉપનામ આપ્યું હતું. મોરબીના બાપા સીતારામ ચોકમાં પાટીદાર સમાજનું મહાસંમેલન યોજાયું હતું, જેમાં પાટીદાર સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણીઓ, સંસ્થાના અગ્રણીઓ અને સિરામિક એસો.ના હોદ્દેદારો સહિતના આગેવાનો મહાસંમેલનમાં જોડાયા હતા. જે સંમેલનમાં કાજલ હિંદુસ્તાનીએ કરેલી અભદ્ર ટિપ્પણી અંગે રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો. પાટીદાર સમાજે એકસૂરે માફીની માંગ કરી હતી. જે મહાસંમેલન અંગે પાટીદાર અગ્રણી ટી.ડી. પટેલે જણાવ્યું હતું કે, કાજલ હિંદુસ્તાનીએ હિન્દુની દીકરી થઈને હિંદુ દીકરીઓ પર જે વાણીવિલાસ કર્યો છે જે હિંદુ સંસ્કૃતિના લક્ષણ નથી. આજથી અમે કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાની કહીશું. તેમજ જ્યાં સુધી માફી નહીં માંગે ત્યાં સુધી પાટીદાર સમાજના એકપણ કાર્યક્રમમાં સ્ટેજ પર સ્થાન ના આપવું તેવી પાટીદાર સમાજને અપીલ કરી હતી. ઉમા મહિલા સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ, સરોજબેન મારડિયાએ જણાવ્યું હતું કે, સુરતની સભામાં કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ અને કોલેજની વિદ્યાર્થિનીઓ પર જે ગંભીર આક્ષેપો કર્યા તે નિંદનીય છે. આવી ઘટના મોરબીમાં બની જ નથી. કાજલબેન ભૂલ થઈ છે તે સ્વીકારી લો, મોટા અગ્રણીઓ પોતાના નિવેદન પરત લેતા હોય છે તો તેઓ કેમ માફી માંગતા નથી. ભૂલ સ્વીકારી માફી માંગે તેવી પાટીદાર સમાજની માંગ છે. ભૂલ નહીં સ્વીકારે તો આવનાર દિવસોમાં વડીલો અને આયોજકો જે કાર્યક્રમો યોજશે તેમાં સમાજ સાથે રહેશે.

સિરામિક એસો. પ્રમુખ મુકેશ કુંડારિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર દીકરીઓ પર ટિપ્પણી અંગે પાટીદાર સમાજે રેલી યોજી માફીની માંગ કરી હતી છતાં માફી નહીં માંગતા આજે મહાસંમેલન યોજાયું હતું. માફી ના માંગે તો કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવશે. આવનાર દિવસોમાં ૧૫ જેટલા પાટીદાર યુવાનો કેસ દાખલ કરશે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવ્યું હતું.

# માણેક ચોકમાંથી પસાર થતી વ્યક્તિના હાથમાંથી રોકડ લઈ ભાગી જનાર ગેંગ ઝડપાઈ

## ખાડિયા પોલીસે આંતરરાજ્ય ગેંગને ઝડપી પાડી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદનાં માણેકચોક વિસ્તારમાંથી ચાલતા જતા વ્યક્તિના હાથમાં રહેલા રોકડની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે મુંબઈથી આ ગુનામાં સામેલ ૩ આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ફહીમ શાહીદ ખાન, સાલેહીન શેખ, અબુ ફઝલ ખાન નામના આરોપી ઓની ધરપકડ કરી તપાસ કરતા સામે આવ્યું કે આરોપી ઓની સાથે સહ આરોપી સુફીયાન કુરેશી, અફ્સરઅલી અંસારી, જાવા, સમીર, અને અફ્સર ઉર્ફે લમ્બુ શેખ દ્વારા ગુનાને અંજામ આપ્યો હતો. ૨૧ મી માર્ચના રોજ લૂંટના ઈરાદે તેઓ ટ્રેન મારફતે મુંબઈથી અમદાવાદ આવ્યા હતા અને શાહઆલમ દરગાહ ખાતે જિયારત કરી રીક્ષામાં બેસી જામા મસ્જિદ પાસે માણેક ચોકમાં ગયા હતા. જ્યાં ભોગ બનનારને ટાર્ગેટ કરી ભીડનો લાભ લઈને સુફીયાન ઉર્ફે ટીપુએ પૈસાની થેલી ઝુંટવી હતી અને અન્ય આરોપી ઓની મદદથી ત્યાંથી નીકળી મુંબઈ ભાગી ગયા હતા.

આ મામલે ખાડિયા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો, આ આરોપીની વધુ તપાસ કરતા ફઈમ ખાન અગાઉ મુંબઈમાં બે આવા જ ગુના કરી ચુક્યો હોવાનું સામે આવ્યું છે. હાલ તો ખાડિયા પોલીસે આરોપીઓની કસ્ટડી મેળવી વધુ તપાસ હાથ ધરી છે

# શહેરમાં ત્રણ મહિનાના સમયગાળામાં સિઝનલ ફ્લૂના ૪૩૦ જેટલા કેસ નોંધાયા

## વટવા-દાણીલીમડામાં ઝાડા-ઉલટીના વધુ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં રોગચાળો વકર્યો. ઉનાળાની સિઝન શરૂ થતા જ એપ્રિલ મહિનામાં સિઝનલ ફ્લૂના ૪૯ અને કોલેરાના કુલ ૬ કેસ નોંધાયા. ગરમીની સિઝનની હજુ માંડ શરૂઆત થઈ છે ત્યારે લોકો બીમાર પડવા લાગ્યા છે. શહેરમાં સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. દર્દીઓની સંખ્યામાં વધારો થવા પાછળ પાણીજન્ય રોગચાળો વકર્યો હોવાનું અનુમાન છે. હોસ્પિટલોમાં ઝાડા-ઉલટી, કમળા અને ટાઈફોઈડની સાથે સિઝનલ ફ્લૂના ૪૯ કેસ નોંધાયા છે. ખાસ કરીને શહેરમાં પૂર્વ વિસ્તાર એવા અમરાઈવાડી, વટવા અને દાણીલીમડા સહિતના વિસ્તારોમાં ઝાડા-ઉલટીના વધુ કેસ નોંધાયા છે.

શહેરમાં સરકારી હોય કે ખાનગી દવાખાનાઓમાં શરદી, ખાંસી અને વાયરલ ફીવરના કેસો વધ્યા છે. દવાખાનામાં દર્દીઓની સંખ્યા વધતા છસ્ઝએ આઈસ ગોલા, શરબતની લારીઓ, પાણીપુરીની લારીઓ અને રોડ પર ઉભા રહેતા વેન્ડરોના ખાદ્ય નમૂનાઓ લીધા છે. આરોગ્ય વિભાગના અધિકારીનું કહેવું છે કે પ્રદૂષિત પાણીના કારણે શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. માર્ચ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૨૩૨ કેસ નોંધાયા હતા અને એપ્રિલ મહિના વધુ ૪૯ કેસ નોંધાયા છે. જાન્યુઆરી મહિનાથી લઈને એપ્રિલ સુધીમાં સિઝનલ ફ્લુના કુલ ૪૩૦ કેસ નોંધાયા છે.

એપ્રિલ મહિનામાં ૯ દિવસમાં ૪૯ કેસો નોંધાયા. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૧૭ કેસો નોંધાયા. જ્યારે મધ્યઝોનમાં ૬, પૂર્વ ઝોનમાં ૪, ઉત્તરઝોનમાં ૧૧, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં એક કેસ નોંધાયા.

શહેરમાં રોગચાળો વકરતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. શહેરના તમામ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. એપ્રિલ મહિનામાં ૧૪૭૩ પાણીના સેમ્પલ ટેસ્ટ કરાયા તેમાંથી ૩૮ જેટલા સેમ્પલ અનફીટ આવ્યા છે. પ્રદૂષિત પાણીની સમસ્યા હોય તેવા સ્થાનો પર વિભાગને જાણ કરી લાઈનો બદલવાની સૂચના અપાઈ છે. આ સાથે આરોગ્ય વિભાગે લોકોને પણ સ્વચ્છ પાણી પીવા અપીલ કરી છે.

અમેરિકાનો છું અને કોલેજમાં ભણું છું અને 'ગે' છું

# સુરતમાં સમલૈંગિક સંબંધોની ઓનલાઈન એપમાં આંગડિયા પેઢીના કર્મીને ફસાવી ૭.૫૦ લાખ માંગ્યા

અમદાવાદ, તા.૧૦

આજનો યુગ મોબાઈલનો યુગ છે. લોકોના અનેક પ્રકારના વ્યવહાર ઓનલાઈન એપ મારફત થાય છે જેનો લાભ અનેક ગઠિયાઓ લેતા હોય છે અને છેતરપિંડીને અંજામ આપતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો સુરતમાં સામે આવ્યો છે જેમાં બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ અને ગ્રીન્ડર ગે ચેટ નામની એન્ડ્રોઈડ એપ્લિકેશનનો ભોગ બે ઈસમો બન્યા છે. સુરતના વરાછા ખાતે રહેતો અને આંગડિયા પેઢીની ઓફિસમાં નોકરી કરતો કર્મચારી બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ નામની એપ્લિકેશન મારફત અજાણ્યાના સંપર્કમાં આવ્યો હતો. કોલેજમાં અભ્યાસ કરૂં છું અને હું ગે છું કહી અજાણ્યા વ્યક્તિએ તેને મળવા બોલાવ્યો હતો. રૂમમાં છોકરા સાથે મોકલી આપી કપડાં કઢાવ્યા બાદ અર્ધનગ્ન અવસ્થામાં વીડિયો ઉતારી લીધો હતો. બાદમાં બે અજાણ્યા શખ્સો તાત્કાલિક ત્યાં આવી ચઢ્યા હતા અને બ્લેકમેઈલ કરી ૭.૫૦ લાખની માગણી કરી હતી. પોલીસે છટકું ગોઠવી સગીર સહિત ચારની ધરપકડ કરી છે. આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, વરાછા ત્રિકમનગર વિસ્તારમાં રહેતા અને કતારગામ ખાતે આવેલી આંગડિયા પેઢીની ઓફિસમાં નોકરી કરતા ૩૬ વર્ષીય યુવકનો ગત ૪ એપ્રિલે બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ નામની એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે અજાણ્યા પુરૂષ સાથે વાતચીત થયા બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી. એકબીજાના મોબાઈલ નંબર આપ-લે કરી વાતો પણ કરતા હતા. અજાણ્યા વ્યક્તિએ અવારનવાર ફોન કરી પોતે અમેરિકાનો છે, કોલેજમાં અભ્યાસ કરે છે અને પોતે ગે હોવાનું કહી ૭ એપ્રિલે અમરોલી ચાર રસ્તા પાસે આશીર્વાદ એપાર્ટમેન્ટમાં મળવા માટે બોલાવ્યો હતો. યુવક ફ્લેટમાં જતા તેની સાથે વીસેક વર્ષનો છોકરો રૂમમાં મોકલી આપ્યો હતો. છોકરાએ અંદરથી દરવાજો બંધ કરી દીધા બાદ પોતે અને યુવકને કપડાં કઢાવ્યા હતા. આ દરમિયાન બે અજાણ્યાઓ રૂમમાં ધસી આવી યુવકને તમે કોણ છો ક્યાંથી આવો છો કહી ગાળાગાળી કરી ઢીકામુક્કીનો માર માર્યો હતો. તેની પાસેથી મોબાઈલ લઈ પરિવારના સભ્યોને જાણ કરવાની ધમકી આપી હતી. ૭.૫૦ લાખની માગણી પણ કરી હતી. અંતે ૨.૫૦ લાખ આપવાનું નક્કી કરાયું હતું. ત્યારે બીજા દિવસે પૈસા આપવાની વાત કરતા ટોળકીએ ૮ એપ્રિલના રોજ ૨.૫૦ લાખ લઈને અંજની ઈન્ડસ્ટ્રીઝ ખાતે બોલાવ્યો હતો. જો નહીં આવે તો વીડિયો પરિવારના સભ્યોને મોકલી આપવાની ધમકી આપી હતી. જો કે, યુવકે બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસે છટકું ગોઠવ્યું હતું. પોલીસે છટકું ગોઠવી સૂર્યા ઉર્ફે સુરેશ ભરવાડ (ઉં.વ.૨૬, રહે.દેવદીપ, છાપરાભાઠા), મનોજ મગનભાઈ ચૌહાણ (ઉં.વ.૫૨, રહે.સન રેસીડેન્સી) અને અંકિત ત્યાગી (ઉં.વ.૨૨, રહે.દેવદીપ છાપરાભાઠા)ની ધરપકડ કરી છે. ૧૭ વર્ષના સગીરની પણ અટકાયત કરવામાં આવી છે. જ્યારે એક વિજય મોતી સાટિયા નામનો વ્યક્તિ વોન્ટેડ છે. આરોપીઓની ટોળકીએ અગાઉ બે લોકોને આ રીતે ભોગ બનાવ્યા છે. આ સિવાય ઘણા લોકો આ ટોળકીનો શિકાર બન્યાનું પોલીસના ધ્યાને આવતા આ અંગે વધારે તપાસ હાથ ધરી છે.

### પોલીસે છટકું ગોઠવી સગીર સહિત ૪ને ઝડપ્યા

રૂપાલાની ટિકિટ રદ નહીં કરાય તો ભાજપને ભોગવવું પડશે

# સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયાણી મહિલાઓએ ભાજપનો ખેસ સળગાવી વિરોધ કર્યો

સુરેન્દ્રનગર, તા.૧૦

સમગ્ર ગુજરાત રાજ્યમાં પુરષોત્તમ રૂપાલાનો વિરોધ સતત વધતો જઈ રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર શક્તિ માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો અને ક્ષત્રિય સમાજની બહેનો એકઠા થઈ જો પુરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ નહીં કરવામાં આવે તો ભાજપને ભોગવવું પડશે તેવું આહ્વાન કર્યું હતું. ખાસ કરીને બહેનો દ્વારા જણાવવામાં આવ્યું છે કે પુરષોત્તમ રૂપાલાની ટિકિટ તાત્કાલિક રદ કરવામાં આવે નહીંતર આગામી દિવસોમાં જે સમાજના આગેવાનો નિર્ણય કરશે તે પ્રમાણેના કાર્યક્રમમાં રહેશે આ ટિકિટ રદ થવી જોઈએ



તેવી ક્ષત્રિય સમાજની મહિલાઓની ઉગ્ર માંગ છે. સુરેન્દ્રનગર શક્તિ માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજના યુવકો અને મહિલાઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા છે અને આ જ મામલે શપથ લેવામાં આવ્યા છે અને ભાજપના ખેસ ઉતારી નાખી તેને સળગાવવામાં આવ્યા હતા. વર્ષોથી ભાજપમાં જોડાયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોએ પણ ખેસ ઉતારી નાખ્યા છે અને શપથ લીધા છે કે આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારને મતદાન નહીં કરે.

સુરતથી ગાડી ચોરાઈ, જૂનાગઢમાં દારૂ સાથે પકડાઈ

# અજાણ્યો શખ્સ ગાડી છોડાવવા હાઈકોર્ટ સુધી પહોંચ્યો, મૂળ માલિકને જાણ થતાં સત્ય બહાર આવ્યું

અમદાવાદ, તા.૧૦

આજકાલ ગુનાખોરી વધી રહી છે ત્યારે ગુનેગારો અને ગઠિયાઓ પણ વધુ સ્માર્ટ બની રહ્યા છે. આવી જ એક ગંભીર ઘટના ગુજરાત હાઈકોર્ટમાં સામે આવી હતી, જેમાં જૂનાગઢથી એક વ્યક્તિએ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત પકડાયેલી પોતાની ઈન્નોવા ગાડી છોડાવવા અરજી કરી હતી, જે જજ હસમુખ સુથારની કોર્ટમાં રજૂ થઈ હતી. આ સમયે ગાડીનો મૂળ માલિક કોર્ટમાં હાજર થયો હતો. તેણે કોર્ટ સમક્ષ ઘટસ્ફોટ કર્યો હતો કે ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કોર્ટમાં કરી નથી, પરંતુ આ ગાડી વર્ષ ૨૦૧૯માં ચોરાઈ ગઈ હતી અને એની ફરિયાદ પણ પોલીસને આપવામાં આવી હતી. પોલીસે આ અરજી અંગે તેને જાણ કરી છે. આ કેસની વિગતો જોઈએ તો જૂનાગઢના વંથલી પોલીસ મથકે ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં જણાવ્યા મુજબ જૂનાગઢ પોલીસને બાતમી મળી હતી કે વિદેશી દારૂ લઈને એક ઈનોવા ગાડી નાદરખી ગામ તરફ આવી રહી છે. પોલીસે બંદોબસ્ત ગોઠવીને વર્ણન મુજબની ગાડી રોકતાં આરોપીઓ ગાડી ભગાવી હતી. પોલીસે પીછો કરતાં આરોપીઓ ગાડી ચાવી સાથે આગળ રસ્તા ઉપર મૂકીને ભાગી ગયા હતા, જેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો, આથી પોલીસે FIR નોંધીને ગાડી મુદ્દામાલ તરીકે જમા લઈ લીધી હતી. આ ગાડી છોડાવવા હાઈકોર્ટમાં અરજી કરાતાં ગાડીના માલિકને જૂનાગઢ પોલીસે જાણ કરી હતી. ગાડીનો માલિક જ્યારે હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે તેણે જણાવ્યું કે તેનું નામ ભરત આહીર છે. તે જ ગાડીનો મૂળ માલિક છે. આ ગાડી વર્ષ ૨૦૧૯માં ચોરાઈ ગઈ હતી, જેથી સુરતના અડાજણ પોલીસ મથકે તેણે ફરિયાદ કરી હતી. ત્યારથી આ ગાડી મળી નથી, ગાડીના હપ્તા ભરવાના પણ બાકી હતા. જૂનાગઢમાં દારૂની હેરાફેરીમાં આ ગાડી પકડાઈ હોવાનું અને એને છોડાવવા સંદર્ભે કોર્ટમાં અરજી થઈ હોવાની જાણ પોલીસે તેને કરી હતી. જો કે ગાડીના અસલી માલિકે ઘટસ્ફોટ કર્યો હતો કે હાઈકોર્ટમાં ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કરી નથી. તેને કોઈ વકીલ રોક્યો નથી કે વકીલાત પત્ર પર સહી કરી નથી. વકીલાત પત્ર પર અંગ્રેજીમાં સહી છે, ત્યારે ગાડીનો મૂળ માલિક ધોરણ ૪ સુધી જ ભણેલો છે. આમ, ગાડી માલિકની સહી પણ ખોટી છે. તેણે કોર્ટમાં ઓળખના પુરાવા રજૂ કર્યા હતા અને પોતાની અસલ સહી પણ જજ સમક્ષ આપી હતી. આમ, કોઈ અન્ય વ્યક્તિએ બદઈરાદાથી ભરત આહીરના નામે અરજી દાખલ કરી હતી. કોર્ટે આ મુદ્દે હાઈકોર્ટના રજિસ્ટ્રારને ફરિયાદ નોંધાવવા આદેશ આપ્યો હતો તેમજ નોધ્યું હતું કે આ અરજી કોઈ અનૈતિક માણસે કરી છે. આવા માણસોને કોર્ટમાં કોઈ સ્થાન નથી. આવી વ્યક્તિઓ ન્યાય મંદિરને કલુષિત કરી શકે નહીં. આ કેસમાં સાત વખત મુદત પડી છતાં અરજદારે કેસ ચલાવવા રજૂઆત કરી નથી. જોકે અરજદારના વકીલે કોર્ટને વિંનતી કરી હતી કે તેઓ ૧૬ વર્ષથી વકીલાત કરે છે. વિશ્વસનીય સ્ત્રોતે જ અરજી કરી છે. તે અરજદારને ઓળખે છે. તે જાણે છે કે કોણે સહી કરી છે. વકીલે કોર્ટને પોતાના વિરુદ્ધ કાર્યવાહી ના કરવા વિનંતી કરી હતી. જોકે આ મુદ્દે તપાસની જરૂર હોવાથી કોર્ટે રજિસ્ટ્રારને ડેપ્યુટી રજિસ્ટ્રાર મારફત ફરિયાદ કરવા હુકમ કર્યો હતો. આ મુદ્દે વધુ સુનાવણી ૨૨ એપ્રિલે હાથ ધરાશે.

### વધુ સુનાવણી ૨૨ એપ્રિલે હાથ ધરાશે

### યુવાનોમાં આરોગ્ય અંગે જાગૃતતા લાવવા કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૧૦

પ્રિ.એમ.સી. શાહ કોમર્સ કોલેજે હાલમાં જ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે તેના વિદ્યાર્થીઓ માટે એક સેમિનાર યોજાયો હતો. સંસ્થાએ યુવાનોમાં આરોગ્યના મહત્ત્વ પર આ સેમિનાર યોજાયો હતો. વક્તા ડૉ.સલોની શાહ (એમ.ડી.પેથોલોજી) દ્વારા આ સેશન હાથ ધરવામાં આવ્યું હતું જેનો દર યુવાનોમાં શારીરિક, માનસિક આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ રામકુમાર વી. તિવારી ના તે અમારા અસીલ રાજવીર હોંસીલાલ દીવાકર, રહે. ૫, પ્રજાપતિ કોલોની, ગલી નં : ૩, શ્યામનગર, સુંદર શેઠની ચાલી, ભાર્ગવ રોડ, કુબેરનગર, અમદાવાદના તે આથી લાગતા વળગતાઓને જાહેર કરી જણાવીએ છીએ કે, અમારા અસીલના પુત્ર નામે દિપક રાજવીર દીવાકર અમારા કહ્યામાં નથી અને અમારા અસીલની તથા પરીવારની આબરૂને નુકશાન પહોંચાડેલ છે. આથી અમારા અસીલે તેમના પુત્ર તરીકેના તમામ સંબંધનો અંત આણેલ છે અને તેમની સાથે કોઈ જ લેવા દેવા રહેલ નથી અને અમારા અસીલે તેમની તમમા સ્થાવર તથા જંગમ મીલકતોમાંથી તેને બેદખલ કરેલ છે જેથી અમારા અસીલના પુત્ર સાથે કોઈએ કોઈપણ જાતનો નાણાકીય કે સામાજીક વ્યવહાર કરવો કરાવવો નહી અને જો કરવામા આવશે તો તેના માટે અમારી કોઈ પણ જાતની જવાબદારી અમારી રહેશે નહી તેની સર્વેએ નોંધ લેવી. (રાજવીર હોંસીલાલ દીવાકર) સ્થળ : અમદાવાદ તા. ૧૦-૪-૨૦૨૪, મારી મારફતે : રામકુમાર વી.તિવારી (એડવોકેટ) મેટ્રોપોલીટન કોર્ટ કમ્પાઉન્ડ, B/37, ગ્રાઉન્ડ ફ્લોર, ઘીકાંટા, અમદાવાદ. મો.૯૨૨૭૪૫૧૭૩૯

ઈદ મુબારક

લઘુમતીઓના અધિકાર માટે સતત કાર્યરત માયનોરીટી કો ઓર્ડિનેશન કમિટી (MCC) ગુજરાત

MCC MINORITY CO-ORDINATION COMMITTEE GUJARAT

9724766060, 7698901009, 9328416230

અબ્દુલ વહાબ અન્સારી, હુરાબેન દાની, મુજાહિદ નફીસ

# મુંબઈની માહિમ દરગાહમાં ૬૦૦ વર્ષ જૂનું કુર્આન શરીફ સેંકડો લોકોએ નિહાળ્યું

**માહિમ દરગાહમાં સંગ્રહિત કુર્આન શરીફની ઝિયારત, હઝરત મખ્દુમ માહિમ (ર.અ.)ના મુબારક હાથો વડે લખેલું આ કુર્આન શરીફ ૬૦૦ વર્ષ જૂનું છે**

(એજન્સી) તા.૧૦

મુંબઈની માહિમ દરગાહમાં ૬૦૦ વર્ષ જૂનું કુર્આન શરીફ સેંકડો લોકોએ નિહાળ્યું હતું. માહિમ દરગાહમાં સંગ્રહિત કુર્આન શરીફની ઝિયારત, હઝરત મખ્દુમ માહિમ (ર.અ.)ના મુબારક હાથો વડે લખેલું આ કુર્આન શરીફ ૬૦૦ વર્ષ જૂનું છે.

અહીં દરગાહ ટ્રસ્ટે ઝાયરિનોને ૬૦૦ વર્ષ જૂના આ કુર્આન શરીફની ઝિયારત કરાવી હતી. આ કુર્આન શરીફ મખ્દુમ શાહ બાબાએ તેમના હાથે લખેલું હોવાનું કહેવાય છે. આ કુર્આન શરીફ ૬૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂનું છે. તેને હઝરત મખ્દુમ ફકીહ અલી માહિમી (ર.અ.)એ તેમના દસ્તે મુબારકથી લખ્યું હતું.



આટલા વર્ષો વીતી જવા છતાં આ કુર્આન શરીફના એક પર પેજમાં લખેલી ઈંકમાં કોઈ ફેર પડ્યો નથી. આ બાબાનો કરીશ્મો જ મનાય છે.

# કેરળમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી, શશિ થરૂર લોકો સાથે જોડાયા

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૦

કેરળમાં ગઈકાલે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવામાં આવી હતી, જેથી ધર્મપ્રેમી મુસ્લિમોએ સમગ્ર રાજ્યમાં અનેક સ્થળોએ મસ્જિદો અને ઈદગાહને એક લાઈન બનાવી હતી.

કેરળમાં ૩.૩૦ કરોડ રાજ્યની વસ્તીમાં મુસ્લિમ વસ્તી ૨૪ ટકા છે અને આ વખતે પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો હતો.

૨૬મી એપ્રિલે આવનારી લોકસભાની ચૂંટણીઓ સાથે ઉમેદવારો ખુલ્લી હવામાં



ઈદગાહ પર જોવા મળ્યા હતા.

શશિ થરૂર અહીં તેમના મતવિસ્તારમાં ઈદ ગઢ ખાતે હાજર હતા અને ભક્તો સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા. કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન રાજધાની શહેરના બીમપલ્લી ખાતેની લોકપ્રિય મસ્જિદમાં જોવા મળ્યા હતા.

રાજ્યભરના વરિષ્ઠ મુસ્લિમ મૌલવીઓ વ્યસ્ત હતા કારણ કે, તેઓ વિવિધ મસ્જિદોમાં નમાઝનું નેતૃત્વ કરતા હતા. મંગળવારે મોડી સાંજે ચાંદના દર્શન કર્યા પછી મૌલવીઓએ જાહેરાત કરી કે કેરળમાં બુધવારે ઈદની ઉજવણી કરવામાં આવશે.

ઈદ-ઉલ-ફિત્રના કારણે કેરળમાં તમામ રાજ્ય સરકાર, ખાનગી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ હતી.

# હરિયાણા : બજરંગ દળના કાર્યકરોએ ઈદ પહેલા ફરીદાબાદમાં માંસની દુકાનો બંધ કરાવી

**બજરંગ દળના જિલ્લા પ્રમુખે કહ્યું કે, આ બધી માંસની દુકાનો બંધ કરી દેવી જોઈએ, માંસમાંથી લોહી નીકળતાં ટુકડા લટકાવવામાં આવે છે, ઘણા લોકોને દુકાનોમાંથી પસાર થતી વખતે ઉબકા આવે છે**

(એજન્સી) તા.૧૦

ઈદ-ઉલ-ફિત્ર પહેલા, હરિયાણાના ફરીદાબાદ શહેરમાં માંસની દુકાનો બજરંગ દળના કાર્યકરો દ્વારા બંધ કરવામાં આવી હતી, જેમણે આરોપ લગાવ્યો હતો કે આ માલિકો પાસે રજિસ્ટર્ડ લાઇસન્સ નથી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાઇરલ થઈ રહ્યો છે. વિઝ્યુઅલમાં આ વિસ્તારમાં બંધ થયેલી ઘણી માંસની દુકાનોના શટર દેખાય છે. બજરંગ દળના ફરીદાબાદ જિલ્લા પ્રમુખ દીપક આઝાદની આગેવાની હેઠળના લોકોના એક જૂથે આરોપ લગાવ્યો કે માંસની દુકાનોમાંથી માંસની દુર્ગંધ પસાર થતા લોકોને બીમાર કરે છે. પત્રકારો સાથે વાત કરતા આઝાદે કહ્યું કે, આ તદ્દન ખોટું છે. આમાંથી કોઈપણ માલિક પાસે માંસની દુકાન ચલાવવા માટે નોંધાયેલ લાઈસન્સ નથી. જો તમારી પાસે લાઈસન્સ છે, તો અમને બતાવો. વહીવટીતંત્ર શું કરી રહ્યું છે ? આ બધી દુકાનો બંધ કરવી જોઈએ. ખરીદી માટે લટકાવેલા કાપેલા માંસમાંથી લોહી નીકળે છે. ઘણા લોકોને દુકાનોમાંથી પસાર થતી વખતે ઉબકા આવે છે.



રસપ્રદ વાત એ છે કે ઘટના સ્થળે પોલીસ અધિકારીઓ હાજર હતા. તેમાંથી કોઈપણ આ પરિસ્થિતિ પર કોઈ પગલાં લેતા નથી. બલ્લભગઢના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP)ના જણાવ્યા અનુસાર આ વીડિયો ૨-૩ દિવસ જૂનો છે. તેમણે કહ્યું કે જે પોલીસ કર્મચારીઓ દેખાય છે તેઓ બજરંગ દળના કાર્યકર્તાઓને મદદ કરતા ન હતા અથવા તેમને મદદ કરતા ન હતા. આ ઘટના લગભગ ૨-૩ દિવસ જૂની છે. તે સેક્ટર ૪ની ચાવલા કોલોનીમાં બની હતી. વીડિયોમાં પોલીસ કર્મચારીઓ ચૈત્ર નવરાત્રી તહેવારને કારણે મંદિરની ફરજ પર હતા, આ માંસની દુકાનો મંદિરની નજીક આવેલી હતી. તેઓને પૂછવામાં આવ્યું કે શું કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી, તો અધિકારીએ જવાબ આપ્યો, અત્યાર સુધી, અમને કોઈ ફરિયાદ મળી નથી. આ પહેલીવાર નથી કે જ્યારે હિન્દુ સંગઠન દ્વારા માંસની દુકાનો બંધ કરવામાં આવી હોય. ઓક્ટોબર ૨૦૨૧માં ફરીદાબાદના સેક્ટર ૨૩ વિસ્તારમાં નવરાત્રીના તહેવાર પહેલા આવી જ ઘટના બની હતી.

# આઝાદીની લડાઈમાં અંગ્રેજો સાથે કોણ હતા : મુસ્લિમ લીગવાળી ટિપ્પણી પર મોદી સામે રાહુલ ગાંધીના પ્રહાર

**રાહુલ ગાંધીએ કહ્યું કે, લોકસભા ચૂંટણીની આ લડાઈ બે વિચારધારાઓ વચ્ચે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા૧૦

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર ભાજપ દ્વારા વારંવાર 'મુસ્લિમ લીગની છાપ'ના પ્રહાર વચ્ચે હવે આજે રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, 'ઈતિહાસ સાક્ષી છે કે, કોણે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે હાથ મિલાવ્યો છે. રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો.' રાહુલ ગાંધીએ એક પોસ્ટમાં કહ્યું કે, '૨૦૨૪ની લોકસભા ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ છે. એક બાજુ કોંગ્રસ છે જેણે હંમેશા ભારતને એકજૂઠ કર્યું છે અને બીજી બાજુ એ (ભાજપ) છે જેણે હંમેશા લોકોને વિભાજિત કરવાનો પ્રયત્ન કર્યો છે.' કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'ઈતિહાસ સાક્ષી છે કે, દેશને વિભાજિત કરનારી શક્તિઓ સાથે કોણે હાથ મિલાવ્યા છે તથા તેમને મજબૂત કર્યા છે અને કોણ દેશની એકતા અને આઝાદી માટે લડાઈ લડ્યા છે. તેમણે કહ્યું કે, 'ભારત છોડો આંદોલન' દરમિયાન અંગ્રેજો સાથે કોણ ઊભુ હતું ? જ્યારે ભારતની જેલો કોંગ્રેસના નેતાઓથી



ભરાયેલી હતી ત્યારે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે રાજ્યોમાં સરકાર કોણ ચલાવી રહ્યું હતું ?' તેમણે કહ્યું કે, 'રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો. રાહુલ ગાંધીની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વારંવાર કરવામાં આવેલા પ્રહાર વચ્ચે આવી છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર 'મુસ્લિમ લીગની છાપ' છે. કોંગ્રેસે આ ટિપ્પણી વિરુદ્ધ ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મોદીના ભાષણોમાં RSSની ગંધ છે.' કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, 'વડાપ્રધાન હિન્દુ-મુસ્લિમ સ્ક્રિપ્ટનો સહારો લઈ રહ્યા છે કારણ કે, તેમને ડર છે કે, લોકસભા ચૂંટણીમાં તેમને ૧૮૦ની સીટનો આંકડો પાર કરવામાં પણ સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે.' કોંગ્રેસે ભાજપ પર પલટવાર કરતા કહ્યું છે કે, 'જનસંઘના સ્થાપક શ્યામા પ્રસાદ મુખર્જી જેઓ તે સમયે હિન્દુ મહાસભાના અધ્યક્ષ હતા. તેઓ પોતે ૧૯૪૦ના દાયકાની શરૂઆતમાં મુસ્લિમ લીગ સાથે બંગાળમાં ગઠબંધન સરકારનો ભાગ હતા.'

# પુતિનની આતંકી તપાસ હંટર બાઈડેનની યુક્રેન સાથે સંકળાયેલી કંપની સુધી પહોંચી

**રશિયામાં થયેલા આતંકી હુમલા સાથે હંટર બાઈડેન સાથે સંકળાયેલી કંપનીના સંબંધ હોવાનો દાવો**

Eid Mubarak
Ashraf Shaikh 9409407172
BERA SAMOSA
1156,Opp.C.T.O. Advance Cinema Road, Bhadra, Ahmedabad.
Catering And Party Order Will Be Accepted.

**ન્યુઝ GT પોઈન્ટ : કેટલી સહેલાઈથી મુસ્લિમોને બદનામ કરવા માટે ISISનું નામ ઉછાળેલ અને આજે એ જ મીડિયા માફી માગવાને બદલે ચૂપ બેઠું છે !**

(એજન્સી) તા.૧૦

રશિયાએ 'ટેરર ફંડિંગ'ની તપાસ શરૂ કરી હતી જેમાં પશ્ચિમી દેશોને સામેલ કરવામાં આવ્યા છે. તે કહે છે કે યુક્રેનમાં અમેરિકન કંપનીઓ દ્વારા આપવામાં આવેલા ભંડોળનો ઉપયોગ રશિયામાં 'આતંકવાદી પ્રવૃત્તિઓ' માટે કરવામાં આવ્યો હતો. આ તપાસ એવા સમયે શરૂ થઈ છે જ્યારે મોસ્કો ગત મહિને એક કોન્સર્ટ હોલમાં થયેલા હુમલા માટે સતત પશ્ચિમી દેશો અને યુક્રેનને જવાબદાર ઠેરવી રહ્યું છે, જેમાં ૧૪૪ લોકો માર્યા ગયા હતા. મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં ગયા મહિને થયેલા હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી છે. અમેરિકી અધિકારીઓએ કહ્યું કે તેઓએ મોસ્કોને આ હુમલા અંગે



ચેતવણી આપી હતી. મોસ્કોની તપાસ સમિતિએ જણાવ્યું હતું કે તે લાખો ડોલરની "આવકના સ્ત્રોત" અને "પશ્ચિમી દેશોના સરકારી અધિકારીઓ અને વ્યાપારી સંસ્થાઓના અગ્રણી લોકોની સંડોવણી" શોધી રહી છે. તેમાં તે કંપનીનું નામ પણ સામેલ છે જેમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનના પુત્ર હન્ટર બાઈડેન કામ કરે છે. સમિતિએ જણાવ્યું હતું કે "તે સાબિત થયું છે કે તાજેતરના વર્ષોમાં, યુક્રેનમાં કાર્યરત તેલ અને ગેસ કંપની, બુરિસ્મા હોલ્ડિંગ જેવી વ્યવસાયિક સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ રશિયાની અંદર આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે કરવામાં આવે છે. સમિતિએ કહ્યું કે તપાસ હવે 'આતંકવાદના ગુનેગારોની તેમના વિદેશી ક્યુરેટર્સ, સંસ્થાઓ અને પ્રાયોજકો સાથે લિંક્સ' સ્થાપિત કરવા માટે કરવામાં આવી રહી છે. રશિયા દ્વારા આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે રિપબ્લિકન પાર્ટી બાઈડેન પર પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને યુક્રેનમાં બિઝનેસ ડીલમાં પોતાના પુત્રની મદદ કરવાનો આરોપ લગાવી રહી છે.

# AAPના મંત્રી રાજકુમાર આનંદે સરકારમાંથી રાજીનામું ધર્યું, પાર્ટીમાં ભ્રષ્ટાચારનો દાવો કર્યો, કેજરીવાલ માટે મુશ્કેલી વધી

(એજન્સી) તા.૧૦

આમ આદમી પાર્ટી અને દિલ્હી સરકારની મુશ્કેલીઓનો અંત નથી આવી રહ્યો. હવે દિલ્હી સરકારના પ્રધાન રાજકુમાર આનંદે બુધવારના રોજ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. પટેલ નગરના ધારાસભ્ય રાજકુમાર આનંદે રાજીનામું આપીને પાર્ટીમાં ભ્રષ્ટાચાર મામલે સવાલો ઊભા કર્યા છે. તેમણે પોતે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાતની પુષ્ટિ કરી હતી. આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને દિલ્હી સરકારમાં સમાજ કલ્યાણ પ્રધાન રાજકુમાર આનંદે કહ્યું કે, આમ આદમી પાર્ટીએ પહેલા જે રીતે લોકોને વચન આપ્યું હતું, તે વચન પર કોઈ કામ થયું નથી. આમ આદમી પાર્ટી વાસ્તવિક મુદ્દાઓથી ભટકી ગઈ છે. રાજકુમાર આનંદે કહ્યું કે, હું આજથી આમ આદમી



પાર્ટીમાંથી રાજીનામું આપી રહ્યો છું. હું મારૂં નામ આ ભ્રષ્ટાચારી લોકો સાથે જોડવા માંગતો નથી. મને નથી લાગતું કે બાબા સાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરે આપણને જીવન જીવવાનો મંત્ર આપ્યો હોય. તેમના કારણે હું બિઝનેસમેન હોવા છતાં NGOમાં જોડાયો, ધારાસભ્ય બન્યો અને પ્રધાન બનીને લોકોની સેવા કરી. રાજકુમાર આનંદે કહ્યું કે, તેઓ અરવિંદ કેજરીવાલની સાથે ઊભા છે જેમણે બાબા સાહેબના આદર્શોને અનુસરવાની વાત કરી હતી. દરેક પ્રેસ કોન્ફરન્સ અને દરેક સરકારી ઓફિસમાં બાબા સાહેબનો ફોટો પ્રદર્શિત થાય છે. પરંતુ હવે આમ આદમી પાર્ટી વાસ્તવિક મુદ્દાઓથી ભટકી ગઈ છે. રાજકુમાર આનંદે કહ્યું કે, આ પાર્ટીમાં દલિત ધારાસભ્ય, કાઉન્સિલર અને મંત્રીનું સન્માન નથી. હાલમાં આમ આદમી પાર્ટીના ૧૩ રાજ્યસભા સાંસદ છે. આમ આદમી પાર્ટીનો એક પણ દલિત કે પછાત વર્ગની વ્યક્તિ રાજ્યસભા સાંસદ નથી. જ્યારે અનામતની વાત આવે છે ત્યારે આ પક્ષ મૌન જાળવે છે. તાજેતરમાં વિધાનસભામાં ઘણા લોકોની ભરતી કરવામાં આવી હતી. લાખો રૂપિયાનો પગાર આપવામાં આવ્યો, પરંતુ તેમાં દલિતોને સ્થાન આપવામાં આવ્યું નહોતું, જેના કારણે ભારે રોષ ફેલાયો હતો.

# રાજકુમાર આનંદના રાજીનામા પર AAPએ કહ્યું : 'દરેક વ્યક્તિ સંજયસિંહ ન હોય'

(એજન્સી) તા.૧૦

પટેલ નગરના ધારાસભ્ય રાજકુમાર આનંદે આમ આદમી પાર્ટી અને મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ પછી AAPએ પ્રેસ કોન્ફરન્સ કરી. આ દરમિયાન સંજયસિંહે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી ED અને CBIનો ઉપયોગ કરીને પાર્ટીઓને તોડી રહી છે. આજે આમ આદમી પાર્ટીના દરેક કાર્યકર કે નેતાની પણ કસોટી થઈ રહી છે. આ એ જ રાજકુમાર આનંદ છે, જેના સ્થાન પર EDએ ૨૩ કલાક સુધી દરોડા પાડ્યા હતા. ત્યારે ભાજપ કહેતું હતું કે, રાજકુમાર આનંદ ભ્રષ્ટ છે. સંભવ છે કે, આવતીકાલે ભાજપના નેતાઓ રાજકુમાર આનંદને હાર પહેરાવતા જોવા મળે. સંજયસિંહે કહ્યું કે, અમે જાણીએ છીએ કે આ લડાઈમાં કેટલાક લોકો પીછેહઠ કરશે, કેટલાક લોકો તૂટી જશે, કોઈનું મનોબળ બગડશે. તેમણે કહ્યું કે, અરવિંદ કેજરીવાલની ધરપકડ પાછળનો ઈરાદો આમ આદમી પાર્ટીને તોડવાનો છે. તે જ સમયે આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે, અમે વારંવાર કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલની ધરપકડ કરતા પહેલા તેમનો ઉદ્દેશ્ય આમ આદમી પાર્ટીને તોડવાનો અને પંજાબ અને દિલ્હીમાં સરકારને તોડી પાડવાનો હતો. મને લાગે છે કે, રાજકુમાર આનંદને ડર હતો કે તેને તિહાર લઈ જવામાં આવશે. દલિત સમુદાયમાંથી આવતા ધારાસભ્યને ડરાવવામાં આવી રહ્યા છે. AAP નેતાએ કહ્યું કે, ધારાસભ્ય (રાજકુમાર) જીત્યા કારણ કે, તેઓ આમ આદમી પાર્ટીમાંથી લડ્યા હતા. આમ છતાં તેમણે ધારાસભ્ય અને મંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. રાજકુમાર આનંદે જે કર્યું છે તે એક પ્રકારની આત્મહત્યા છે, તે આગમાં કૂદી પડવાની છે. ચૂંટાયેલા ધારાસભ્ય અને મંત્રીને આ રીતે ડરાવવામાં આવ્યા હતા. નાના રૂમમાં છૂપાઈને પ્રેસ કોન્ફરન્સ કરીને તેમણે રાજીનામું આપવું પડ્યું છે. સૌરભ ભારદ્વાજે કહ્યું કે હું માનું છું કે પરિવાર ચલાવતો માણસ, જેના બાળકો અને પરિવાર છે, તેને ED દ્વારા પકડવામાં આવશે અને તેને તિહારમાં ઘણા વર્ષો સુધી સડાવવામાં આવશે. આથી તે ડરી ગયો. તેમણે પાર્ટીના સાથીદારોને ઘણી વખત કહ્યું હતું કે, હું સક્રિય થતાં જ મને ફોન આવે છે. દરેક વ્યક્તિ સંજયસિંહ નથી. સૌરભ ભારદ્વાજે કહ્યું કે, ભાજપ એકવાર માટે સફળ રહ્યું. તેણે કહ્યું કે, હું મારા સાથીઓને કહેવા માંગુ છું કે ડરશો નહીં, તમારી સામે સંજયસિંહનું ઉદાહરણ છે. જેમને ભારે ધાકધમકી આપવામાં આવી હતી. સંજયસિંહ ૬ મહિના જેલમાં રહ્યા બાદ પરત ફર્યા છે. જેલમાંથી બહાર આવીને તે સિંહની જેમ ગર્જના કરી રહ્યો છે. દરેક વ્યક્તિ અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન અને સંજયસિંહ બનવા માંગે છે પરંતુ રાજકુમાર આનંદ નહીં. સંજયસિંહે દાવો કર્યો હતો કે, તેમને સમાચાર મળ્યા છે કે, તેમને ૧૨ એપ્રિલ માટે EDની નોટિસ મળી છે.

# નેતાન્યાહુથી અકળાઈને અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેને ઈઝરાયેલને કડક શબ્દોમાં કહ્યું : યુદ્ધવિરામ કરો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦

છેલ્લા ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલ તેની ક્રૂરતા બતાવતા હમાસ પર સતત હવાઈ હુમલા અને જમીની કાર્યવાહી કરીને યુદ્ધમાં હજારો ગાઝાવાસીઓના જીવ લઈ ચૂક્યું છે તેને અનેકવાર સીઝફાયર કરવા તથા ગાઝાવાસીઓ સુધી માનવીય સહાય પહોંચે તે માટે કાર્યવાહી કરવા કહેવાયું છતાં તે માનતું નથી. જેમ જેમ ગાઝા યુદ્ધ ચાલી રહ્યું છે તેમ ઈઝરાયેલ અને તેના મુખ્ય સાથી, અમેરિકા વચ્ચેનો અણબનાવ વધતો જાય છે. યહૂદીઓના કબજા કરેલા આ પ્રાંતની તાજેતરની ટીકામાં અમેરિકી પ્રમુખ જો બાઈડેને જણાવ્યું છે કે, તેઓ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના નેતૃત્વમાં ગાઝાના સંચાલન સાથે સહમત નથી. યુનિવિઝન સાથેના એક ઈન્ટરવ્યૂમાં અમેરિકી પ્રમુખે કહ્યું, 'હું તેમના (નેતાન્યાહુના) અભિગમ સાથે સહમત નથી. મને લાગે છે કે, તે અપમાનજનક છે. સ્પેનિશ ભાષાના ટીવી નેટવર્ક સાથેનો ઈન્ટરવ્યુ ગયા અઠવાડિયે રેકોર્ડ કરવામાં આવ્યો હતો જ્યારે ઈઝરાયેલી સ્ટ્રાઈકમાં વર્લ્ડ સેન્ટ્રલ કિચન સાથેના સાત વિદેશી સહાય કામદારો માર્યા ગયા હતા. આ ઈન્ટરવ્યૂ આ અઠવાડિયે પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ વાતચીતમાં બાઈડેન નેતાન્યાહુથી થાકેલા અને



હતાશ દેખાયા હતા અને ઈઝરાયેલને ઓછામાં ઓછા છથી આઠ અઠવાડિયા માટે 'ફક્ત યુદ્ધવિરામ માટે કોલ કરવા' વિનંતી કરી હતી. હું જે માટે બોલાવી રહ્યો છું તે છે ઈઝરાયેલીઓ આગામી છથી આઠ અઠવાડિયા માટે યુદ્ધવિરામ માટે બોલાવે અને દેશમાં જતા તમામ ખાદ્યપદાર્થો અને દવાઓની સંપૂર્ણ એક્સેસની મંજૂરી આપે તેવી અમારી માંગ છે, એમ બાઈડેને કહ્યું હતું.

તા.૯ એપ્રિલે પ્રથમ પત્ર અને તા.૧૦ના પત્રમાં વિરોધાભાસ, સહી-લેટરપેડ અલગ-અલગ

# રૂપાલા વિવાદ પ્રકરણ કદાચ થઈ જશે શાંત, જામસાહેબે રૂપાલાને માફ કરવા લખ્યો પત્ર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજકોટ બેઠક પર રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે ગુજરાતભરના ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે જામનગરના જામસાહેબની પ્રતિક્રિયા સામે આવી હતી. જેમાં તેમણે રાજપૂતોને લોકશાહીમાં લોકશાહી રીતે ચૂંટણીમાં જવાબ



પ્રમાણે માફી માંગે તો **'ક્ષમા વિરસ્ય ભુષણમ્'**ના આપણા ધર્મને યાદ કરી માફી આપવી જોઈએ. આ ચૂંટણી નરેન્દ્ર મોદીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવાની ચૂંટણી છે. તેમની કામગીરી વગેરેને ધ્યાને લઈ આપણે આગળ વધવું જોઈએ. આ બારામાં હજુ સુધી કંઈ વધુ પડતું નથી બન્યું એ મારા હિસાબે સારી વાત છે, કારણ કે, કોઈ આપણું ખરાબ બોલી

એક જમાનામાં રાજપૂતો રાજ કરતા હતા, એનું કારણ માત્ર હિંમત નહોતી પણ સાથે-સાથે એકતાનું પણ હતું. એ જમાનામાં રાજપૂતો એકબીજા માટે મરી જવા તૈયાર હતા. જ્યારે આજના જમાનામાં ઘણીવાર જોવામાં આવે છે કે, રાજપૂતો નહીં જેવી બાબતોમાં એકબીજાને મારવા તૈયાર થઈ બેસે છે. તો એ સમય આવી ગયો છે કે, આજના લોકશાહીના

## જામનગરના જામસાહેબના બંને પત્રોને લઈ શંકા : રૂપાલા જ ચૂંટણી લડે તેવી અટકળો

આપવા અપીલ કરી હતી. જો કે, આજે ફરીથી તેમણે પત્ર લખીને રૂપાલાને માફ કરવાની અને નરેન્દ્ર મોદીને ત્રીજીવાર વડાપ્રધાન બનાવવાની વાત કરી છે. આ પત્ર વાયરલ થતાં રાજકીય માહોલ ફરી ગરમાયો છે અને તેના પરથી જણાય છે કે, કદાચ હવે આ આંદોલન શાંત પડે અને રૂપાલા જ ભાજપના ઉમેદવાર રહેશે.

જામનગરના જામસાહેબે પત્ર જારી કરી જણાવ્યું છે કે, ગઈકાલે મારા પત્રો સાર્વજનિક થયા પછી સમાજના ઘણા આગેવાનો ઘણા ધર્મગુરૂઓ અને અન્ય આગેવાનો સાથે વાત થઈ. મારા ધ્યાન પર આવ્યું કે રૂપાલાએ પહેલા બે વાર માફી માંગી લીધી છે, પરંતુ આટલું પૂરતું નથી. નિવેદનની જગ્યાએ સમાજના પ્રમુખ આગેવાનો અને ધર્મગુરૂઓની સામે માફી માંગવી જોઈએ. ફરી એકવાર રૂપાલા આ અપમાન કરે તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય, પરંતુ અયોગ્ય વાત બોલવાનો જે ગુનો કરે તેને સજા થવી જોઈએ. જે બહેનોએ આ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ છે, પરંતુ જે કાર્યનો સંકલ્પ કર્યો હતો એની હું ટીકા કરૂં છું, કારણ કે, 'જૌહર'નો પ્રશ્ન આ કિસ્સામાં બિલકુલ ઉપસ્થિત થતો જ નથી. હાલમાં ભારતમાં લોકશાહી લાગુ છે. સમયમાં ગેરવાજબી રીતે નહીં પણ લોકશાહીની રીતે એકતા બતાવી વિરોધ કરવામાં આવે. રાજપૂતોએ માત્ર હિંમત જ નહીં પણ એકતા રાખી બતાવી દેવાનું છે કે, રાજપૂતો હજી ભારતમાં જ છે, તેથી સહુ રાજપૂતો ભેગા મળી જે કોઈ આવું કૃત્ય કરે છે, જે આપણને ન પોસાય ત્યારે તેને ભેગા મળી ચૂંટણીમાં હરાવો. આને જ કહેવાય લોકશક્તિએ ભેગા મળીને આપેલી લોકશાહીને અનુરૂપ સજા.

અમેરિકાનો છું અને કોલેજમાં ભણું છું અને 'ગે' છું

# સુરતમાં સમલૈંગિક સંબંધોની ઓનલાઈન એપમાં આંગડિયા પેઢીના કર્મીને ફસાવી ૭.૫૦ લાખ માંગ્યા

અમદાવાદ, તા.૧૦

આજનો યુગ મોબાઈલનો યુગ છે. લોકોના અનેક પ્રકારના વ્યવહાર ઓનલાઈન એપ મારફત થાય છે જેનો લાભ અનેક ગઠિયાઓ લેતા હોય છે અને છેતરપિંડીને અંજામ આપતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો સુરતમાં સામે આવ્યો છે જેમાં બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ અને ગ્રીન્ડર ગે ચેટ નામની એન્ડ્રોઈડ એપ્લિકેશનનો ભોગ બે ઈસમો બન્યા છે. સુરતના વરાછા ખાતે રહેતો અને આંગડિયા પેઢીની ઓફિસમાં નોકરી કરતો કર્મચારી બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ નામની એપ્લિકેશન મારફત અજાણ્યાના સંપર્કમાં આવ્યો હતો. કોલેજમાં અભ્યાસ કરૂં છું અને હું ગે છું કહી અજાણ્યા વ્યક્તિએ તેને મળવા બોલાવ્યો હતો. રૂમમાં છોકરા સાથે મોકલી આપી કપડાં કઢાવ્યા બાદ અર્ધનગ્ન અવસ્થામાં વીડિયો ઉતારી લીધો હતો. બાદમાં બે અજાણ્યા શખ્સો તાત્કાલિક ત્યાં આવી ચઢ્યા હતા અને બ્લેકમેઈલ કરી ૭.૫૦ લાખની માગણી કરી હતી. પોલીસે છટકું ગોઠવી સગીર સહિત ચારની ધરપકડ કરી છે. આ અંગે પોલીસ

### પોલીસે છટકું ગોઠવી સગીર સહિત ૪ને ઝડપ્યા

પાસેથી મળતી માહિતી મુજબ, વરાછા ત્રિકમનગર વિસ્તારમાં રહેતા અને કતારગામ ખાતે આવેલી આંગડિયા પેઢીની ઓફિસમાં નોકરી કરતા ૩૬ વર્ષીય યુવકનો ગત ૪ એપ્રિલે બ્લૂ એડ લાઈવ એન્ડ ડેટિંગ નામની એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે અજાણ્યા પુરૂષ સાથે વાતચીત થયા બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી. એકબીજાના મોબાઈલ નંબર આપ-લે કરી વાતો પણ કરતા હતા. અજાણ્યા વ્યક્તિએ અવારનવાર ફોન કરી પોતે અમેરિકાનો છે, કોલેજમાં અભ્યાસ કરે છે અને પોતે ગે હોવાનું કહી ૭ એપ્રિલે અમરોલી ચાર રસ્તા પાસે આશીર્વાદ એપાર્ટમેન્ટમાં મળવા માટે બોલાવ્યો હતો. યુવક ફ્લેટમાં જતા તેની સાથે વીસેક વર્ષનો છોકરો રૂમમાં મોકલી આપ્યો હતો. છોકરાએ અંદરથી દરવાજો બંધ કરી દીધા બાદ પોતે અને યુવકને કપડાં કઢાવ્યા હતા. આ દરમિયાન બે અજાણ્યાઓ રૂમમાં ધસી આવી યુવકને તમે કોણ છો ક્યાંથી આવો છો કહી ગાળાગાળી કરી ઢીકામુક્કીનો માર માર્યો હતો. તેની પાસેથી મોબાઈલ લઈ પરિવારના સભ્યોને જાણ કરવાની ધમકી આપી હતી. ૭.૫૦ લાખની માગણી પણ કરી હતી. અંતે ૨.૫૦ લાખ આપવાનું નક્કી કરાયું હતું. ત્યારે બીજા દિવસે પૈસા આપવાની વાત કરતા ટોળકીએ ૮ એપ્રિલના રોજ ૨.૫૦ લાખ લઈને અંજની ઈન્ડસ્ટ્રીઝ ખાતે બોલાવ્યો હતો. જો નહીં આવે તો વીડિયો પરિવારના સભ્યોને મોકલી આપવાની ધમકી આપી હતી. જો કે, યુવકે બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસે છટકું ગોઠવ્યું હતું. પોલીસે છટકું ગોઠવી સૂર્યા ઉર્ફે સુરેશ ભરવાડ (ઉં.વ.૨૬, રહે.દેવદીપ, છાપરાભાઠા), મનોજ મગનભાઈ ચૌહાણ (ઉં.વ.૫૨, રહે.સન રેસીડેન્સી) અને અંકિત ત્યાગી (ઉં.વ.૨૨, રહે.દેવદીપ છાપરાભાઠા)ની ધરપકડ કરી છે. ૧૭ વર્ષના સગીરની પણ અટકાયત કરવામાં આવી છે. જ્યારે એક વિજય મોતી સાટિયા નામનો વ્યક્તિ વોન્ટેડ છે. આરોપીઓની ટોળકીએ અગાઉ બે લોકોને આ રીતે ભોગ બનાવ્યા છે. આ સિવાય ઘણા લોકો આ ટોળકીનો શિકાર બન્યાનું પોલીસના ધ્યાને આવતા આ અંગે વધારે તપાસ હાથ ધરી છે.

જો જો ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા નહીં

# સુરતમાં ઠગ ભૂવાએ પરિણીતા પર બે વર્ષ સુધી દુષ્કર્મ આચરી ૧૪ લાખ પડાવી લીધા

## ભૂવાએ પોતાની પત્નીની મદદથી આચર્યું સમગ્ર કૌભાંડ

અમદાવાદ, તા.૧૦

૨૧મી સદીમાં પણ ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા લોકો જોવા મળી રહ્યાં છે. લાલચમાં ફસાઈને પોતાનું સર્વસ્વ ગુમાવી બેસતાં અનેક દાખલાં જોવા મળે છે. ત્યારે તાંત્રિક વિદ્યાના રવાડે ચઢેલી સુરતના સરથાણાની પરિણીતાએ રૂપિયાની સાથે આબરૂ પણ ગુમાવી છે. મહા ઠગ ભૂવાએ પોતાની પત્ની સાથે મળી પરિણીતાના રૂપિયા ૧૪ લાખ લૂંટી લીધા છે. એટલું જ નહીં છેલ્લા બે વર્ષ દરમિયાન અવારનવાર પરિણીતા સાથે દુષ્કર્મ પણ આચર્યું છે. ભૂવાએ રૂપિયા અને આબરૂ બંને લૂંટી હોવાનું ભાન થતાં આખરે પરિણીતાએ ભૂવા વિરૂદ્ધ પોલીસને ફરિયાદ કરી છે. ઘટનાની વિગતો જોઈએ તો સરથાણામાં રહેતી પરિણીતાના પરિવારની આર્થિક સ્થિતિ દારૂણ હતી. તેથી તે પ્રમુખ પાર્ક સોસાયટીમાં મકાન નંબર ૨૮૩માં રહેતા અને તાંત્રિક વિદ્યા જાણતા કનુ ઉર્ફે કલ્પેશ કોરાટ પાસે ઉપાય માટે ગઈ હતી. અહીં કલ્પેશ બાપુ તરીકે તાંત્રિક વિધિ કરતો જ્યારે તેની પત્ની હેતલ બા મંદિરમાં માતાજી તરીકે બિરાજતા હતા. પરિણીતાએ પરિવારની સ્થિતિ વિશે જણાવતા ઠગ ભૂવાએ દર મંગળવારે દર્શન કરવા આવવા

### આબરૂ અને ધન બંને લૂંટાઈ જતાં ભાન થતાં પરિણીતાએ કરી પોલીસ ફરિયાદ

કહ્યું હતું. તેથી પરિણીતા દર મંગળવારે દર્શન માટે જતી હતી.

એકવાર ઠગ ભૂવાએ પરિણીતાને કહ્યું કે, 'તમારા વતનમાં આવેલા જૂના મકાનમાં માયા છે. જે કાઢવા વિધિ કરવી પડશે. લાંબા ટૂંકા પૈસાની જરૂર પડશે'. તેમ કહીને મંદિરના માતાજી હેતલ બા તથા ભૂવાએ પરણીતાને ફસાવી હતી. પરિવારની સ્થિતિ નબળી હોવા છતાં પરિણીતા રૂપિયા આપવા તૈયાર થઈ હતી. બે વર્ષમાં ભૂવા અને તેની પત્નીએ ટુકડે-ટુકડે રૂપિયા ૧૪ લાખ જેટલી રકમ પરિણીતા પાસે પડાવી હતી. ઠગ ભૂવો વિધિ કરવાના બહાને પરિણીતાને પોતાના ઘરે મંદિરના મઢમાં બોલાવતો હતો. પરિણીતા અંદર આવે ત્યાર બાદ મઢનો દરવાજો અંદરથી બંધ કરી દેતો હતો. પરિણીતાને ધ્યાનમાં બેસાડતો. લીંબુ-મરચાં તેના ઉપરથી ઉતારતો, ત્યારે આંખો બંધ રાખવા કહેતો હતો. ત્યાર બાદ ભૂવો હું કહું તેમ કરવાનું છે. નહીં, તો માયાની પ્રાપ્તિ નહીં થાય. તેવું કહી પરિણીતાના કપડા ઉતારતો હતો. પરિણીતા ના પાડે તો આંખો કેમ ખોલી તેમ કહી જમીન પર સૂવડાવી દઈ પરિણીતાને માર મારતો હતો. ત્યાર બાદ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતો હતો.

ઠગ ભૂવાએ તાંત્રિક વિધિ કર્યા બાદ પરિણીતાને એક તાંબાના કળશ ઉપર કપડું બાંધી આપ્યું હતું. આ કળશ ઘરમાં રાખવા સૂચના આપી હતી. થોડા સમય બાદ તેમાંથી હીરા મોતી નીકળશે એવું કહ્યું હતું. ખરેખર તો ઠગ ભૂવાએ કળશની અંદર પથ્થર ભરીને પરિણીતાને આપી દીધા હતા. બાદમાં પરિણીતાએ ઘરે કપડું ખોલતા તેની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ મામલે સરથાણા પોલીસે ગુનો નોંધી ભૂવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોઝારો બુધવાર : બે જુદા-જુદા માર્ગ અકસ્માતમાં ૭ લોકોનાં મોત : ચાર શખ્સોને ગંભીર ઈજા

## ધોરાજી નજીક કાર પુલની રેલિંગ તોડી નદીમાં ખાબકતાં ૪નાં મોત

રાજકોટ, તા.૧૦

રાજકોટમાં કાર પુલ પરથી નદીમાં ખાબકતા ચારનાં મોત થયા હતા જ્યારે તાપીમાં સર્જાયેલ અકસ્માતમાં ૩નાં મોત થયાની ઘટના સામે આવી છે. આ અકસ્માત એક વૃદ્ધાને બચાવવા જતા થયો હોવાનું સામે આવ્યું છે. જ્યાં કાર ઝાડ સાથે અથડાતા વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત થયુ હતું. જ્યારે અન્ય ચાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા છે. જ્યારે રાજકોટના ધોરાજી ખાતે ભાદર નદીના પુલ પાસે કારનું ટાયર ફાટતા કાર પુલની રેલિંગ તોડી ૬૦ ફૂટ નીચે નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિઓનાં કમકમાટી ભર્યા મોત નીપજ્યાં હતા.

### તાપી નજીક વૃદ્ધાને બચાવવા જતાં કાર ઝાડ સાથે અથડાતાં ૩નાં મોત

તાપી જિલ્લામાં સર્જાયેલ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા હતા. સોનગઢના હીરાવાડી ગામ પાસે એક વૃદ્ધા પગપાળા જઈ રહ્યા હતા. જેમને બચાવવા જતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત થયું હતું. તો અકસ્માતમાં અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે સોનગઢ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવની વિગત અનુસાર રાજકોટ જિલ્લાના ધોરાજી પાસે આવેલા ભાદર નદીના પુલ પરથી I-20 કાર પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક કારનું ટાયર ફાટતા આ કાર ભાદર નદીમાં ખાબકી હતી. ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં એકઠાં થઈ ગયાં હતાં. આ અંગેની જાણ કરવામાં આવતા પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગની મદદથી કાર અને તેમાં સવાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, તમામના મૃતદેહ બહાર આવ્યા હતા. અકસ્માતમાં બે મહિલા, એક યુવતી અને એક પુરૂષ સહિત ચાર વ્યક્તિનાં મોત નીપજ્યાં હોવાનું સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા અનુસાર મૃતકનાં નામ ૫૫ વર્ષીય સંગીતાબેન કોયાણી, ૫૨ વર્ષીય લીલાવંતીબેન ઠુમ્મર, ૫૫ વર્ષીય દિનેશભાઈ ઠુમ્મર અને ૨૨ વર્ષીય હાર્દિકાબેન ઠુમ્મર હોવાનું સામે આવ્યું છે. આ કાર માંડાસણથી ધોરાજી તરફ જઈ રહી હતી. ત્યારે જ કોઈ કારણોસર કાર ભાદર ડેમમાં પડી જતા અકસ્માત સર્જાયો હતો. મૃતકો ધોરાજીના જેતપુર રોડ નજીકના રહેવાસી હોવાનું તેમજ પ્રાથમિક તબક્કે કારનું ટાયર ફાટ્યું હોવાને કારણે અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતને લઈને ધોરાજી સરકારી હોસ્પિટલમાં મૃતકનાં પરિવારજનો તથા સ્થાનિક ભાજપના અગ્રણીઓ તથા ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો હોસ્પિટલે દોડી ગયા હતા. તેમજ ધોરાજી સરકારી હોસ્પિટલમાં લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. આ ગોઝારા અકસ્માતને લઈ શોકનો માહોલ છવાયો છે. હાલ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

કોંગ્રેસના નેતા લલિત વસોયાએ જણાવ્યું હતું કે, આજે ધોરાજી નજીક દુઃખદ ઘટના સામે આવી છે. ધોરાજી પાણી પૂરવઠા વિભાગના કર્મચારી દિનેશભાઈ ઠુમ્મર તેમના પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમમાંથી આવતા હતા. કોઈ કારણોસર કાર પુલની દીવાલ તોડી પાણીમાં ખાબકી હતી. જેમાં તેમના પરિવારના ત્રણ અને એક સંબંધી સહિત ૪ વ્યક્તિનાં મોત થયા છે.

સુરતથી ગાડી ચોરાઈ, જૂનાગઢમાં દારૂ સાથે પકડાઈ

# અજાણ્યો શખ્સ ગાડી છોડાવવા હાઈકોર્ટ સુધી પહોંચ્યો, મૂળ માલિકને જાણ થતાં સત્ય બહાર આવ્યું

અમદાવાદ, તા.૧૦

આજકાલ ગુનાખોરી વધી રહી છે ત્યારે ગુનેગારો અને ગઠિયાઓ પણ વધુ સ્માર્ટ બની રહ્યા છે. આવી જ એક ગંભીર ઘટના ગુજરાત હાઈકોર્ટમાં સામે આવી હતી, જેમાં જૂનાગઢથી એક વ્યક્તિએ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત પકડાયેલી પોતાની ઈન્નોવા ગાડી છોડાવવા અરજી કરી હતી, જે જજ હસમુખ સુથારની કોર્ટમાં રજૂ થઈ હતી. આ સમયે ગાડીનો મૂળ માલિક કોર્ટમાં હાજર થયો હતો. તેણે કોર્ટ સમક્ષ ઘટસ્ફોટ કર્યો હતો કે ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કોર્ટમાં કરી નથી, પરંતુ આ ગાડી વર્ષ ૨૦૧૬માં ચોરાઈ ગઈ હતી અને એની ફરિયાદ પણ પોલીસને આપવામાં આવી હતી. પોલીસે આ અરજી અંગે તેને જાણ કરી છે. આ કેસની વિગતો જોઈએ તો જૂનાગઢના વંથલી પોલીસ મથકે ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી,

### વધુ સુનાવણી ૨૨ એપ્રિલે હાથ ધરાશે

જેમાં જણાવ્યા મુજબ જૂનાગઢ પોલીસને બાતમી મળી હતી કે વિદેશી દારૂ લઈને એક ઈનોવા ગાડી નાદરખી ગામ તરફ આવી રહી છે. પોલીસે બંદોબસ્ત ગોઠવીને વર્ણન મુજબની ગાડી રોકતાં આરોપીઓ ગાડી ભગાવી હતી. પોલીસે પીછો કરતાં આરોપીઓ ગાડી ચાવી સાથે આગળ રસ્તા ઉપર મૂકીને ભાગી ગયા હતા, જેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો, આથી પોલીસે FIR નોંધીને ગાડી મુદ્દામાલ તરીકે જમા લઈ લીધી હતી. આ ગાડી છોડાવવા હાઈકોર્ટમાં અરજી કરાતાં ગાડીના માલિકને જૂનાગઢ પોલીસે જાણ કરી હતી. ગાડીનો માલિક જ્યારે હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે તેણે જણાવ્યું કે તેનું નામ ભરત આહીર છે. તે જ ગાડીનો મૂળ માલિક છે. આ ગાડી વર્ષ ૨૦૧૬માં ચોરાઈ ગઈ હતી, જેથી સુરતના અડાજણ પોલીસ મથકે તેણે ફરિયાદ કરી હતી. ત્યારથી આ ગાડી મળી નથી, ગાડીના હપ્તા ભરવાના પણ બાકી હતા. જૂનાગઢમાં દારૂની હેરાફેરીમાં આ ગાડી પકડાઈ હોવાનું અને એને છોડાવવા સંદર્ભે કોર્ટમાં અરજી થઈ હોવાની જાણ પોલીસે તેને કરી હતી. જો કે ગાડીના અસલી માલિકે ઘટસ્ફોટ કર્યો હતો કે હાઈકોર્ટમાં ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કરી નથી. તેને કોઈ વકીલ રોક્યો નથી કે વકીલાત પત્ર પર સહી કરી નથી. વકીલાત પત્ર પર અંગ્રેજીમાં સહી છે, ત્યારે ગાડીનો મૂળ માલિક ધોરણ ૪ સુધી જ ભણેલો છે. આમ, ગાડી માલિકની સહી પણ ખોટી છે. તેણે કોર્ટમાં ઓળખના પુરાવા રજૂ કર્યા હતા અને પોતાની અસલ સહી પણ જજ સમક્ષ આપી હતી. આમ, કોઈ અન્ય વ્યક્તિએ બદઈરાદાથી ભરત આહીરના નામે અરજી દાખલ કરી હતી. કોર્ટે આ મુદ્દે હાઈકોર્ટના રજિસ્ટ્રારને ફરિયાદ નોંધાવવા આદેશ આપ્યો હતો તેમજ નોંધ્યું હતું કે આ અરજી કોઈ અનૈતિક માણસે કરી છે. આવા માણસોને કોર્ટમાં કોઈ સ્થાન નથી. આવી વ્યક્તિઓ ન્યાય મંદિરને કલુષિત કરી શકે નહીં. આ કેસમાં સાત વખત મુદત પડી છતાં અરજદારે કેસ ચલાવવા રજૂઆત કરી નથી. જોકે અરજદારના વકીલે કોર્ટને વિંનતી કરી હતી કે તેઓ ૧૬ વર્ષથી વકીલાત કરે છે. વિશ્વસનીય સ્ત્રોતે જ અરજી કરી છે. તે અરજદારને ઓળખે છે. તે જાણે છે કે કોણે સહી કરી છે. વકીલે કોર્ટને પોતાના વિરુદ્ધ કાર્યવાહી ના કરવા વિનંતી કરી હતી. જોકે આ મુદ્દે તપાસની જરૂર હોવાથી કોર્ટે રજિસ્ટ્રારને ડેપ્યુટી રજિસ્ટ્રાર મારફત ફરિયાદ કરવા હુકમ કર્યો હતો. આ મુદ્દે વધુ સુનાવણી ૨૨ એપ્રિલે હાથ ધરાશે.

પેપર ચકાસણીની કામગીરી આજે પૂર્ણ થશે

# ધોરણ ૧૦-૧૨નું પરિણામ લોકસભાની ચૂંટણીને કારણે એપ્રિલના અંત સુધીમાં જાહેર કરાશે

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે એક આનંદના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા થઈ ગઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી આજે પૂર્ણ થશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્ત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલાં જાહેર કરવામાં આવશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ વહેલું જાહેર કરવામાં આવશે. શિક્ષકોને પરિણામની કામગીરીમાંથી મુક્ત થયા બાદ ચૂંટણીની કામગીરી સોંપવામાં આવશે. પરિણામ જાહેર થતાં ૧૫ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે.

૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા અને શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. ત્યારે આજના દિવસમાં સમગ્ર રાજ્યભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂર્ણ થશે. ત્યાર બાદ બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે.

મહત્ત્વનું છે કે અત્યારસુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહિનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યાં હતાં, પરંતુ આ વર્ષે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો વહેલાં જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થશે. પરિણામ વહેલાં જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે.

આ અંગે બોર્ડના અધિકારીના જણાવ્યા અનુસાર આ વર્ષે ચૂંટણી હોવાથી પરિણામ વહેલાં જાહેર કરવામાં આવશે. આજે પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં બોર્ડની કચેરી દ્વારા આગળની પ્રક્રિયા કરવામાં આવશે. ઝડપથી પરિણામ તૈયાર કરી એપ્રિલ અંત સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે.

રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે : રાજપૂત સમાજ

# રાજકોટમાં ક્ષત્રિય સમાજનું રવિવારે મહાસંમેલન : લાખો લોકો આવશે તેવો દાવો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૦

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં રોષ છે. ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ અને કાર્યક્રમોને લઈ રાજપૂત સમાજની સંકલન સમિતિ બનાવવામાં આવી છે. રાજપૂત સંકલન સમિતિના સભ્યો દ્વારા આજે પત્રકાર પરિષદ કરવામાં આવી હતી. જેમાં સંકલન

### જામ સાહેબના પત્ર બાબતે તેમની મુલાકાત લેવાશે અને સમિતિમાં ચર્ચા પણ થશે

સમિતિના આગેવાન રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ૧૪ એપ્રિલના રોજ સાંજે ૫થી ૭ વાગ્યા સુધી ગુજરાત ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં ક્ષત્રિયો હાજર રહેશે. જામ સાહેબને પણ મળી આમંત્રણ આપીશું. રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ-મોરબી રોડ પર આવેલા રતનપર ગામ નજીક રામમંદિર સામે આવેલી જગ્યામાં મહાસંમેલન યોજાશે. રૂપાલાની ઉમેદવારી રદ થાય એવી માગ છે, સમાજમાં શુદ્ધિકરણ જરૂરી છે. દેશના વિકાસ માટે આ જરૂરી છે. આજે પાટણ, મુંદ્રા અને ધાંગધ્રામાં મોટું સંમેલન છે. આ પહેલાં ધંધૂકામાં સંમેલન થયું, જિલ્લે જિલ્લે સંમેલનો થયાં. પણ આ મુદ્દાને જાહેર જીવનમાં નૈતિકતાનું ધોવાણ થયું છે તેને અટકાવવાનો પ્રયાસ થાય તેવો દાખલો બેસાડવા માગીએ છીએ. જામનગર સ્ટેટના જામ સાહેબના પત્રને લઈને જાડેજાએ જણાવ્યું હતું કે, જામ સાહેબના નિવેદનને લઈ અમે સંકલન સમિતિમાં ચર્ચા કરીશું. અમે તેમને મળવાનો પ્રયત્ન કરીશું. કોઈપણ આંદોલન સામાજિક છે. આ કોઈ રાજકીય નથી, સંકલન સમિતિનો હેતુ સ્પષ્ટ છે. જામ સાહેબને યોગ્ય સમયે મળીશું એવું કહ્યું હતું. રૂપાલાને તેમના સંસ્કાર બતાવવા પડશે. ગુજરાતનો રાજપૂત સમાજ નક્કી કરશે. ટિકિટ રદ થવાની માગ સમાજની છે, રાજકીય અને વ્યક્તિગત હેતુ માટે કોઈ નથી. આખા સમાજની લાગણી ઘવાઈ છે.

# પશ્ચિમ બંગાળ : ઉત્તર માલદામાં ચૂંટણી પ્રચાર દરમિયાન BJP સાંસદે મહિલાને ચુંબન કર્યું; ફોટો વાઈરલ થયા પછી રો ભડક્યું

## તેમના બચાવમાં મુર્મુએ તેમની ક્રિયાઓને વાજબી ઠેરવી અને ભારપૂર્વક જણાવ્યું કે પ્રશ્નમાં રહેલી મહિલા 'તેમના બાળક' જેવી છે

(એજન્સી) તા.૧૦

ભાજપના સાંસદ ખગેન મુર્મુ અને બંગાળના ઉત્તર માલદા મતવિસ્તારમાંથી પાર્ટીના લોકસભા ઉમેદવાર ગઈકાલે પ્રચાર દરમિયાન એક મહિલાને ગાલ પર ચુંબન કરતા હોવાનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદમાં સપડાયા હતા. અહેવાલો અનુસાર, આ ઘટના સોમવારે ભાજપના ઉમેદવારની તેમના સંસદીય મતવિસ્તારમાં ચંચલના શ્રીહિપુર ગામમાં પ્રચાર મુલાકાત દરમિયાન બની હતી. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, તૃણમૂલ કોંગ્રેસે ભાજપની નિંદા કરવામાં કોઈ સમય બગાડ્યો નહીં, અને કૃત્યને પક્ષના 'મહિલા વિરોધી' વલણના સૂચક તરીકે વખોડી કાઢ્યું. તૃણમૂલ કોંગ્રેસના માલદા જિલ્લા ઉપાધ્યક્ષ દુલાલ સરકાર ભાજપ પર સવાલ ઉઠાવતા ટીકાના સમૂહમાં જોડાયા હતા. ઓલ ઈન્ડિયન તૃણમૂલ કોંગ્રેસે કહ્યું, 'તમે જે જોયું તેના પર જો તમે વિશ્વાસ ન કરી શકો, તો ચાલો સ્પષ્ટ કરીએ. હા, આ ભાજપના સાંસદ અને ઉત્તર માલદાના ઉમેદવાર @khagen_murmu છે જે એક મહિલાને તેમના પ્રચારના માર્ગ પર પોતાની મરજીથી ચુંબન કરે છે. મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણી કરનારા સાંસદોથી લઈને બંગાળી મહિલાઓ વિશે અશ્લીલ ગીતો ગાનારા નેતાઓ સુધી, ભાજપ કેમ્પમાં મહિલા વિરોધી રાજકારણીઓની કોઈ કમી નથી. આ રીતે મોદી કા પરિવાર નારી કા સન્માનમાં સામેલ થાય છે! કલ્પના કરો કે જો તેઓ સત્તામાં આવ્યા તેઓ શું કરશે?' તેમના બચાવમાં, મુર્મુએ તેમની ક્રિયાઓને ન્યાયી ઠેરવતા ભારપૂર્વક જણાવ્યું કે, વિવાદમાં રહેલી સ્ત્રી 'તેમના બાળક' જેવી છે. તેમણે ટીકાને રાજકીય વિરોધીઓ દ્વારા તેમની સામે રચવામાં આવેલી બનાવટી યોજના તરીકે ફગાવી દીધી હતી. વિવાદમાં સામેલ મહિલા પણ મુર્મુને ટેકો આપવા માટે આગળ વધી, તેના પ્રેમાળ હાવભાવને પિતા-પુત્રીના સંબંધ સાથે સરખાવ્યું હતું.

# કેન્દ્રીય ગૃહ મંત્રાલય ૧૦૦ CAPF કંપનીઓ બંગાળ મોકલશે, જેમાંથી ૨૫ મણિપુરની છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેન્દ્રીય દળોને ૧૫ એપ્રિલ સુધીમાં ૧૦,૦૦૦ સૈનિકો ધરાવતી ૧૦૦ કંપનીઓને પશ્ચિમ બંગાળમાં મોકલવાનો નિર્દેશ આપ્યો છે, જેમાંની ૨૫ કંપનીઓને સંઘર્ષગ્રસ્ત મણિપુરમાંથી ખસેડવામાં આવી છે. ચૂંટણી પંચ (ECI)એ અગાઉની ચૂંટણીઓમાં થયેલી હિંસાને ટાંકીને નિષ્પક્ષ લોકસભા ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે પશ્ચિમ બંગાળમાં સુરક્ષા વધારવા માટે કહ્યું, તે પછી MHAના નિર્દેશો આવ્યા. એક અધિકારીએ જણાવ્યું હતું, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની ૫૫ કંપનીઓ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની ૪૫ કંપનીઓને ૧૫ એપ્રિલ સુધીમાં પશ્ચિમ બંગાળ પહોંચવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અગાઉ, ૧૯ એપ્રિલે મતદાનના પ્રથમ તબક્કામાં ત્રણ લોકસભા બેઠકોની ચૂંટણી માટે પશ્ચિમ બંગાળમાં ૨૫,૦૦૦ કેન્દ્રીય સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ECએ પશ્ચિમ બંગાળમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (CAPFs)ની ૯૨૦ કંપનીઓની જમાવટને મંજૂરી આપી હતી, જે તમામ રાજ્યોમાં સૌથી વધુ છે. રાજ્યમાં આઠ મહિના પહેલા યોજાયેલી પંચાયત ચૂંટણીના સંબંધમાં લગભગ ૫૦ લોકોનાં મોત થયા હતા. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પણ પ્રી-પોલ, મતદાન દરમિયાન અને મતદાન પછીની હિંસાનો તેનો હિસ્સો જોવા મળ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું, બે ડઝનથી વધુ કંપનીઓને મણિપુરથી પશ્ચિમ બંગાળમાં સ્થળાંતરિત કરવામાં આવી છે, રેપિડ એક્શન ફોર્સ (RAF) અને ઝારખંડના કર્મચારીઓને પણ ચૂંટણી ફરજો માટે રાજ્યમાં તૈનાત કરવામાં આવશે.

# 'ભાજપની આગેવાની હેઠળની સરકારને ઉખાડી નાંખો' ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી માણિક સરકારે લોકોને બહાર આવવા અને ઈન્ડિયા જૂથ માટે મત આપવા વિનંતી કરી

(એજન્સી) અગરતલા, તા.૧૦

CPI(M) પોલિટબ્યુરોના સભ્ય અને ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી માણિક સરકારે મંગળવારના રોજ લોકોને આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની સરકારને જડમૂળથી ઉખેડી નાખવા અને વિપક્ષ ઈન્ડિયા જૂથના નેતૃત્વમાં લોકશાહી અને બિનસાંપ્રદાયિક સરકાર બનાવવા વિનંતી કરી.

આજે સાંજે અગરતલામાં લોકોને સંબોધતા અને પશ્ચિમ ત્રિપુરા લોકસભા મતવિસ્તારના ઈન્ડિયા જૂથના ઉમેદવાર આશિષકુમાર સાહા અને વિધાનસભામાં પેટાચૂંટણીના ઉમેદવાર રતન દાસની તરફેણમાં પ્રચાર રેલીમાં તેમના સંબોધનમાં, તેના કથિત કુશાસન માટે સરકાર શાસક ભારતીય જનતા પાર્ટી (BJP) પર આકરા પ્રહારો કર્યા.

તેમણે કહ્યું, દેશમાં ગરીબી, બેરોજગારી, નબળું વેતન, શિક્ષણ અને સ્વાસ્થ્યનું ખાનગીકરણ વગેરે પ્રવર્તે છે અને તેથી જ વર્તમાન સરકારને સત્તા પરથી ઉથલાવી દેવી જરૂરી છે.

દેશભરમાં વિપક્ષના સમર્થનમાં બહાર આવવા લોકોને અપીલ કરતા સરકારે કહ્યું, લોકો નોકરીઓ ગુમાવી રહ્યા છે, કંપનીઓ બંધ થઈ રહી છે, કામદાર વર્ગના લોકો સંઘર્ષ કરી રહ્યા છે. એક તરફ લોકસભાની ચૂંટણીની લડાઈ છે અને બીજી તરફ અસ્તિત્વની લડાઈ છે.

તેમણે લોકોને સભાઓમાં હાજરી આપવા અને રાજકીય ભાષણો સાંભળવા સિવાય પરિવારના સભ્યોને એકીકૃત કરવા વિનંતી કરી.

તેમણે કહ્યું, શું તમે જોયું છે કે, ૨૦૨૩ (વિધાનસભા ચૂંટણી)માં શું થયું, શું તમે (હિંસાનું) પુનરાવર્તન ઈચ્છો છો, તમારે બહાર આવીને પોતાનો મત આપવો પડશે. અમે તમારી સાથે છીએ. જો તમને રોકવામાં આવે તો રસ્તા પર બેસીને વિરોધ કરો. જ્યાં સુધી તમે તમારો મત આપવા સક્ષમ ન હોવ ત્યાં સુધી તમારે અન્ય લોકોને તેમનો મત આપવા દેવા ન જોઈએ.

CPI(M)ના ત્રિપુરા સેક્રેટરી જિતેન્દ્ર ચૌધરીએ દક્ષિણ જિલ્લાના ભાઈખોરા ખાતે એક અલગ પ્રચાર કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણી સરકાર બનાવવા ઉપરાંત રાષ્ટ્ર, લોકશાહી અને બંધારણના રક્ષણ વિશે છે.

તેમણે કહ્યું કે, ભાજપ સરકારની સરમુખત્યારશાહી હેઠળ ૧૪૦ કરોડથી વધુ લોકો જોખમમાં છે અને તેથી જ ૨૭ રાજકીય પક્ષોએ તેમના વૈચારિક મતભેદોને બાજુ પર મૂકીને ભાજપને સત્તા પરથી હટાવવા માટે ઈન્ડિયા જૂથની રચના કરી છે.

ચૌધરીએ કહ્યું, ડાબેરી પક્ષો અને કોંગ્રેસમાં મતભેદો છે અને તેમ છતાં દેશ, તેની લોકશાહી અને તેના બંધારણને બચાવવા માટે ગઠબંધન બનાવવામાં આવ્યું હતું. કેટલાક શાસક પક્ષ સમર્થિત લોકો વેપાર, સરકારી યોજનાઓ માટે લાભાર્થીઓ, ત્રિપુરામાં સરકારી સેવાઓ વગેરે. બધું નિયંત્રિત કરી રહ્યા છે. જો કોઈ આ નેતાઓ સામે વિરોધ કરશે તો તેના પર હુમલો કરવામાં આવશે અથવા ધરપકડ કરવામાં આવશે.

ત્રિપુરાની બે સંસદીય બેઠકો, પશ્ચિમ ત્રિપુરા અને પૂર્વ ત્રિપુરા પર બે તબક્કામાં મતદાન થવાનું છે; લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે અને બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે મતદાન થશે.

# સમાજવાદી પાર્ટીએ જાતિ આધારિત વસ્તીગણતરી વચન આપ્યું, લોકસભા ચૂંટણી નીતિ પત્રમાં અગ્નિપથ યોજનાને રદ કરાશે

(એજન્સી) લખનૌ, તા.૧૦

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બુધવારના દિવસે લોકસભા ચૂંટણી માટે પાર્ટીના નીતિ પત્ર જાહેર કર્યું હતું, જેમાં ૨૦૨૫ સુધીમાં જાતિ આધારિત વસ્તીગણતરી અને અગ્નિપથ યોજનાને રદ કરવાનું વચન આપ્યું હતું. નીતિ પત્ર જનતા કા માંગ પત્ર,હમારા અધિકાર પાર્ટીના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં અહીં SP મુખ્યાલયમાં બહાર પાડવામાં આવ્યો હતો. ૨૦ પાનાના દસ્તાવેજમાં આ વખતે પીડીએ સરકારની માંગ કરવામાં આવી છે. પીડીએ એ પિછડે (પછાત વર્ગો), દલિત અને અલ્પસંખ્યક (લઘુમતી) માટે ટૂંકું નામ છે જે યાદવ દ્વારા આપવામાં આવ્યું હતું. SP એ વિપક્ષી ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી જોડાણ (ઈન્ડિયા) જૂથ નો ઘટક છે. અહીં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા યાદવે જણાવ્યું હતું કે, ૨૦૨૫ સુધીમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગોની તમામ ખાલી સરકારી જગ્યાઓ ભરવા માટે કેન્દ્રમાં ઈન્ડિયા જૂથ સરકારની રચના પછી જાતિ મુજબની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. તેમણે કહ્યું કે, અગ્નિપથ સૈન્ય ભરતી યોજનાને રદ કરવામાં આવશે અને સશસ્ત્ર દળોમાં નિયમિત ભરતી શરૂ કરવામાં આવશે. પાર્ટીએ જૂની પેન્શન સ્કીમને પુનઃ સ્થાપિત કરવા, ખાનગી ક્ષેત્રમાં સમાજના તમામ વર્ગોની ભાગીદારી સુનિશ્ચિત કરવા અને ૨૦૨૯ સુધીમાં ગરીબીને સંપૂર્ણપણે દૂર કરવાનું વચન પણ આપ્યું હતું. નીતિપત્રમાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવની કાયદેસર ગેરંટી આપવી, ખેડૂતોની કૃષિ લોન માફ કરવી, સિંચાઈની મફત સુવિધા પૂરી પાડવી અને ખેડૂત આયોગની રચનાનો સમાવેશ થાય છે. તમામ જમીન વિહોણા નાના અને સીમાંત ખેડૂતોને દર મહિને ૫,૦૦૦ રૂપિયા પેન્શન આપવાનું વચન આપવામાં આવ્યું છે. મહિલાઓ સામેના ગુનાઓ પ્રત્યે શૂન્ય સહનશીલતા નીતિ અપનાવવી, દેશવ્યાપી હેલ્પલાઈન સાથે, સીમાંકનની રાહ જોયા વિના સત્તામાં આવ્યાના બે વર્ષમાં સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરવું, મહિલાઓ માટે ૩૩ ટકા સરકારી નોકરીઓમાં અનામત આપવાનું વચન આપવામાં આવ્યું હતું. SPએ કહ્યું કે, લોકોને મફત રાશનના ભાગ રૂપે ઘઉંને બદલે લોટ આપવામાં આવશે અને દરેક રેશનકાર્ડ ધરાવતા પરિવારને ૫૦૦ રૂપિયાનો મોબાઈલ ડેટા મફતમાં આપવામાં આવશે. SPએ જણાવ્યું હતું,મફત શિક્ષણનો અધિકાર, શિક્ષણ માટેના બજેટમાં જીડીપીના ત્રણ ટકાથી છ ટકા સુધીનો વધારો, બધા માટે ગુણવત્તાયુક્ત આરોગ્યના અધિકાર પર કાયદાકીય ગેરંટી અને ડિજિટલ વિભાજનને દૂર કરવાની ખાતરી કરવામાં આવશે. પત્રમાં કરવામાં આવેલા અન્ય વચનો કેન્દ્ર અને રાજ્યના જાહેર ક્ષેત્રના એકમોનું ખાનગીકરણ અને છટણી અટકાવવા અને સ્માર્ટ વિલેજ ક્લસ્ટર ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સંચાલિત કરવા માટે સમગ્ર દેશમાં સ્માર્ટ વિલેજ ક્લસ્ટરો સ્થાપવાના છે. ગઠબંધનના ભાગરૂપે સપા ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦માંથી ૬૨ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જ્યારે કોંગ્રેસ ૧૭ ક્ષેત્રબેઠકો પર ચૂંટણી લડી રહી છે. ભદોહી લોકસભા સીટ તૃણમૂલ કોંગ્રેસને આપવામાં આવી છે.

# શા માટે JNUના વિદ્યાર્થીઓ અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ પર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો એક વર્ગ જાતીય સતામણીની ફરિયાદમાં યુનિવર્સિટી વહીવટીતંત્રની કથિત નિષ્ક્રિયતા સામે વિરોધ દર્શાવતા ૧લી એપ્રિલથી અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ પર છે. JNUની એક મહિલા વિદ્યાર્થીએ આરોપ લગાવ્યો હતો કે, ૩૧ માર્ચની રાત્રે કેમ્પસમાં બે પૂર્વ વિદ્યાર્થીઓ સહિત ચાર લોકો દ્વારા તેની જાતીય સતામણી કરવામાં આવી હતી. યુનિવર્સિટી પ્રશાસને ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. જો કે, ફરિયાદીએ દાવો કર્યો છે કે, ગુનેગારો મુક્તપણે ફરતા હતા. ચીફ પ્રોક્ટર સુધીરકુમારે જણાવ્યું હતું કે, તેણે ૧લી એપ્રિલના રોજ બે પૂર્વ વિદ્યાર્થીઓને બહારના જાહેર કર્યા હતા અને આ બાબતે તપાસ શરૂ કરી હતી. ગુરૂવારના દિવસે યુનિવર્સિટી પ્રશાસને કેમ્પસના મુખ્ય પ્રવેશદ્વારને અવરોધિત કરવા બદલ પીડિત અને JNUSUના પ્રમુખ ધનંજય સહિત ૨૧ વિદ્યાર્થીઓને પ્રોક્ટોરિયલ ઈન્ક્વાયરી નોટિસ જારી કરી હતી. JNUના વાઈસ ચાન્સેલર સંતશ્રી ડી. પંડિત, ગઈકાલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને મળ્યા હતા અને તેમને તેમના વિરોધને સાબરમતી લોન્સમાં ખસેડવા કહ્યું હતું, કારણ કે, તેનાથી લોકોને અસુવિધા થઈ રહી છે. પંડિતે જણાવ્યું હતું કે, મેં તેમને ખાતરી આપી છે કે, એકવાર તેઓ જગ્યા છોડી દે તે પછી નિયમો અનુસાર કેસમાં કાર્યવાહી કરવામાં આવશે. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ, જો કે, વિરોધ સ્થળે તેમની સાથે વાત કરતા વાઈસ ચાન્સેલરનો એક વીડિયો બહાર પાડ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, તેઓને સ્થળ ખાલી કરવાની ધમકી આપવામાં આવી હતી. એક નિવેદનમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ કહ્યું, JNUના વાઈસ ચાન્સેલરની તાજેતરની કાર્યવાહીથી અમે ખૂબ જ પરેશાન છીએ. જાતીય સતામણીના મુદ્દાને સહાનુભૂતિ સાથે સંબોધવાને બદલે, તેણે પીડિતા પ્રત્યે ધમકીઓ અને અસભ્ય વર્તનનો આશરો લીધો છે. તે ભયાનક છે કે, તે પીડિતાની કારકિર્દી અને એકતામાં રહેલા લોકો પર સમર્થન આપવા અને ન્યાય મેળવવાને બદલે હુમલો કરવાનું પસંદ કરશે, વીડિયોમાં પંડિતને કથિત રીતે કહેતા સાંભળી શકાય છે, હું તમને આના ઉકેલ માટે એક દિવસનો સમય આપીશ, હું આશા રાખું છું કે, તમને સમજાશે કે હું કોણ છું. તમે બધા સારા વિદ્યાર્થી છો, હું નથી ઈચ્છતો કે તમારૂં ભવિષ્ય બરબાદ થાય. વીડિયોમાં VC કહેતા સાંભળી શકાય છે, તમે સાબરમતી લૉન પર બેસી શકો છો. જે ક્ષણે તમે આ ગેટ ખોલશો તમારી સમસ્યા ઉકેલાઈ જશે, આ મારૂં તમને વચન છે. દરમિયાન, કેમ્પસમાં ભારતમાં કટોકટીનો સમયગાળો પર વેબ સિરીઝનું શૂટિંગ શનિવારે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંઘ દ્વારા વિક્ષેપિત થયું હતું, તેમ છતાં વહીવટીતંત્રે કહ્યું હતું કે, તેણે કેમ્પસ પરિસરમાં શૂટિંગ કરવાની મંજૂરી આપી છે. JNUSUએ એડમિનિસ્ટ્રેશન બ્લોક ખાતે કેમ્પસમાં વેબ સિરીઝના શૂટિંગ સામે વાંધો ઉઠાવ્યો હતો, તેને યુનિવર્સિટીની જગ્યાનું વ્યાપારીકરણ ગણાવ્યું હતું અને તે જાણવાની માંગ કરી હતી કે, એડમિનિસ્ટ્રેશન બ્લોકમાં ફિલ્મને શા માટે મંજૂરી આપવામાં આવી હતી જ્યારે વિદ્યાર્થીઓને સ્થળ પર વિરોધ કરવા પર પ્રતિબંધ છે. પંડિતને એક ઈ-મેઈલમાં વિદ્યાર્થી સંઘે એ જાણવાની માંગ કરી છે કે, શા માટે એડમિનિસ્ટ્રેશન બ્લોકના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં શૂટિંગની મંજૂરી આપવામાં આવી છે જ્યારે વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શન કરવા માટે જગ્યામાં પ્રવેશવા પર પ્રતિબંધ છે. વિદ્યાર્થીઓના સંગઠને જાણવાની માંગ કરી હતી કે, ટીમને શૂટિંગ માટે વિદ્યાર્થીઓને ભેગા કરવાની પરવાનગી શા માટે આપવામાં આવી હતી, એવો દાવો કરીને કે તે વેબ સિરીઝના શૂટિંગમાં વિદ્યાર્થીઓને સામેલ કરી રહી છે. વિદ્યાર્થીઓના સંગઠને શૂટિંગ માટે વહીવટીતંત્ર સાથે નાણાકીય વ્યવહારની વિગતો જાણવાની પણ માંગ કરી હતી.

# રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂર પર માનહાનિનો આરોપ લગાવ્યો, કાનૂની નોટિસ મોકલી

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૦

કેન્દ્રીય માહિતી પ્રૌદ્યોગિકી અને ઈલેક્ટ્રોનિક્સ રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને તાજેતરમાં એક ટીવી ચેનલ પર ભાજપના નેતા વિરુદ્ધ બદનક્ષીભર્યા નિવેદનો આપવાનો આરોપ લગાવીને કાનૂની નોટિસ મોકલી છે. ૨૬ એપ્રિલે થનારી આગામી ચૂંટણીમાં તિરૂવનંતપુરમ લોકસભા ક્ષેત્રમાં થરૂર સામે ટક્કર આપી રહેલા ચંદ્રશેખરે આરોપ લગાવ્યો છે કે, કોંગ્રેસના સાંસદે ભાજપના નેતા દ્વારા મુખ્ય મતદાતાઓ અને પ્રભાવશાળી વ્યક્તિઓ જેમ કે પરગણાના પાદરીઓ સહિત અન્ય લોકોને લાંચ આપવા અંગે સ્પષ્ટપણે ખોટી માહિતી ફેલાવી હતી. નોટિસમાં દાવો કરવામાં આવ્યો છે કે, થરૂરના નિવેદનો ચંદ્રશેખરની પ્રતિષ્ઠા અને છબિને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કરવામાં આવ્યા હતા અને તેમની ટિપ્પણીઓએ તિરૂવનંતપુરમના સમગ્ર ખ્રિસ્તી સમુદાય અને તેના નેતાઓને કેશ ફોર વોટ પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ લગાવીને તેમનું અપમાન કર્યું છે. તેણે એવી પણ દલીલ કરી છે કે, કોંગ્રેસના સાંસદના નિવેદનો આદર્શ આચારસંહિતા (MCC)નું ઉલ્લંઘન છે. નોટિસમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, નિવેદનોનું લક્ષ્ય ભાજપના નેતાના ચૂંટણી પ્રચારને નુકસાન પહોંચાડવા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં થરૂરને ફાયદો પહોંચાડવા માટે પણ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ નેતાને કાનૂની નોટિસમાં માંગ કરવામાં આવી છે કે, તેઓ ૬ એપ્રિલના રોજ ચંદ્રશેખર પર લાગેલા તમામ આરોપોને તત્કાલ પાછા ખેંચી લે, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર તેમની બિનશરતી જાહેર માફી માંગે અને ભવિષ્યમાં મંત્રીની બદનામી સતામણી પ્રતિષ્ઠાને ખલેલ પહોંચાડવાનું બંધ કરવું જોઈએ અને તેનાથી દૂર રહે. તેણે ચેતવણી આપી છે કે, નોટિસ મળ્યાના ૨૪ કલાકની અંદર જણાવેલ શરતોનું પાલન કરવામાં નિષ્ફળતા કાયદાની સક્ષમ અદાલતમાં યોગ્ય ફોજદારી અને સિવિલ કાર્યવાહીની શરૂઆત તરફ દોરી જશે.

# કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલીમાં જમીન પચાવી પાડવા અને ખંડણીના કેસમાં કોર્ટની દેખરેખ હેઠળ CBI તપાસનો આદેશ આપ્યો

(એજન્સી) કોલકાતા, તા.૧૦

કલકત્તા હાઈકોર્ટે બુધવારે પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં જમીન પચાવી પાડવા અને ખંડણીના મામલામાં કોર્ટની દેખરેખ હેઠળની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. સંદેશખાલી ખાતે ગેરકાયદેસર જમીન પચાવી પાડવા અને ખંડણીના સંબંધમાં કોલકાતા હાઈકોર્ટમાં કુલ પાંચ જાહેરહિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જ્યાં મુખ્ય આરોપી હાલના સસ્પેન્ડ કરાયેલા શાસક પક્ષના નેતા શેખ શાહજહાંની આગેવાની હેઠળના સ્થાનિક તૃણમૂલ કોંગ્રેસના નેતાઓનો એક વર્ગ હતો. ચીફ જસ્ટિસ ટી.એસ. શિવગ્નામ અને જસ્ટિસ હિરન્મય ભટ્ટાચાર્યની ડિવિઝન બેંચે સીબીઆઈને નિર્દેશ આપ્યો કે તે હેતુ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) બનાવ્યા પછી જ આ મામલે તપાસ શરૂ કરે. બેન્ચે એ પણ અવલોકન કર્યું કે સીબીઆઈ દ્વારા આ મામલામાં સમગ્ર તપાસ પ્રક્રિયા કોર્ટ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. સીબીઆઈને પણ આ મામલે વિગતવાર અહેવાલ કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેના પગલે બાદમાં આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. ડિવિઝન બેન્ચે સીબીઆઈને એક અલગ પોર્ટલ અને ઈ-મેઈલ ખોલવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેના દ્વારા સંદેશખાલીમાં પીડિતો ગેરકાયદેસર જમીન હડપ અને ખંડણીને લગતી તેમની ફરિયાદો નોંધી શકે છે. ડિવિઝન બેન્ચે જાહેરહિતની અરજીમાં તમામ પક્ષકારોને આગામી ૧૫ દિવસમાં સીબીઆઈ પાસે તમામ ફરિયાદો નોંધવાનો નિર્દેશ પણ આપ્યો છે. ફરિયાદીઓની ઓળખના સંદર્ભમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવા માટે કેન્દ્રીય એજન્સીને નિર્દેશ આપતા ડિવિઝન બેન્ચે એ પણ અવલોકન કર્યું કે કોર્ટને ખાતરી છે કે, નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવશે. બેંચે ઉત્તર ૨૪ પરગણાના જિલ્લા વહીવટીતંત્રને જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત સંદેશખાલી ખાતેના સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવા અને સીસીટીવી લગાવવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે આગામી સુનાવણી ૨ મેના રોજ થવાની છે.

# છત્તીસગઢના દુર્ગમાં મજૂરોને લઈ જઈ રહેલી બસ માટીની ખાણમાં ખાબકતા ૧૫ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૦

પોલીસે જણાવ્યું કે ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયા છે અને એક ડઝનથી વધુ ઘાયલ થયા. તમામ એક ખાનગી કંપનીના કર્મચારી હતા જે બસમાં તે પ્રવાસ કરી રહ્યા હતા. તે મંગળવારે રાત્રે છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં એક 'મુરૂમ' માટીની ખાણના ખાડામાં પડી ગઈ.

દુર્ગના પોલીસ સુપ્રીટેન્ડન્ટ જીતેન્દ્ર શુકલાએ જણાવ્યું કે અકસ્માત રાત્રે ૮ વાગે કુમહારી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ ખપરી ગામ પાસે થયો જ્યારે પીડિત એક ડિસ્ટિલરી કંપનીના કર્મચારી કામ પછી ઘર પરત ફરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે પ્રાથમિક માહિતી મુજબ ૩૦થી વધુ લોકોને લઈને બસ રસ્તા પરથી લપસીને ૪૦ ફૂટ ઊંડી 'મુરૂમ' ખાણમાં પડી. તેમણે જણાવ્યું કે 'શરૂઆતમાં અકસ્માતમાં ૧૧ લોકોનાં મોત થયાની સૂચના મળી હતી. પછી હોસ્પિટલમાં વધુ ચાર લોકોનાં મોત થયા. મુરૂમ એક પ્રકારની માટી, નેજો ઉપયોગ વધુ પડતા નિર્માણ કાર્યો માટે કરવામાં આવે છે. શહેરના પોલીસ સુપ્રીટેન્ડેન્ટ હરીશ પાટીલે જણાવ્યું કે એલર્ટ મળ્યાના તરત પછી એક પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી અને બચાવ અભિયાન શરૂ કર્યું. અધિકારીએ જણાવ્યું કે ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના સ્થળના દશ્યોથી જાણવા મળ્યું છે કે બસ નીચે પડતા ઉથલી પડી અને ફસાયેલા પ્રવાસીઓને નીકાળવા માટે બચાવ અભિયાન ચાલી રહ્યું છે. મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું અને જણાવ્યું કે ઘાયલ લોકોને સારવાર માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

# વડાપ્રધાન મોદીએ ઈદ-ઉલ-ફિત્રની શુભેચ્છાઓ પાઠવી : 'આ ઈદ કરૂણા અને એકતાની ભાવના ફેલાવે એવી શુભેચ્છા'

## બુધવારે ભારતમાં શવ્વાલનો ચંદ્ર જોવા મળ્યો હતો અને ઈદની ઉજવણી આજે કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે 'ઈદ-ઉલ-ફિત્ર'ની ઉજવણી માટે દરેક નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. X (ટ્વિટર) પર પોસ્ટમાં તેમણે કહ્યું કે, 'ઈદ-ઉલ-ફિત્રની શુભકામનાઓ. આ અવસર કરૂણા, એકતા અને શાંતિની ભાવનાને ફેલાવે અને દરેક વ્યક્તિ ખુશ અને સ્વસ્થ રહે. ઈદ મુબારક !'

બુધવારે ભારતમાં ચંદ્ર જોવા મળ્યો હતો, જે ઈદની ઉજવણીની શરૂઆત દર્શાવે છે.

ઈદ-ઉલ-ફિત્ર રમઝાન મહિનાના અંતને ચિહ્નિત કરે છે.આજે સાંજે ચાંદ દેખાતાં દેશભરમાં લોકો ગુરૂવારે ઈદની ઉજવણી કરશે. આ ઉજવણી વિશ્વભરમાં જુદા-જુદા દિવસોમાં થશે, જે ચંદ્રના દર્શનના આધારે નક્કી કરવામાં આવે છે અને આ ચંદ્ર ઈસ્લામિક કેલેન્ડરમાં શવ્વાલ મહિનાની શરૂઆત સૂચવે છે.

બુધવારે કેરળ અને લદ્દાખમાં ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે, જ્યારે દેશના બાકીના ભાગોમાં ૧૧ એપ્રિલે ઉજવવામાં આવશે.

**PM મોદીએ માલદીવ્સને શુભેચ્છા પાઠવી :-** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઈદ-અલ-ફિત્રના અવસર પર માલદીવ્સના રાષ્ટ્રપતિ ડૉ.મોહમ્મદ મુઈઝ્ઝુ, સરકાર અને દ્વીપસમૂહના લોકોને શુભેચ્છા પાઠવી હતી. આ પત્રમાં પીએમ મોદીએ સંદેશ આપ્યો છે કે, આપણે પરંપરાગત ઉત્સાહ સાથે ઈદ-અલ-ફિત્રની ઉજવણી કરીએ છીએ, વિશ્વભરના લોકોને કરૂણા, ભાઈચારો અને એકતાના મૂલ્યોની યાદ અપાવવામાં આવે છે, જે શાંતિપૂર્ણ અને સર્વસમાવેશક વિશ્વના નિર્માણ માટે જરૂરી છે જેની આપણે સૌ ઈચ્છા રાખીએ છીએ. ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવ્સના મહામહિમ રાષ્ટ્રપતિ ડૉ.એમ. મુઈઝ્ઝુ, સરકાર અને માલદીવ્સ પ્રજાસત્તાકના લોકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી એવું ભારતીય હાઈ કમિશને X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

# સેન્સેક્સ પ્રથમ વખત ૭૫,૦૦૦ પોઈન્ટની ઉપર , નિફ્ટી રેકોર્ડ ઉચ્ચ સ્તરે બંધ

## મુખ્ય સૂચકાંકો મંગળવારે ઈન્ટ્રા-ડે લાઈફટાઈમ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા અને સેન્સેક્સે પ્રથમ વખત ઐતિહાસિક ૭૫,૦૦૦ માર્કને સ્પર્શી ગયો હતો પરંતુ ઈન્ડેક્સની અગ્રણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રોફિટ બુકિંગને પગલે તે ઘટીને બંધ થયો હતો

(એજન્સી) તા.૧૦

બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટ વધીને પ્રથમ વખત રેકોર્ડ ૭૫,૦૦૦ની ઉપર બંધ થયો હતો જ્યારે બ્રોડર નિફ્ટીએ એફએમસીજી, એનર્જી અને મેટલ શેર્સમાં થયેલા ઉછાળા ને કારણે બુધવારે નવી લાઈફટાઈમ ઊંચાઈ હાંસલ કરી હતી. ૩૦ શેરો ધરાવતો BSE સેન્સેક્સ ૩૫૪.૪૫ પોઈન્ટ અથવા ૦.૪૭% વધીને ૭૫,૦૩૮.૧૫ની સર્વકાલીન ટોચ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, ઈન્ડેક્સ ૪૨૧.૪૪ પોઈન્ટ અથવા ૦.૫૬% ઉછળીને ૭૫,૧૦૫.૧૪ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. એનએસઈનો બ્રોડર નિફ્ટી ૧૧૧.૦૫ પોઈન્ટ અથવા ૦.૪૯% વધીને ૨૨,૭૫૩.૮૦ની રેકોર્ડ ટોચ પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૧૩૨.૯૫ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા ઉછળીને ૨૨,૭૭૫.૭૦ ની લાઈફ ટાઈમ ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો. સેન્સેક્સ પ્રથમ વખત ઐતિહાસિક ૭૫,૦૦૦ માર્ક સ્કેલ સાથે મંગળવારે મુખ્ય સૂચકાંકો ઈન્ટ્રા-ડે લાઈફટાઈમ ઉચ્ચ સ્તરે પહોંચ્યા પરંતુ ઈન્ડેક્સની અગ્રણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રોફિટ બુકિંગને પગલે ઘટાડે બંધ થયો હતો.. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, 'ભારતીય બજારોએ તેમના એશિયન અને યુરોપિયન સમકક્ષો કરતાં સહેજ પાછળ હોવા છતાં, વ્યાપક બજારમાં મજબૂત પ્રદર્શનથી ઉત્સાહિત થઈને તેમની ઉપરની ગતિ જાળવી રાખી હતી.' બુધવારે પછીથી FOMC મિનિટ અને યુએસ ફુગાવાના ડેટાના પ્રકાશન પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત રહે છે, નાયરે ઉમેર્યું હતું. સેન્સેક્સ બાસ્કેટમાંથી આઈટીસી, કોટક મહિન્દ્રા બેંક, ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એશિયન પેઈન્ટ્સ, ટેક મહિન્દ્રા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને નેસ્લે ઉછાળામાં મુખ્ય પ્રદાનકર્તા હતા. મારૂતિ, એચડીએફસી બેંક, લાર્સન એન્ડ ટુબ્રો અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ઘટાડામાં અગ્રણી રહ્યાં હતાં. રેલિગેર બ્રોકિંગ લિમિટેડના એસવીપી- ટેકનિકલ રિસર્ચ, અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે, મોટાભાગના ક્ષેત્રો આ પગલા સાથે જોડાયેલા હતા જેમાં એફએમસીજી, મેટલ અને એનર્જી ટોપ ગેનર્સમાં હતા. બે દિવસના વિરામ પછી વ્યાપક સૂચકાંકો પણ ઉંચા આવ્યા હતા અને ૦.૭ -૦.૯%ની રેન્જમાં વધ્યા હતા. એશિયન બજારોમાં, ટોક્યો અને શાંઘાઈ બજારો ઘટયા હતાં જ્યારે હોંગકોંગ વધારા સાથે બંધ થયું હતું. દક્ષિણ કોરિયામાં ચૂંટણી હોવાથી બજારો બંધ હતા. યુરોપિયન બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ મંગળવારે મોટાભાગે ઉછાળા સાથે બંધ થયું હતું. વૈશ્વિક તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮% વધીને $૮૯.૫૮ પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ મંગળવારે રૂ.૫૯૩.૨૦ કરોડની ઈક્વિટી વેચી કરી હતી. મંગળવારે BSE બેન્ચમાર્ક ૫૮.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૮% ઘટીને ૭૪,૬૮૩.૭૦ પર સેટલ થયો હતો. NSE નિફ્ટી ૨૩.૫૫ પોઈન્ટ અથવા ૦.૧૦% ઘટીને ૨૨,૬૪૨.૭૫ પર આવી ગયો હતો.

# ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં 'શિવાલય'માં તેમના સંબોધનમાં કહ્યું 'જીતવું મહત્ત્વપૂર્ણ છે અને ભાજપને હરાવવાનું લક્ષ્ય છે'

## દક્ષિણ મુંબઈમાં શિવસેના (યુબીટી)ના કાર્યાલય 'શિવાલય' ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા પક્ષના નેતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે ગઠબંધન માટે જીતવું મહત્વપૂર્ણ છે અને ભાજપને હરાવવાનું લક્ષ્ય છે.

(એજન્સી) મુંબઈ, તા.૧૦

કોને કઈ સીટ મળશે તે અંગે અઠવાડિયાની માથાપચ્ચી પછી, શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને એનસીપી (એસપી)નો સમાવેશ કરતી વિપક્ષ મહા વિકાસ અઘાડીએ સામાન્ય ચૂંટણી માટે તેની બેઠક વહેંચણીની ફોર્મ્યુલાનું અનાવરણ કરતી વખતે એકતાનું પ્રદર્શન કર્યું હતું. દક્ષિણ મુંબઈમાં શિવસેના (યુબીટી) કાર્યાલય, શિવાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા પક્ષના નેતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે ગઠબંધનમાં જીતવું મહત્વપૂર્ણ છે અને ભાજપને હરાવવાનું લક્ષ્ય છે. એનસીપી (એસપી)ના વડા શરદ પવારે જણાવ્યું હતું કે સાથી પક્ષો વચ્ચે કોઈપણ બેઠક પર કોઈ મતભેદ નથી અને ૪૮ સંસદીય બેઠકોની વહેંચણીની સમજૂતી સર્વસંમતિથી થઈ છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે તેમની પાર્ટીએ ભાજપને હરાવવાના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે "મોટું દિલ" રાખવાનો નિર્ણય કર્યો છે. દક્ષિણ મુંબઈમાં શિવસેના (UBT)ના કાર્યાલય 'શિવાલય' ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઠાકરેએ કહ્યું કે બેઠકોની વહેંચણીની સમજૂતી થઈ ગઈ છે અને ગઠબંધનમાં જીતવું મહત્ત્વનું છે અને ભાજપને હરાવવાનું લક્ષ્ય છે. "શિવસેના (યુબીટી) દ્વારા કોંગ્રેસને સાંગલી બેઠક આપવાનો ઈન્કાર કરવા વિશે પૂછવામાં આવતાં ઠાકરેએ કહ્યું કે, "જ્યારે ભાજપ સામે વિજય એ મોટો ધ્યેય છે, ત્યારે આપણે અમુક મતભેદોને બાજુ પર રાખવા પડશે.

**ઉદ્ધવ ઠાકરેની ચૂંટણીની પીચ**

ઠાકરેએ કહ્યું કે તે જ દિવસે (સોમવારે) "સૂર્યગ્રહણ" (સૂર્યગ્રહણ), "અમાવસ્યા" (નવો ચંદ્ર) અને ભાજપની રેલીનો વિચિત્ર સંયોગ હતો. "વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગઈ કાલનું ભાષણ કોઈ વડા પ્રધાનનું ભાષણ નહોતું. જ્યારે અમે જવાબ આપીએ છીએ, ત્યારે કૃપા કરીને તેને વડા પ્રધાનના અપમાન તરીકે ન લો. અમારી ટીકા ભ્રષ્ટ પક્ષના નેતા વિશે હશે," ઠાકરેએ મોદીને તેમની પાર્ટીને "નકલી શિવસેના" તરીકે ઉલ્લેખતા પ્રશ્નના જવાબમાં કહ્યું. તેમણે કહ્યું, "ખંડણીખોરોની પાર્ટીના નેતા માટે અમને નકલી કહેવું યોગ્ય નથી." ઠાકરેએ જણાવ્યું હતું કે, ભાજપ "ખંડણીખોરોની પાર્ટી" છે અને ચૂંટણી બોન્ડ "કૌભાંડ"નો પર્દાફાશ થયા પછી આ જોવા મળ્યું હતું. પટોલેએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકરો ભાજપ સામે લડશે અને સાંગલી અને ભિવંડીમાં MVA ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરશે, "ભાજપે અમારા નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે કેવું ખરાબ વર્તન કર્યું તે અમારા કાર્યકરો ક્યારેય ભૂલી શકશે નહીં." પટોલેએ કહ્યું કે ઠાકરે અને પવારના પક્ષોને બળવાખોરો દ્વારા "હાઈજેક" કરવામાં આવ્યા છે. "બંને મૂળ પક્ષોના નેતાઓ અમારી સાથે છે અને મોદી ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને નકલી શિવસેના કહે છે," પવારે કહ્યું કે સાથી પક્ષોમાં કોઈપણ સીટ પર કોઈ મતભેદ નથી. "ત્રણ પક્ષો વતી, બેઠકોની વહેંચણીનો સોદો સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યો છે." ઠાકરેએ કહ્યું કે ગઠબંધનમાં, શક્ય હોય ત્યાં બાંધછોડ કરવામાં આવે છે. "દરેક વ્યક્તિ વધુમાં વધુ બેઠકો પર ચૂંટણી લડવા ઈચ્છે છે. મહત્વાકાંક્ષા રાખવી એ ગુનો નથી, પરંતુ જ્યારે આપણે આપણા મોટા ધ્યેય અને આપણે જેના માટે લડી રહ્યા છીએ તે જોઈએ છીએ, ત્યારે મતભેદો આપમેળે દૂર થઈ જાય છે." તેમણે કહ્યું કે,તેમની પાર્ટી દ્વારા લડવામાં આવનારી બેઠકો માટેના તમામ ૨૧ ઉમેદવારોની જાહેરાત કરી છે અને કોંગ્રેસ અને એનસીપી (એસપી) એક-બે દિવસમાં આમ કરશે. "લોકોએ ભાજપને હરાવવાનું મન બનાવી લીધું છે."

# પહેલા દિલ્હી અને પછી નેપાળમાં છુપાઈ હતી મુંબઈથી સગીર છોકરીનું અપહરણ કરીને બળાત્કાર

## આરોપીએ પોલીસ અને પીડિતાના પરિવારને ફોન કરીને તેને પકડીને બતાવવાનો પડકાર ફેંક્યો હતો

(એજન્સી) મુંબઈ, તા.૧૦

મુંબઈની એક સગીર છોકરીનું અપહરણ કરીને બળાત્કાર કરવાના આરોપમાં બિહારના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ પોલીસ અને પીડિતાના પરિવારને ફોન કરીને તેને પકડીને બતાવવાનો પડકાર ફેંક્યો હતો.

મુંબઈ પોલીસના એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે, ગત વર્ષે ઓગસ્ટમાં ૧૫ વર્ષની બાળકીનું અપહરણ અને બળાત્કાર કરવાના આરોપમાં બિહારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આરસીએફ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે ૩૦ વર્ષીય આરોપીએ પોલીસ અને પીડિતાના પરિવારના સભ્યોને બોલાવ્યા અને પડકાર આપ્યો કે તેને પકડીને બતાવો.

ઈન્દોરમાં સગીર બાળકીના અપહરણનો પ્રયાસ, પોલીસની સતર્કતાના કારણે બે બદમાશો ઝડપાયાઆરોપી પહેલા દિલ્હી અને પછી નેપાળમાં છુપાયો હતો.તેણે કહ્યું, "આરોપી નરેશ રામાશિષ રાયે આ સમયગાળા દરમિયાન ઘણા સિમ કાર્ડ બદલ્યા અને તે દિલ્હી, બિહારથી કાઠમંડુ, નેપાળ સુધી છુપાયેલો રહ્યો. છોકરીના ગુમ થયા પછી તેના પરિવારે પોલીસનો સંપર્ક કર્યો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી ટેક્સટાઈલ યુનિટમાં કામ કરતો હતો અને અચાનક ગુમ થઈ ગયો હતો."નજર સામે ૧૯ વર્ષની છોકરીનું અપહરણ, પરિવારજનો જોતા જ રહ્યા; બસમાંથી ઉતરતાની સાથે જ બદમાશોએ તેનું અપહરણ કરી લીધું હતું.પોલીસે સીતામઢીમાં પણ દરોડા પાડ્યા હતા અધિકારીના જણાવ્યા અનુસાર, એક ટીમ બિહારમાં તેમના વતન ગામ સીતામઢી ગઈ હતી, પરંતુ તે મળ્યો નહોતો. તે પછી ટીમે પૂર્વ રાજ્યના અમિતાપુરા વિસ્તારમાં દિવસો સુધી શોધખોળ કરી અને માધવપુરા સુસ્તામાંથી રાયને પકડવામાં સફળ રહી. તે છોકરી તેની સાથે રહેતી હતી. "છોકરીને તેના માતા-પિતા સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું છે, જ્યારે આરોપી પર ભારતીય દંડ સંહિતા અને બાળકોના જાતીય અપરાધોથી રક્ષણ અધિનિયમ હેઠળ અપહરણ, બળાત્કાર અને અન્ય ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે, અધિકારીએ જણાવ્યું હતું.

## રોઝા મુબારક



શીફા ફાતીમા અ.કાદર સોદાગર (ઉ.વ.10)

રમઝાન મુબારક કે પૂરે રોઝે રખને કી ખુશીમેં દાદા, મમ્મી-પપ્પા, બડે અમ્મી-અબ્બા, ફુફા-ફુફુ, નાના-નાની, બહેન-ભાઈઓ કી તરફસે બહોત બહોત મુબારક ઔર દુઆ. અલ્લાહત્આલા તુમ્હારી ઉમ્ર દરાઝ કરે ઔર તંદુરસ્તી દે. તુમ્હારી હર જાઈઝ તમન્ના પૂરી કરે.......આમીન

## પૂરે રમઝાન મહિને કે રોઝે મુબારક



પરવર દિગાર આપકે તમામ રોઝે કબૂલ કરે. આમીન...

**અલીના અફઝલ ચોકસી**
ઉમ્ર- ૭ સાલ

લી. દુઆગીર
પાપા - અફઝલ ચોકસી
અમ્મી - સાહિસ્તા
દાદી - કુલસુમ
દાદા - અબ્દુલ ગફ્ફાર

## ૩૦ રોઝા મુબારક



હમારી પોતી ફિઝાહ આસિમ શેખને માહે રમઝાન કે ૩૦ રોઝે મુકમ્મલ કીયે હૈ, અલ્હમદો લિલ્લાહ... હમ સબ કી તરફ સે તેહ દિલ સે મુબારકબાદી...

હાજી ઈબ્રાહીમ ગુલામનબી ઔર નૂરજહાં બેગમ સિદ્દીકી, ફિરોઝ અખ્તર, આસિમ ઔર આફરીનજહાં, અદનાન ખાન ઔર સદફનીગર, જનાબ કારી મુબશ્શીર

## રોઝા મુબારક



નામ : હુમેર પરવેઝ મનસુરી
ઉંમર : 6 વર્ષ 6 મહીના
રહેવાસી : ઉધના સુરત

અલ્લાહના ફઝલો કરમથી હુમેરના આજે રમઝાન માસના 30 રોઝા પૂરા થયા. અલ્લાહ પાક કબૂલ ફરમાવે અને મજીદ તોફીક અતા ફરમાવે આમીન.

## ૩૦ રોઝા મુબારક



**આયેશા (લીબા ફાતેમા) કાદરી** (ઉંમર ૮ સાલ)

પુરે મહિને કે રોઝે મુકમ્મલ હોને પર મુબારક બાદી

- હાજી મુખત્યાર અહેમદ એમ. કાદરી સાબ (દાદાજાન)
- હજીયાણી આબેદાબાનું એમ. કાદરી (દાદીજાન)
- જનાબ સિરાજુદ્દીન એમ. કાદરી સાબ (નાનાજાન)
- નસીમ બેગમ એસ. કાદરી (નાનીજાન)
- મુમતાજ બેગમ એમ. કાદરી (પન્ટીનાની)
- ડૉ. આફતાબ હુસેન એમ. કાદરી (અબ્બુજી)
- અકીલા બેગમ એ. કાદરી (અમ્મીજાન)

સરખેજ, અમદાવાદ.

## ક્યા બાત હૈ ?!




હેં સાહેબ, નિવૃત થયા પછી તમે કયા રાજકીય પક્ષમાં જોડાવાના છો ?

## EID MUBARAK

Anasbhai - Mo. 8980834216

**K.Nisha Trading Co.**

GPCB APPROVED A members of GPA & ISSPA
207 / 2, Behind Kashiram Textile Mills,
opp. Tulsi Hotel, Post NAROL, Ahmedabad-382405
E-mail : Knishtradingco@yahoo.com
wabsite : www.indiamart.com knishtrading

ઈદુલ ફિત્રના પવિત્ર અવસરે સર્વે સુન્ની બિરાદરોને આધ્યાત્મિક ધામ ખાનકાહે એહલે સુન્નતના ગાદિપતિ

**હઝ. સૈયદ મોઈનુદ્દીન અઝીમુદ્દીન કાદરી જીલાની સાહેબ**

ઈદની મુબારકબાદ પાઠવે છે

## સર્વે મુસ્લિમ ભાઈ-બહેનોને ઈદ મુબારક



**ઝુલફીકારખાન તૌફીકખાન પઠાણ**
(ગોમતીપુર વોર્ડ મ્યુનિસિપલ કાઉન્સિલર)

મર્હૂમ તૌફીકખાન પઠાણ
(પૂર્વ કાઉસન્સિલર રખિયાલ વોર્ડ) પરિવાર

## સર્વે મુસ્લિમ ભાઈ-બહેનોને ઈદ મુબારક

**આશિયા ઈંગ્લીશ સ્કૂલ**
(STD 1 to 12)
દાણીલીમડા, અમદાવાદ
(ફાઉન્ડર)
શહીદ બદરૂદ્દીન શેખ

Ashiya
સમીર શેખ (ડાયરેક્ટર)

## સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક



Yusuf H. Kalwani
(Proprietor)

**SHAFI MARINE**

Processor & Exporter of Sea Foods Product

PLOT NO. 1107/1108, G.I.D.C., VERAVAL.
E-mail : shafimarine@gmail.com
www.shafimarine.com

Ph.02772-248429 Mo.97234 66757, 72280 18125/26

**DR. SARFRAZ KAZI**
M.R.C.O.G-1, D.N.B. M.D.D.G.O. (Gynec)
Painless Delivery, Endoscopy and infertility Specialist

**NAWJIWAN WOMEN'S HOSPITAL**

APPOINTMENT NO.: 72280 18123/24 Yashvi Complex, Nr. Hotel Paramount, Nyay Mandir, Himatnagar, Dist. S.K. (Gujarat ) E-mail : sarfrazkazi757@gmail.com

## SUZUKI — HOT DEALS, COOL RIDES!

ENJOY SUZUKI'S BEST SUMMER OFFERS




LOAN UP TO 100%* | NO HYPOTHECATION* | EXTENDED WARRANTY 10 YEARS* | EXCHANGE OFFER UP TO ₹20000* | CASHBACK OFFER UP TO ₹13000*

SUZUKI at your Doorstep | pine labs | FEDERAL BANK | Bank of Baroda | one card | 10 YEARS | SUZUKI ROADSIDE ASSISTANCE | Ride safe. Wear a helmet.

**AKSHAR SUZUKI**
: akshar4949 | : aksharkrupa@outlook.com

Show Room CTM : Shubh Arcade, Shop No.1, OPP. BRTS Bus Stop, CTM Cross Road, Ahmedabad-26. Mo. : 81540 94949 / 72010 04949
Show Room NAROL : 101, Tirupati Estate, Opp. Swastik Bansshidhar, N.H.8, Narol, Ahmedabad-382443 Mo. : 76005 67005
Workshop : Nathalal Estate, Opp. Jalaram Party Plot, Jasodanagar Highway Road, Ahmedabad. Mo. : 81560 94949

## ઈદ મુબારક

**ડહેલાવાળા એમ્પોરીયમ**

ગ્રાહકોને ભીડના કારણે પડેલી અગવડ બદલ ક્ષમા

પ્રખ્યાત મિલોના શૂટીંગ-શટીંગ અને ઝભ્ભા-લેંઘાના સ્પેશીયાલીસ્ટ
પાગામાં, ઢાલગરવાડ, કાપડ બજાર, અમદાવાદ-૧,
ફોન : ૦૭૯-૨૫૩૫૫૩૫૮

## ઈદ મુબારક

**ફિરદોશ**

સમીર સાબુવાલા : મો.૯૮૨૪૫ ૪૭૯૯૮
અબુઝર સાબુવાલા : ૭૯૮૪૧૭૭૭૯૦

સફેદ તથા રંગીન પોપલીન, પટ્ટી, ઝુલ, એકઝુલ, કાંગરી ભરત, પ્રિન્ટેટ કાપડ, કોમ્પ્યુટર ચીકન દરેક જાતના ચણીયા તથા દરેક જાતના બ્લાઉઝ પીસમાં તેમજ તાકામાં મળશે

સાબુવાલાની કું, સામે, વાજાવાલા માર્કેટ, ઢાલગરવાડ, કાપડ બજાર, અમદાવાદ-૧

## કાપડિયા પરિવાર તરફથી ઈદ મુબારક

- મર્હૂમ હાજી એહમદ હુસેન એમ. મનસુરી
- મર્હૂમ સિદ્દીક એહમદ હુસેન મનસુરી
- યુસુફ અહેમદહુસૈન મનસુરી
- યુનુસ એહમદહુસેન મનસુરી
- ડો.આરીફ એહમદ હુસેન મનસુરી

ઢાલગરવાડ, અમદાવાદ

## B.J. Education Consultancy

ISM EDUTECH GUJARAT Experience Since - 2002

STUDY MBBS IN ABROAD
**SPOT ADMISSION**
Study in Georgia, Russia, Kyrgyzstan, Kazakhstan, Vietnam And More Countries 5.5 Year English Medium Including Hostel, Mess.

**Top Result In MCI**
MCIનું કોચિંગ ૫.૫ વર્ષ સુધી કોલેજમાં આપવામાં આવશે.
વિદ્યાર્થિનીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા.

Authorise Person Dr, Altaf Memon (97248 66808)
For Admission Qualification : 12th Pass + NEET Qualified
Ahmedabad : 311, 3rd Floor, Mehta 531, Near VS Hospital, Ellisbridge, Ahmedabad, Gujarat- 380006

| Dr. Amir Memon | Dr. Naim Memon | Mohammad Revasiya |
|---|---|---|
| 70165 83878 | 79902 92968 | 99253 05452 |

## Eid Mubarak

**Gulshan-E-Maher Higher Secondary School**
(Eng. & Guj. Medium) Nursery to std 12th
Pioneer : Respected Rashid M'd Chistie (Session Judge)
Managing Trustee : Dr. Prof. Chandbibi Shaikh

**ADMISSION OPEN**

Add. : Opposite Apex Apartment Sarkhej, Ahmedabad- 382210
Contact No. 9724863798, 9228143435
Visit us on :

## FROSCIA BRAND SPICES — ફ્રોસીચા બ્રાન્ડ મસાલા

QUALITY YOU CAN TRUST

Eid mubarak

**દરેક તહેવાર ને બનાવે ખાસ**



**ડિસ્ટ્રીબ્યુટરશીપ આવકાર્ય**

A QUALITY FOOD PRODUCTS FROM
**Nandolia Food Products Private Limited**

For Suggestions & Customer Care. info@froscia.com / +91 88494 20240
For More Product Details Please Visit : www.froscia.com
Scan & Follow us

## સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક

**NCH HOSPITAL**

ગુજરાતના એકમાત્ર હેડ એન્ડ નેક કેન્સર સર્જન
જે વિશ્વ વિખ્યાત MSKCC - USA ખાતે પ્રશિક્ષિત
અને 20 વર્ષના અનુભવી સર્જન હવે NCH હૉસ્પિટલ ખાતે કાર્યરત

**ડૉ. વિશાલ ચોક્સી**
ફાઉન્ડર અને ડિરેક્ટર, NCH હૉસ્પિટલ



**કૌશલ્ય ક્ષેત્ર**

- મોઢાનું કેંન્સર
- થાઈરોઈડ કેંન્સર અને બિનાઈન થાઈરોઈડ ટ્યુમર
- પેરાથાઈરોઈડ ટ્યુમર
- લાળ ગ્રંથિના ટ્યુમર
- ગળા અને અન્ન નળીનું કેંન્સર
- સ્વરપેટીનું કેંન્સર
- સાઈનો-નેઝલ કેવિટી અને સ્કલ બેઝ જીવલેણ ગાંઠો

સોમવાર થી શુક્રવાર
સવારે 09:00 થી 05:00

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો: 079 47676767 / 90333 30427

17, પરિમલ સોસાયટી, કોર હાઉસ લેન, પરિમલ ગાર્ડનની પાસે, આંબાવાડી, અમદાવાદ-6

From Specialized Care to Multidimensional Wellness

# ગુજરાત ટુડે

## ઈદ મુબારક

Eid Al-fitr

રમઝાન ઈદ પૂર્તિ (૨૦૨૪)


Natural Black
Available in 10gm and 30gm
Brown
Burgundy

તમામ મુસ્લિમ બિરાદરોને

Eid Mubarak

Customer Care: 092277 55621 For Business Inquiries: 092277 55623

Zeba Zulf-e-Henna
Website: www.excellimpex.com
Products Available On
amazon
Flipkart



ટંકારીઆ ગામના માજી સરપંચ
ઝાકીરહુસૈન ઈસ્માઈલ
ઉમટા તરફથી તમામને દિલી ઈદ મુબારક



મું.પો. ટંકારીઆ, તા.જિ.ભરૂચ



ઈદ મુબારક

મુશાહિદ વિકાસ કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લી.

મુકામ-પોસ્ટ-બાદરપુર, તાલુકો-વડનગર, જિલ્લો- મહેસાણા

| | |
|---|---|
| ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ કોડાલિયા......... ચેરમેન | શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ મેડા....... વ્ય.ક.સભ્ય |
| ગુલામહૈદર શરીફભાઈ નાગલપુરા ..... મેને. ડિરેક્ટર | શાનઅલી ઈસ્માઈલભાઈ નાગલપરા... વ્ય.ક.સભ્ય |
| ગુલામહસન રહીમભાઈ હીરા........... વા.ચેરમેન | અકબરઅલી સુલેમાનભાઈ દાસદીયા.... વ્ય.ક.સભ્ય |
| તાલીબઅલી વલીભાઈ દત્ત ............... વ્ય.ક.સભ્ય | હૈદરઅલી જમાલભાઈ જાલર.......... વ્ય.ક.સભ્ય |
| ગુલામહુસૈન રસુલભાઈ દાસદીયા......... વ્ય.ક.સભ્ય | રોશનઅલી મહંમદભાઈ મસી.......... વ્ય.ક.સભ્ય |
| કમ્મરઅલી નસીરભાઈ રાબડી........... વ્ય.ક.સભ્ય | ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ કોડાલિયા........મેનેજર |

તથા તમામ સભાસદ ભાઈ-બહેનો તરફથી ઈદના પવિત્ર તહેવાર નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે



ગુજરાત રાજ્યની અગ્રિમ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત

ફલાહે દારૈન એજ્યુકેશન સોસાયટી
(એફ.ડી. એજ્યુકેશન સોસાયટી)

એફ.ડી. કોલેજ રોડ,
જમાલપુર ગેટ,
અહેમદાબાદ-૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૯૧૧૧૨

E-mail : fdedusoc@yahoo.com | Web : www.fdesahmedabad.in

સર્વે શુભેચ્છકોને ઈદે સઈદની પુરખુલૂસ મુબારકબાદ



sabar ગ્રુપ તરફથી સર્વેને ઈદ મુબારક

Since 1975

ISON PIPING SYSTEMS

ગવર્મેન્ટ અપ્રુવ્ડ

Eid Mubarak

- યુ.પી.વી.સી. કોલમ પાઈપ્સ
- કેસિંગ પાઈપ્સ
- એસ.ડી.આર. પાઈપ્સ
- પી.વી.સી. પાઈપ્સ
- રીંગ ફીટ પી.વી.સી. પાઈપ્સ
- એચ.ડી.પી.ઈ. પાઈપ્સ
- એચ.ડી.પી.ઈ.સ્પ્રીન્કલર સેટ

TÜV SÜD SOUTH ASIA
ISO 9001:2015 Certified Company



I.M.F. POLYMER LLP

603-605, 6th Floor, B-Block, ATMA House, Nr. Times of India, Ashram Road, Ahmedabad- 380009, Gujarat
Phone : 079-26584621-22-23 Email : info@imfpolymer.com website : www.isonpipes.com

ડિસ્ટ્રીબ્યુટર્સ, ડીલર્સ તથા ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર પૂછપરછ આવકાર્ય છે
ગુજરાત તથા અન્ય રાજ્યો માટે અનુભવી સિનિયર માર્કેટિંગ એકઝિક્યુટિવની જરૂરિયાત છે

# યુદ્ધવિરામ અને અપ્રતિબંધિત સહાયની પહોંચ ઉત્તર ગાઝામાં દુષ્કાળને હજુ સુધી કેવી રીતે અટકાવી શકે

ગાઝામાં ભૂખમરો ઘટાડવા અને પેલેસ્ટીની એન્ક્લેવના ઉત્તરમાં નિકટવર્તી દુષ્કાળને ટાળવા માટે સહાયની મંજૂરી આપવા યુએન એજન્સીઓની ઈઝરાયેલને કરવામાં આવેલ અપીલ બહેરા કાને અથડાઈ હોય તેવું લાગે છે.





**● એન્ક્લેવના ઉત્તરમાં ફસાયેલા લગભગ ૩,૦૦,૦૦૦ લોકો ચાલુ સહાય પ્રતિબંધો વચ્ચે ભારે ખોરાકની અસુરક્ષાનો સામનો કરે છે**

**● જો ગાઝામાં પ્રવેશવા માટે પૂરતી સહાયની પરવાનગી આપવામાં આવે તો પણ, ભૂખે મરતા બાળકોને નિષ્ણાત સારવારની જરૂર પડશે એવી નિષ્ણાતોની ચેતવણી**

પશ્ચિમ કાંઠે અને ગાઝામાં માનવ અધિકારોની સ્થિતિ પર વિશેષ જાણકાર, ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ દ્વારા તાત્કાલિક યુદ્ધવિરામ અને નરસંહારના આક્ષેપો સાથે યુએન સુરક્ષા પરિષદના ઠરાવ છતાં, ઈઝરાયેલે આ વિસ્તાર પર બોમ્બમારો કરવાનું ચાલુ રાખ્યું છે અને સહાયના પ્રવાહને મર્યાદિત કર્યો છે.

ઈન્ટિગ્રેટેડ ફૂડ સિક્યોરિટી ફેઝ ક્લાસિફિકેશન સ્કેલ મુજબ, "૮૮ ટકા વસ્તી કટોકટી અથવા ખરાબ ખાદ્ય અસુરક્ષાનો સામનો કરે છે," તેમ તાજેતરમાં જણાવવામાં આવ્યું હતું કે, માનવસર્જિત દુષ્કાળ સર્જવા માટે ઈઝરાયેલનો નોંધપાત્ર દોષ છે અને ઈઝરાયેલ ભૂખમરોનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યો હોવાનો 'બુદ્ધિગમ્ય' કેસ છે. યુએન ચિલ્ડ્રન્સ ફંડ, યુનિસેફના પ્રવક્તા જેમ્સ એલ્ડરે, આરબ ન્યૂઝના વર્તમાન બાબતોના કાર્યક્રમ 'ફ્રેન્કલી સ્પીકિંગ'ના હોસ્ટ કેટી જેન્સેન સાથે વાત કરતા, આ અઠવાડિયે કહ્યું હતું કે એકવાર પ્રતિબંધો હટાવ્યા પછી તેમની એજન્સી ઝડપથી જવાબ આપી શકશે.



તેમણે કહ્યું કે, 'જો ત્યાં યુદ્ધવિરામ હોત અને બહુવિધ પ્રવેશ માર્ગો ખોલવામાં આવ્યા હોત અને સહાય મેળવવાના સંદર્ભમાં પ્રતિબંધો ઓછા કરવામાં આવ્યા હતા, તો તેમાં કોઈ શંકા નથી કે આપણે આ માનવતાવાદી આપત્તિને, ખાસ કરીને સૌથી વધુ સંવેદનશીલ લોકો માટે પોષણની પરિસ્થિતિને ફેરવી શકયા હોત.'

ઈઝરાયેલ માનવતાવાદી રાહતની અવરોધવાનું ચાલુ રાખ્યું હતું.

પરિસ્થિતિને 'નૈતિક આક્રોશ' તરીકે વર્ણવતા, યુએનના વડાએ કહ્યું: અહીં, આ ક્રોસિંગથી, આપણે આ બધાની હૃદયભંગ અને નિષ્ઠુરતા જોઈ શકીએ છીએ. દરવાજાઓની એક તરફ અવરોધિત રાહત ટ્રકોની લાંબી લાઇન, બીજી તરફ ભૂખમરોનો લાંબો પડછાયો.

ઉત્તર ગાઝામાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૧૬.૫% બાળકો તીવ્ર કુપોષિત હોવાનું માનવામાં આવે છે. (IPC)

માનવતાવાદી ભાગીદારો માટે ખાદ્ય પુરવઠાનો પ્રવાહ સત્તત મળી રહે તે માટે તમામ સરહદી પ્રવેશો ઉત્તરમાં જયાં દુષ્કાળ પડવાનો છે તેવા ગાઝાના વિસ્તારોમાં પ્રવેશવા માટેના પોઈન્ટ ખોલી આપવા જોઈએ.

જ્યાં સુધી WFPનો સંબંધ છે, અમને ખાસ કરીને ઉત્તરમાં મૂળભૂત ખાદ્ય જરૂરિયાતો પૂરી કરવા માટે, સમગ્ર ગાઝા પટ્ટીમાં દરરોજ ઓછામાં ઓછા ૩૦૦ ટ્રકની જરૂર પડે છે. WFP વર્ષની

એનજીઓ કેર દ્વારા માર્ચ ૧૪ના અહેવાલ મુજબ.

ઉત્તરી ગાઝામાં ૨૩ બાળકો સહિત ઓછામાં ઓછા ૨૭ પેલેસ્ટીનીઓ તીવ્ર

અને યોગ્ય ઉપચારાત્મક હસ્તક્ષેપનો અમલ કરીએ તો અમે ચોક્કસપણે બાળકો, શિશુઓ અને પુખ્ત વયના લોકોને પણ કુપોષણના ભયથી બચાવી







ડિલિવરી ઈરાદાપૂર્વક અટકાવી રહ્યું હોવાનો દાવો કરતી સહાય એજન્સીઓ અને સમાચાર આઉટલેટ્સના અહેવાલો છતાં, ઈઝરાયેલના અધિકારીઓ ભારપૂર્વક જણાવે છે કે તેઓ ઉત્તરમાં એક નવો પ્રવેશદ્વાર ૯૬ દ્વારા એન્ક્લેવમાં અમર્યાદિત પુરવઠો પસાર થવા દે છે.

છતાં, રફાહ સરહદ ક્રોસિંગની ઈજિપ્તની બાજુએ રાહત ટ્રકોની લાંબી કતાર ફસાયેલી રહે છે.

૨૬ માર્ચના રોજ, ૧૨ લોકો ડૂબી ગયા હોવાના તથા ભયભીત પેલેસ્ટીનીઓએ ઉત્તારી ગાઝાના દરિયાકાંઠે હવામાંથી ફેંકવામાં ખોરાકના પેકેજો એકત્રિત કરવાનો પ્રયાસ દરમ્યાન છ અન્ય લોકો ભાગદોડમાં કચડાઈને મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે.

આ ઘટનાએ ગાઝામાં સત્તાવાળાઓને એરડ્રોપ્સનો અંત લાવવા માટે મજબૂર કર્યા. આ પ્રકારે સહાય વિતરણની પદ્ધતિ યુ.એસ. દ્વારા માર્ચની શરૂઆતમાં વર્કઅરાઉન્ડ તરીકે રજૂ કરવામાં આવી હતી, પરંતુ ટીકાકારોએ તેને 'નકામી' અને 'આછકલા પ્રચાર' તરીકે ગણાવી છે.

અગાઉની ઘટનામાં, ગાઝામાં એર-ડ્રોપ કરાયેલ એક સહાય પેકેજ નીચે રાહ જોઈ રહેલા લોકોની ભીડ સાથે અથડાયું હતું, જેમાં પાંચ માર્યા ગયા હતા અને અન્ય કેટલાક ઘાયલ થયા હતા. આ સહાય પેકેજ તેનું પેરાશૂટ ખોલવામાં નિષ્ફળ ગયું હતું.

યુએસ અને અન્ય સહાય એજન્સીઓ હવે દરિયાઈ સહાય કોરિડોર સ્થાપિત કરવા માંગે છે. જો કે, જરૂરી પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ બાંધકામ હેઠળ છે

જ્યાં સુધી યુદ્ધવિરામ તાત્કાલિક અસરમાં ન આવે અને સહાય સંસ્થાઓને સંપૂર્ણ પ્રવેશ આપવામાં ન આવે ત્યાં સુધી, IPCનું અનુમાન છે કે દુષ્કાળ ઉત્તર ગાઝામાં તાજેતરના એપ્રિલ અથવા મે સુધીમાં આવશે જે આ વિસ્તારમાં રહેવાનું માનવામાં આવતા આશરે ૩,૦૦,૦૦૦ લોકોને અસર કરશે. ઓક્સફેમના પ્રાદેશિક માનવતાવાદી સંયોજક, રૂથ જેમ્સે જણાવ્યું હતું કે, 'ગાઝાના ઉત્તરમાં ભૂખે મરતા લોકોની ભયંકર પરિસ્થિતિ સંપૂર્ણપણે અટકાવી શકાય તેવી છે અને સહાય એજન્સીઓ તે લોકોને ખોરાક અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવા માટે તૈયાર છે.' 'અમને ફક્ત ખુલ્લી સરહદની જરૂર છે' ગાઝાની પીડિત વસ્તીની ન્યૂનતમ જરૂરિયાતોને પહોંચી વળવા માટે, યુએનના અધિકારીઓ કહે છે કે માનવતાવાદી સહાય અને વ્યવસાયિક સામાનથી ભરેલી ૫૦૦થી ૬૦૦ ટ્રકોને દરરોજ ગાઝા પટ્ટીમાં પ્રવેશવાની મંજૂરી હોવી જોઈએ. જો કે, સંઘર્ષ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં તેનો થોડો ભાગ જ અહીં પહોંચી શક્યો છે.

યુએનના માનવધિકાર બાબતોના હાઈ કમિશનર વોલ્કર તુર્ક દ્વારા





ગાઝા માટે ઈઝરાયેલના કોઓર્ડિનેશન અને લાયઝન એડમિનિસ્ટ્રેશનના વડા કર્નલ મોશે ટેટ્રોએ ૨૨ માર્ચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમારા ખ્યાલ મુજબ અને અમારા અમારા વિશ્લેષણ મુજબ ગાઝામાં કોઈ ભૂખમરો નથી. ગાઝામાં દરરોજ પર્યાપ્ત માત્રામાં ખાદ્યપદાર્થો પ્રવેશે છે.

બીજા દિવસે, યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ઈજિપ્તના ઉત્તરીય સિનાઈમાં રફાહ બોર્ડર ક્રોસિંગની મુલાકાત લીધી, જયાં ગાઝા માટે આંતરરાષ્ટ્રીય રાહતના ટ્રક લોડ રાહ જોતા હતા કારણ કે ઈઝરાયેલે તેમના મિશનને

ઉત્તરમાં ૨૭ ગાઝાવાસીઓ અગાઉ ભૂખમરાથી મૃત્યુ પામ્યા છે. (કેર) ગાઝા વાસીઓની ન્યૂનતમ જરૂરિયાતો પૂરી કરવા માટે દરરોજ ૫૦૦ ટ્રકની જરૂર છે. (યુએન) સહાય સંસ્થાઓ માને છે કે, સહાયની અનિયંત્રિત વિતરણની સુવિધા માટે. ગાઝામાં જીવન બચાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તરત જ હિંસા અટકાવવી અને રફાહ અને કેરેમ શાલોમ સહિત તમામ સરહદ ક્રોસિંગ ખોલી નાખવી.

યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના પ્રવક્તા શાઝા મોગરાબીએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલે અમને અને અમારા

શરૂઆતથી માત્ર ૧૧ કાફલાને ઉત્તરમાં લાવવામાં સફળ રહી છે.

'દુષ્કાળને ટાળવા માટે દૈનિક ડિલિવરી જરૂરી છે. ઘણા પરિવારો માટે, તે પહેલેથી જ (ખૂબ) મોડું થઈ ગયું છે. અત્યારે, અમે ભૂખ-સંબંધિત કારણો અથવા કુપોષણ અને રોગના સંયોજનથી લોકો અને બાળકોને મૃત્યુ પામતા જોઈ રહ્યા છીએ.

જો અમને અત્યારેજ આ વિસ્તારમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં નહીં આવે અને જો આપણે અત્યારે જ કાર્યવાહી નહીં કરીએ તો આ મુઠ્ઠીભર લોકો સરળતાથી સેંકડો અને હજારો બની શકે છે. વિશ્વમાં ભૂખમરા સામે લડતી આંતરરાષ્ટ્રીય



કુપોષણ અને ડિહાઈડ્રેશનથી મૃત્યુ પામ્યા છે. IPC મુજબ, ગાઝાના ઉત્તરમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૧૬.૫ ટકા બાળકો ફેબ્રુઆરી સુધીમાં ગંભીર રીતે કુપોષિત હતા. આ આંકડો હવે ઘણો વધારે હોવાની શક્યતા છે.

યુનિસેફના વરિસ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જો કે સહાય એજન્સીઓ પાસે 'હંમેશા આકસ્મિક યોજનાઓ હોય છે' અને તે સૌથી ખરાબ સંજોગો માટે તૈયાર હોય છે પરંતુ એ અશક્ય છે કે પોષણ સંસ્થા પછી આપત્તિજનક ખોરાક (તંગી)માં સૌથી ઝડપી ઘટાડો માટે આપણે હવે જોઈ રહ્યા છીએ તેવા સંજોગો માટે કોઈએ આયોજન કર્યું હોય.

દક્ષિણ ગાઝા સ્થિત ન્યુટ્રિશનિસ્ટ અને ફાર્માસિસ્ટ નૂરહાન અટ્ટલ્લાહે જણાવ્યું હતું કે, જો સહાયના અવિરત પ્રવાહને પ્રતિબંધિત એન્ક્લેવમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવે તો પણ, ભૂખે મરતી વસ્તી, ખાસ કરીને બાળકોને પુનઃ પ્રાપ્ત કરવા માટે વિશેષ તબીબી અને આહાર સંબંધી કાળજીની જરૂર પડશે.

અટ્ટલ્લાહે જણાવ્યું કે, 'બાળકો પર દુષ્કાળની અસર માત્ર વિટામિનની ઉણપ અને વજન ઘટાડાથી આગળ વધે છે અને તે મગજ સહિત શરીરની તમામ પ્રણાલીઓને અસર કરે છે.'

ભૂખમરો "પ્રોટીનના અપૂરતા વપરાશને લીધે કિડની અને લીવર પર અસર કરે છે. કિડનીના કાર્યમાં ખામી, પેટ અને પાચનતંત્રની સમસ્યાઓ, ડિહાઈડ્રેશન અને ઝાડાને પરિણામે હૃદયની સમસ્યાઓ સર્જાય છે અને સમયસર સારવારના અભાવે આ ગૂંચવણો આખરે મૃત્યુ તરફ દોરી જાય છે."

તેમણે ઉમેર્યું કે, "કુપોષણના પરિણામે મગજનું કદ સંકોચાઈ શકે છે. પ્રતિભાવ આપવાની ક્ષમતામાં ઘટાડો થઈ શકે છે તથા ભાવનાત્મક ફેરફારો અને અસમર્થતા પણ વિકસી શકે છે. જો કે, તબીબી સહાયથી, કુપોષણથી થતા મૃત્યુને અટકાવી શકાય છે.

અટ્ટલ્લાએ કહ્યું કે, 'જો આપણે ઝડપી

શકીએ છીએ.' જો તાત્કાલિક હસ્તક્ષેપ પ્રદાન કરવામાં આવે અને સારવાર માટે યોગ્ય શરતો સુનિશ્ચિત કરવામાં આવે 'કુપોષણના કેસોમાં પુનઃ પ્રાપ્તિ દર ઊંચો છે, જે ૯૦ ટકા સુધી પહોંચે છે. જરૂરી હસ્તક્ષેપ વિશે વિગતવાર જણાવતા, તેમણે કહ્યું કે, : ગંભીર રીતે કુપોષિત બાળકોને ખૂબ કાળજી સાથે ખવડાવવાની અને ફરીથી હાઈડ્રેટ કરવાની જરૂર છે. તેમને તરત જ સામાન્ય ખોરાક આપી શકાતો નથી. તેમને સામાન્ય રીતે હોસ્પિટલોમાં વિશેષ સંભાળની જરૂર પડે છે.

'એકવાર તેઓ પૂરતા પ્રમાણમાં સ્વસ્થ થઈ જાય, તેઓ ધીમે ધીમે સામાન્ય રીતે ખાઈ શકે છે. તેમને પોષક તત્ત્વો અને કેલરીની ઉચ્ચ ઘનતા સાથે પૂર્વ-તૈયાર ભોજનની જરૂર છે અને તેઓએ દર બે કલાકે ખાવું જોઈએ અને પૂરક અને વિટામિન્સ પણ લેવા જોઈએ.'

માનવતાવાદી સંસ્થાઓ આપત્તિજનક ભૂખ અને ભૂખમરાના કિસ્સામાં આ વિશેષ જરૂરિયાતોથી સારી રીતે વાકેફ છે.

WFPના મોગરાબીએ જણાવ્યું હતું કે, જયારે માનવતાવાદી સંગઠનોને 'મૂળભૂત ખાદ્ય પુરવઠો સાથે ગાઝા પટ્ટીમાં ઉમટી પડવાની જરૂર છે, તે દરમ્યાન અમારે, WFP અને અન્ય યુએન એજન્સીઓએ, ત્યાં વિતરણનું નિરીક્ષણ કરવા અને સંચાલન કરવા માટે જવાની જરૂર છે જેથી કરીને લોકો અને સ્ટાફની સલામતી જાળવી શકાય.'

આવું એટલા માટે કરવું જરૂરી છે કે જે બાળકો ભૂખે મરતા હોય,જેમના શરીરને આટલા લાંબા સમયથી ખોરાક ન મળ્યો હોય તેમને જરૂરી પોષક ઉત્પાદનો મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે કારણ કે, આવા બાળકો માટે કોઈપણ આહારનું સેવન કરવું તે ખૂબ જોખમી નીવડી શકે છે.

"અમે યમન અને અન્ય સ્થળોએ આવું થતું જોયું છે અને અમે આ અપીલ કરી રહ્યા છીએ. કોઈ પણ ખોરાક વિષેની આ વાત નથી પણ ભૂખમરો અનુભવી રહેલા વિસ્તારોમાં કેવા પ્રકારના ખોરાક પહોંચાડવામાં આવે છે તેના વિશે આપણે ખૂબ, ખૂબ કાળજી રાખવાની જરૂર છે."

તેમણે જણાવ્યું કે, ઓક્સફેમના જેમ્સે પણ મોગરાબીની ચેતવણીનો પડઘો પાડતા જણાવ્યું કે, 'અત્યંત કુપોષિત લોકો માટે રોગનિવારક ખોરાક અને દર્દીઓની સંભાળ પૂરી પાડવા માટે વિશિષ્ટ સેવાઓમાં વૃધ્ધિ કરી શકાય છે.' જો કે, 'આ સેવાઓને વધારવા માટે, યુદ્ધવિરામ અને સરહદ પારની પહોંચમાં વધારો જરૂરી છે.'

**(સૌ : અરબન્યુઝ)**

# પળ પળે પળ જિંદગીની ઈદ મનાવી ઉજવો જિંદગીના ઝખ્મોને પ્રીત બનાવી રૂઝવો

ક્ષણોના શહેરોમાંથી આપણે પસાર થઈ જઈએ છીએ. યાદોના પગલાં એકબીજાની હૃદયધરતી પર છોડતા જઈએ છીએ... એક ઔર વર્ષ દિવાળી અને ઈદનો સહિયારો આનંદ લઈને આવી પહોંચ્યું !

આયખાની અલમારીમાંથી ભલે એક વર્ષ ઓછું થયું, પણ અસ્તિત્વનાં વૃક્ષને રોમાંચિત બન્યાનો આનંદ કંઈ જેવો તેવો ન કહેવાય, તહેવારો પણ આપણને સાનમાં સમજાવે છે કે જુઓ કોમી એકતા આને કહેવાય હાથમાં હાથ પકડીને નહીં, શ્વાસમાં શ્વાસ પરોવીને આવી ગયેલાં ઈદ અને દિવાળી મને ને તમને ધર્માંધતામાંથી બહાર નીકળવાનો સંકેત આપે છે. અત્યારે હું રાજકારણીઓની વાત નથી કરતો, માત્ર માણસોની વાત કરૂં છું. માણસને માણસ તરીકે ટકાવી રાખે છે તહેવાર.



**દસ્તક**

**હર્ષદ પંડ્યા**

પ્રત્યેક તહેવારે આપણું ઘર તીર્થ બને છે. પ્રત્યેક વ્યક્તિમાં આપણને માલિકનું દર્શન થાય છે. આપણે ભલે ન માનતા હોઈએ પણ સામેની વ્યક્તિ આપણને શત્રુ કે દુશ્મન માનતી હોય તો એને પણ ગળે લગાડવાનો દિવસ એટલે ઈદ અને દિવાળી.

બે પ્રિયજનોનાં દિલ મળે એનું નામ દિવાળી. એકબીજા માટે ધૂપની જેમ સુગંધ ફેલાવવાની જિદ એનું નામ ઈદ ! દિવાળી અને ઈદનો સાથ એટલે રામ અને રહીમનો સંગાથ. બે તહેવારો મળે છે પણ બે વહેવારો નથી મળતા. બે પ્રિયજનો મળે છે, પણ એકબીજાના શ્વાસ નથી મળતા. આજે શ્વાસ જ નહીં, વિશ્વાસ મેળવવાનો તહેવાર છે. કોઈને કોઈનો જીવનભરનો વિશ્વાસ મળી જાય એના જેવો બીજો ઉત્સવ કયો હોઈ શકે ? સંબંધોમાં સુવાસ ભરવાનો અવસર જે ક્ષણે મળે એ પ્રત્યેક ક્ષણને હું ઈદ અને દિવાળી તરીકે ઉજવું છું.

ક્ષણના ગર્ભમાં સદીનો જન્મ થાય છે એમ લાગણીના ગર્ભમાં ભવોભવના સંબંધનો જન્મ થતો હોય છે. લાગણીઓના દિવા પ્રગટાવવાનો અવસર એટલે જ ઈદ... મૈત્રીના મંડપ નીચે જિંદગીને વિશ્રામ આપવાનો તહેવાર એટલે જ દિવાળી.

વર્ષ બદલાય ત્યારે વેરભાવ ભૂલી જવામાં સાર છે. નકારાત્મકતાને છોડી દેવામાં જ જિંદગીનો આંનદ અને સંબંધની શોભા જળવાઈ રહ્યાની ખુશી છે. ભલે તલવારની ધાર પર જીવવાનું આવે, પણ ગુલાબની પાંદડી પર જીવતા હોવાનો અહેસાસ ઉગાડવાનો આજે અવસર છે. અવસરના અજવાળાંથી જ માણસ ઉજળો દેખાય છે. અવસરથી જ અસ્તિત્વનો અર્થ સાર્થક થાય છે. કુદરતના બે પાસાં છે. અસ્તિત્વ અને અવસર અવસર વગરનું અસ્તિત્વ ખંડિત કહેવાય અને અસ્તિત્વ વગરનો અવસર ઓશિયાળો થઈ જાય. લીલીલીલી લાગણીઓમાં સતત બળતા રહેવું પડે તો પણ આંખમાં તો અવસરને જ આંજવો જોઈએ અને તો જ આપણે લાગણીઓમાંથી જન્મેલા સંબંધની સુગંધ માણી શકીશું. સાચો પ્રેમી જ પોતાના પ્રિયજનની ભૂલને ભૂલી જતો હોય છે. ભૂલોને ભૂલવાનો દિવસ એટલે જ ઈદ. ભૂલોને ભૂલી પ્રિયજનને માફ કરવાનું પર્વ એટલે જ ઈદ અને માનવમાત્રને દિલ ફાડીને મહોબ્બત કરવાનું મન થાય એવી પ્રત્યેક ક્ષણોનો સરવાળો એટલે જ ઈદ ! ઈદ પ્રીતનો પર્યાય છે. લાગણીઓના લયમાં ઉછરતા અને ઉછળતા આનંદનું ગીત એટલે જ ઈદનું સંગીત ! માલિક જ્યારે માણસને મળવા માંગે છે ત્યારે એ ઈદ અને ઈબાદત રૂપે મળવા આવે છે. મન અને માલિકનો મેળાપ એટલે જ ઈદ !

તૂટ્યા ફાટ્યા અરીસા સાંધીને આપણા પ્રતિબિંબને અકબંધ રાખવું હોય તો તહેવારને જીવનમાં અને સંબંધમાં ઓગળતાં આવડવું જોઈએ.

સંબંધ જેવું કોઈ સુખ નથી. નફરત જેવું કોઈ દુઃખ નથી. બની શકે તો સંબંધના શ્વાસ લેવા, નફરતના વિશ્વાસ નહીં. આપણે ભલે કોઈને આપણા ન બનાવી શકીએ, પણ કોઈક જ્યારે આપણને એના પોતાના બનાવી દે ત્યારે એના બનીને રહેવામાં જે ખુશી છે એનું તો વર્ણન થઈ શકે એમ નથી. જે મજા ચાહવામાં છે એના કરતાં અનેકગણી મજા અન્ય આપણને ચાહવા માંડે એમાં છે. પ્રેમ કરવામાં તો ખુશી છે જ, પણ કોઈ આપણને પ્રેમ કરે છે એની ખબર પડે એ ક્ષણ આપણાં અસ્તિત્વ માટે ઉત્સવ બની જાય છે. ઈદ અને દિવાળી આવી જ કોઈ ક્ષણનું સરનામું છે. માલિકને મળાતું નથી. અને એટલે જ એના પ્રત્યેની આસ્થા ક્ષણેક્ષણે દૃઢ બનતી જાય છે. પ્રિયજન માટે પણ એવું જ કહી શકાય. પ્રિયજન સાથે મિલન ન થઈ શક્યું તો એ ક્ષણે સહેજ પણ દુઃખી નહીં થવાનું... એની ગેરહાજરીમાં એનો ચહેરો વાંચવાની જે ખુશી છે તે પ્રત્યક્ષ ચહેરા કરતા ચડિયાતી છે. જે વાંચવા મળે એમાં જ રાચવા મળે... કોઈનામાં રાચવા જેવી પ્રસન્નતા બીજે ક્યાં મળે ? દિવાળી કે ઈદના તહેવારોમાં આપણું શ્વાસજણ આપણું પ્રિયજન આપણાથી માઈલો દૂર હોય. પણ આંખોના પડદા પાડીને એને યાદ કરી એના ચહેરાને વાંચ્યા કરીશું, એ પણ મિલનનો જ એક પ્રકાર છે. પ્રત્યેક પળને જિંદગીનો યાદગાર કિસ્સો બનાવવાનો મંગલ અવસર એટલે જ તહેવાર.... એ તહેવાર ઈદ રૂપે આવે કે દિવાળી રૂપે... ખુશી તો સરખી જ હોવાની. આપણા શ્વાસનું સરનામું બીજું કોઈ નહીં, પણ આપણું પ્રિયજન છે. 'શબ્દપ્રીત' આ અવસરે એટલું જ કહે :

**"પળ પળે પળ જિંદગીની ઈદ મનાવી ઉજવો**
**જિંદગીના ઝખ્મોને પ્રીત બનાવી રૂઝવો"**

**:::: ટહુકો ::::**

**તુમ્હેં ભી યાદ નહીં ઔર મૈં ભી ભૂલ ગયા**
**વો લમ્હા કિતના હસીં થા મગર ફુઝૂલ ગયા**

**- જાવેદ અખ્તર**


**સત્કાર**
મેડિકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ
મો.૯૮૭૯૨૧૯૦૩૮
દવાઓ મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ
જામ, બટર, કેચપ, ટુથપેસ્ટ, શેમ્પુ, કન્ડીશનર, હેર કલર, ખજૂર, હેર ઓઈલ, હીટ સ્પ્રે વિગેરે તમામ પ્રકારની કોસ્મેટીક આઈટમો મેળવવા અમારો સંપર્ક કરો.
સમોસા પટ્ટી રીટેઈલ અને હોલસેલ ભાવે મળશે.
એસ.ટી. ડેપો સામે, જંબુસર-૩૯૨૧૫૦, જી. ભરૂચ.

ઈદ મુબારક
ખેડા જિલ્લાના તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
લી.
પ્રોફેસર ઓ.જી.મોમીન
મોમીન વાડ, વસો, જિલ્લો ખેડા

તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
- દારૂલ ઉલૂમ અન્વારે મુસ્તુફા જૂનાગઢ
- નૂરી ક્લિનીક ખાનકાહે રીઝવીય્યાહ, જૂનાગઢ,
- એમ્બ્યુલન્સ સર્વિસ મુફતીએ આઝમ ફાઉન્ડેશન

ખાનકાહે રીઝવીય્યાહ
શેહજાદાએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ
હઝરત ગુલઝારબાપુ નૂરી રીઝવી
હાજી હનીફભાઈ (અમીન ટ્રાન્સપોર્ટવાળા)

ઈદ મુબારક
सबकी मन पसंद माचिस
दुल्हा मोटी माचिस

દરેક સિઝનમાં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી માચીસ
ઈગલ મેચ એજન્સી
'સન્માન પ્લાઝા' ગાંધી ચોક, ડો.દોલકીયાના દવાખાના પાછળ, જૂનાગઢ,
ફોન : ૦૨૮૫-૨૬૨૦૨૧૫, ૨૬૨૩૬૪૫, મો.98240 53500

**AMERICAN FEDERATION OF MUSLIMS OF INDIAN ORIGIN (AFMI)**
(U.S.A. & CANADA)
29008, West 8 Mile Road,
Farmington Michigan 48336, U.S.A.

**સર્વે મુસ્લિમ બિરાદરોને દિલથી ઈદ મુબારક**

ભારતના વિકાસ માટેની ચળવળમાં આફમી હંમેશા 'ગુજરાત ટુડે'ની સાથે છે. આવનારા વર્ષોમાં ગુજરાત ટુડે વધુને વધુ પ્રગતિ સાધે તેવી દુઆ. ગુજરાત ટુડે તેના માહિતીસભર, તટસ્થ અને તથ્યો પર આધારિત સમાચારો દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યું છે. સાથોસાથ 33 વર્ષના ગાળામાં તેમણે માનવ સેવાના અણમોલ કાર્યો કર્યા છે. ગુજરાત ટુડેને પ્રસિદ્ધ કરતા ટ્રસ્ટ દ્વારા ચાલતા સેવાકીય કાર્યો પ્રશંસનીય છે. ચાલો આપણે બધા સાથે મળીને આર્થિક અને માનવીય સ્ત્રોતોના વિકાસના પ્રયાસોથી સમાજને શિક્ષિત કરી તેને ઉપર લાવવા માટે એક ઐતિહાસિક ભૂમિકા અદા કરીએ.

અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ્સ ઓફ ઈન્ડિયન ઓરિજીન (AFMI)નું એક્ઝિક્યુટીવ બોર્ડ અને ટ્રસ્ટી મંડળ

Trustees :
Dr. A. S. Nakadar
Dr. Aslam Abdullah
Mr. S. M. Ali Quraishi
Dr. Tajuddin Ahmed
Dr. Iqbal Ahmed
Dr. M Sana Ulah khan
Dr.Akber Mohammed

# નિરાધાર લોકોની મદદ જ સાચી ઈદ છે

રમઝાનના મહિના બાદ જે ચાંદ દેખાય છે તેને ઈદનો ચાંદ કહેવાય છે. અલ્લાહતઆલાના હુકમથી જ્યારે તમે રમઝાનના રોઝા પૂરા કરી લો પછી અલ્લાહની પ્રશંસા કરો. ઈદને મીઠી ઈદ પણ કહેવાય છે. ઈદના દિવસે સવારે નમાઝ પહેલાં ખજૂર કે ખારેક અથવા અન્ય કોઈ મીઠી ચીજ ખાવી સુન્નત છે. આ દિવસે રોઝો રાખવો મનાઈ છે, કેમ કે અલ્લાહે આ દિવસને ખુશી મનાવવા માટે નક્કી કરેલ છે. સ્વયંપણ ખાવું-પીવું અને ખવડાવવું, ખીરસેવઈયાં ખાવી, મીઠાઈઓ ખાવી અને ખવડાવવી આ દિવસનો અમલ છે. પયગમ્બર-એ ઈસ્લામ (સ.અ.વ.) જ્યારે મદીનામાં હિઝરત કરીને આવ્યા તો તેમણે જોયું કે ત્યાંના લોકો વરસમાં બે તહેવાર મનાવે છે, જેનું નામ હતું. મહેરગાન અને નીરોજ, જ્યારે પયગમ્બર આપ (સ.અ.વ.) મદીનામાં આવ્યા તો તેમણે કહ્યું કે આ તહેવાર હવે મનાવવામાં નહીં આવે, પણ એની જગાએ અલ્લાહે મુસલમાનોને બે તહેવાર મનાવવાનો હુકમ આપ્યો અને તે છે. ઈદ-ઉલ-ફિત્ર અને ઈદ- ઉલ અઝહા, જેને બકરી ઈદ પણ કહે છે. ઈદના દિવસે મુસલમાન સવારે નાહીને સાફ કપડાં પહેરી, અત્તર, સુરમો લગાવીને અને મિસ્વાક કરી 'અલ્લાહ હો અકબર' તકબીર પઢતા ઈદની નમાઝ માટે મસ્જિદોમાં જાય છે. ત્યાં બે રકાત નમાઝ ઈદ-ઉલ-ફિત્ર પઢે છે, અલ્લાહથી દુઆઓ કરે છે. નમાઝ બાદ ઈમામ ખુત્બો (ધાર્મિક વ્યાખ્યાન) પઢે છે. તેમાં મુસલમાનોને ઈદના દિવસ માટે જરૂરી વાતો બતાવે છે. તેઓને આ તાકીદ કરે છે કે જે રીતે તમે રમઝાનમાં રોઝા રાખો અને તરાવીહ નમાઝ પઢો અને દાન-પૂણ્ય કર્યું, તે જ રીતે તમારે આવનાર જીવનમાં પણ અલ્લાહના હુકમને માનવાનો છે અને પયગમ્બર (સ.અ.વ.)ની બતાવેલી વાતો પર તેમની સુન્નતો પર અમલ કરવાનો છે. યાદ રાખો, કયામતના દિવસે તમારે અલ્લાહની સામે હાજર થવાનું છે. તે એ પણ બતાવે છે કે જે રીતે આજે તમે સ્વયંને પાક-સાફ કર્યા છે, એ પ્રકારે તમે તમારા હૃદયને પણ પાક-સાફ કરો અને જે રીતે તમે અહીં એકઠા થઈને નમાઝ પઢી રહ્યા છો એ પ્રકારે હમેશા હળી- મળીને રહો, એક બીજાના ગળે મળો, ખુશીમાં બધાને સામેલ કરો અને ફિતરો અદા કરો. ફિતરો દરેક બાપ પોતાની અને પોતાની નાબાલિગ બાળકોની તરફથી ગરીબોને આપે છે. એક વ્યક્તિને બે કિલો ૪૫ ગ્રામ ઘઉં અથવા તેનો લોટ કે એટલી કિંમતનો ફિતરો કાઢવાનો હોય છે. જો જવ આપવા હોય તો એનાથી ડબલ આપવાના છે. પત્ની અને બાલિગ બાળકો તરફથી પિતા કે પતિ ફિતરો નથી આપતા; બલ્કે પત્ની અને બાલિગ બાળકો સ્વયં આપે છે. જો પિતાના હોય તો બાળકોના દાદા ફિતરો આપશે. ફિતરો આપવો ફર્ઝ છે. આ ગરીબ લોકોને પોતાની ખુશીમાં સામેલ કરવાની રીત છે. પયગમ્બર (સ.અ.વ.) સાહેબે બતાવ્યું છે કે ફિતરો આપવાથી રોઝા કબૂલ થઈ જાય છે. ઈદના મહિનો (શવ્વાલ માસ)માં છ રોઝા બીજા રાખવામાં આવે છે. જેને શશા (છ) ઈદના રોઝા કહેવાય છે. આ છ રોઝા ઈદના મહિનામાં ક્યારેય પૂરા કરી શકાય છે. ઈદ એક એવો તહેવાર છે, જેમાં લોકોએ એકબીજાથી પ્રેમભાવથી વર્તવું જોઈએ. હકીકતમાં ગળે મળવાનો અર્થ છે. હૃદય સાફ કરવું. ઈસ્લામમાં હૃદયમાં કપટ રાખવું, ઈર્ષા રાખવી ઘણું મોટું પાપ છે. તમારી દરેક ઈબાદત (પૂજા-અર્ચના)થી અલ્લાહ ત્યારે પ્રસન્ન થશે જ્યારે તમારું હૃદય ચોખ્ખું હશે. ઈદ અલ્લાહ તરફથી ભેટનો-ઈનામનો દિવસ છે. રોઝા રાખ્યા બાદ જે મુસલમાન અલ્લાહનું ઈનામ મેળવે છે, ખુશી મેળવે છે તેને જ ઈદ કહેવાય છે. સ્વયં પયગમ્બર (સ.અ.વ.) સાહેબ ઈદના દિવસે બધા સાથે ઘણો પ્રેમભાવ રાખતા હતા. ખાસ રીતે જે નિરાધાર લોકો હતા જેમ કે યતીમ (અનાથ) બાળકો કે ગરીબ લોકો તેમનાથી ઘણો પ્રેમભાવથી વર્તાવ રાખતા હતા. વસ્તુતઃ આ તેમની તાલીમ છે કે મુસલમાન ફાલતું ખર્ચ ના કરે, પોતાની ખુશીમાં પૈસા ના ઉડાવે, બલ્કે કોઈ જરૂરતમંદ નિરાધારની મદદ કરીને તેમની દુઆઓ લે. સાચા અર્થમાં આ જ ખુશી છે.

**- ડો.મુફ્તી મુકર્રમ અહમદ**

## હમ કેહતે હૈં પ્યાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

હથિયારોં સે ખૂન બહેગા
ચાહત સે દિલ મિલેંગે પ્યારો !
નફરત સે ટૂટેંગે રિશ્તે,
પ્યાર સે હી ગૂલ ખિલેંગે પ્યારો !

જિસમે પ્યાર બસાહો ઐસે
સપનોં કા સંસાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

ધર્મ કિસે કેહતે હૈં જગમેં
રામને જીકર બતલાયા હૈ
ઈન્સાં હી સબ સે બરતર હૈ
યુ કુર્આનને સમઝાયા હૈ

નાનકને ભી યહી સિખાયા
દિલ દેકર દિલદાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

યે મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારે
ઈન્સાંનોં કે ખાતિર હૈં સબ
ઈન્સાં હી જબ નહીં રહેગા
ફિર ક્યા ધર્મ ? ઔર કૈસા મજહબ ?

કિસને કહા કિ ખૂન બહાકર
ભક્તિ કા સિંગાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

દર દર આગ ઉગાને વાલો !
ગુન્ચે ભી દોચાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

ઈસ ધરતી કી લાજ કે ખાતિર
સારે ભેદ ભુલાને હોંગે
નફરત કે ઈન અંધિરો મેં
પ્યાર કે દીપ જલાને હોંગે.

ખત્મ કરો નફરત કે નારે
ઉલ્ફત કા ઈકરાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

દેખો વો તુફાન ઉઠે હૈં
ઝુલ્મો-સિતમ કે બાદલ છાએ
ખૌફ યહી હૈ ગમ કે ભંવર મેં
પ્યાર કી કુશ્તી ડૂબ ન જાએ

હમતુમ સબકો પાર લગાએ
ઐસી ઈક પતવાર બઢાઓ

તુમ કેહતે : 'હથિયાર બઢાઓ'
હમ કેહતે હૈઃ 'પ્યાર બઢાઓ'

**- મુસાફિર પાલનપુરી.**

# સાત મુદ્દાઓ કે જે તપાસને યોગ્ય બનાવે છે : ઈલેક્ટોરલ બોન્ડ્સ કૌભાંડ ડેટા બહાર આવવાની સાથે સમાપ્ત થયું નથી

### નવી રચાયેલી અથવા ખોટ કરતી કંપનીઓ મોટી રકમનું દાન આપીને, દાન પહેલાં કે પછી આપવામાં આવેલ કોન્ટ્રાક્ટ, ડેટા ન હોવાના SBIના દાવાઓ...અને વધુ

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ભારતીય સ્ટેટ બેંક અને ત્યારબાદ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતીમાં મુખ્ય પક્ષોના રાજકીય ભંડોળની સ્થિતિ વિશેની કઠોર વિગતો બહાર આવી છે. આ માહિતીને સાર્વજનિક ડોમેનમાં મૂકવી મહત્વપૂર્ણ છે પરંતુ આ ઘટસ્ફોટથી ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસરતા વિશે ઊંડા પ્રશ્નો ઉભા થયા છે જેને વધુ તપાસની જરૂર છે.

આવી તપાસ પર નજર રાખવા માટે સર્વોચ્ચ અદાલત શ્રેષ્ઠ રહેશે જે ઝડપથી હાથ ધરવામાં આવે.

અહીં ઓછામાં ઓછા સાત મુદ્દાઓ છે જેની વધુ તપાસની અને અનુગામી કાનૂની કાર્યવાહીની જરૂર છે.

૧. ખોટ કરતી કંપનીઓ ચૂંટણી બોન્ડ દ્વારા મોટી રકમનું દાન કરે છે અથવા કંપનીઓ તેમના નફા કરતાં અનેક ગણું દાન કરે છે. ૧૫ ફેબ્રુઆરીના આદેશમાં કંપની અધિનિયમ, ૨૦૧૩ અને ફાઈનાન્સ એક્ટમાં અમુક સુધારાઓ ગણવામાં આવ્યા છે, જેણે આ યોગદાનને ગેરબંધારણીય ગણાવ્યું હતું અને રાજકીય યોગદાનમાં "શેલ કંપનીઓ"ના સંભવિત દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ માટે આ ભંડોળના સ્ત્રોતની તપાસની જરૂર છે કે શું તે કંપનીઓના શેરધારકો સાથે છેતરપિંડી કરવા સમાન છે.

૨. નવી ટંકશાળ - ઘણીવાર અમુક મહિનાઓ જ જૂની - કંપનીઓએ ચૂંટણી બોન્ડ દ્વારા પક્ષોને મોટી રકમનું યોગદાન આપ્યું છે. ધ હિન્દુએ અહેવાલ આપ્યો છે કે "વર્ષ ૨૦૧૮ અથવા તે પછીના વર્ષમાં નવી સામેલ થયેલ ઓછામાં ઓછી ૪૩ કંપનીઓએ રૂા.૩૮૪.૫ કરોડથી વધુના ઈલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા છે." તેમાંથી, ૨૦૨૩માં હૈદરાબાદમાં સ્થપાયેલી ચાર કંપનીઓએ સ્થાપના થયાના મહિનાઓમાં જ કરોડો રૂપિયાના બોન્ડ્સ ખરીદ્યા હતા. ૨૦૨૦માં નવ કંપનીઓ અને ૨૦૨૧માં અગિયાર કંપનીઓ રોગચાળાના મધ્યમાં બનાવવામાં આવી હતી, અને "રચના થયાના માત્ર એક કે બે વર્ષમાં" ૧૦૦ કરોડની કિંમતના બોન્ડ્સ એકીકૃત રીતે ખરીદ્યા હતા. ચોક્કસ પક્ષોને પૈસા ચૂકવવાના એકમાત્ર હેતુથી કંપનીઓ શરૂ થઈ હતી કે કેમ તેની તપાસ થવી જોઈએ.

૩. જે કંપનીઓને ચૂંટણી બોન્ડની ખરીદી સાથે એકસાથે મોટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. 'લેવડ-દેવડ'નું આ પગલું ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (POCA) હેઠળ તપાસને પાત્ર છે. ૪. અમુક કંપનીઓએ ઈડી, સીબીઆઈ અને આઈટી જેવી એજન્સીઓ દ્વારા દરોડા પાડ્યા પછી જ ચૂંટણી બોન્ડ દ્વારા નાણાંનું દાન કર્યું છે અને તેમની સામેના કેસ અટકી ગયા છે અથવા પાછા ખેંચી લેવામાં આવ્યા છે. ફેબ્રુઆરીમાં થયેલી તપાસમાં જાણવા મળ્યું છે કે ED, IT તપાસનો સામનો કરી રહેલી ૩૦ કંપનીઓએ "ભાજપને રૂા.૩૩૫ કરોડનું દાન આપ્યું છે." ધ વાયરે નાણા મંત્રાલયના ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (FIU) દ્વારા શંકાસ્પદ તરીકે ટાંકવામાં આવેલી કંપનીઓ વિશે અહેવાલ આપ્યો હતો, જેણે ચૂંટણી બોન્ડ તરીકે નોંધપાત્ર રકમનું દાન કર્યું હતું અને સંયોગથી તે પછીના વર્ષોમાં મંત્રાલય દ્વારા સૂચિમાંથી તે બહાર નીકળી ગઈ હતી.

૫. ચૂંટણી બોન્ડની મુદત પૂરી થયા પછી પણ પક્ષ દ્વારા રિડેમ્પશન. ભારતીય જનતા પાર્ટી (BJP)ને રૂા.૧૦ કરોડના મુદત સમાપ્ત થયેલા ચૂંટણી બોન્ડને રોકડ કરવાની મંજૂરી આપવા માટે, કેન્દ્ર સરકારે ૨૦૧૮ની કર્ણાટક વિધાનસભા ચૂંટણીની પૂર્વસંધ્યાએ સત્તાવાર નિયમો તોડ્યા હતા, ધ રિપોર્ટર્સ કલેક્ટિવના અહેવાલ મુજબ. આ માટે તપાસની જરૂર છે, અને જેઓએ કાયદો તોડ્યો છે તેમની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી થવી જોઈએ.

૬. SBI દ્વારા કરવામાં આવેલા દાવા કે તેણે મેળ ખાતા ડેટા જાળવી રાખ્યા નથી, અથવા ડેટા પ્રદાન કરવા માટે ૩૦ જૂન સુધીનો સમય જરૂરી છે, સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવાના તેમના પ્રયાસ પાછળના હેતુઓની તપાસ કરવા માટે તે તપાસને પાત્ર છે.

પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસાએ SBI દ્વારા ડેટા રજૂ કર્યાના થોડા સમય પહેલા લખ્યું હતું તેમ, ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકમાંથી મિશ્ર સંકેતો આવ્યા હતા. તેમણે ધ હિંદુમાં લખ્યું છે કે, જ્યારે (હવે રદ કરાયેલ) ચૂંટણી બોન્ડ સ્કીમ (EBS), ૨૦૧૮ની કલમ ૭(૪)એ જણાવ્યું હતું કે ખરીદનાર દ્વારા આપવામાં આવેલી માહિતી "અધિકૃત બેંક દ્વારા ગુપ્ત ગણવામાં આવશે અને તેને જાહેર કરવામાં આવશે નહીં. કોઈપણ હેતુઓ માટે કોઈપણ સત્તાધિકાર સાથે, જ્યારે સક્ષમ અદાલત દ્વારા માંગવામાં આવે અથવા કોઈપણ કાયદા અમલીકરણ એજન્સી દ્વારા ફોજદારી કેસની નોંધણી કરવામાં આવે તે સિવાય", EBSના 'ડિઝાઈનર્સ' પણ કહે છે કે "બેંક ખરીદનારને જારી કરાયેલ બોન્ડ પરનો નંબર કાયદેસર રીતે કોઈપણ ગુપ્ત રેકોર્ડ રાખી શકતી નથી (ઈબીએસમાં સમાવિષ્ટ અનામીની જોગવાઈને ધ્યાનમાં રાખીને.)

જો આ કિસ્સો હોય, તો ખરીદનાર અને પ્રાપ્તકર્તા વચ્ચે કોઈ કડી સ્થાપિત કરવી લગભગ અશક્ય બની જશે." લવાસા કહે છે કે આ અસંગતતા ગંભીર છે. જો બેંક હવે કહી રહી છે કે બોન્ડ "ચલણ જેવું" હતું, તો પછી "એસબીઆઈ, જ્યારે કોઈ અમલીકરણ એજન્સીને જાહેર કરવાની ફરજ પાડવામાં આવે ત્યારે, ખરીદનારની ઓળખ કેવી રીતે જાહેર કરી શકે પરંતુ તપાસના અવકાશને માત્ર ભંડોળના સ્ત્રોતો સુધી મર્યાદિત કરી શકે? શું આ દાતા-રાજકીય પક્ષની લિંક પૂરી પાડવાની શક્યતાને નકારી શકતું નથી, જેનાથી તે સંકેતને દૂર કરી શકાય છે જે લેવડ-દેવડના આરોપોની તપાસ માટે મહત્વપૂર્ણ છે?"

પૂર્વ નાણા સચિવ એસ.સી. ગર્ગે સપ્તાહના અંતે, અનન્ય આલ્ફા-ન્યુમેરિક રેકોર્ડ કરવા બદલ SBIની નિંદા કરીને આમાં ડબલ ટ્વિસ્ટ ઉમેર્યું છે. તેમણે ઈલેક્ટોરલ બોન્ડ કેસમાં બેંકની કાર્યવાહીને "સંપૂર્ણપણે ગેરકાનૂની અને અણધારી" ગણાવી છે. ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતા ગર્ગે કહ્યું, "આમ કરવાથી, તેણે (SBI) ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ, ૨૦૧૮ હેઠળ દાતાઓને આપેલા અનામીતાનું ઉલ્લંઘન કર્યું છે." તે બોન્ડ નંબર્સ છે જેણે બોન્ડ ખરીદનારાઓ વચ્ચે રાજકીય પક્ષો સાથે સંબંધ સ્થાપિત કર્યો છે જેણે તેમને રોકડ કર્યા છે.

SBIએ તેની સ્થિતિ અને કોર્ટમાં આપેલા નિવેદનોમાં અસંગતતા માટે જવાબ આપવો જોઈએ.

૭. ચૂંટણી પંચ પણ બોન્ડના પ્રશ્ન પર ઢીલું પડ્યું. સૌપ્રથમ, એવી સ્થિતિ લેવી કે ચૂંટણી બોન્ડને આધાર આપતી વિભાવના ખામીયુક્ત હતી, પછી કહેવું કે બધું સારું છે. સુપ્રીમ કોર્ટે પોતાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો હોવા છતાં પણ તેણે આ મામલે મૌન જાળવી રાખ્યું હતું. સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવા માટે પ્રેસ કોન્ફરન્સમાં, મુખ્ય ચૂંટણી કમિશનર, રાજીવ કુમારે, સુપ્રીમ કોર્ટના નિર્ણયનું ઉલ્લંઘન કરીને, "દાતાની ગોપનીયતા" જાળવવા માટે તરફેણ કરી.

ચૂંટણી યોજવા માટે ફરજિયાત મુખ્ય સંસ્થાની સંસ્થાકીય અખંડિતતાને જાળવવા માટે તે શું કરે છે ?

**(સૌ. : ધ વાયર.ઈન)**

# મુક્ત અને તટસ્થ ? તેનાથી ઘણી દૂર !

### આકાર પટેલ લખે છે કે ભારત હજુ એક પક્ષનું રાજ્ય નથી, પરંતુ આપણે ત્યાં પહોંચી રહ્યા છીએ



૨૦૨૪ના ફ્રીડમ હાઉસ રિપોર્ટમાં બાંગ્લાદેશ 'અંશતઃ મુક્ત' છે. ભારત અને પાકિસ્તાનને સમાન રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ઈકોનોમિસ્ટ મેગેઝિન અનુસાર બાંગ્લાદેશ આજે એક પક્ષનું રાજ્ય છે. અલબત્ત, સંસદ અસ્તિત્વમાં છે અને અન્ય પક્ષો હાજર છે. પરંતુ પ્રાથમિક વિરોધ ગાયબ છે અને તેના નેતા ખાલિદા ઝિયાને દોષિત ઠેરવવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૨૪માં, બાંગ્લાદેશમાં તેની સામાન્ય ચૂંટણીઓ હતી જેમાં શાસક અવામી લીગે ૨૨૪ બેઠકો જીતી, તેને ૩૦૦ બેઠકોની સંસદમાં બે તૃતિયાંશ બહુમતી આપી. અગાઉની ચૂંટણીમાં ખાલિદા ઝિયાએ ચૂંટણી કરાવવા માટે રખેવાળ સરકારની માંગણી કરી હતી, જેને વડાપ્રધાન શેખ હસીનાએ નકારી હતી.

વિપક્ષને જેલભેગા કરવા અને માર મારવા સહિતના સરકારી તંત્રના દુરુપયોગના આક્ષેપો સામાન્ય છે. તે એક કારણ છે કે, ચૂંટાયેલી સરકાર હોવા છતાં, બાંગ્લાદેશને 'અંશતઃ મુક્ત' તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

ભારતે બાંગ્લાદેશની ચૂંટણીને વધાવી લીધી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યુંઃ "વડાપ્રધાન શેખ હસીના સાથે વાત કરી અને સંસદીય ચૂંટણીમાં સતત ચોથી વખત ઐતિહાસિક જીત માટે તેમને અભિનંદન આપ્યા. હું બાંગ્લાદેશના લોકોને પણ ચૂંટણીના સફળ સંચાલન માટે અભિનંદન આપું છું."

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે "યુનાઈટેડ સ્ટેટ્સ અન્ય નિરીક્ષકો સાથે અભિપ્રાય શેર કરે છે કે આ ચૂંટણીઓ મુક્ત અથવા ન્યાયી ન હતી અને અમને ખેદ છે કે આમાં તમામ પક્ષોએ ભાગ લીધો ન હતો."

તે પછીના મહિને, ફેબ્રુઆરી ૨૦૨૪, પાકિસ્તાન જેલમાં વર્તમાન વડાપ્રધાન ઈમરાનખાન હતા ત્યારે ચૂંટણી થઈ. યુએસએ કહ્યુંઃ "અમે વિશ્વસનીય આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ચૂંટણી નિરીક્ષકો સાથે તેમના મૂલ્યાંકનમાં જોડાયા છીએ કે આ ચૂંટણીઓમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા, સંગઠન અને શાંતિપૂર્ણ સભાઓ પર અયોગ્ય પ્રતિબંધોનો સમાવેશ થાય છે.

"અમે ચૂંટણીલક્ષી હિંસા, મીડિયાકર્મીઓ પર હુમલા સહિત માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓના ઉપયોગ પરના નિયંત્રણો અને ઈન્ટરનેટ અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓની પહોંચ પરના પ્રતિબંધોને વખોડીએ છીએ અને ચૂંટણી પ્રક્રિયામાં દખલગીરીના આરોપો અંગે ચિંતિત છીએ. દખલગીરીના દાવાઓ અથવા છેતરપિંડીની સંપૂર્ણ તપાસ થવી જોઈએ."

પાકિસ્તાને બાંગ્લાદેશની જેમ વિરોધ-મુક્ત લોકશાહી બનવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં સફળતા ઓછી મળી. જેલમાં બંધ ઈમરાન હજુ પણ ત્રીજા ભાગના મત મેળવવામાં સફળ રહ્યા હતા. જેમ કે વિશ્વના આપણા ભાગમાં સામાન્ય છે, મતદાન પછીના તેમના સંસદસભ્યોને એજન્સીઓના સ્વસ્થ ઉપયોગ સાથે પ્રકાશ જોવા માટે 'સમન્વિત' કરવાનું, નિઃશંકપણે ચાલુ રહેશે.

૧૯૭૭માં, પાકિસ્તાનમાં એક ચૂંટણી હતી જે શાસક પક્ષે જીતી હતી, તે સમયે જ્યારે વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો લોકપ્રિય હતા. તેમની લોકપ્રિયતા હોવા છતાં, ચૂંટણીને ન તો મુક્ત કે નિષ્પક્ષ તરીકે જોવામાં આવી હતી, જેમાં વિપક્ષો નબળા હોવા છતાં રાજ્ય દ્વારા હાંકી કાઢવામાં આવ્યા હતા. એ સમયગાળાની ઘટનાઓનું પરિણામ પાકિસ્તાને ચાર દાયકા સુધી સહન કર્યું.

જ્યાં ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સંસ્થાઓની સ્વતંત્રતાનું સક્રિય પોષણ હોય ત્યાં લોકશાહી સ્વસ્થ હોય છે. મતલબ શાસક સરકારથી તેમની સ્વતંત્રતા. જ્યાં વિપક્ષને એવું લાગતું નથી કે તે એક ટીમ માટે અલગ નિયમો અને પક્ષપાતી અમ્પાયરો સાથે ફિક્સ્ડ મેચ રમી રહ્યો છે. આ મૂળભૂત પરિમાણો છે પરંતુ કમનસીબે, તેમને પુનરાવર્તિત કરવાની જરૂર છે.

ભારત ૨૦૧૪થી નીચે સરકી રહ્યું છે જ્યાં તે આજે છે. ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટનો ડેમોક્રેસી ઈન્ડેક્સ નાગરિક સ્વાતંત્ર્ય, બહુલવાદ, રાજકીય સંસ્કૃતિ અને ભાગીદારી અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખે છે. ૨૦૧૪માં ભારત ૨૭મા ક્રમે હતું. ૨૦૨૦માં, ભારતને 'ખામીયુક્ત લોકશાહી' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે, રેન્કિંગ ૪૧ હતું.

આ "નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકતાંત્રિક પીછેહઠનું પરિણામ" હતું અને "મોદી હેઠળ ધર્મના વધતા પ્રભાવ, જેમની નીતિઓએ મુસ્લિમ વિરોધી લાગણી અને ધાર્મિક ઝઘડાને વેગ આપ્યો છે, તેણે દેશના રાજકીય માળખાને નુકસાન પહોંચાડ્યું છે."

CIVICUS મોનિટરની નેશનલ સિવિક સ્પેસ રેટિંગ્સ લોકશાહી માટે જરૂરી સંગઠન, શાંતિપૂર્ણ સભાઓ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાઓ પર નજર રાખે છે. ૨૦૧૭માં, ભારતનું રેટિંગ 'અવરોધિત' હતું, પરંતુ ત્યારથી તે ઘટીને 'દબાવેલ' થઈ ગયું છે.

માર્ચ ૨૦૨૨માં, સિવિકસે કહ્યુંઃ "ભારતને એવા દેશોની વોચલિસ્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે જેણે નાગરિક સ્વતંત્રતાઓમાં ઝડપથી ઘટાડો જોયો છે", અને તે કે મોદી "ટીકાકારોને ચૂપ કરવા માટે સખત પગલાં લેવાનું ચાલુ રાખે છે."

ફ્રીડમ હાઉસ કહે છે કે "ભાજપ રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે સરકારી સંસ્થાઓનો વધુને વધુ ઉપયોગ કરે છે." યુનિવર્સિટી ઓફ ગોથેનબર્ગના વી-ડેમ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતે "છેલ્લા ૧૦ વર્ષોમાં વિશ્વના તમામ દેશોમાં સૌથી વધુ નાટકીય ફેરફારોમાંથી એક" સહન કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મોદીના નેતૃત્વમાં ભારતે લોકશાહી તરીકેનો દરજ્જો ગુમાવ્યો હતો અને હંગેરી અને તુર્કી જેવા રાષ્ટ્રો સાથે જોડાતા તેને 'ચૂંટણીલક્ષી નિરંકુશતા' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. અભિવ્યક્તિ, મીડિયા અને નાગરિક સમાજની સ્વતંત્રતા પર, ભારત "પાકિસ્તાનની જેમ નિરંકુશ અને બાંગ્લાદેશ અને નેપાળ બંને કરતા ખરાબ" હતું.

આ રીતે વિશ્વના આપણા ભાગમાં લોકશાહી મૃત્યુ પામે છે, ધડાકા સાથે નહીં, પરંતુ ચૂપચાપ. સંસ્થાઓની સ્વતંત્રતા સમય જતાં અંદરથી ખોખલી થઈ રહી છે, થોડું બાકી રહે ત્યાં સુધી ધીમે ધીમે સંકુચિત થતી જાય છે. કાયદાના દુરુપયોગ દ્વારા 'ભ્રષ્ટ' અને 'રાષ્ટ્રવિરોધી' તત્વોને દૂર કરવામાં આવે છે અથવા તટસ્થ કરવામાં આવે છે. ચૂંટણીઓ યોજાય છે, પરંતુ બહારની દુનિયા માટે, તે મુક્ત કે ન્યાયી નથી.

આનું બીજું રસપ્રદ પાસું એ છે કે એકવાર આ પ્રકારનું રાજ્ય હાંસલ થઈ જાય પછી પાકિસ્તાન અને બાંગ્લાદેશ બતાવે છે તેમ તેમાંથી બહાર નીકળવું અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર છે. તે રાષ્ટ્રોમાં આજે કોઈપણ ચૂંટણી કડવાશ, દ્વેષ અને એક બાજુની લાગણી અને અન્યાય થયો હોવાનું કહ્યા વિના હાથ ધરવામાં આવતી નથી. આપણે કાં તો પહેલેથી જ ત્યાં છીએ અથવા લગભગ ત્યાં છીએ.

**- આકાર પટેલ**

**(સૌ.: નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)**

# ઈદુલ ફિત્ર મુબારક

ઈદુલ ફિત્રને સદકાતુલ ફિત્ર પણ કહે છે. જ્યારે બુખારી, મુસ્લિમ અને અબૂદાઉદમાં ઝકાતુલફિત્ર પણ કહે છે.

હઝરત સઅદ બિન ઔસ અનસારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુ, "ઈદુલ ફિત્ર" ના દિવસે અલ્લાહતઆલાના ફરિશ્તા ગલી-કૂચીઓના નાકાઓ ઉપર ઊભા રહે છે અને પોકારે છે કે, " મુસલમાનો ! અલ્લાહતઆલા તરફ જલ્દી જાઓ, તમારો રબ્બે કરીમ જરા સરખી ઈબાદતને પણ કબૂલ કરી લે છે, ને તેનો ખૂબ સારો સવાબ આપે છે. તમને રોઝાઓનો હુકમ થયો હતો તમે રમઝાનના તમામ રોઝા રાખ્યા, તમે રાતોમાં કિયામ પણ કર્યો, જાઓ તમારી ઈબાદતનો બદલો લઈ લો.

રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહી વસલ્લમે ફરમાવ્યું કે લોકો ઈદુલ ફિત્ર અર્થે ઈદગાહમાં જાય છે તો અલ્લાહતઆલા તેઓ તરફ દૃષ્ટિપાત ફરમાવે છે. કૃપાભારી નજરોથી જુએ છે અને ફરમાવે છે કે મારા બંદાઓ ! તમોએ મારા માટે જ રોઝા રાખ્યા, મારા માટે જ નમાઝ પઢી હવે તમો મારી પ્રસન્નતા ; મારી મહેરબાનીના ઈનામ લઈને ઘરે જાવ અને ખુશી મનાવો. એક હદીસમાં છે કે અલ્લાહતઆલા ફરિશ્તાઓને સંબોધી ફરમાવે છે કે, તમે ગવાહ-સાક્ષી રહેજો આ લોકોએ રોઝા રાખ્યા અને નમાઝો અદા કરી તેના બદલામાં આજે મેં તેઓને બખ્શી દીધા. આ પછી અલ્લાહતઆલા પોતાના બંદાઓ તરફ નજર કરી ફરમાવે છે કે, હે મારા બંદાઓ ! મારાથી માગો ; મારી ઈજ્જત તથા જલાલના સોગંદ મારાથી દુનિયા અને આખિરત માટે જે કાંઈ માગશે તે જરૂર હું આપીશ. તમારા એબો-તમારી ખામીઓ, ભૂલો ઢાંકી દઈશ, કારણ કે તમો હંમેશા મારા હુકમ બજાવી લાવ્યા છો, જેઓ ઉપર મારી હદો વાજિબ બની ગઈ, તેમાં હું તેમને સામેલ કરીને અહીંથી વિદાય આપું છું. તમોએ મને રાજી કર્યો છે આથી હું તમને રાજી રાખું છું.

# ઈદની ખુશી શીરખુરમા વિના અધૂરી

## શીર ખુરમા

**સામગ્રી :**
બારીક સેવનું એક પેકેટ
આખી એલાયચી ૨૦ નંગ
દૂધ ૪ લીટર
ખાંડ ૧ કપ
એલચી પાવડર ૧/૨ ચમચી
બદામ, કાજુ અને પિસ્તા ૧ કપ
ફ્રેશ મલાઈ ૧/૨ કપ
કેસર ૧/૨ ટી ચમચી
ગુલાબ જળ ૧/૨ ચમચી
બટર ૧ ચમચી

**બનાવવાની રીત :** સૌથી પહેલા સેવને એક કડાઈમાં ઘી કે બટર નાખીને સોનેરી રંગ થવા સુધી ફ્રાઈ કરો. જ્યારે સેવ બરાબર ફ્રાઈ થઈ જાય તો એમાં ૧/૪ કપ ખાંડ નાખીને ફરી ફ્રાય કરો. હવે ધીરે-ધીરે દૂધ મેળવતા રહો અને એને ઘટ્ટ થવા સુધી તાપ પર રાખો. જ્યારે દૂધ ઘટ્ટ થઈ જાય તો એમાં સૂકો મેવો જેમ કે કાજુ, બદામ, અને પિસ્તા મેળવો. જ્યારે કડાઈનું દૂધ ૧/૩ રહી જાય ત્યારે એમાં બચેલી ખાંડ મેળવી દો અને પછી ગુલાબ જળ નાખો. એના બાદ મલાઈ નાખીને થોડીવાર સુધી પકાવો અને એમાં કેસર તથા એલચી પાવડર નાખીને ગરમાગરમ સર્વ કરો.

## સૂકી સેવ

**સમગ્રી :** મહીન સેવ ૨ કપ
ઘી ૨ મોટા ચમચા
ખાંડ ૧ કપ
કાજુ કાપેલા બે મોટા ચમચા
બદામ કાપેલા ૨ મોટા ચમચા
દ્રાક્ષ બે મોટા ચમચા
પાણી ૪ કપ
એલચી પાવડર ૧/૨ નાના ચમચા

**બનાવવાની રીત :** એક મોટી કડાઈમાં ઘી નાખીને ગરમ કરો. તેમાં એલચી પાવડર નાખો પછી સેવને તોડીને નાખી દો. ધીમી તાપ પર સોનેરી થવા સુધી શેકો. સેવને સતત હલાવતા રહો. જેનાથી સેવ બળે નહીં, કાજુ, બદામ અને દ્રાક્ષ મેળવીને ૧-૨ મિનિટ સુધી હલાવતા રહો. પછી ગેસ બંધ કરી દો, એક ઊંડા વાસણમાં ૪ કપ પાણી અને ખાંડ નાખીને ગરમ કરો. જ્યારે પાણી ઉકળવા લાગે તો તેમાં પહેલાથી શેકેલી સેવ અને માવો નાખીને સારી રીતે મેળવી દો. ધીમા તાપ પર વાસણ ઢાંકીને પાણી શોષાય અને સેવ નરમ થવા સુધી પકાવો. ઉપરથી કાપેલો માવાથી સજાવીને ગરમાગરમ પીરસો.

## સેવનો હલવો

ઈદના પ્રસંગે દરેક મુસ્લિમ ઘરોમાં સેવનો હલવો બનાવવામાં આવે છે.

**સામગ્રી :**
સેવ ૧૦૦ ગ્રામ
ઘી એક ચમચો
ખાંડ ૧૦૦ ગ્રામ
કાજુ ૧૦-૧૨ નંગ
(એક કાજુના ૫-૬ ટુકડા કાપેલા)
બદામ ૬-૭ નંગ (પાતળી કાપેલી)
દ્રાક્ષ ૨૦-૨૫ નંગ
નાની એલચી ૪-૫ નંગ (છીલકા કાઢેલી)

**બનાવવાની રીત :** કડાઈમાં ઘી નાખીને ગરમ કરો. ગરમ ઘીમાં સેવ નાખી અને તવેવાથી હલાવતા સેવને હલકી બ્રાઉન થવા સુધી શેકી લો. શેકેલી સેવને કોઈ પ્લેટમાં કાઢી લો. કડાઈમાં ઘી બચેલું રહે જાય છે કેમ કે સેવ ઘીને શોષતી નથી, તે જ ઘીમાં સેવની માત્રાનું ત્રણ ગણું પાણી, સેવ જો એક કપ તો ત્રણ કપ પાણી કડાઈમાં નાખી દો. પાણી ગરમ થવા દો. પાણી સારી રીતે ગરમ થઈ જાય તો શેકેલી સેવ આ ગરમ પાણીમાં નાખી દો. સાથે જ થોડીક કાપેલી બદામ બચાવીને (જે હલવો સજાવવાના કામ આવશે) બધો કાપેલો સૂકો મેવો અને દ્રાક્ષ પાણીમાં નાખી દો અને ધીમા ગેસ પર સેવ નરમ થવા સુધી પકાવા દો. હવે ખાંડ પણ નાખીને મેળવી દો. ખાંડ ઓગળવા સુધી હલવાને પકાવવા દો. સેવનો હલવો તેયાર થઈ ગયો છે, ગેસ બંધ કરી દો. એલચી પાવડર હલવામાં મેળવી દો. સેવના હલવાને કટોરીમાં કાઢો અને બચેલી બદામ ઉપરથી નાખીને સર્વ કરો અને ગરમ સેવનો હલવો પીરસો અને ખાવ.

# EDની 'સ્વતંત્રતા' અંગેના મોદીના દાવાઓ સાચા નથી તેના ત્રણ કારણો



**છેલ્લા દાયકામાં ED દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી પરનો ડેટા; પીએમએલએમાં સુધારા કે જેણે એજન્સીની સત્તાનો વિસ્તાર કર્યો, જેના હેઠળ વિપક્ષી નેતાઓને કાર્યવાહીનો સામનો કરવો પડ્યો; અને ઈલેક્ટોરલ બોન્ડ દાતાઓ પર EDની ક્રિયાઓ વચ્ચેની કડીઓ મોદીના દાવાઓમાં છિદ્રો બનાવે છે**

વિપક્ષી નેતાઓ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના હથિયારીકરણ અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ના કથિત દુરુપયોગ અંગેના વધતા પ્રશ્નો વચ્ચે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેન્દ્રીય તપાસ એજન્સી સ્વતંત્ર રીતે કામ કરે છે."

"શું અમે સરકાર બનાવી પછી ઈડી બનાવવામાં આવી છે? ના. શું અમે PMLA કાયદો લાવ્યા હતા ? ના. તે પહેલા ત્યાં હતો. તો પ્રશ્ન શું છે? ઈડી એક સ્વતંત્ર સંસ્થા છે અને તે સ્વતંત્ર રીતે કામ કરી રહી છે, એમ તેમણે રવિવારે (૩૧ માર્ચ) થનથી ટીવી સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું.

"ન તો અમે ઈડીને રોકીએ છીએ અને ન તો મોકલીએ છીએ. તેણે સ્વતંત્ર રીતે કામ કરવું પડશે અને તેના કામનો ન્યાય કોર્ટ દ્વારા કરવામાં આવશે," તેમણે ચાલુ રાખ્યું.

"ઈડી સાથેના ૭,૦૦૦ કેસમાંથી, રાજકીય કેસ ૩% કરતા ઓછા છે. જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે દસ વર્ષમાં તેમને ૩૫ લાખ રૂપિયા રોકડા મળ્યા હતા. અમે ૨,૨૦૦ કરોડની રોકડ જપ્ત કરી છે.

"અમને વોશિંગ મશીનની અંદર, ઘરોમાં પાણીની પાઈપોની અંદર, પલંગ પર રોકડ મળી છે. કોંગ્રેસના એક સાંસદ પાસેથી ૩૦૦ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે, બંગાળમાં મંત્રીઓના ઘરેથી રોકડના પહાડો જપ્ત કરવામાં આવ્યા છે.

"હવે આ બધું દેખાઈ રહ્યું છે. તો શું દેશની જનતા આ સહન કરવા તૈયાર છે? હું એવું માનતો નથી," મોદીએ કહ્યું.

જ્યારે વિપક્ષી નેતાઓ સામે અપ્રમાણસર કાર્યવાહી અને ભારતીય જનતા પાર્ટી નેતાઓ સામે નિષ્ક્રિયતા વિશે પૂછવામાં આવ્યું ત્યારે મોદીએ વધુમાં કહ્યું કે પક્ષ કોઈપણ હોય, ઈડીની પ્રક્રિયા એક જ રહે છે.

"પક્ષ ગમે તે હોય, પ્રક્રિયા એક જ છે. ઈડી પોતાની રીતે કાર્યવાહી કરી શકતું નથી, અન્ય વિભાગોએ પહેલા કેસમાં FIR દાખલ કરવાની જરૂર છે, પછી ઈડી પગલાં લે છે. PMLA કાયદો હતો પરંતુ તેઓએ ક્યારેય PMLAનો ઉપયોગ કર્યો નથી.

"ઈડીને કામ કરતા રોકવા માટે, તેઓએ કોર્ટને હથિયાર બનાવવાનો પ્રયાસ કર્યો. PMLA કાયદામાંથી મુક્તિ માટે ૧૫૦થી વધુ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. કારણ કે તેઓ જાણતા હતા કે ભ્રષ્ટાચાર સામે મોદીની લડાઈ અટકશે નહીં, તેથી તેમનો પ્રયાસ કોર્ટ દ્વારા જ એજન્સીના કામને રોકવાનો હતો," તેમણે કહ્યું.

અહીં આપણે ત્રણ કારણોની તપાસ કરીએ છીએ કે શા માટે વડા પ્રધાનના ઈડીની કાર્યવાહીની સ્વતંત્રતાના દાવાઓ સાચા નથી.

**૧. ડેટા ઈડીની સ્વતંત્ર કામગીરીના મોદીના દાવાને ખોટા પાડે છે**

મોદી દ્વારા આપવામાં આવેલા આંકડા એ માર્ચ ૨૦૨૩માં ઈડી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ડેટાનો સ્પષ્ટ સંદર્ભ છે, જ્યારે તેણે કહ્યું હતું કે ૨૦૦૫થી જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં, તેણે ૫,૯૦૬ કેસ નોંધ્યા છે, જેમાંથી માત્ર ૨૫ કેસ છે - જે કુલ કેસના માત્ર ૦.૪૨% છે. - ૯૬% પ્રતીતિ દરનો દાવો કરવા માટે નિકાલ કરવામાં આવ્યો છે.

૨૫ કેસમાંથી, એજન્સી ૨૪ કેસોમાં દોષિત ઠરાવવામાં સફળ રહી છે.

પરંતુ હકીકત એ છે કે લગભગ બે દાયકાના અસ્તિત્વમાં, એજન્સી માત્ર ૨૫ કેસોનો નિષ્કર્ષ લાવવામાં સફળ રહી છે તે સ્પષ્ટ છે અને રાજ્ય તંત્ર અને ન્યાયતંત્ર બંને કેવી રીતે કાર્ય કરે છે તે સ્પષ્ટ કરે છે.

ડેટા એ પણ કહે છે કે કુલ કેસમાંથી માત્ર ૩% કેસમાં વર્તમાન અને પૂર્વ ચૂંટાયેલા પ્રતિનિધિઓ આરોપી છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે ૫,૯૦૬ કેસમાંથી માત્ર ૧૭૬ જ ચાલુ અને પૂર્વ સાંસદો, ધારાસભ્યો અને MLC સામેલ છે.

સપ્ટેમ્બર ૨૦૨૨માં ઈન્ડિયન એક્સપ્રેસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે ૨૦૧૪થી, જ્યારે મોદીની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટી પ્રથમ વખત સત્તામાં આવી ત્યારથી રાજકારણીઓ વિરુદ્ધ ઈડી કેસોમાં ચાર ગણો ઉછાળો આવ્યો છે.

તપાસ દર્શાવે છે કે ૨૦૧૪ અને ૨૦૨૨ની વચ્ચે ૧૨૧ અગ્રણી રાજકારણીઓ ઈડીની તપાસ હેઠળ આવ્યા હતા, જેમાંથી ૯૫% અથવા ૧૧૫ વિપક્ષી નેતાઓ હતા જેમની સામે કેસ કરવામાં આવ્યો હતો, દરોડા પાડવામાં આવ્યા હતા, પૂછપરછ કરવામાં આવી હતી અથવા ધરપકડ કરવામાં આવી હતી.

ત્યારથી, વિરોધ પક્ષના અન્ય ઘણા નેતાઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં આ મહિને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા (ફેબ્રુઆરી ૨૦૨૩), ઝારખંડના પૂર્વ મુખ્યપ્રધાન હેમંત સોરેન (જાન્યુઆરી ૨૦૨૪) અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે. કવિતાનો સમાવેશ થાય છે.

ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા કેસોમાં ઉછાળો સ્પષ્ટપણે મોદી સરકાર દ્વારા સંસદમાં આપવામાં આવેલા ડેટામાં જોવા મળે છે.

માર્ચ ૨૦૨૨માં, રાજ્યના નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૦૪ અને ૨૦૧૪ (યુપીએ સમય) વચ્ચે મની લોન્ડરિંગના કેસમાં ઈડી દ્વારા ૧૧૨ સર્ચ હાથ ધરવામાં આવ્યા હતા, ત્યારે આ સમયગાળા દરમિયાન આ સંખ્યામાં ૨૬ ગણો વધારો થયો હતો. ૨૦૧૪ અને ૨૦૨૨ની વચ્ચે, જ્યારે ૨,૯૭૪ શોધ હાથ ધરવામાં આવી હતી.

આ જ જવાબમાં, જુનિયર મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૦૪ અને ૨૦૧૪ની વચ્ચે ૧૦૪ પ્રોસિક્યુશન ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, તે ૨૦૧૪થી ૨૦૨૨ની વચ્ચે ૮૩૯ પ્રોસિક્યુશન ફરિયાદો પર પહોંચી ગઈ છે.

જુલાઈ ૨૦૨૨માં સ્ક્રોલ દ્વારા કરાયેલી તપાસ મુજબ, ૨૦૦૫માં PMLA અમલમાં આવ્યું ત્યારથી તે હેઠળ દાખલ કરાયેલા ૪,૭૦૦ કેસમાંથી, લગભગ અડધા અથવા ૨,૧૮૬ કેસો ૨૦૧૭થી ૨૦૨૨ની વચ્ચે ફાઈલ થયા છે.

ઑગસ્ટ ૨૦૨૧માં, ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ અહેવાલ આપ્યો હતો કે ઈડીએ સુપ્રીમ કોર્ટમાં ભૂતપૂર્વ સાંસદો અને ધારાસભ્યોના ૧૨૨ નામોની યાદી દાખલ કરી છે જેની PMLA અંતર્ગત તપાસ કરવામાં આવી રહી છે અને તેમાંથી ૫૨ નામો વિરોધ પક્ષોના ધારાસભ્યોના હતા.

**૨. PMLAમાં સુધારાએ ધરપકડ, જપ્તી, જામીન નામંજૂર કરવાની ઈડીની સત્તાઓને વિસ્તૃત કરી**

મોદી સાચા છે કે પીએમએલએ તેમની સરકાર દ્વારા લાવવામાં આવ્યું ન હતું, વર્ષોથી કાયદામાં કરાયેલા સુધારાએ તેને કઠોર બનાવી દીધો છે.

પીએમએલએ ૨૦૦૨માં (તત્કાલીન-ભાજપ સરકાર હેઠળ) આંતરરાષ્ટ્રીય ડ્રગ હેરફેર દ્વારા પેદા થતા કાળા નાણાનો સામનો કરવા માટે ઘડવામાં આવ્યો હતો.

